Bk 2937

# રહમતે આલમ

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

ગુ. વ. સોસાયટી-અમદાવાદ
સન ૧૯૪૮-૪૯ ના વર્ષ માટેનું
ભેટ પુસ્તક નં. ૨

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. BP
75
.N2
.P2
BK-2937

કચ્છ ગિબ્સ સ્મારક ફંડ ગ્રંથમાળા—પુ૦ ૨૦

THE UNIVERSITY LIBRARY
THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA

# રહમતે આલમ

( દુનિયા પર રહમ–દયા ઉતારનાર હઝરત મહમ્મદ સાહેબનું જીવનચરિત્ર )

૨૮.૩.૪૭

મૂળ ઉર્દૂમાં લેખક
**સૈયદ સુલેમાન નદવી**
શિબ્લી મંઝિલ, આઝમગઢ ( યુ. પી. )

તરજુમો કરનાર
**વનમાલાબહેન નરહરિભાઈ પરીખ**
હરિજનઆશ્રમ, સાબરમતી

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

પ્રકાશક : જેઠાલાલ જીવણલાલ ગાંધી
આસિસ્ટન્ટ સેક્રેટરી,
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ

Gift
BR-2937
BP
75
.N2
.P2

આવૃત્તિ ૧લી    કીમત એક રૂપિયો    સંવત ૨૦૦૨
પ્રત ૨૦૦૦    સન ૧૯૪૫

મુદ્રક : ચતુરભાઈ શનાભાઈ પટેલ
શ્રી મહેન્દ્ર મુદ્રણાલય,
મામાની હવેલી, શાકબજાર, અમદાવાદ

### કચ્છ ગિબ્સ સ્મારક ગ્રંથમાળાનો

## ઉપોદ્‌ઘાત

મહારાવ સર શ્રી ખેંગારજી સવાઈ બહાદુર એમના સગીરપણામાં નિમાયેલી રિજન્સીએ સરકારની પરવાનગી લઇને ઈ. સ. ૧૮૮૦માં ઑનરેબલ જેમ્મ ગિબ્સ સી. એસ. આઈ., જેઓ એ વખતે વાઇસરૉય અને ગવર્નર-જનરલની કાઉન્સિલના મેમ્બર હતા, અને જેઓ એક વખત મુંબઇ યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર હતા, તેમના કચ્છ કાઠિયાવાડ તથા ગુજરાત સાથેના સંબંધના સ્મરણાર્થે તથા ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિને ઉત્તેજન આપવા માટે સોસાયટીને રૂ. ૨૫૦૦)ની નોટો સ્વાધીન કરી છે. એના વ્યાજમાંથી વખતોવખત ઇનામ આપી પુસ્તકો રચાવવામાં આવે છે; અને એ પુસ્તકો સોસાઇટી છપાવે છે. આજસુધી આ ફંડમાંથી નીચેનાં પુસ્તકો તૈયાર કરવામાં આવ્યાં છે:

| પુસ્તક | કર્તા | કીમત |
|---|---|---|
| ૧. ઉદ્યોગથી થતા લાભ અને આળસથી થતી હાનિ | શ્રી. નગીનદાસ પુરુષોત્તમદાસ | ૦-૪-૦ |
| ૨. માંદાની માવજત | ડૉ. નીલકંઠરાય ડાહ્યાભાઇ છત્રપતિ | ૦-૨-૦ |
| ૩. જીવજંતુ અને વનસ્પતિની અન્નચળીઓ | નારાયણ હેમચંદ્ર | ૦-૪-૦ |
| ૪. રણજીતસિંહ | શ્રી. ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી | ૧-૦-૦ |
| ૫. માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફીન્સ્ટન | શ્રી. ચૂનીલાલ માણેકલાલ ગાંધી | ૦-૧૨-૦ |
| ૬. લૉર્ડ લૉરેન્સ | શ્રી. વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય | ૦-૧૨-૦ |
| ૭. બ્રાહ્મણોના સોળ સંસ્કાર | શ્રી. ગોરાભાઇ રામજી પાઠક | ૧-૦-૦ |
| ૮. હિંદની રાજ્યવ્યવસ્થા અને લોકસ્થિતિ | શ્રી. બળવંતરાય મહાદેવરામ | ૧-૪-૦ |
| ૯. વનસ્પતિશાસ્ત્ર (આર્થિક દૃષ્ટિએ) | શ્રી. છોટાલાલ બાળકૃષ્ણ પુરાણી | ૧-૦-૦ |
| ૧૦ આહારશાસ્ત્રપ્રવેશ | શ્રી. જોગલેકર અને સંત | ૦-૮-૦ |
| ૧૧ અભિનયકલા | શ્રી. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા | ૦-૮-૦ |

| | | |
|---|---|---|
| ૧૨. પુરાણ વિવેચન | શ્રી. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી | ૧-૦-૦ |
| ૧૩. ભૂસ્તર-વિજ્ઞાન-પૂર્વાર્ધ | શ્રી. ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી | ૧-૦-૦ |
| ૧૪. ,, ,,-ઉત્તરાર્ધ | ,, | ૧-૦-૦ |
| ૧૫. સંસ્કૃત નાટક, ભાગ-૧ | પ્રો. નર્મદાશંકર ભોગીલાલ પુરોહિત | ૧-૦-૦ |
| ૧૬. અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્ય | પ્રો. રામનારાયણ વિ. પાઠક | ૦-૬-૦ |
| ૧૭. સંસ્કૃત નાટકો ભા. ૨ | પ્રો. નર્મદાશંકર ભોગીલાલ પુરોહિત | ૧-૦-૦ |
| ૧૮. રસગંગા | શ્રી. શંકરલાલ ગંગાશંકર શાસ્ત્રી | ૦-૪-૦ |
| ૧૯. કવિચરિત ભા. ૧ | શ્રી. કેશવરામ કાશીરામ શાસ્ત્રી | ૧-૦-૦ |
| ૨૦. કવિચરિત ભા. ૨ | ,, | ૧-૦-૦ |
| ૨૧. રહમતે આલમ | અનુ. શ્રી. વનમાળાબહેન નરહરિભાઈ પરીખ | ૧-૦-૦ |

ગુ. વ. સોસાયટી
**અમદાવાદ**
તા. ૬-૧૨-૪૫

**જેઠાલાલ જીવણલાલ ગાંધી**
આસિ. સેક્રેટરી

## પ્રકરણ સૂચિ


| | |
|---|---|
| પ્રાસ્તાવિક ... ... ... ... | ૧ |
| રસૂલ બને છે ... ... ... ... | ૧૫ |
| હિજરત ... ... ... ... | ૩૭ |
| ઉહદની લડાઈ ... ... ... ... | ૫૬ |
| યહુદી ખતરાનો જડમૂળથી નાશ | ૬૪ |
| ખન્દકની લડાઈ ... ... ... ... | ૭૨ |
| ઇસ્લામના કાનૂનો ... ... ... | ૭૬ |
| હુદૈબિયાની સુલેહ ... ... ... | ૭૯ |
| યહુદનો આખરી કિલ્લો ખૈબર ... ... | ૮૭ |
| એક નવો દુશ્મન ... ... ... | ૯૨ |
| હવાઝિન અને સકીફનું યુદ્ધ ... ... | ૯૯ |
| ધર્મની મજબૂતી અને ઇસ્લામી સમાજવ્યવસ્થાનો પાયો ... ... | ૧૧૦ |
| પયગમ્બરની આખરી હજ ... ... ... | ૧૧૭ |
| અવસાન ... ... ... ... | ૧૨૫ |


نمبر　　دارالمصنفین اعظم گڈھ　　مورخہ

مقدمہ

رحمت عالم کا گجراتی ترجمہ

مجھے یہ سنکر بڑی خوشی ہوئی کہ میری کتاب رحمت عالم کا ترجمہ گجراتی زبان میں ہو رہا ہے۔ یہ خوشی اس لئے بھی اور زیادہ ہے کہ یہ کام ایک ہندو دوست نے خود اپنی خوشی سے انجام دیا ہے۔ اس خوشی میں مزید اضافہ یہ جان کر ہوا کہ ہندو دوست ایک نیک بخت ہندو خاتون ونمالا بہن نرہری صاحبہ ہیں۔

اس کتاب کے لکھنے سے میرا مقصد یہ تھا کہ کم لکھے پڑھے لوگ بھی ہمارے پیغمبر علیہ الصلوٰۃ والسلام کے نام کام اور پیغام سے واقف ہو جائیں۔ پھر میں نے اسکا ترجمہ ہندی زبان میں شائع کرایا تاکہ ہندو بھائی اپنے ہم وطن اور پڑوسی مسلمانوں کے مقدس پیغمبر کے حالات سے واقف ہوں تاکہ آپس کی بیگانگی دور ہو اور اسلام کے اس اصل مقصد سے آگاہ ہوں۔ جو کہ دنیا کے ہر خیر خواہ اور نیکوکار نے اپنی زندگی کو اسکے مطابق سنوارنے اور جینا نہیں خوش محسوس کرتا رہا ہے۔

مجھے امید ہے کہ گجراتی پڑھنے والے ہندو اور مسلمان دونوں ہی

# मुक़द्दमा

(" रहमते आलम "का गुजराती तरजुमा )

**मुझे** यह सुनकर वडी खुशी हुई के मेरी किताब " रहमते आलम " का तरजुमा गुजराती ज़बान में हो रहा है. यह खुशी इस लिये भी और ज्यादा है के यह काम एक हिन्दू दोस्तने खुद अपनी खुशी से अंजाम दिया है. इस खुशीमें मज़ीद[1] इजाफा[2] यह जान कर हुआ के हिन्दू दोस्त एक नेकबख्त हिन्दू खातून वनमाला बहन विन्त नरहरि साहब हैं.

इस किताब के लिखने से मेरा मकसद[3] यह था के कम लिखें पढे लोग भी हमारे पयगम्बर ( स. ल. अ. ) के नाम, काम और पयगाम[4] से वाकिफ हो जायें.—फिर मेंने इसका तरजुमा हिन्दी जबान में शाये[5] कराया ताके हिन्दू भाई अपने हमवतन और पडोसी मुसलमानों के मुक़द्दस रहनुमा[6] के सच्चे हालात से वाकिफ हों. ताके आपस की बेगानगी[7] दूर हो और इस्लाम के उस अस्ल[8] मक़सद से आगाह[9] हों, जिसको दुनिया के हर खयरखाह और नेकोकार ने अपनी जिन्दगी को उसके मुताबिक़ सँवारने और बनाने में खुशी महसूस करता रहा है.

मुझे उम्मीद है के गुजराती पढ़ने वाले हिन्दू और मुसलमान दोनों में इस तरजुमे को मक़बूलियत[10] हासिल होगी.—क्या अजब के बोहोतेरे लोगों के लिये अपनी ज़िन्दगी के बनाने और सँवारने में इस छोटीसी किताब से मदद मिले ! वस्सलाम.

दारुल मुसन्नेफीन आझमगढ ( यु० पी० )

शव्वाल सन १३६३ हिजरी }

हेचमँदां[11]

**सैयद सुलेमान नदवी**

१. विषेश २. वधारो ३. उद्देश ४. संदेशा ५. प्रकट ६. पवित्र आगेवान ७. जुदाई ८. उच्च ९. जाणकार १०. स्वीकार ११. सेवक.

# તારીફ

હઝરત મોહંમદ (સ. અ.)નું ટૂંક જીવનચરિત્ર જેનું નામ " રહમતે આલમ " છે તે કેટલાંક વર્ષ અગાઉ ઉસ્તાદે મોહતરમ અલ્લામા સૈયદ સુલેમાન નદવી સાહેબે બાળકો માટે લખ્યું હતું. એની કેટલીક નકલો અમદાવાદમાં પણ આવી હતી. તેમાંની એક પ્રત મારા પ્રિય ભાઈ ગુલામરસુલ કુરેશી સાહેબે પણ ખરીદી. એ દિવસો દરમિયાન શ્રી. વનમાલા બહેન ( હરિજન આશ્રમ અમદાવાદ ) તેમની પાસે ઉર્દૂ શીખી રહ્યાં હતાં. ભાઈ કુરેશીએ આ પુસ્તિકા તેમને આપી. અમુક દિવસો પછી તેઓ વ્યક્તિગત સત્યાગ્રહ અંગે જેલ જવાની તૈયારીમાં પડ્યાં હતાં ત્યારે તેમને વિચાર આવ્યો કે, જેલમાં કંઈ વિદ્યા--વ્યવસાય ચાલુ રાખવો જોઈએ. માનાર્હ મિત્ર ગુલામરસુલ કુરેશી સાથે તેમણે આ બાબતમાં ચર્ચા કરી. કુરેશી સાહેબે કહ્યું કે સૌથી સરસ વાત તો એ છે કે તમો આ પુસ્તિકા સાથે લઇ જાઓ અને ત્યાં તેનું ગુજરાતી કરી નાખજો; જેથી બે લાભો થશે: એક તો એ કે, તમને વ્યવસાય મળી રહેશે અને બીજું તમારું ઉર્દૂ ભાષાનું જ્ઞાન સ્પષ્ટ અને વિશાળ થશે.

વિચિત્ર ઘટના તો એ છે, કે હું પણ સદરહુ પુસ્તિકાનો ગુજરાતી અનુવાદ કરાવવાના વિચારમાં જ હતો અને શ્રી. છોટુભાઇ નાયક એમ. એ., જેઓ ડોકટરની ડિગ્રી મેળવવા ખાનખાનાન ( અકબરના કમાન્ડર-ઇન્-ચીફ ) વિશે એક આર્ટિકલ (લેખ) લખી રહ્યા હતા અને મારા 'તારીખે ગુજરાતના' પહેલા ગ્રંથનો ગુજરાતી તરજુમો મારી દેખરેખ નીચે કરી રહ્યા હતા, તેમને એ જ પુસ્તિકાના ભાષાન્તર વિશે મેં સૂચના કરી અને તેમણે ખુશી સાથે તે વાત કબૂલ રાખી.


એક વખતે શ્રી. વનમાલા બહેન મારી પાસે આવ્યાં અને પ્રસ્તુત બિના સંબંધી જ મારી સલાહ સૂચના માગી. મને એવું યાદ આવે છે કે, તેમણે કહ્યું કે હું તેનો અનુવાદ કરી ચૂકી છું. મને આ વસ્તુ જાણી

ઘણો આનંદ થયો અને મેં તેમની હિંમતને દરેક રીતે પ્રોત્સાહન આપ્યું. ખુદાનો આભાર કે આજે સદરહુ અનુવાદ સોસાયટી તરફથી પ્રસિદ્ધ થઈ રહ્યા છે. હું ધારું છું ત્યાંસુધી એમ કહી શકું કે આ અનુવાદ સાચો, સાદો અને બાલકો માટે ભારે લાભદાયી છે. આ પુસ્તિકા હિન્દુસ્તાન ભરમાં એટલી બધી વખણાઇ છે કે દક્ષિણ, પંજાબ, અવધ, બિહાર અને મુંબઇના જુદાજુદા ઇસ્લામી મદ્રસા(શાળા)ઓ અને પ્રાથમિક નિશાળોના અભ્યાસ-ક્રમમાં તે દાખલ કરવામાં આવી છે. ગુજરાતી ઉપરાંત હિન્દી અને બંગાળીમાં પણ તેના તરજુમા થયા છે. મળ ઉર્દૂમાં પણ આની ત્રણ આવૃત્તિઓ નીકળી ચૂકી છે. આ ઉપરથી તેના બહોળા ફેલાવાનો અંદાજ કાઢી શકાશે. બીજી એક વસ્તુ એ પણ છે કે, આ પુસ્તિકાની ભાષા બિલકુલ સરળ છે; અને પ્રસંગોની ચોકસાઇનો આમાં બહુ જ ખ્યાલ રાખ્યો છે. વળી પુસ્તક ટૂંકું હોવા છતાં તે સઘળી હકીકત બરાબર રજૂ કરે છે. અને આ બધું કેમ ન હોય? આ પુસ્તિકા એક એવી વ્યક્તિ-ની કલમનો પાક છે કે જે ફને સીરત (ચરિત્રનિરૂપણ—કળા) માં કાબેલ છે. પ્રસ્તુત વિષય પર જ છ દળદાર ગ્રંથો એમની કલમથી ઇસ્લામી દુનિયામાં સ્વીકાર અને માન પામી ચૂક્યાં છે.

મને ખાત્રી છે કે, દરેક વાચક આની સચોટ બિનાઓથી વાકેફ થશે અને શ્રી. વનમાલાબહેનનું ભલું ચાહશે. કેમ કે સાચા અર્થમાં તેમણે આ એક એવી વસ્તુ પોતાના તરફથી આપી છે કે જેની મારફત સાધા-રણ રીતે આમ જનતા અને ખાસ કરી બાળકો ચોક્કસ લાભ ઉઠાવશે.

ગુ. વ. સોસાયટી,
અમદાવાદ: તા. ૨૧-૮-૪૫ — સૈયદ અબુ ઝફર નદવી
(તા. ૧૨ રમઝાન, ૧૩૬૪ હી. સ.)


## શજરા ( વંશવૃક્ષ )




મુરત્તબ દેરનવી સાહેબ

હઝરત મહુમ્મદ (સ. લ. અ.)ના સમયનો

**અરબ પ્રદેશ**




શાહબુદ્દીન દેસ્તવી

# રહેમતે આલમ

## પ્રાસ્તાવિક

**અરબનો પ્રદેશ**

આપણા દેશની પશ્ચિમ તરફ સમુદ્ર છે. આ સમુદ્રને એક કિનારે હિન્દુસ્તાન અને બીજે કિનારે અરબસ્તાન છે. અરબસ્તાનના મોટા ભાગમાં તો રેતી અને પહાડ છે. વચલો ભાગ તદ્દન ઉજ્જડ અને વેરાન છે. ફક્ત એને કિનારે કિનારે થોડી લીલોતરી છે. અને એમાં જ એ મુલ્કના વતનીઓ રહે છે.

એ દેશની એક તરફ હિન્દી મહાસાગર, બીજી બાજૂ ઈરાનનો અખાત, ત્રીજી બાજૂ રાતો સમુદ્ર અને ચોથી બાજૂ જમીન છે. જમીનની બાજૂએ એ દેશ ઈરાક (મેસોપોટેમિયા) અને શામ સાથે જોડાયેલો છે તેથી તેને દ્વીપકલ્પ કહે છે. જે ભાગ રાતા સમુદ્રને કિનારે કિનારે આવેલો છે અને શામ(સિરિયા)ની સરહદથી શરૂ થઈને યમન સુધી પહોંચે છે તે હિજાઝ કહેવાય છે. યમનનો પ્રદેશ રાતા સમુદ્રને કિનારે કિનારે હિજાઝથી એડનના અખાત સુધી ફેલાયેલો છે. આ અરબનો સૌથી વધુ ફળદ્રુપ, લીલો અને વસ્તીવાળો પ્રદેશ છે. આની પાસે એડનના અખાતને કિનારે હદરમૌત છે. અને ઓમાન સમુદ્રના અરબી કિનારા પર ઓમાન અને ઈરાનના અખાત-ને કિનારે બહરીન અને એને મળેલું યમામા છે. વચલા ભાગથી તે ઈરાક (મેસોપોટેમિયા) સુધીનો ભાગ નજ્દ કહેવાય છે.

**હિજાઝ**

રાતા સમુદ્રને કિનારે કિનારે સિરિયાની સરહદથી યમન સુધીનો જે ભાગ છે તે હિજાઝ કહેવાય છે. હિજાઝમાં ત્રણ મશહૂર શહેર જૂના વખતથી છેઃ એક મક્કા બીજું તોયીફ અને ત્રીજું યસરબ. પયગમ્બર સાહેબનો [અલ્લાહની એમની પર સલામ (શાન્તિ) હો] આ ત્રણે શહેરો સાથે સંબંધ હતો.

**ખુદાનો કાસિદ**

કોઈપણ માણસ કોઈ વાત કે પયગામ દૂર કોઈ બીજા માણસને કહેવડાવે તો તે એ વાત અથવા પયગામ પોતાના કોઈ વિશ્વાસપાત્ર માણસને કહે છે, અને એ માણસ એ વાત બીજા માણસને કહે છે. આવા વિશ્વાસપાત્ર કાસિદ અથવા તો પયગામ લઈ જનારને ફારસીમાં પયગમ્બર અને અરબીમાં રસૂલ કહેવામાં આવે છે.

જ્યારે અલ્લાહે પોતાની કોઈ વાત અથવા તો પયગામ પોતાના બન્દાઓને–ભક્તોને પહોંચાડવાનો વિચાર કર્યો ત્યારે એમણે પોતાના પ્યારા બન્દાને આ કામ માટે પસંદ કર્યો. એનું જ નામ ખુદાનો કાસિદ, ખુદાનો પયગામ પહોંચાડનારઃ પયગમ્બર. અરબના લોકો આને જ નબી અથવા રસૂલ કહે છે. ખુદાના આ કાસિદો અને રસૂલોનું કામ એ છે કે ખુદાની વાત એ બન્દા સુધી પહોંચાડે, અને એમને કહે કે તમારો ખુદા તમારી પાસે શી આશા રાખે છે, શું કરવાનો તમને હુકમ આપે છે, અને શું તે નાપસંદ કરે છે. જે બન્દા એનું કહ્યું માને છે તેની પર અલ્લાહ ખુશ થાય છે અને જે નથી માનતા એની પર નારાજ થાય છે.

**પયગમ્બરોની પરંપરા**

ખુદાએ જ્યારે આ દુનિયા બનાવી અને એમાં માણસોને વસાવવાનો વિચાર કર્યો ત્યારે સૌથી પહેલાં જે માણસને પોતાની કુદરતથી પેદા કર્યો એનું નામ આદમ રાખ્યું. આ આદમમાંથી જ બધા આદમીઓ પેદા થયા છે. આ હઝરત આદમના વખતથી જ અલ્લાહે પોતાના બન્દાઓને સારી વાતો શીખવવા અને ખરાબ વાતોથી રોકવાને માટે પોતાના કાસિદો અને પયગમ્બરોની પરંપરા દુનિયામાં ચાલુ કરી.

**ઈબ્રાહીમનો વંશ**

આદમના વંશમાં હઝરત નૂહ એક મશહૂર પયગમ્બર થઈ ગયા. નૂહના વંશમાં હઝરત ઇબ્રાહીમ સૌથી મોટા પયગમ્બર થયા. તેઓ ઈરાક-(મેસોપોટેમિયા)માં પેદા થયા અને જુવાન થતાં સુધી ત્યાં જ રહ્યા. એ વખતમાં ઇરાકના લોકો ચાંદા, સૂરજ અને તારાની પૂજા કરતા હતા. હઝરત



ઇબ્રાહીમને આ જોઈને વિચાર આવ્યો કે શું તારા ભગવાન હોઈ શકે ? જેવી રાત પૂરી થાય છે અને અજવાળું થાય છે કે તરત તે ઝાંખા પડવા લાગે છે અને સૂરજ ઊગે છે ત્યારે તો બધા જ અદૃશ્ય થઈ જાય છે. તેઓને થયું કે આવી ફાની હસ્તીવાળી ચીજો ઉપર તો હું ભરોસો નહીં કરી શકું. ફરી રાત પડી અને ચાંદા સામે નજર ગઈ અને વિચાર કર્યો કે કદાચ આની રોશનીમાં ખુદાઈ નૂર હશે. પણ જ્યારે એય અદૃશ્ય થઈ ગયો, ત્યારે તેઓ બોલી ઊઠ્યા કે જો મારા પરવરદિગાર મને રસ્તો નહીં બતાવે તો મને સત્યનો રસ્તો ક્યાંયથી મળશે નહીં. પછી એમણે વિચાર કર્યો કે ઠીક સૂરજની રોશની તો સૌથી વધારે છે તો એ અમારો દેવતા નહીં હોય ? પણ જ્યારે રાત્રિના અંધકારે આ મોટી રોશનીને પણ બુઝાવી દીધી ત્યારે એમના દિલમાંથી અવાજ આવ્યો કે મારા પરવરદિગારનું નૂર ( પ્રકાશ ) તો એ નૂર છે કે જેમાં અંધારું નથી. હું તો એને જ ખુદા માનું છું કે જેણે આસમાન જમીન અને દુનિયા પેદા કર્યાં છે. પછી લોકોને પુકારીને કહ્યું કે હું તમારો મૂર્તિપૂજક ધર્મ છોડું છું અને બધું છોડી દઇને એક સાચા ખુદાની આગળ શિર ઝુકાવું છું. આથી ખુદાએ એમને પયગમ્બર બનાવ્યા અને આસમાન તથા જમીનની હકીકતોનું દફતર એમની સામે ખુલ્લું મૂકી દીધું, અને દુનિયામાં એકતાનો પયગામ પહોંચાડવાનો એમને હુકમ કર્યો. એમણે ઈરાકના બાદશાહ નમરૂદ અને એના દરબારીઓને આ પયગામ કહી સંભળાવ્યો. એમને માટે આ તદ્દન નવી વાત હતી. બાદશાહે હઝરત ઇબ્રાહીમને ધાક ધમકી આપી પણ ઇબ્રાહીમે પોતાની વાત છોડી નહીં. અને એક દિવસ લાગ જોઈને રાજાના બુતખાનામાં–મંદિરમાં જઇને પથ્થરની મૂર્તિઓને તોડી ફોડી નાખી. આથી બાદશાહે એમને આગમાં નાખી બાળી દેવાની સજા કરી. આ કસોટીનો પ્રસંગ હતો. પણ તેઓ પોતાની મક્કમતા પર કાયમ રહ્યા. તેઓ આગમાં પડવા જતા હતા તેવામાં આગ બુઝાઈ ગઈ અને તેઓ સલામત રહી ગયા. આ પછી હઝરત ઇબ્રાહીમે સિરિયા અને મિસર તરફ પ્રયાણ કર્યું. અને ત્યાંના

બાદશાહોને એકતાના ફાયદા કહી સંભળાવ્યા, પણ જ્યારે કોઈએ એમની વાત ન સાંભળી ત્યારે તેઓ અરબના સૂબા હિજાઝમાં પાછા આવ્યા.

અલ્લાહે હઝરત ઈબ્રાહીમને બે પુત્રો આપ્યા હતા. મોટાનું નામ ઈસ્માઈલ અને નાનાનું નામ ઈસહાક હતું. ઈસહાકને સિરિયામાં અને ઈસ્માઈલને હિજાઝમાં રાખ્યા.

**કાબા**

આ વખતમાં હિજાઝ બહુ આબાદ ન હતું, પણ સિરિયા અને યમનનો પ્રદેશ બહુ જ ફળદ્રુપ હતો. સિરિયાથી યમન અને યમનથી સિરિયા જે વેપારીઓ અને સોદાગરો આવજા કરતા હતા તે બધા હિજાઝને રસ્તેથી જતા આવતા હતા. આથી હિજાઝમાં જનાર આવનાર સોદાગરોનો પ્રવાહ ચાલુ જ રહેતો હતો. હઝરત ઈબ્રાહીમને ખુદાનો હુકમ થયો કે આ હિજાઝની જમીન પર જ મારી બન્દગી કરવા અને નમાજ પઢવા માટે એક મકાન બંધાવ. હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલે મળીને ખુદાને માટે એક મકાન બંધાવ્યું. આ મકાનનું નામ કાબા અથવા તો બૈતુલ્લાહ એટલે કે ખુદાનું મકાન રાખ્યું.

**ઈસ્માઈલનું કુટુંબ**

ખુદાએ પોતાના આ મકાનને બુઝર્ગી બક્ષી અને હઝરત ઈબ્રાહીમને હુકમ કર્યો કે આ મકાનની સેવાને માટે તારા પુત્ર ઈસ્માઈલને આ જગ્યાએ રાખ. હઝરત ઈબ્રાહીમે એમ જ કર્યું. હઝરત ઈસ્માઈલના પુત્રો પણ ત્યાં જ રહ્યા અને આ જગ્યાનું નામ "મક્કા" રાખવામાં આવ્યું.

હઝરત ઈસ્માઈલનું કુટુંબ આ મક્કા શહેરમાં જ રહેતું હતું અને ખુદાનો પયગામ બન્દાઓને પહોંચાડતું હતું. આમ કાબામાં રહીને તેઓ ખુદાની બન્દગી-ભક્તિ કરતા હતા. સેંકડો વરસ પછી આ લોકો પણ બીજાઓની દેખાદેખીથી પોતાના ખુદાને છોડીને માટીની અને પથ્થરની ચિત્રવિચિત્ર મૂર્તિઓ બનાવવા લાગ્યા અને કહેવા લાગ્યા કે આ જ અમારા ખુદા છે. તેઓ પથ્થરના અને માટીના ચિત્રવિચિત્ર આકારો બનાવતા હતા અને જેને ખુદા કહીને પૂજતા હતા તે આકારોને તેઓ બુત એટલે કે મૂર્તિ કહેતા હતાં. મૂર્તિને ખુદા માનવા અને એની પૂજા કરવી એ અલ્લાહતાલા-મહાન પરમેશ્વરને મન બહુ જ ખરાબ કામ છે. જે લોકો ખુદાને છોડીને મૂર્તિને પૂજે છે તે કાફર કહેવાય છે.



**કુરેશ**

આટલા વખતમાં ઈસ્માઈલના કુટુંબનાં માણસો ઘણાં કુટુંબોમાં વહેંચાઈ ગયાં હતાં. આમાંના એક મશહૂર કુટુમ્બનું નામ કુરેશ હતું. તેઓ ખાસ મક્કાના જ વાસી હતા અને કાબાની વ્યવસ્થા કરતા હતા. દૂર દૂરથી કાબાની હજ કરવાને લોકો આવતા-જેમને હાજી કહેવાય છે-તેમને રાખવાની ખવડાવવા પિવડાવવાની અને કાબા શરીફનાં બીજાં કામોની જવાબદારી આ કુટુમ્બને શિર હતી. આ કારણે જ આ કુટુમ્બ આખા ય અરબમાં સૌથી વધારે ઈજ્જતદાર-આબરૂદાર કહેવાય છે. આ કુટુમ્બના ઘણા લોકો વેપાર અને સોદાગીરીનો ધંધો કરતા હતા.

**બની હાશિમ**

કુરેશ ખાનદાનમાં કેટલાંય મોટાં મોટાં કુટુમ્બો હતાં. તેમાંનું એક બની હાશિમનું હતું. એ બધા હાશિમના પુત્રો હતા. હાશિમ આ કુટુમ્બમાં એક ખૂબ આબરૂદાર આદમી હતા. હાજીઓને તેઓ ખૂબ પ્રેમથી ખવડાવતા અને પીવાને માટે ચામડાની હોજ ભરી આપતા હતા. તેઓ એક રીતે મક્કાના અમીર હતા. કુરેશ કુટુમ્બમાં જેઓ વેપાર મારફત વધારે રોજી કમાતા હતા, તેઓએ હબ્શના બાદશાહ નજ્જાશી અને મિસર તથા સિરિયાના બાદશાહ કૈસર પાસેથી એવું ફરમાન લખાવી લીધું કે એમના દેશમાંથી કુરેશ સોદાગરો અને વેપારીઓ બિન-રોકટોક આવ જા કરી શકે. અને અરબનાં બીજાં કુટુમ્બોમાં ફરીને એમની પાસેથી એ વચન લઈ લીધું કે તેઓ કુરેશ સોદાગરો અને કાફલાને લૂંટે નહિ. અને આના બદલામાં કુરેશ સોદાગરો જાતે દરેક કુટુમ્બને જરૂરી એવી ચીજો લઈને એમની પાસે જાય.

હાશિમે પોતાનાં લગ્ન યસરબ શહેરમાં બનુ નજ્જારના કુટુમ્બમાં

**અબ્દુલ મુત્તલિબ**

કર્યાં હતાં. તેમને એક દીકરો થયો હતો. તેનું મૂળ નામ તો શાયબા હતું, પણ પછીથી તેઓ અબ્દુલ મુત્તલિબના નામથી મશહૂર થયા.

અબ્દુલ મુત્તલિબે મોટા થઈને ખૂબ ખ્યાતિ મેળવી હતી. કાબાની વ્યવસ્થાનું કામ પણ એમને સપુર્દ હતું. કાબામાં હઝરત ઈબ્રાહીમના વખતનો એક કૂવો હતો. એનું નામ હતું ઝમઝમ. આ કૂવો આટલા દિવસ અવડ પડી રહ્યો હતો. અબ્દુલ મુત્તલિબે એને સાફ કરાવ્યો અને એની મરમ્મત કરાવી.

**અબ્દુલ મુત્તલિબનો વંશ**

અબ્દુલ મુત્તલિબ ઘણા ખુશનસીબ (ભાગ્યશાળી) આદમી હતા. તેઓ ઘણું લાંબું જીવ્યા. તેમને ૧૦ દીકરા હતા. તેમાંના પાંચ તો કોઈ ને કોઈ રીતે ખૂબ મશહૂર થયા. તે પાંચનાં નામ અબુ લહબ, અબુ તાલિબ, અબ્દુલ્લા, હમઝા અને અબ્બાસ હતાં.

**અબ્દુલ્લા**

બધા પુત્રોમાં અબ્દુલ્લા એના પિતાનો સૌથી વધારે પ્યારો બેટો હતો. તેઓ ૧૭ વરસના થયા ત્યારે બની ઝહરા નામના કુરેશના એક બીજા આબરૂદાર કુટુમ્બની દીકરી સાથે એમની શાદી થઈ. એનું નામ આમિના હતું. અબ્દુલ્લા શાદી પછી બહુ ઓછું જીવ્યા. થોડા જ દિવસમાં એમનું મૃત્યુ થયું. પણ બીબી આમિનાને એમનાથી ગર્ભ રહી ગયો હતો.

**જન્મ**

અબ્દુલ્લાના મરણ પછી બીબી આમિનાએ એક પુત્રને જન્મ આપ્યો. એમનું નામ "મહમ્મદ" રાખવામાં આવ્યું. આ તે જ બાળક હતું કે જે રસૂલ અને પયગમ્બર થઈ ગયા, અને જેમના પેદા થવાની દુઆ હઝરત ઈબ્રાહીમે ખુદા પાસેથી માંગી હતી, અને હઝરત ઈસાએ પોતાની પછી જેના આવવાની ખુશ ખબર બધાંને આપી હતી, અને જે આખી દુનિયાના રસૂલ બનવાના હતા.



આ બાળકનો જન્મ રબીઉલ્લવલ મહિનાની ૧૨મી તારીખ અને સોમવારે હઝરત ઈસાથી ૫૭૧ વર્ષ પછી થયો હતો. બધા લોકોને આ બાળકના જન્મથી ખૂબ જ ખુશી થઈ.

**ઉછેર**

પહેલાં તો રસૂલને એમની માતા આમિનાએ ધવરાવ્યા, પણ બે ત્રણ દિવસ પછી એમના કાકા અબુ લહબની દાસી સુવૈબાએ એને ઉછેરવાનુ કામ લઈ લીધું.

તે વખતમાં એવો કાયદો હતો કે અરબનાં પ્રતિષ્ઠિત કુટુમ્બોનાં છોકરાંને ગામડાંમાં લઈ જઈ ઉછેરવાં. આથી ગામડાંની સ્ત્રીઓ શહેરમાં આવતી અને મોટા ઘરના છોકરાઓને ઉછેરવા તથા ધવરાવવા પોતાની સાથે પોતાને ઘેર લઈ જતી. હવાઝીન કબીલાના સઆદ કુટુમ્બની એક ગામડાની સ્ત્રી મક્કા આવી અને મહમ્મદ સાહેબને ઉછેરવા માટે પોતાને ઘેર લઈ ગઈ. તેઓ છ વરસ સુધી હઝરત હલીમાની પાસે હવાઝીન કબીલામાં રહી ઉછેર પામ્યા.

**બીબી આમિનાની પાસે**

તેઓ છ વરસના થયા ત્યારે પોતાની મા બીબી આમિના એમને પોતાની પાસે લઈ આવ્યાં. આપણે ઉપર વાંચી ગયા કે તેઓની દાદીની મા યસરબની રહેવાસી અને નજ્જાર કુટુમ્બની હતી. બીબી આમિના તેઓને લઈને કંઈ કારણસર મદીના આવ્યાં અને નજ્જારના કુટુમ્બમાં એક મહિના સુધી રહ્યાં.

**બીબી આમિનાનું મૃત્યુ**

એક મહિના પછી ત્યાંથી પાછાં ફરતાં થોડેક ગયાં ને બીબી આમિના માંદાં પડયાં અને 'અબવા' પહોંચીને મૃત્યુ પામ્યાં. ત્યાં જ તેમને દફન કરવામાં આવ્યાં.

કેટલો દુઃખદ પ્રસંગ ! મુસાફરીનો વખત, સાથે કોઈ મિત્ર કે મદદગાર પણ નહીં. એક મા. અને તે પણ આ દુનિયામાંથી સિધાવી ગઈ! બીબી આમિનાની જ સાથે તેની એક વફાદાર દાસી ઉમ્મે ઐમન હતી તે હઝરતને પોતાની સાથે લઈને મક્કા આવી.

**અબ્દુલ મુત્તલિબને ત્યાં**

મક્કા આવીને ઉમ્મે ઐમને તેઓને એમના દાદા અબ્દુલ મુત્તલિબને સપુર્દ કર્યા. દાદાએ પોતાના પિતા વગરના પૌત્રને છાતીએ ચાંપ્યો. અને ખૂબ જ પ્રેમથી એનું પાલન કરવા લાગ્યા. દાદાનો પ્યાર એમના ઉપર એટલો બધો હતો કે એમને હંમેશ પોતાની સાથે જ રાખતા હતા અને બધી રીતે એની સંભાળ રાખતા હતા.

**અબ્દુલ મુત્તલિબનું મૃત્યુ**

અબ્દુલ મુત્તલિબ હવે ખૂબ જ વૃદ્ધ થઈ ગયા હતા. એમની ઉમર ૮૨ વર્ષની થઈ હતી. એમને રહી રહીને પોતાના પિતા વગરના પૌત્રની યાદ આવ્યાં કરતી હતી. આખરે એમણે પોતાના સૌથી હોશિયાર પુત્ર અબુ તાલિબને હઝરતની સોંપણી કરી અને મૃત્યુ પામ્યા. મક્કાના કબરસ્તાન હજૂનમાં એમને દફન કરવામાં આવ્યા.

**અબુ તાલિબની પાસે**

કાકાએ પોતાના ભત્રીજાને ખૂબ લાડ અને પ્રેમથી ઉછેરવા માંડયો. પોતાના પુત્રો કરતાં પણ એને એ વધારે સારી રીતે રાખતા હતા. અબુ તાલિબ સોદાગર હતા. એક વાર તેઓ વેપારનો સામાન લઈને સિરિયા તરફ જવાના હતા. હઝરતે પણ સાથે જવાની હઠ લીધી. એકના એક ભત્રીજાની ઇચ્છાને તેઓ ઇન્કારી ન શક્યા અને એમને પણ સાથે લઈ લીધા. પછી કોઈ કારણસર રસ્તામાં જ એમને પાછા મોકલી દીધા. હઝરતની ઉમર ૧૨ વર્ષની થઈ ત્યારે એમણે પણ બીજા આરબ છોકરાની જેમ બકરીઓ ચરાવવા જવાનું શરૂ કર્યું.

અરબમાં તે વખતે ભણાવવાનો રિવાજ ન હતો, તેથી હઝરતને પણ લખવા વાંચવાની તાલીમ મળી નહીં. પણ તેઓ પોતાના કાકાની સાથે રહીને કામકાજનો અનુભવ મેળવવા લાગ્યા. આમ કરતાં કરતાં તેઓ જુવાન થયા.



**ફુજ્જારની લડાઈમાં**

અરબના લોકો બહુ જ ઝઘડાખોર હતા. વાતવાતમાં અન્દર અન્દર લડી પડતા. જો ક્યાં ય કોઈ માણસ મરાય તો જ્યાં-સુધી એનો બદલો ન લે ત્યાંસુધી તેઓ નિરાંતે બેસતા નહીં. એક વખત અરબના બે કબીલા બકર અને તગલબની વચ્ચે ઘોડદોડની બાબત લડાઈ થઈ ગઈ અને એ લડાઈ પૂરાં ૪૦ વરસ સુધી ચાલી !

આવી જ જાતની એક બીજી લડાઈનું નામ ફુજ્જાર હતું. આ લડાઈ કુરેશ અને કૈસ કબીલાની વચ્ચે થઈ હતી. કુરેશનાં બધાં કુટુમ્બો આ કોમી લડાઈમાં સામેલ થયાં હતાં. દરેક કુટુમ્બની ટુકડી જુદી જુદી હતી. હાશિમ કુટુમ્બના ઝંડાધાર—ઉપરી અબ્દુલ મુત્તલિબના પુત્ર ઝુબૈર હતા. આ જ કતારમાં આપણા પયગમ્બર પણ હતા. તેઓ ખૂબ જ દયાળુ હતા. તેમને લડાઈ ઝઘડા જરા ય પસન્દ ન હતાં; આથી એઓએ કોઈ ઉપર હાથ ઉઠાવ્યો નહીં.

**પીડિતોના બચાવનો ઠરાવ**

આ બધી લડાઈઓને કારણે દેશમાં ખૂબ અશાન્તિ રહેતી હતી. ન કોઈ ઠરીને બેસી શકતું હતું કે ન કોઈને પોતાની કે પોતાના સંબંધીઓની સલામતી લાગતી હતી. આ લડાઈઓમાં ઘણા લોક માર્યા જતા હતા. આથી ઘણા ય છોકરાઓ બાપ વિનાના થઈ ગયા હતા. એમની ખબર લેનાર કોઈ હતું નહીં. જુલ્મી લોકો એમને સતાવતા હતા અને જબરદસ્તીથી એમનો માલ લઇ લેતા હતા. એમાં જે કમજોર હોય તેનું તો ક્યાં ય ઠેકાણું જ પડતું નહિ. અરબો પર બધી જાતના જુલમો થતા હતા. આવી બધી હાલત જોઈને હઝરતનું દિલ દુભાતું હતું. તેઓ વિચારતા હતા કે આ જોરજુલમને કેવી રીતે રોકી શકાય કે જેથી બધા લોકો ખુશ અને સુખશાન્તિમાં રહી શકે.

અરબના કેટલાક શાન્તિપ્રિય લોકોને પહેલાં પણ આ વિચાર આવ્યો હતો કે થોડાંક કુટુમ્બો મળીને એવી પ્રતિજ્ઞા લે કે, તેઓ પીડિતોને મદદ

કરે. આ વ્યવસ્થામાં ભાગ લેનારાઓની યાદીમાં એક શબ્દ "ફઝલ" હતો: એનો અર્થ મહેરબાની થાય છે. તેથી આ અન્દર અન્દર લીધેલી પ્રતિજ્ઞાનું નામ "ફઝલવાલોંકા કોલકરાર" રાખવામાં આવ્યું. આને અરબીમાં "હલ્ફુલફુઝૂલ" કહે છે.

ફુજ્જારની લડાઈ થઈ ત્યારે હઝરતના કાકા ઝુબૈરે (અબ્દુલ મુત્તલિબના પુત્રે) કહ્યું કે આપણે પહેલાં કરેલા કોલકરાર અત્યારે તદ્દન ભુલાઈ ગયા છે તેને આપણે ફરી તાજા કરીએ. આને માટે હાશિમ, ઝહરા તૈમ વગેરે કુટુમ્બો મક્કામાં એક અબ્દુલ્લા બિન જદઆન નામના ગૃહસ્થને ઘેર ભેગાં થયાં અને ત્યાં બધાએ પ્રતિજ્ઞા લીધી કે અમે સૌ પીડિતોનું રક્ષણ કરીશું અને હવે મક્કામાં કોઇ જુલમગાર રહેવા પામશે નહીં. આ ઠરાવમાં આપણા રસૂલ પણ સામેલ હતા. અને છેવટ સુધી તેઓ કહેતા હતા કે હું આજે પણ આ કરારનો અમલ કરવા તૈયાર છું.

મક્કા શહેર એવે ઠેકાણે વસેલું છે કે એની ચારે તરફ પહાડ છે અને એની વચમાં કાબા છે. જ્યારે જોરથી વરસાદ પડતો ત્યારે પહાડ પરથી પાણી વહીને શહેરની ગલીઓમાં ભરાઈ જતું. કાબાની

**કાબાની ઈમારત**

દીવાલો નીચી હતી અને એની ઉપર છત પણ ન હતી; તેથી એવું બનતું કે ઘણી વખત પાણીના ઘસારાને લીધે કાબાની ઈમારતને નુકસાન થતું હતું. આ જોઈને મક્કાવાળાઓએ વિચાર કર્યો કે કાબાની ઈમારત ફરીથી ઊંચી અને મજબૂત બંધાવવી જોઈએ. સંજોગવશાત્ એવું બન્યું કે મક્કાના જુદ્દા નામના બંદરમાં કોઇ સોદાગરનું એક વહાણ તૂટી ગયું હતું. કુરેશને આની ખબર પડી એટલે એમણે માણસો મોકલીને જહાજનાં લાકડાં વેચાતાં લઈ લીધાં. કુરેશનાં બધાં કુટુમ્બોએ મળીને કાબાને ફરી બંધાવવાનું કામ શરૂ કર્યું. કાબાની દીવાલમાં એક કાળો પથ્થર ચોંટાડેલો હતો. અત્યારે પણ એ પથ્થર લગાવેલો છે જ. એને અત્યારે પણ "કાલા પથ્થર" જ કહે છે. એનું નામ અરબીમાં "હજરે અસવદ" છે. આ



પથ્થર અરબી લોકોમાં બહુ જ પવિત્ર અને પ્રતાપી ગણાતો હતો, કેમકે હઝરત ઈબ્રાહીમ જ્યારે પહેલી વાર કાબાને બાંધતા હતા ત્યારે આ જ પથ્થર પર ઊભા રહીને દીવાલોને ઊંચી ચણતા હતા. અને છેવટે યાદગીરી તરીકે એ જ પથ્થરને દીવાલના એક ખૂણામાં ચણી લીધો હતો. આ વખતે પણ પહેલાં પેલો પથ્થર હતો ત્યાંસુધી દીવાલ ચણાઈ ગઈ ત્યારે બધાં કુરેશ કુટુમ્બના દરેક માણસને એમ થયું કે અમે જ એ પવિત્ર પથ્થરને ઉઠાવી એની જગ્યાએ મૂકીએ. આ વાત એટલે સુધી પહોંચી કે સામસામી તલવારો ખેંચાઇ. જ્યારે આ ઝઘડાનો કોઈ રીતે અન્ત ન આવ્યો ત્યારે કુરેશના એક સૌથી ઘરડા માણસે કહ્યું કે કાલે સવારે સૌથી પહેલો જે માણસ કાબામાં આવે અને તે જે ફેંસલો કરે તે બધાએ કબૂલ રાખવો. બધાએ આ વાત માની. અલ્લાહનું કરવું ને સવારમાં સૌથી પહેલા આપણા રસૂલ જ ત્યાં જઈ પહોંચ્યા. બધા લોકો એમને જોઈને ખુશ થઈ ગયા. ઝઘડાનો અન્ત લાવવા હઝરતે એક ચાદર મંગાવી અને એમાં પથ્થરને મૂક્યો, અને દરેક કુટુમ્બના સરદારને એ ચાદરનો એક એક છેડો પકડવાનું કહ્યું. પથ્થરને ચાદર સમેત ઊંચો કર્યો અને એ દીવાલ સુધી પહોંચ્યો ત્યારે એમણે પોતાના મુબારક હાથ વડે એ પથ્થરને એની જગ્યા પર મૂકી દીધો. આમ અરબની એક મોટી લડાઈ આપણા રસૂલની કુનેહને લીધે અટકી ગઈ.

કુરેશ ગૃહસ્થોનો સૌથી વધારે ઈજ્જતદાર ધન્ધો સોદાગીરી અને વેપારનો હતો. જ્યારે આપણા રસૂલ કારોબાર સંભાળવાને લાયક થયા ત્યારે એમણે પણ આ જ ધન્ધો શરૂ કર્યો. સાચ્ચા

**સોદાગીરીનું કામ**

અને ઈમાનદાર આદમી તરીકે એમની ખ્યાતિ તો થયેલી જ હતી, એટલે આ ધન્ધામાં એમની કામયાબી—સફળતા—નો રસ્તો ખૂબ જલદી ખૂલી ગયો. તેઓ દરેક બાબતમાં સાચો વાયદો કરતા અને દરેક વાયદો પૂરી રીતે પાળતા. એમના વેપારના સાથી અબ્દુલ્લાહ કહે છે કે, "એક વખત મેં એમની સાથે લેવડદેવડ બાબત કંઈ વાત કરી. વાત જરા અધૂરી હતી. મેં કહ્યું કે હું

હમણાં આવીને વાત પૂરી કરું છું. અને હું ચાલ્યો ગયો. ત્રણ દિવસ પછી મને મારો વાયદો યાદ આવ્યો. દોડી આવીને જોઉં છું તો તેઓ એ જ જગ્યાએ બેસીને મારી રાહ જોતા હતા. મને જોઈને એમના કપાળ પર એક કરચલી સુધ્ધાં પડી નહીં. ફક્ત નરમાશથી એટલું જ કહ્યું કે, ‘તમે મને ઘણી તકલીફ આપી. ત્રણ દિવસથી અહીં બેઠો બેઠો તમારી રાહ જોઉં છું.’”

વેપારની બાબતમાં તેઓ બધો જ હિસાબ ચોખ્ખો રાખતા હતા. સાયેબ નામના એમના એક સાથી કહે છે કે, “મારાં મા-બાપ તેઓ ઉપર કુરબાન. તેઓ મારા વેપારમાં ભાગીદાર હતા, પણ હંમેશાં બધી ચોખવટ રાખતા. ન ઝઘડો કરતા ન કશી લપછપ કરતા.”

એમના ધંધાના એક બીજા સાથીદાર હતા જેમનું નામ અબુબકર હતું, તેઓ મક્કામાં જ કુરેશ કુટુંબના એક બીજા સોદાગર હતા. તેઓ પણ સફરમાં ક્યારે ક્યારે એમની સાથે જતા.

કુરેશના લોકો પયગમ્બર સાહેબની ચોખ્ખી લેણદેણ, નેકી અને ઈમાનદારી પર એટલો ભરોસો રાખતા હતા કે જરાય અંદેશો રાખ્યા વગર પોતાનો માલ એમને સપુર્દ કરી દેતા હતા. ઘણા લોકો પોતાનાં નાણાં એમની પાસે અનામત મૂકતા હતા અને એમને ‘અમીન’ અર્થાત્ અમાનતવાળા—ભરોસાપાત્ર કહેતા હતા.

કુરેશના સોદાગરો મોટે ભાગે સિરિયા અને યમનના પ્રદેશોમાં ફરીને વેપારનો માલ વેચતા હતા. આપણા હઝરતે પણ વેપારનો સામાન લઈને આ પ્રદેશોમાં મુસાફરી કરવા માંડી.

**હઝરત ખદીજાની ભાગીદારી**

અરબમાં વેપારનો એક કાયદો એ હતો કે જેમની પાસે પૈસા હોય એવા લોકો પૈસા રોકતા અને બીજા મહેનતી લોકો જેમનામાં વેપારની આવડત હોય તેઓ એ પૈસા લઈને વેપાર ચલાવતા, અને આમાંથી જે ફાયદો થતો તે બંને જણા વહેંચી લેતા. હઝરતે પણ આવી જ રીતે વેપાર શરૂ કર્યો.



કુરેશમાં ખદીજા નામની એક પૈસાદાર સ્ત્રી હતી. એનો પતિ ગુજરી ગયો હતો. તે પોતાનો માલ બીજાઓને આપીને વેપાર માટે આમતેમ મોકલતી હતી. એણે આપણા હઝરતની નેકી અને સચ્ચાઈની તારીફ સાંભળી. આથી એમને બોલાવીને કહ્યું કે, “તમે મારા માલથી વેપાર કરો. હું બીજાને જેટલો નફો આપું છું તેનાથી વધારે નફો તમને આપીશ.” હઝરત રાજી થયા અને એમનો માલ લઇને સિરિયા તરફ ગયા. બીબી ખદીજાએ પોતાના નોકર મયસરાને પણ એમની સાથે મોકલ્યો. આ વેપારમાં ઘણો નફો થયો. તેઓ પાછા આવ્યા ત્યારે બીબી ખદીજા એમનું કામ જોઈને બહુ જ ખુશ થયાં.

આ વેપારમાંથી પાછા આવ્યે ત્રણ મહિના થયા હશે તેવામાં બીબી ખદીજાએ એમની પર લગ્નનું કહેણ મોકલ્યું. આ વખતે તેઓની ઉમર

**બીબી ખદીજા સાથે લગ્ન**

૨૫ વર્ષની હતી અને બીબી ખદીજાની ૪૦ વરસની, તોપણ તેઓએ બહુ જ ખુશીથી આ કહેણ સ્વીકારી લીધું અને થોડા જ દિવસ પછી ખૂબ સાદાઈથી કશાય ભભકા વગર આ લગ્નસમારંભ પૂરો થયો. તેમના કાકા અબુતાલિબ, હમઝા અને કુટુમ્બના બીજા મોટા મોટા લોકો કન્યાને ઘેર ગયા અને અબુતાલિબે લગ્નનો ખુતબો વાંચીને પાંચસો રૂપિયા ખદીજા બીબીના નામે મૂકયા.

આ મિયાંબીબી હવે ખૂબ લહેરથી રહેવા લાગ્યાં. વેપારનું કામ પહેલાંની જેમ જ ચાલવા લાગ્યું. હઝરત સાહેબ અરબનાં જુદાં જુદાં શહેરોમાં ફરતા હતા. એમની સચ્ચાઈ, નેકી અને સાફ વર્તનનાં ચારે બાજૂ વખાણ થતાં હતાં.

**અનેકદેવવાદ અને બૂરાઈનો વિરોધ**

મહમ્મદ ( અલ્લાની રેહમત એમના પર હો ) દુનિયામાં એટલા માટે આવ્યા હતા કે, તેઓ અલ્લાહના બન્દાઓને અલ્લાહનો પયગામ સંભળાવે, એમને બૂરાઈ અને બદીમાંથી બચાવે, સારી અને નેક વાતો સંભળાવે. એ વાત તો સાફ જ છે કે અલ્લાહતાલાએ એમને કેટલી યે સારી વાતો આપી હશે અને એમને સારી ટેવો પાડી

હશે. હઝરત બચપણથી જ નેક, સારા અને દરેક બૂરાઈઓથી બચેલા હતા. નાનપણમાં ખેલકૂદમાં પણ તેઓ સચ્ચાઈ રાખતા. અને જુવાન થયા ત્યારે પણ જુવાનીની દરેક બૂરાઈઓથી બચેલા હતા. કોઈ સાધારણ બાબત પણ જે નબી રસૂલ અને અલ્લાહના કાસિદની શાનને નુકસાન પહોંચાડે એવી હોય તો અલ્લાહ તેઓને એમાંથી બચાવી લેતા હતા.

નાનપણની વાત છે. કાબાની દીવાલની મરમ્મત થતી હતી. નાના છોકરાઓ પોતાની લૂંગી કાઢી નાખી તેને ખભા પર મૂકીને પથ્થર લાવતા હતા. હઝરતે પણ એમના કાકાના કહેવાથી આ કામ શરૂ કર્યું, પણ શરમના માર્યા બેભાન થઈ પડી ગયા. તેઓની જુવાનીની શરૂઆતમાં એમના દોસ્તોની એક તોફાની મંડળી હતી. એમાં બધા ભેગા મળીને નકામા ગામગપાટા મારતા મારતા રાત પૂરી કરતા હતા. તેઓએ પણ એક દિવસ એમાં જવાનો વિચાર કર્યો. પણ રસ્તામાં જ એમને એવી ઊંઘ આવી ગઈ કે સવાર પડી ત્યારે જ આંખ ખૂલી.

કુરેશના બધા લોકો પોતાના દાદા ઇબ્રાહીમનો ધર્મ ભૂલી ગયા હતા અને ખુદાને ભૂલીને માટી અને પથ્થરની મૂર્તિઓ બનાવી એની પૂજા કરતા હતા. વળી કોઇ લોક સૂરજની તો કોઇ તારાઓની પણ પૂજા કરતા હતા; પણ હઝરત સમજણા થયા ત્યારથી જ આ બાબતોથી બચતા રહ્યા.

## રસૂલ બને છે

હઝરતની—અલ્લાહની રહેમત અને શાન્તિ એમના પર હો—ઉમર ૪૦ વર્ષની થઈ ગઈ હતી. આ એ સમય હોય છે કે જ્યારે માણસમાં પૂરી સમજ આવી જાય છે અને એની અક્કલ પુખ્ત થઈ જાય છે; જુવાનીની શરૂઆતની ઇચ્છાઓ મરી ચૂકી હોય છે; દુનિયાનો સારો ખોટો અનુભવ મળી ચૂક્યો હોય છે. હઝરતની આ ઉમર બરાબર એવી હતી કે જ્યારે મહાન અલ્લાહ એમને પોતાના રસૂલ અને કાસિદ બનાવે, અને અજ્ઞાનીઓને જ્ઞાન આપવા અને નાદાનોને સમજણ આપવા એમના શિક્ષક બનાવે.

અલ્લાહ પોતાના રસૂલોને ફરિશ્તાઓ મારફત પોતાની વાતોથી વાકેફ કરે છે અને પોતાની વાણી એમને સંભળાવે છે. રસૂલ ફરિશ્તાઓ મારફત ખુદાની વાણી સાંભળીને ખુદાના બન્દાઓને સંભળાવે છે. અલ્લાહના નેક બન્દાઓ રસૂલના મોંથી ખુદાની વાણી સાંભળીને ખુદાનું કહ્યું કરે છે, અને એના જ હુકમ પ્રમાણે ચાલે છે તેઓ મુસલમાન કહેવાય છે. અલ્લાહ એમના પર ખુશ થાય છે, એમના પર પ્યાર કરે છે, અને જ્યાંસુધી તેઓ જીવે છે ત્યાંસુધી અલ્લાહ એમને દરેક જાતનો બદલો આપે છે, અને એમના પર પોતાની મહેરબાની ઉતારે છે, અને જ્યારે તેઓ મરી જાય છે ત્યારે એમના રૂહને સલામી પહોંચાડે છે, અને કયામત પછી જ્યારે બધા લોકો ફરી જીવતા થાય છે ત્યારે ત્યાં તેમને બધી રીતે અમનચમનમાં રાખે છે. આવું અમનચમન જ્યાં મળે છે તેનું નામ બહિશ્ત અથવા જન્નત (સ્વર્ગ) છે.

અને જે લોકો રસૂલની વાત નથી માનતા, ખુદાની વાણી નથી સાંભળતા, અને એના હુકમ પ્રમાણે નથી ચાલતા તેઓ આ દુનિયામાં પણ દિલનું સુખ અને રૂહાની શાન્તિ નથી પામતા, અને મરણ પછી પણ ખુદાની મહેરબાનીથી વંચિત રહે છે, અને કયામત પછી પણ તેઓ દુઃખ, દર્દ અને સજા પામે છે. એમણે કદીએ ન ભોગવી હોય એવી

મુશ્કેલીઓ એમને ભોગવવી પડે છે. જ્યાં એમને આ સજા અને દુઃખ ભોગવવાં પડે છે એનું નામ દોઝખ અથવા તો જહન્નમ ( નરક ) છે.

જે અલ્લાએ પોતાના બન્દાને માટે જમીન અને આસમાન બનાવ્યાં છે, જાતજાતનાં અનાજ મેવા ફળ પેદા કર્યાં છે, પહેરવા માટે રંગબેરંગી કપડાં બનાવ્યાં છે, જમીન પર જાતજાતની લીલોતરી અને ફૂલ ઉગાડ્યાં છે, જેણે માણસોના થોડા દિવસના આરામને માટે આટલું બધું કર્યું છે, ત્યારે શું એણે માણસના હંમેશના આરામને માટે કંઈ નહીં કર્યું હોય ? જેવી રીતે આ દુનિયાના કાયદા કાનૂનો બનાવનાર અને શીખવનાર શિક્ષકો વૈદ્યો અને ડૉક્ટરો છે એવી જ રીતે પેલી દુનિયાના કાયદા કાનૂનો બનાવવા માટે અલ્લાએ રસૂલ અને પયગમ્બરો બનાવ્યા છે. અને જેવી રીતે આ દુનિયાના શિક્ષકો અને ડૉક્ટરોનું કહ્યું આપણે ન માનીએ તો આપણને આ દુનિયામાં આપણાં નાસમજ અને અજ્ઞાનને લીધે ખૂબ મુશ્કેલીઓ વેઠવી પડે છે, એમ જો આપણે આપણાં નાસમજ અને અજ્ઞાનને લીધે રસૂલો અને પયગમ્બરોનું કહ્યું ન માનીએ તો આપણને મુશ્કેલીઓ વેઠવી પડે.

અલ્લાહના બધા ઉપકારોમાં સૌથી મોટો ઉપકાર એ છે કે, એણે એની પોતાની વાતો આપણને સમજાવવા માટે અને નેકીનો રસ્તો બતાવવા માટે રસૂલો મોકલ્યા છે.

આદમના જમાનાથી માંડીને હઝરત ઈસા સુધીના બધા જમાનામાં અને બધી કોમોમાં ખુદાના રસૂલો આવતા રહ્યા છે. ખુદાએ સૌથી છેલ્લા અને સૌ રસૂલોના રસૂલ મહમ્મદને—અલ્લાહની રહેમત એમના પર હો—મોકલ્યા. એઓની પછી હવે કોઈ રસૂલ આવવાના નથી, કેમકે ખુદાની વાત પૂરી થઈ ગઈ છે અને ખુદાનો પયગામ બધી જગ્યાએ પહોંચી ગયો.

આપણા રસૂલની ૪૦ વર્ષની ઉમરે જ્યારે અલ્લાહે એમને રસૂલ બનાવવાનો વિચાર કર્યો ત્યાર પહેલાંથી એમને એકલા રહેવાનું ખૂબ જ પસન્દ હતું. કોઇ કોઈ દિવસ સાથે ખાવાનું લઈને તેઓ મક્કાની પાસે આવેલા એક પહાડની ગુફા—જેનું નામ હિરા હતું, ત્યાં જતા અને



અલ્લાહની બાબત પર વિચાર કરતા. દુનિયાની ગુમરાહી—રસ્તો ભૂલેલી હાલત—અને અરબના લોકોની બૂરી દશા જોઈને એમના દિલને ખૂબ જ દુઃખ થતું હતું. તેઓ આ ગુફામાં કેટલાય દિવસ ખુદાની બન્દગી કરતા અને ખુદા વિશે વિચાર કરતા પડ્યા રહેતા હતા. એક દિવસ એવું થયું કે અલ્લાહના હુકમથી અલ્લાહનો ફરિશ્તો જે અલ્લાહની વાણી અને પયગામ લઈને રસૂલોની પાસે આવે છે અને જેનું નામ જીબ્રયીલ છે તે દેખાયા. આ ફરિશ્તાએ ખુદાનો મોકલેલો સૌથી પહેલો પયગામ જેને “ વહી ” કહે છે તે મહમ્મદ રસૂલુલ્લાહ સલઅમને કહી સંભળાવ્યો. ખુદાએ મોકલેલી પહેલી “ વહી ” આ હતીઃ—“ પોતાના આ ખુદાના નામનું રટણ કર કે જેણે આ દુનિયા પેદા કરી છે, જેણે માણસને ઠરી ગયેલા લોહીથી બનાવ્યો છે. તું પઢ. તારો ખુદા અતિશય કરમ(દયા)વાળો છે. તેણે કલમદ્વારા વિદ્યા શીખવી છે અને ઇન્સાનને એ બતાવ્યું કે જે તે જાણતો નહિ હતો.”

આપણા રસૂલ પર આ પહેલી વહી આવી. આ વહીના આવવાથી એમના અનુયાયીઓને તાલિમ આપવાનું કામ એમના પર આવી પડ્યું. નાદાનોને સમજાવવા, અજ્ઞાનીઓને ભણાવવા, અંધારામાં ચાલનારાઓને રોશની આપવી, અને બુતપરસ્તીઓને અલ્લાની ઓળખ આપવી, એ આપણા રસૂલનું કામ હતું. તેઓનું દિલ ડરથી કાંપી ઊઠ્યું. આવી હાલતમાં તેઓ ઘેર પાછા આવ્યા, અને પોતાની બીબી હઝરત ખદીજાને બધી હકીકત કહી સંભળાવી. હઝરત ખદીજાએ એમને દિલાસો આપ્યો અને કહ્યું તમે ગરીબો પર દયા રાખો છો, લાચારોને મદદ કરો છો, અને જેઓ કર્જના બોજાથી દબાયેલા છે તેમનો બોજો હળવો કરો છો. આવા માણસને અલ્લાહતાલા એમ ને એમ કેવી રીતે છોડે ?

આ પછી તેઓ એમના કાકા નૌફલના બેટા વરકાને ત્યાં ગયા. વરકા ખ્રિસ્તી થઈ ગયા હતા. તેઓ હિબ્રુ ભાષા જાણતા હતા. તેમણે હઝરત મૂસાની તૌરાત તથા હઝરત ઈસાની ઇન્જિલ ચોપડીઓ વાંચી હતી. એમણે હઝરત રસૂલ પાસેથી બધો અહેવાલ સાંભળ્યો અને કહ્યું: “ એ

ખુદાનો એ જ ફરિસ્તો હતો કે જે મૂસા પાસે પણ આવ્યો હતો. હાય, જ્યારે તમને આખી કોમ તમારા ઘરમાંથી બહાર કાઢશે તે વખતે હું સાજો અને તન્દુરસ્ત હોઉં તો કેવું સારું થાય?" હઝરત રસૂલે પૂછ્યું: "શું ખરેખર એવું થશે?" વરકાએ કહ્યું: "જે પયગામ લઇને તમે આવ્યા છો અને એ પયગામ લઈને પહેલાં જે કોઈ આવ્યા હતા તે બધાયની કોમોએ તેમની સાથે આવું જ કર્યું છે." સંજોગવશાત્ એવું બન્યું કે આ પછી થોડા જ દિવસમાં વરકાનો દેહાન્ત થયો.

હઝરત રસૂલે હજી તો હમણાં જ એમનું કામ શરૂ કર્યું હતું, એવામાં અલ્લાહનો હુકમ આવ્યો કે:—"અય, ચાદરમાં લપેટાઈને સૂતેલા, ઊઠ, ઊભો થઈ જા, ફરી બીક સંભળાવ અને તારા ખુદાની મોટાઈ બધાને કહી સંભળાવ. તારાં કપડાં પવિત્ર રાખ, ગંદકી છોડી દે." આ વહી આવ્યા પછી એમની ફર્જ થઈ પડી કે એમણે ખુદા પર ભરોસો રાખી ઊભા થઈ જવું, લોકોને ખુદાની વાતો સંભળાવવી, ખુદાની મોટાઈ ગાવી અને અપવિત્રતા તથા ગંદકીથી બચવું અને બીજાને બચાવવા.

**ઈસ્લામ**

જે શિક્ષણ આપીને આપણા હઝરતને મોકલવામાં આવ્યા હતા એનું નામ 'ઇસ્લામ' હતું. ઇસ્લામનો અર્થ એ છે કે, પોતાની જાતને ખુદાને સપુર્દ કરી દેવી અને એના હુકમની સામે પોતાની ગરદન ઝુકાવી દેવી. આ ઇસ્લામને જે માને તે મુસ્લિમ એટલે કે ખુદાના હુકમને માનવાવાળો અને એની ઇચ્છા મુજબ ચાલવાવાળો. એને આપણે આપણી ભાષામાં "મુસલમાન" કહીએ છીએ.

ઇસ્લામનો સૌથી પહેલો હુકમ એ હતો કે અલ્લાહ એક છે. એની ખુદાઇમાં કોઈ એનો સાથી નથી. જમીનથી આસમાન સુધી એની જ સલ્તનત છે. સૂરજ એના જ હુકમથી ઊગે છે અને આથમે છે. આસમાન એના ફરમાનને તાબે છે અને જમીન એના જ ઇશારા પર ચાલવા બંધાયેલી છે. ફળ, ફૂલ, ઝાડ ને અનાજ એ જ ઉગાડે છે. નદી, પહાડ અને જંગલ બધું એણે જ બનાવ્યું છે. નથી એને કોઈ પુત્ર કે નથી



એને કોઈ પત્ની, નથી એને માબાપ કે નથી એનો કોઈ બરાબરિયો. બધાં દુઃખ, દરદ અને તકલીફો એ જ આપે છે અને એ જ દૂર કરે છે. કલ્યાણ, આનંદ અને સંપત્તિ એ જ આપે છે અને એ જ છીનવી લે છે. ઇસ્લામની આ માન્યતાનું નામ તૌહિદ–(હરેક રીતે એક સમજવું)–છે. અને એ જ ઇસ્લામના કલમાનું પહેલું વાકય છે:—'અલ્લાહના સિવાય કોઈ બન્દગીને યોગ્ય નથી, અને એના સિવાય બીજા કોઇનો હુકમ ચાલતો નથી.'

'અલ્લાહે આસ્માન અને જમીનના કાયદાઓનો વખતસર અમલ થાય તે માટે આવી તો બીજી કેટલીએ દુનિયાઓ બનાવી છે, જે આપણે જોઈ નથી શકતા. એને ચલાવનાર ફરિસ્તાઓ છે, જે રાત દિવસ એના હુકમો બજાવવા માટે તૈયાર જ હોય છે. પણ એ લોકોમાં ય એમની પોતાની કશી તાકાત નથી. જે કંઈ છે તે અલ્લાહના ફરમાનથી છે.' આ ઇસ્લામ ધર્મની માન્યતા–અકીદાનું–બીજું વાકય છે.

ત્રીજું એ છે કે 'અલ્લાહના જેટલા રસૂલો આવ્યા છે તે બધા સાચા અને ખુદાના મોકલેલા છે. એ બધાયને એક જ શિક્ષણ મળ્યું છે. સૌથી છેલ્લા અને દુનિયાના આખરી રસૂલ આપણા પયગમ્બર મહમ્મદ રસૂલુલ્લાહ—અલ્લાની રેહમત અને શાન્તિ એમના પર હો—છે.'

ચોથું એ છે કે 'રસૂલોની મારફત અલ્લાહની જે કિતાબો—તૌરાત, ઈન્જિલ, ઝબૂર, કુરાન વગેરે આવી છે તે બધી સાચી છે.'

અને પાંચમું એ છે કે 'મરણ બાદ આપણે ફરી જીવતાં થઈશું. ખુદાની સામે આપણને હાજર કરવામાં આવશે. અને તે આપણને આપણાં કામોનો બદલો આપશે.'

આ પાંચ વાતો જ ઇસ્લામનું મૂળ બંધારણ--માન્યતા--અકીદા છે, જેમાં દરેક મુસલમાન યકીન રાખે છે. આ પાંચ વાતોને જ ટૂંકાવીને નીચેનાં બે વાકયમાં બતાવી છે, જેને મોંથી બોલનાર અને દિલથી વિશ્વાસ રાખનારને "ઈમાન" કહે છે. :—"ખુદાના સિવાય બીજો કોઈ અલ્લાહ નથી. અને મહમ્મદ ખુદાના મોકલેલા રસૂલ છે."

મહમ્મદ રસૂલુલ્લાહ સલઅમને આ વાતો દુનિયામાં ફેલાવવાનો અને લોકોને સમજાવવાનો હુકમ થયો.

**પહેલા મુસલમાન થનારાઓ**

અરબના લોકો પહેલા દરજ્જાના બેવકુફ, નાદાન અને ખુદાના ધર્મથી બેખબર થઈ ગયા હતા, અને શિર્ક (ખુદામાં બીજાને મેળવનાર) તથા નાસ્તિકતામાં એટલા ફસાઈ ગયા હતા કે એની બૂરાઈ તેઓ સમજી જ શકતા ન હતા. સચ્ચાઈનો અવાજ સૌથી પહેલો જેના કાનમાં પડયો તે હતી હઝરતની બીબી ખદીજા. રસૂલે જ્યારે એમની સામે ખુદાના શિક્ષણની વાત કરી ત્યારે એ સાંભળીને તરત જ તેઓ મુસલમાન બની ગયાં. અબુ બક્ર નામના મશહૂર સોદાગર તેઓના દોસ્ત હતા. રસૂલે જ્યારે એમને ખુદાનો પયગામ સંભળાવ્યો ત્યારે તેઓ લગારે ખંચાયા વગર મુસલમાન બની ગયા, અને તે દિવસથી તેઓ બરાબર તેમના દરેક કામમાં તેમની સાથે ને સાથે જ રહેવા લાગ્યા. તેઓના પ્યારા કાકા અબુ તાલિબના નાના બેટાનું નામ અલી હતું. તેઓ આપણા રસૂલની પાસે જ મોટા થયા હતા, અને તેઓની સાથે ને સાથે જ રહેતા હતા. તેઓ નાનપણથી જ મુસલમાન હતા. હઝરતના એક પ્યારા નોકરનું નામ ઝૈદ હતું, જે હારિસાનો પુત્ર હતો. તેઓ પણ મુસલમાન થઈ ગયા.

આ પછી હઝરત રસૂલે અને હઝરત અબુ બક્રએ મળીને છૂપાછૂપા કુરેશના એવા લોકોમાં ઈસ્લામની વાતો કહેવી શરૂ કરી કે જેઓ નેક અને સમજદાર હતા. મોટા મોટા મશહૂર લોકોમાંથી પાંચ માણસ હઝરત અબુ બક્રના કહેવાથી મુસલમાન થઇ ગયા. તેઓનાં નામ આ હતાં: હઝરત ઉસમાન બિન અફ્ફાન, હઝરત ઝુબૈર, હઝરત અબુર્રરહેમાન બિન ઓફ, હઝરત સઅદબિન વક્કાસ, અને હઝરત તલ્હા. આ પછી આ વાત છૂપી છૂપી બીજા લોકોને કાને પણ પહોંચી અને મક્કામાં મુસલમાનોની સંખ્યા દિન-પર દિન વધવા લાગી. આમાં કેટલાક ગુલામ પણ હતા. એમનાં નામ નીચે પ્રમાણે છે: હઝરત અમ્માર બિન યાસિર, હઝરત ખબ્બાબ અને હઝરત સોહય્બ રૂમી. કુરેશના કેટલાક નેક નવજુવાનોએ પણ ઈસ્લામ ધર્મ



સ્વીકાર્યો; જેમકે, હઝરત અરકમ, સઈદ બિન ઝૈદ, અબ્દુલ્લા બિન મસઉદ, ઉસમાન બિન મઝઉન, ઉબયદા, (ખુદા તે સૌથી રાજી રહે).

હવે આની અસર ધીમે ધીમે મક્કાની બહાર પણ પહોંચવા લાગી અને કુરેશના સરદારોને કાને પણ આ નવી તાલીમની વાતો પડી. એક તો અજ્ઞાન ને બીજું બાપદાદાના ધર્મનું ઝનૂન; આ બન્ને એવી ચીજો હતી કે જેથી કુરેશના સરદારોને આ નવા મઝહબ પર બહુ જ ગુસ્સો આવ્યો. એ લોકોએ જેઓ મુસલમાન થયા હતા તેમને અનેક રીતે સતાવવા માંડયા. મુસલમાનો પહાડની ગુફાઓમાં જઈ જઈને છૂપી રીતે નમાઝ પઢતા અને અલ્લાહનું નામ લેતા. એક વખત ખુદ અલ્લાહના રસૂલ (હઝરત મહમ્મદ) પોતાના પિતરાઈ ભાઈ હઝરત અલીની સાથે કોઈ ગુફામાં નમાઝ પઢતા હતા ત્યાં તેમના કાકા અબુ તાલિબ જઈ પહોંચ્યા. તેઓને આ નવી ચીજ કોઈ અજીબ જ લાગતી હતી. તેમણે ભત્રીજાને પૂછ્યું કે "આ કેવો ધર્મ છે?" એમણે જવાબ આપ્યો: "આ આપણા દાદા ઈબ્રાહીમનો ધર્મ છે." અબુ તાલિબે કહ્યું કે "બહુ જ ખુશીથી તમે તમારા ધર્મને વળગી રહો. હું છું ત્યાંસુધી કોઈ તમારો વાળ પણ વાંકો કરી શકે એમ નથી."

ત્રણ વરસ સુધી તેઓ આમ જ છૂપી રીતે બુતોનો વિરોધ કરતા અને લોકોને સાચા ધર્મનો પાઠ ભણાવતા રહ્યા. જેઓ નેક અને સમજદાર હતા તેઓએ તો આ ધર્મ કબૂલ કરી લીધો, પણ જેઓ ના-સમજ તથા હઠી હતા તેઓ તો ઊલટા એમના દુશ્મન થઈ ગયા.

તે વખતે કાબાની પાસે એક ગલી હતી. તેમાં એક ખૂબ સાચાબોલા અને જાન ન્યોછાવર કરે એવા મુસલમાન અરકમનું ઘર હતું. તે ઘર ઈસ્લામની પહેલી શાળા હતી. હઝરત સાહેબ ઘણે ભાગે ત્યાં જ રહેતા હતા. ત્યાં તેઓ મુસલમાનને મળતા અને શિખામણની સારી સારી વાતો કરતા તથા પોતાના યકીન વધારે પાકું કરતા. જે લોકોને આ ધર્મનો શોખ હતો એવા લોકો ત્યાં આવતા, ખુદાના રસૂલની વાતો સાંભળતા અને મુસલમાન બનતા.

**પહેલી સામાન્ય હાકલ**

ત્રણ વરસ પછી ખુદાએ હઝરતને હુકમ કર્યો કે હવે તમે ખુલ્લે-ખુલ્લા ખુદાનું નામ જાહેર કરો અને નીડર થઇને બુતપરસ્તીનું ખંડન કરો, અને આપણા બંદાઓને નેકી તથા શિખામણની વાતો સંભળાવો. આશ્ચર્યની વાત જુઓ કે આ વખતમાં એમને સૌથી વધારે સાથ આપનાર અને એમની મદદનું બીડું ઝડપનાર એમના કાકા અબુ તાલિબ હતા. આપણે વાંચી ગયા કે તેઓ આપણા રસૂલ પર કેટલો પ્યાર કરતા હતા. આવી જ રીતે જેણે રસૂલનો ખૂબ સખત વિરોધ કર્યો અને દુશ્મનાવટ રાખવામાં જરાય કચાશ ન રાખી તે પણ તેઓના કાકા જ હતા. એમનું નામ અબુ લહબ હતું. અબુ લહબ સિવાય તેઓના ધર્મનો એક બીજો દુશ્મન અબુ જહલ હતો. તે કુરેશનો એક મોટો સરદાર અને ખૂબ જ પૈસાદાર માણસ હતો. કુરેશના સરદારનું કહેવું એવું હતું કે ખુદાએ જો કોઇને પોતાનો કાસિદ યા તો એલચી કરીને મોકલવો જ હતો તો મક્કા યા તો તાઇફના કોઈ પૈસાદાર માણસને મોકલવો હતો. પણ તેઓની સમજમાં આ વાત નહોતી આવતી કે ખુદાના દરબારમાં તો દોલત અને રિયાસતની કીમત નથી, પરન્તુ નેકી અને ભલાઈની કદર છે. ખુદાએ પહેલેથી જ નક્કી કર્યું હતું કે, કુરેશ ખાનદાન અબ્દુલ્લાના અનાથ પુત્ર મહમ્મદને જ પોતાનો આખરી રસૂલ બનાવવો. તેથી જ એણે એમને રસૂલ બનાવ્યા.

આપણા રસૂલને જ્યારે ધર્મનો ખુલ્લેખુલ્લો પ્રચાર કરવાનો હુકમ કરવામાં આવ્યો ત્યારે તેઓએ મક્કાની એક સફા નામની ટેકરી પર જઇને કુરેશના લોકોને પુકાર કર્યો. અરબના નિયમ પ્રમાણે એમને સાંભળવા માટે કુટુમ્બના બધા લોકો ત્યાં એકઠા થયા, અને મક્કાના મોટા મોટા સરદારો પણ ત્યાં ભેગા મળ્યા. રસૂલે કહ્યું કે "જો હું તમને એમ કહું કે આ પહાડની પાછળ તમારા દુશ્મનોનું એક મોટું લશ્કર આવી રહ્યું છે તો તમને એની પર વિશ્વાસ આવશે?" બધાએ કહ્યું: "બેશક, કેમકે અમે તમને હમેશાં સાચું બોલતાં જ જોયા છે." આ પછી રસૂલે કહ્યું કે "તો હું એમ કહું છું કે,



તમે જો ખુદાનો પયગામ નહીં માનો તો તમારી કોમ પર એક બહુ જ મોટી આફત આવી પડશે." આ સાંભળીને અબુ લહબે કહ્યું: "શું તમે અમને આવું સંભળાવવા માટે જ અહીં ભેગા કર્યા છે?" આટલું બોલીને એ ત્યાંથી ચાલી ગયા. કુરેશના બીજા સરદારો પણ ખિજાઇને ઊઠી ગયા.

**સામાન્ય પ્રચાર**

આપણા રસૂલે સરદારોના ખોફની જરાય પરવા ન કરી અને બુતપરસ્તીની બૂરાઈ ખુલ્લંખુલ્લા કહેવા માંડી, અને એક ખુદાની બન્દગી કરવી જોઇએ, સારો વર્તાવ રાખવો જોઇએ એ વિશે તથા કયામત વિશે ઉપદેશ આપવા માંડયો. જેઓ સાચા દિલના હતા તેઓએ એમની વાત કબૂલ કરી, પણ જેઓનું દિલ નેક નહતું તેઓ તો ઊલટા તોફાને ચડયા અને રસૂલને ખૂબ સતાવવા લાગ્યા. તેઓ રસ્તામાં કાંટા નાખતાં, તેઓ જ્યારે નમાઝ પઢવા બેસે ત્યારે કંઈ ને કંઈ છેડતી કરતા. તેઓ જ્યારે કાબાની પ્રદક્ષિણા કરતા ત્યારે ખૂબ ઘોંઘાટ કરી મૂકતા. લોકો તેઓને કવિ, જાદૂગર, પાગલ વગેરે કેટલાંય વિશેષણો આપી દેતા. અને કોઈ પણ નવો માણસ ત્યાં આવે તો એને પહેલેથી જ કહી દેતા કે અમારે ત્યાં એક પાગલ આદમી છે, એની પાસે જશો નહીં.

તેઓ આ બધી મુશ્કેલીઓ સહન કરતા હતા અને પોતાનું કામ કર્યે જતા હતા. કુરેશોએ જોયું કે આ કોઈ પણ રીતે હાર માનતો નથી; એટલે તેઓ એકઠા થયા અને તેઓના કાકા અબુ તાલિબની પાસે ગયા, અને કહ્યું કે, તમારો ભત્રીજો અમારી મૂર્તિઓને ગમે તેવું કહે છે; અમારા બાપદાદાઓ રસ્તો ભૂલેલ છે એવું કહે છે; અમને નાદાન કહે છે; એટલે કાં તો તમે વચ્ચેથી નીકળી જાઓ અથવા તો તમે પણ મેદાને પડો, કે જેથી આપણા બેમાંથી એકનો ફેંસલો થઈ જાય. અબુ તાલિબે જોયું કે હવે વખત નાજુક થતો જાય છે. તેઓએ હઝરતને બોલાવીને કહ્યું કે હવે મારા જેવા બુઢ્ઢા પર એટલો બોજો ન નાખ કે જે હું ઉઠાવી ન શકું. હઝરતના કોઈ પણ મદદગાર હોય તો તે એક એમના કાકા જ હતા. એમની આ વાત સાંભળીને એમની આંખમાં પાણી ભરાઈ આવ્યાં,

અને કહ્યું: "ચાચાજાન, અગર જો લોકો મારા એક હાથમાં સૂરજ અને એક હાથમાં ચાંદ મૂકે તોપણ હું મારા કામને છોડવાનો નથી." રસૂલની દઢતા અને તેમનો પાકો ઇરાદો જોઇને તથા એમની લાગણી-ભરેલી વાતો સાંભળીને અબુ તાલિબ પર બહુ ઊંડી અસર થઈ, અને એમણે કહ્યું: "ભત્રીજા, જાઓ તમારું કામ કરો. આ લોકો તમને કંઈ જ નહીં કરી શકે." કાકાની આ વાતો સાંભળીને એમને ઘણું સાંત્વન મળ્યું અને એમણે બમણા વેગથી પોતાનું કામ શરૂ કર્યું. કબીલાનો એકાદ એકાદ માણસ મુસલમાન થતો જતો હતો. કુરેશના સરદારોએ જોયું કે ધમકીથી કામ ચાલે એમ નથી એટલે હવે જરા-ફોસ-લાવીને કામ લેવું જોઇએ. બધાએ મળીને ઉતબા નામના કુરેશના એક સરદારને સમજાવી કરીને રસૂલની પાસે મોકલ્યો. એણે હઝરતની પાસે જઇને કહ્યું કે "હે મહમ્મદ, કોમમાં ફૂટ પાડવાથી તમને શો ફાયદો ? જો તમે મક્કાની સરદારી ઇચ્છતા હો તો તે પણ થઈ શકે એવું છે. અને જો પૈસા જોઈતા હોય તો અમે તે આપવા તૈયાર છીએ; પરન્તુ તમે આ કામને છોડી દો."

ઉતબાએ માન્યું હતું કે આપણે જે ચાલ ચાલ્યા છીએ એમાં બેશક સફળતા મળવાની છે. મમ્હમદ આ ત્રણ વાતોમાંથી ગમે તે એક બાબતથી લલચાઈને જરૂર આપણી સાથે સુલેહ કરી દેશે. પણ મહમ્મદ પાસેથી તો એમને એવો જવાબ મળ્યો કે જેની એમને કલ્પના પણ ન હતી. હઝરતે પવિત્ર પાક કુરાનની બે ત્રણ આયતો એમને વાંચી સંભળાવી. આયતો સાંભળતાં જ એમનું દિલ હલમલી ગયું. એ પાછો ગયો ત્યારે કુરેશીએ જોયું કે એના ચહેરાનો રંગ ફીકો પડી ગયો છે. ઉતબાએ કહ્યું: "ભાઈઓ, મહમ્મદ તો ખુદાના કલામ વાંચે છે. એ તો નથી કવિ કે નથી જાદૂગર. મારી સલાહ તો એવી છે કે એને પોતાને રસ્તે ચાલવા દો. જો તે એમાં સફળ થઈને અરબ પર જીત મેળવી લેશે તો તેમાં પણ આપણી જ આબરૂ વધશે. અને નહીં તો અરબના લોકો જ એને ખતમ કરી દેશે." પણ કુરેશના લોકોએ એની વાત ન માની અને પોતાની જિદ્દ જ પકડી રાખી.



હવે મહમ્મદનું કામ એ રહ્યું કે એક એક માણસ પાસે જવું અને એને સમજાવવું. કોઈ એમની વાત માની લેતા, કોઈ ચૂપ જ રહેતા અને કોઈ એમને ધૂતકારી કાઢતા. આ હાલતમાં જે લોકોએ એમની પર વિશ્વાસ રાખ્યો અને મુસલમાન થયા તેઓ ઘણા જ પ્રસંશાપાત્ર છે. તેઓમાંના કેટલાકના મુસલમાન બનવાના કિસ્સા ઘણા દિલચસ્પ છે.

હઝરત હમઝા તેઓના કાકા હતા. ઉમરે થોડા જ મોટા હતા. એક રીતે તેમની માશીના દીકરા થતા હતા અને દૂધશરીક ભાઈ પણ હતા; આથી તેઓ એમની પર બહુ જ પ્યાર રાખતા હતા. તેઓ ખૂબ જ પહેલવાન હતા અને ઘણો વખત સેરશિકાર પાછળ જ ગાળતા હતા. અબુ જહલની વાતની તો ખબર છે કે તે રસૂલને કેવી રીતે સતાવતો હતો. એક દિવસની વાત છે. અબુ જહલે પોતાની ટેવ પ્રમાણે રસૂલને ઘણું ય ભલુંબૂરું કહ્યું. એક દાસીએ આ બધું સાંભળ્યું. સાંજે હમઝા જ્યારે શિકારેથી પાછા આવ્યા ત્યારે એ દાસીએ જે કાંઈ જોયું હતું અને સાંભળ્યું હતું તે બધું કહી સંભળાવ્યું. આ સાંભળીને હમઝા ગુસ્સાથી લાલચોળ થઈ ગયા અને તે જ વખતે કાબામાં પહોંચી ગયા. ત્યાં કુરેશના મોટા મોટા લોકો ભેગા થઈને બેઠા હતા. તેઓ ત્યાં પહોંચ્યા અને અબુ જહલના માથા પર ઘા કર્યો અને કહ્યું: "લે હું મુસલમાન થઈ ગયો છું. હવે તારે ફાવે તે મને કર." આટલું કહીને તેઓ ઘેર ચાલ્યા ગયા. આથી ઇસ્લામના મંડળમાં કુરેશનો એક મોટો પહેલવાન દાખલ થયો.

ખત્તાબનો પુત્ર ઉમર કુરેશ ખાનદાનનો એક નવજવાન હતો. એનો મિજાજ જરા તેજ હતો. જે વાત લેતો તે પૂરી જ કરતો. એ પણ એક વખત ઇસ્લામનો દુશ્મન હતો. તે મુસલમાનની છેડતી કરતો હતો અને એમને સતાવતો હતો. ખુદાને કરવું ને એક દિવસ એવું બન્યું કે તેઓ કોઈ બુતખાનામાં—મંદિરમાં પડયા રહ્યા હતા. મંદિરની અંદરથી એમણે "અલ્લાહ એક જ છે" એવો અવાજ સાંભળ્યો. તેઓ ગભરાઈને ઊઠી ગયા અને ત્યારથી તેઓ કયારે કયારે આ વાત પર

**હઝરત ઉમર મુસલમાન થયા**

વિચાર કરવા લાગ્યા. રાત્રે હઝરત જ્યારે કુરાન પઢતા ત્યારે તેઓ છુપાઈને તે સાંભળવા જતા. એક રાતે રસૂલ નમાઝ પઢતી વખતે કુરાનનો એક અધ્યાય–સુરા વાંચતા હતા. ઉમર એક એક શ્લોક–આયત સાંભળતા હતા અને એની અસર એમના પર થતી જતી હતી; પણ તેઓ દઢનિશ્ચયી અને મનના મજબૂત હતા એટલે આ અસરને દફનાવતા ગયા. આ અસરને મગજમાંથી કાઢી નાખવાની કોશિશ તેઓ કરતા રહ્યા.

એ પહેલાં ઉમરની બહેન ફાતિમા અને બનેવી સઈદ બિન ઝૈદ મુસલમાન થઈ ગયાં હતાં. ઉમરને ખબર પડી એટલે બન્નેને દોરડાથી બાંધી દીધાં. એક વખત ઉમરના મનમાં એવું થયું કે જઈને મહમ્મદ રસૂલુલ્લાહ સલ્લઅમનું માથું જ કાપી લઉં, કે જેથી રોજનો ઝઘડો પતી જાય. આવો વિચાર કરી તેઓ તલવાર લઈ ઘેરથી નીકળ્યા. રસ્તામાં એમને એક મુસલમાનનો ભેટો થઈ ગયો. એણે પૂછ્યું: "ઉમર, ક્યાં જવાનો ઇરાદો છે?" ઉમરે કહ્યું: "આજ તો મહમ્મદનું કામ ખતમ કરી નાખવાનો છું." મુસલમાને કહ્યું: "પહેલા તારાં બહેન બનેવીની તો ખબર લે." ઉમરથી આ ટાણું સહન ન થયું. તરત જ પોતાની બહેનના ઘરનો રસ્તો લીધો. ત્યાં પહોંચ્યા ત્યારે એમની બહેન અને બનેવી કુરાન વાંચતાં હતાં. કુરાન સાંભળીને એમના ગુસ્સાનો પાર ન રહ્યો અને એમને ખૂબ જ માર માર્યો, પણ જોયું તો તૌહીદ–ખુદા એક જ છે–એ વાત એમણે છોડી નહીં. આની એના મન પર ખૂબ અસર પડી અને કહ્યું કે ઠીક હમણાં તમે જે સુરા–કુરાનનો એક ભાગ–વાંચતાં હતાં તે મને બતાવો. તેઓ-એ પોતે જે પાનાં વાંચતાં હતાં તે ઉમરના હાથમાં મૂકી દીધાં. ઉમર જેમ જેમ એ વાંચતાં ગયા તેમ તેમ એમનું દિલ કાંપવા લાગ્યું. છેવટે તેઓ બોલી ઊઠ્યા: "અલ્લાહ એક જ છે. અલ્લાહની સાથે કોઈ શરીક નથી. મહમ્મદ અલ્લાહે મોકલેલા રસૂલ છે."

આ વખતે રસૂલ અરકમના ઘરમાં રહેતા હતા. હઝરત ઉમર સીધા ત્યાં ગયા. દરવાજા બંધ હતા. તેમણે બૂમ મારી. ત્યાં જે મુસલમાનો હતા તેઓ હાથમાં તલવાર પકડેલા હઝરત ઉમરને જોઈને ડરી ગયા.



હઝરત હમઝાએ કહ્યું: "એને આવવા દો. જો તે સાફ દિલે આવ્યા હોય તો તો સારું જ છે, નહીં તો એની જ તલવારથી એનું માથું કાપી નાખવામાં આવશે." દરવાજો ખૂલ્યો અને હઝરત ઉમર અંદર દાખલ થયા, કે રસૂલ જાતે આગળ આવ્યા અને એનું કાંડું પકડીને પૂછ્યું: "કેમ, ઉમર, શા વિચારે આવ્યા છો?" ઉમરે કહ્યું: "તમારા ધર્મમાં ભળવા માટે." આ સાંભળીને મુસલમાનોએ જોરથી અલ્લાહો અકબર પોકારીને મક્કાના પહાડો ગજાવી મૂક્યા.

મક્કાના લોકોએ જ્યાર હઝરત ઉમરનું મુસલમાન થયાનું સાંભળ્યું ત્યારે તેઓ બધાએ હઝરત ઉમરના ઘર પર ઘેરો ઘાલ્યો, પણ આસ બિન વાએલના સમજાવવાથી પાછા ચાલ્યા ગયા. હઝરત ઉમર મુસલમાન થયા એટલે મુસલમાનોની હિમ્મત ખૂબ વધી ગઈ. આજ લગી મુસલમાનો ગેરમુસ્લિમોના ડરથી કાબામાં નમાઝ પઢવા નહોતા જતા, પણ હઝરત ઉમર મુસલમાન થયા એટલે બધાને સાથે લઈને નીકળ્યા અને બધા સાથે લડીને કાબાના આંગણામાં નમાઝ પડી.

**અબુઝર ગિફારી મુસલમાન થયા**

રસૂલના મુસલમાન સાથીઓને "સહાબા" કહેવામાં આવે છે. ઇસ્લામ જેમ જેમ ફેલાતો જતો હતો તેમ તેમ મુસલમાનોની સંખ્યા રોજબરોજ વધતી જતી હતી. એટલે સુધી કે તે મક્કાની બહાર પણ પહોંચી ગઈ. મક્કાથી થોડે દૂર ગિફારનું કુટુમ્બ રહેતું હતું. એમાં અબુઝર અને અનીસ એ ભાઈઓ હતા. અબુઝરને જ્યારે ખબર પડી કે મક્કામાં એક રસૂલ પેદા થયા છે અને એ એવો દાવો કરે છે કે એની પાસે આસ્માનમાંથી ખુદાનો પયગામ આવે છે, ત્યારે એમણે પોતાના ભાઈ અનીસને કહ્યું કે તું રસૂલ પાસે જા અને એનો બધો હાલ પૂછી લાવ, અને એની બધી વાતો સાંભળી લાવ. અનીસ મક્કા આવ્યા અને પાછા જઈને પોતાના ભાઈને કહ્યું કે, તેઓ નેકીની સારી સારી વાતો લોકોને સમજાવે છે, ખુદાના કલામ લોકો આગળ રજૂ કરે છે, તે કાંઈ કવિ નથી. આ સાંભળીને અબુઝરનો શોખ વધુ વધ્યો અને તેઓ

પોતે મક્કા જવા ઊપડ્યા, અને ખુદાના રસૂલની શોધ કરવા માટે કાબામાં દાખલ થયા. કોઈનેય પૂછવું તો મુશ્કેલ હતું. રાત પડી હતી એટલે તેઓ ત્યાં જ સૂઈ ગયા. હઝરત અલી ત્યાંથી પસાર થયા. તેમણે જોયું કે આ કોઈ પરદેશી છે તેથી એમને પોતાને ઘેર લઈ ગયા. રસ્તામાં તેઓએ એકબીજા સાથે કંઈ વાતચીત ન કરી. તેઓ રાત એમને ઘેર રહ્યા અને સવાર પડયું કે પાછા કાબામાં જઈ પહોંચ્યા. આખો દિવસ ત્યાં ગાળ્યો અને ફરી પાછા રાત પડી કે ત્યાં જ સૂઈ ગયા. હઝરત અલી તે દિવસે પણ ત્યાંથી નીકળ્યા. એમણે જોયું કે એ જ પરદેશી છે, તેથી ફરી એને પોતાની સાથે લઈ લીધા. બીજે દિવસે સવારમાં ફરી પાછા કાબામાં આવ્યા. દિવસ પૂરો થયો ને રાત પડી. તે દિવસે એમણે ત્યાં જ પડી રહેવાનો વિચાર કર્યો, પણ તે દિવસે વળી પાછા હઝરત અલી ત્યાંથી પસાર થયા અને એમને પોતાને ઘેર લઈ ગયા. રસ્તામાં હઝરત અલીએ પૂછ્યું કે "તમે ક્યાંથી આવો છો?" અબુઝરે બધો અહેવાલ કહી સંભળાવ્યો હઝરત અલીએ કહ્યું: "ખરે જ તેઓ ખુદાના રસૂલ છે. સવારે તમે મારી સાથે આવજો." સવાર પડયું ત્યારે તેઓ અબુઝરને લઈને રસૂલની પાસે ગયા. ત્યાં જઈને એમણે રસૂલની વાતો સાંભળી. દિલમાં જે વાત હતી તે જબાન પર આવી ગઈ અને પછી તેઓ મુસલમાન બની ગયા. હઝરતે કહ્યું કે "હવે તમે તમારે ઘેર ચાલ્યા જાઓ." તેઓએ કહ્યું કે "હું ઘેર જવાનો નથી; ખુદાની કસમ ખાઈને કહું છું કે હું આ કલમો ગેરમુસ્લિમોની સામે જઈને પુકારીશ." અને આટલું કહીને તેમણે ખૂબ જોરથી પુકારવા માંડયું કે "હું વિશ્વાસપૂર્વક કહું છું કે એક અલ્લાહ સિવાય કોઈ બન્દગીને યોગ્ય નથી અને આ મહમ્મદ અલ્લાહના રસૂલ છે." ગેરમુસ્લિમોએ જ્યારે આ સાંભળ્યું ત્યારે તેઓ બધી તરફથી એમના પર તૂટી પડયા અને બધાએ મળીને એમને ખૂબ જ માર માર્યો. હઝરત મહમ્મદના કાકા અબ્બાસ દોડતા આવી પહોંચ્યા અને એમને બચાવ્યા, અને કુરેશોને કહ્યું કે "તમને ખબર નથી કે આ ગિફારના કુટુમ્બનો માણસ છે. અને તમારા વેપારનો રસ્તો એ તરફથી જ જાય છે." બીજે દિવસે તેઓ ફરી



કાબામાં આવ્યા અને ગઈ કાલની જેમ જ જોરજોરથી ઈસ્લામનો કલમો બોલવા લાગ્યા. મક્કાના લોકો ફરી દોડી આવ્યા અને એમને મારવા લાગ્યા, અને ફરી અબ્બાસે આવીને એમને બચાવ્યા. આ મુસલમાન થયેલાઓનો ઇસ્લામધર્મનો નશો ઉતાર્યો ઊતરે એમ ન હતો.

કુરેશોએ જોયું કે મુસલમાનોની સંખ્યા રોજબરોજ વધતી જાય છે અને આ પૂર રોક્યું રોકી શકાય એમ નથી; એટલે હવે તેઓએ જુલમ કરવાનો નિશ્ચય કર્યો. જે ગરીબ મુસલમાન પર મક્કાના લોકોનું ચાલે એમ હતું એમને જુદી જુદી રીતે સતાવવાનું શરૂ કર્યું. બપોરને વખતે અરબની રેતાળ અને પથરાળ જમીન બેહદ તપી જાય છે. તે વખતે તેઓ બેચાર મુસલમાનોને પકડીને ખરા તાપમાં આ ગરમ જમીન પર સુવાડી દેતા હતા, એમની છાતી પર ભારે પથ્થર મૂકતા હતા, શરીર પર ગરમ રેતી પાથરી દેતા હતા અને લોઢું ગરમ કરીને ડામ દેતા હતા. આવી સજા બિલાલ અને સહીબ નામના બે મુસલમાન ગુલામોને કરવામાં આવી હતી.

**ગરીબ મુસલમાનોની સતામણી**

આટલેથી યે સંતોષ ન થતો હોય એમ હઝરત બિલાલના ગળામાં દોરી બાંધતા અને એને છોકરાઓને હવાલે કરી દેતા. છોકરાઓ એમને ગલીઓમાં ઘસડતા ફરતા, પણ આ હાલતમાં ય એમની જબાન પર તો 'અહદ અહદ' એટલે કે ખુદા એક જ છે, ખુદા એક જ છે, એ જ રટણ ચાલતું.

સહીબ પણ ગુલામ હતા. એમને પકડીને ગેરમુસ્લિમો એટલો માર મારતા કે એમના હોશ ઊડી જતા.

ખબ્બાબ બિન અરત પણ એક જૂના મુસલમાન હતા. એમને પણ જાતજાતની તકલીફો વેઠવી પડી હતી. તે એટલે સુધી કે એક દિવસ તો એમને ગરમગરમ કોલસા પર ચત્તા સુવાડી દીધા અને કોલસા ઠંડા પડયા ત્યાંસુધી એમને એમ જ રહેવા દીધા.

યાસર, એનો પુત્ર અમ્માર અને પત્ની સુમય્યા એ ત્રણે મક્કાનાં

ગરીબો હતાં, અને તેઓ બહુ પહેલાંનાં મુસલમાન બન્યાં હતાં. યાસર તો ગેરમુસ્લિમોના હાથનો માર ખાઇ ખાઇને મરી જ ગયો. સુમય્યાને અબુ-જહલે એવી બરછી મારી કે જેથી એ બિચારી પણ ખુદાને ઘેર પહોંચી ગઇ, અને અમ્મારને તપેલી જમીન પર સુવાડીને એટલો મારતા કે જેથી તે બેહોશ બની જતો.

ગુનયરા એક મુસલમાન દાસી હતી. અબુ જહલે એને એટલું માર્યું કે એની આંખો જતી રહી. બીજા મુસલમાન નવજવાન ગુલામો અને ગુલામ સ્ત્રીઓને પણ આવી જ સજાઓ કરવામાં આવતી હતી. હઝરત-અબુ બક્રે હઝરત બિલાલ, આમિર, લબ્નિયા, ઝુનૈર નહદીયા અને અમ્મે ઉબેય્સ વગેરે મુસલમાન ગુલામો અને દાસીઓને જુલ્મી અને બેરહમ માલિકો પાસેથી ખરીદી લીધાં અને એમને આઝાદ કરી દીધાં.

આ તો ગરીબ મુસલમાનોની હાલત હતી, પણ જેઓ આબરૂદાર અને પૈસાદાર હતાં તેઓ પણ પોતાના વડીલ સગાઓના પંજામાં સપ-ડાયેલાં હતાં. હઝરત ઉસમાન જ્યારે મુસલમાન થયા ત્યારે એમના કાકાએ એમને રસ્સીથી બાંધીને માર્યા હતા. સઈદ બિન ઝૈદ અને એમની બીબી ફાતિમા જે હઝરત ઉમરની બહેન હતી તેઓને પણ દોરડાથી બાંધી લીધાં હતાં. હઝરત ઝુબેર જ્યારે મુસલમાન થયા ત્યારે એમના કાકાએ એમને ચટાઇમાં લપેટી દીધા અને એમના નાક આગળ ધુમાડો કર્યો. અબ્દુલ્લા બિન મસઉદ મુસલમાન થયા અને કાબામાં જઇને કુરાનની સુરએ રહમાન વાંચવી શરૂ કરી ત્યારે મક્કાના લોકો ત્યાં જઇ પહોંચ્યા અને એમની પર તૂટી પડયા અને બહુ સખત માર માર્યો.

મુસલમાનો આવી રીતે મુશ્કેલીઓ ભોગવ્યા કરતા હતા અને તેઓ ક્યારેક હઝરત મુહમ્મદ સલઅમને મક્કાના લોકોની ફરિયાદ કરતા, અને કહેતા કે "યા રસૂલુલ્લાહ! દુઆ કરો કે મુસલમાનોને શાન્તિ મળે." રસૂલ એમને દિલાસો અને હિંમત આપતા અને આગળ થઈ ગયેલા પયગમ્બરોની હાલત કહી સંભળાવતા. એ લોકોએ સચ્ચાઇને રસ્તે ચાલતાં જે મુશ્કેલીઓ ઉઠાવી હતી એનું બયાન કરતા, અને કહેતા કે



સચ્ચાઈનો સૂરજ વધારે વખત સુધી વાદળમાં છૂપો રહી શકતો નથી અને એક જમાનો એવો આવશે કે જ્યારે ખુદા તમને ફતેહ આપશે. પહેલાંના પયગમ્બરોને તો આરીથી ચીરી નાખ્યા છે અને લોઢાની કાંસકીથી એમની ચામડી ઉતરડી નાખી છે, પણ એ લોકોએ સાચને છોડયું ન હતું."

**હબ્શની હિજરત**

એક સ્થળ છોડી દઈ બીજે સ્થળે ચાલ્યા જવું એને "હિજરત" કહે છે. તમે વાંચી ગયા છો કે અરબનો દેશ સમુદ્ર–કિનારે છે. અને હિજાજ જે સમુદ્રકિનારે છે તેને બહરે અહમર યાતો રાતો સમુદ્ર કહે છે. રાતા સમુદ્રને પેલે કિનારે આફ્રિકામાં હબ્શ (એબિસિનિયા) નો મુલક છે. ત્યાંનો ઈસાઈ બાદશાહ બહુ જ નેક હતો. મુસલમાનોની તકલીફ જ્યારે બહુ જ વધી પડી ત્યારે નબુવ્વત—(નબી થવાનો જમાનો) ની પાંચમી સાલમાં હઝરત રસૂલે ખુદા સલઅમની ઇજાઝતથી અગિયાર પુરુષો અને ચાર સ્ત્રીઓને હોડીમાં બેસાડયાં, જે હબ્શ–એબિસિનિયા ચાલ્યાં ગયાં.

હબ્શના બાદશાહને નજ્જાશી કહેવાય છે. નજ્જાશીએ આ મુસલ-માનોને પોતાને ત્યાં ખૂબ આગતાસ્વાગતા કરીને રાખ્યા. કુરેશોને જ્યારે આની ખબર પડી ત્યારે એમણે નજ્જાશીની પાસે પોતાના બે એલચીઓ મોકલ્યા અને એમની સાથે કહેવડાવ્યું કે, આ લોકો અમારા ગુનેગાર છે, એમને અમારે હવાલે કરી દો. બાદશાહે મુસલમાનોને બોલાવીને બધી વાત પૂછી. હઝરત અલીના ભાઈ હઝરત જાફરે મુસલમાનોની તરફથી કહ્યું કે, "અય, બાદશાહ, અમે અજ્ઞાન હતાં, બુતપરસ્તી કરતાં હતાં, મુડદાલ માટી ખાતાં હતાં, ખરાબ કામો કરતાં હતાં, પાડોસીઓને સતાવ-તાં હતાં, ભાઈ ભાઈ પર જુલમ કરતાં હતાં, જોરાવર કમજોરોને ખાઈ જતાં હતાં. આ હાલતમાં અમારે ત્યાં એક માણસ પેદા થયા, જેમની બુઝર્ગી, સચ્ચાઈ અને ઈમાનદારીથી અમે વાકેફ હતાં. એણે અમને સાચો ધર્મ શીખવ્યો અને કહ્યું કે તમે બુતપરસ્તી છોડી દો, સાચું બોલો, જુલમ બંધ કરો, અનાથોનો માલ લૂંટી ન લો, પાડોસીઓને આરામ આપો, પવિત્ર સ્ત્રીઓ પર બદનામીનો ડાઘ ન લગાવો. નમાઝ પઢો, રોજા રાખો,

દાન કરો. અમે આ શખ્સને ખુદાનો પયગમ્બર માન્યો અને એની વાતોનો અમલ કરવા માંડ્યો. આને ગુનો ગણીને અમારી કોમ અમારી દુશ્મન થઈ ગઈ, અને અમારી પર દબાણ કરવા લાગી કે તમે આ બધું છોડી દો અને પહેલાંની જેમ ખોટે રસ્તે જ ચાલો.”

નજ્જાશીએ કહ્યું કે તમારા પયગમ્બર પર જે કલામ ઊતર્યાં છે—જે વાણી એમણે સાંભળી છે તેમાંથી તમે થોડું વાંચો. જાફરે સુરએ મરિયમ-માંથી થોડી આયતો (શ્લોકો) વાંચી. નજ્જાશી પર આની ખૂબ જ અસર થઈ. એમની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં અને એમણે કહ્યું કે “ખુદાની કસમ, આ કલામ અને ઇન્જિલ બન્ને એક જ દીવાની જ્યોત છે.” આટલું કહીને એમણે કુરેશના એલચીઓને કહ્યું કે તમે પાછા જાઓ. હું આ મઝલૂમો, જેમની પર જુલમ કરવામાં આવ્યો છે તે પીડિતોને છોડવાનો નથી.

મુસલમાનોએ નજ્જાશીની આ મહેરબાનીભરી વર્તણૂક જોઈને બીજા પણ ઘણા મુસલમાનોને છૂપી છૂપી રીતે હબ્શ રવાના કરી દીધા. તે એટલે સુધી કે ત્યાં તેઓની સંખ્યા લગભગ ૮૩ જેટલી થઈ ગઈ.

**અબુ તાલિબની ગુફા-માં નઝરબંદી**

પયગમ્બરી પછી સાતમે વરસે કુરેશોએ જોયું કે આ યોજના પણ સફળ ન થઈ ત્યારે કુરેશનાં બધાં કુટુમ્બોએ મળીને એવી મસલત કરી કે ‘કોઈ પણ માણસે ખુદાના પયગમ્બરના કુટુમ્બ જેનું નામ બનુહાશિમ હતું તેની સાથે જરાય સંબંધ રાખવો નહીં. ન કોઈએ એમની સાથે શાદી વિવાહ કરવા કે ન એમનું કંઈ ખરીદવું કે વેચવું. અને ન તો એમને કાંઈ ખાવાપીવાનું આપવું. પણ જો એ મહમ્મદને આપણે હવાલે કરી દે તો પછી કાંઈ વાંધો નહીં.’ આ ઠરાવ લખીને કાબાના દરવાજા પર ચોટાડવામાં આવ્યો. અબુ તાલિબ કુટુમ્બનાં બધાં માણસોને લઈને એક ગુફા જેનું નામ શઆબે અબી તાલિબ હતું, ત્યાં ચાલ્યા ગયા. અહીં બીજા મુસલમાનો પણ રક્ષણ મેળવવા આવવા લાગ્યા અને બહુ જ મુશ્કેલીમાં ત્યાં રહેવા લાગ્યા. તેઓ પાંદડાં ખાઈને દિવસ પસાર કરતા.



ક્યાંકથી સૂકું ચામડું મળે તો એને બાફીને ખાતા. નાનાં છોકરાંઓ ભૂખે ટળવળતાં. બિલાલ હઝરતને માટે ક્યાંકથી છૂપી રીતે કાંઈ ખાવાનું લઈ આવતા હતા. મક્કાના લોકો મુસલમાનોની આ હાલત જોઈને બહુ ખુશ થતા હતા. ત્રણ વરસ આવી રીતે વીતી ગયાં. આખરે આ જુલમગારો-માંથી જ કોઈને દયા આવી: એમણે જ આ જુલ્મ ભરેલો ઠરાવ રદ કર્યો.

હિ. સ. ૧૦ માં મુસલમાનો આ ગુફામાંથી નીકળીને પોતાને ઘેર પાછા આવ્યા. થોડા જ દિવસમાં રસૂલના પ્યારા કાકા અબુતાલિબનું મૃત્યુ

**અબુતાલિબ અને ખદીજાનું અવસાન**

થયું. હજી તો આ દુઃખ પડ્યે થોડા જ દિવસ વીત્યા હતા એટલામાં હઝરતનાં સુખદુઃખનાં સાથી હઝરત ખદીજાનું મૃત્યુ થયું. આ પ્રસંગ તેઓ માટે બહુ જ દુઃખદ હતો. આ બે જ તેમનાં ખરાં સાથી અને દુઃખમાં મદદ કરનાર હતાં. એ બન્ને એક જ વર્ષમાં ચાલી નીકળ્યાં.

અબુ તાલિબના રૂઆબ દાબથી અને હઝરત ખદીજાની આમન્યા રાખવા ખાતર ખુદ રસૂલુલ્લાહ સલઅમ પર હાથ ઉઠાવવાની કુરેશના લોકોની હિમ્મત ચાલતી ન હતી. એ બેના જવાથી એમનો રસ્તો સાફ થઈ ગયો. હવે તેઓ ખુદ રસૂલની સાથે પણ બેઅદબી કરવા લાગ્યા. એક દિવસ તેઓ રસ્તા પરથી જતા હતા તેવામાં કોઈ જુલમગારે તેઓના માથા પર ખાક-ધૂળ નાખી. તેઓ એવી જ રીતે ઘેર આવ્યા. તેઓની બેટી પાણી લાવી અને એમનું માથું ધોવા લાગી. પિતાની આ હાલત જોઈને એને રડવું આવી ગયું. હઝરતે કહ્યું: “પ્યારી બેટી, રો નહીં. ખુદા તારા પિતાને એમ ને એમ નહીં છોડે.”

એક વખત તેઓ કાબાના ચોકમાં નમાજ પઢતા હતા. કુરેશના સરદારો જલસો જમાવીને બેઠા હતા. રસૂલને નમાજ પઢતા જોઈને એક જણે કહ્યું કે ઊંટની હોજરી લાવીને આનો ગરદન પર મૂકી હોય તો કેવું! એક તોફાનીએ ખરેખર જ એવું કર્યું. હોજરીના ભારથી, તેઓની પીઠ દબાઈ ગઈ. કોઈએ જઈને હઝરતની બેટી હઝરત ફાતિમાને આ વાત કરી. એ આવ્યાં અને બહુ જ મુશ્કેલીથી એ બધી ગંદકી દૂર કરી.

એક વખત એક બદમાશે તેઓના ગળામાં ચાદરનો ફાંસો નાખ્યો અને ગળું દબાવી દેવા જતો હતો એટલામાં હઝરત અબુ બક્ર દોડતા આવી પહોંચ્યા અને એમને બચાવી લીધા, અને પેલા માણસને કહ્યું કે એ કહે છે કે મારો પરવરદિગાર અલ્લાહ છે, એટલા માટે જ શું એ માણસની જાન લેવા તું ઇચ્છે છે?

**તાઇફની સફર**

મક્કાથી ૪૦ માઇલ દૂર તાઇફ નામનું એક હરિયાળું અને આબાદ શહેર હતું. હઝરતે મક્કાના લોકોની હાલત જોઈને એવો વિચાર કર્યો કે બધાં ય તાઇફ જઈએ અને ત્યાંના લોકોને ઇસ્લામનો પયગામ સંભળાવીએ. તેઓ ઝૈદ બિન હારસાને લઇને તાઇફ ગયા અને ત્યાંના લોકોને સાચો ધર્મ કહી સંભળાવ્યો. પણ દિલગીરીની વાત છે કે એમનામાંથી એકે પણ એ કબૂલ કર્યો નહીં, પણ ઊલટાનું બજારના બદમાસોને ઉશ્કેર્યા, અને જ્યારે તેઓ જવા લાગ્યા ત્યારે એઓ રસ્તાની બન્ને બાજૂ ગોઠવાઈ ગયા અને રસૂલના પગ પર પથ્થર ફેંકવા લાગ્યા. તેઓ દરદને લીધે ક્યાંક બેસી પડતા તો બદમાશો એમને પકડીને ઊભા કરી દેતા અને ફરી પથ્થર મારતા તથા ગાળો દેતા. આખરે તેઓ એક બાગમાં જતા રહ્યા. એ કેટલો લાચારીનો વખત હતો! એ વખતે ખુદાનો એક ફરિશ્તો એમની પાસે આવ્યો અને એણે ખુદાનો આ પયગામ સંભળાવ્યો કે "યા રસૂલુલ્લાહ, જો આપ કહેતા હો તો આ તાઇફવાળાને પેલા પહાડની નીચે દબાવીને મારી નાખીએ."

તેઓએ કહ્યું કે "યા ખુદા, એવું ન કરીશ, કેમકે કદાચ એમના કબીલામાંથી પણ કોઈ તને પૂજવાવાળો પેદા થશે." તાઇફની સફર સફળ ન થઈ તોપણ એમનો નિશ્ચય જરા ય ઢીલો પડ્યો નહીં. આ પછી તેમણે નિશ્ચય કર્યો કે એક એક કુટુમ્બમાં જઈને ખુદાનો પયગામ સુણાવવો. આને માટે મક્કામાં હજનો કુદરતી મોકો જ મળી આવ્યો. એ વખતમાં હજને માટે અરબના ખૂણેખૂણામાંથી લોકો આવતા અને થોડા દિવસ ત્યાં રહેતા. મક્કાની આસપાસ મેળા ભરાતા અને એમાં પણ માણસો એકઠા થતા. હઝરત સલઅમે આ મેળામાં એક ટુકડીમાં ફરીફરીને ભાષણ



કરવાનું અને કુરાનની આયતો સંભળાવવાનું શરૂ કર્યું. આની અસર એ થઈ કે આખા દેશમાં ઇસ્લામની આ નવી ચર્ચાનો અવાજ ફેલાઈ ગયો.

આ કબીલાઓમાં યસરબ શહેરના રહેવાસી બે મશહૂર કબીલા હતા. એકનું નામ ઔસ અને બીજાનું નામ ખઝરજ હતું. તેઓ ઘણા વખતથી એ શહેરમાં રહેતા હતા અને ખેતીનો ધંધો કરતા હતા. એમની આસ-પાસ યહુદીઓની વસ્તી હતી. તેઓ ત્યાંના સોદાગર અને મહાજન હતા. તેઓ વ્યાજે પૈસા ધીરતા હતા અને પછી બહુ જ સખ્તાઇથી તે વસૂલ કરતા હતા. ત્યાંના કબીલાઓ અંદર અંદર લડતા તેથી અને દોલતમન્દ યહુદીઓ એક રીતે તો એમની પર હકૂમત જ ચલાવતા હતા તેથી અને યહુદીઓના દેવા નીચે દબાઈ જવાથી તેઓ બેહદ બરબાદ થઈ ગયા હતા.

યહુદીઓના આકાશી પુસ્તકમાં એક પયગમ્બરના આવવાની વાત લખી હતી અને યહુદીઓની મહેફીલોમાં ઘણીવાર આ વાત ચર્ચાતી હતી. આ વાત ઔસ અને ખઝરજના કબીલાને કાને પણ પડી. નબુવ્વત (પય-ગમ્બરી) ની દસમી સાલમાં રજબના મહિનામાં આ બન્ને કબીલાના કેટલાક લોકો મક્કા ગયા અને અકબા મુકામે રસૂલને મળ્યા. રસૂલે તેમને ખુદાનો કલામ કહી સંભળાવ્યો. આ સાંભળીને તેઓએ અંદર અંદર વિચાર કર્યો કે આ તો એ જ પયગમ્બર લાગે છે કે જેની યહુદીઓ વાત કરે છે. ક્યાંક એવું ન બને કે આપણી બાજી એ લોકો લઈ લે. આમ વિચારી તેઓ બધા જ એક સાથે મુસલમાન થઈ ગયા. તેઓ છ જણ હતા.

બીજે વર્ષે યસરબમાંથી બાર માણસો મક્કા જઈને મુસલમાન થયા અને એઓએ કહ્યું કે "અમારી સાથે કોઈ એવા માણસને મોકલો કે જે અમને ઇસ્લામની વાતો સમજાવે અને અમારા શહેરમાં આવીને ઉપદેશ આપે." રસૂલે આ કામને માટે મુસઅબ બિન અમીરને પસન્દ કર્યા. તેઓ અબ્દ મનાફના પૌત્ર અને જૂના મુસલમાન હતા. તેઓ આ લોકોની સાથે યસરબ ગયા અને ત્યાં લોકોને ઘેર ઘેર ફરીને ઇસ્લામનો પ્રચાર

કરવા માંડયો. આથી ઘણા લોકો મુસલમાન થયા. એક વરસમાં તો શહેરનાં લગભગ બધાં જ ઘરો મુસલમાન થઈ ગયાં.

બીજે વરસે જ્યારે હજનો વખત આવ્યો ત્યારે યસરબમાંથી બોતેર લોકો હઝરત સલઅમને મળવા આવ્યા અને છૂપી રીતે તેઓને હાથે મુસલમાન થયા. આ વખતે તેઓની સાથે એમના કાકા અબ્બાસ પણ હતા. જો કે તેઓ હજી સુધી મુસલમાન નહોતા થયા પણ તેઓ હઝરત પર બહુ જ પ્યાર રાખતા હતા. તેઓએ આ લોકોને ઉદ્દેશીને કહ્યું કે "મહમ્મદ સલઅમ પોતાના ખાનદાનની ઈજ્જત અને માન ખૂબ વધારે છે. દુશ્મનોની સાથે મુકાબલો કરવામાં આપણે હંમેશાં એમને સાથ આપ્યો છે. તેઓ હવે તમારી પાસે આવવા ઇચ્છે છે. તમે છેલ્લા દમ સુધી એમને સાથ આપી શકો તો તો સારું જ છે, નહીં તો અત્યારથી જવાબ આપી દો." યસરબના એક બુઝર્ગ સરદારે કહ્યું કે "અમે લોકો તલવારની ગોદમાં મોટા થયા છીએ." પછી એક બીજા સરદાર અબુલ હસીમે કહ્યું કે "યા રસૂલુલ્લાહ, અત્યારે અમારે તો યહુદીઓને સંબંધ છે. અમે મુસલમાન થયા એટલે હવે એ સંબંધ તૂટી જશે. પછી એવું ન બનવા પામે કે ઇસ્લામનું જોર અને સત્તા વધી જાય અને તમે અમને છોડી દઈને ચાલ્યા જાઓ." રસૂલે હસીને કહ્યું કે "તમારું ખૂન એ મારું ખૂન છે. તમે મારા છો અને હું તમારો છું."

**અકબાનું વચન**

આ પછી રસૂલે એમાંથી બાર નકીબ આગેવાન પસન્દ કર્યા. એમનાં નામ એ લોકોએ જ પસન્દ કરીને નક્કી કર્યાં હતાં. આ બારમાંથી નવ ખઝરજના અને ત્રણ ઔસના હતા.

## હિજરત

**મદીના અને અનસાર**

યસરબમાં મુસલમાનોને સલામત જગ્યા મળી ગઈ. હઝરત સલઅમે મક્કાના મુસલમાનોને પોતાનો દેશ છોડીને યસરબ જવાની પરવાનગી આપી. આથી મુસલમાનોએ ધીરે ધીરે યસરબમાં હિજરત કરવી શરૂ કરી અને છેવટે ખુદ હઝરત સલઅમે મક્કા છોડીને હિજરત કરવાનો વિચાર કર્યો. કુરેશના લોકોને પણ આની ખબર પડી ગઈ. એ લોકોએ બધાએ મળીને એવું નક્કી કર્યું કે આજરાત્રે જ કબીલાના એક એક માણસે મળીને મહમ્મદ સલઅમને ખતમ કરી દેવા. ખુદાએ રસૂલને આ વાતની જાણે ખબર આપી દીધી.

મક્કાવાળાઓ હઝરતના ધર્મની ખૂબ વિરુદ્ધ હતા, તોપણ તેઓને એમની નેકી અને ઇમાનદારી પર ખૂબ ભરોસો હતો. ઘણા લોકોની થાપણ એમની પાસે હતી. તેઓએ આ થાપણ હઝરત અલી મુરતઝાને સોંપી દીધી અને કહ્યું કે "આજ રાતે તમે મારા બિસ્તર પર સૂઈ જજો અને સવારે લોકોની આ થાપણ એમને સોંપીને તમે પણ ચાલી નીકળજો." હુકમ પ્રમાણે હઝરત અલી તેઓના બિસ્તર પર સૂઈ ગયા. કુરેશના લોકો સવાર સુધી ઘરને ઘેરો ઘાલીને પડ્યા રહ્યા. સવારે જોયું તો આભા જ બની ગયા કે મહમ્મદના બિસ્તર પર તો મહમ્મદને બદલે હઝરત અલી છે.

હઝરત સલઅમ અને અબુ બક્ર વચ્ચે પહેલેથી જ હિજરત બાબત વાત થઇ ચૂકી હતી, એટલે બન્ને પોતપોતાના ઘેરથી નીકળી મક્કાની પાસે જ એક સૌર નામના પહાડની ગુફામાં સંતાઇ ગયા. સવારે મક્કાવાળાઓએ એમની શોધ કરવા માંડી અને શોધતા શોધતા એ જ ગુફાના મોં આગળ આવી પહોંચ્યા. અબુ બક્ર ગભરાયા અને બોલ્યા: "યા રસૂલુલ્લાહ, દુશ્મનો આપણી પાસે આવી પહોંચ્યા છે. એ જો જરાક નીચે

જોશે તો આપણે દેખાઈ જઇશું." પણ હઝરતનો વિશ્વાસ તો અડગ હતો. એમણે કહ્યું: "ગભરાઓ નહીં; ખુદા આપણી સાથે છે."

હઝરત સલઅમ અને હઝરત અબુ બક્ર ત્રણ દિવસ સુધી આ ગુફામાં જ રહ્યા. હઝરત અબુ બક્રનો પુત્ર અબ્દુલ્લા રાત્રે આવીને મક્કાવાળાઓની ખબર અને એમની યોજનાઓ કહી જતો, અને એના પછી અબુ બક્રનો ગુલામ ચૂપકીથી બકરીઓ લઇને આવતો અને તેઓ બંનેને દૂધ પાઈ જતો.

ચોથે દિવસે હઝરત મહમ્મદ અને અબુ બક્ર ગુફામાંથી નીકળ્યા અને એ આખો દિવસ અને રાત બરાબર ચાલચાલ કર્યું. બીજે દિવસે બપોરે એક વાગ્યે એક ભેખડ નીચે છાંયામાં થાક ખાવા બેઠા. એક ગોવાળ બકરીઓ ચરાવતો હતો. અબુ બક્ર એની પાસેથી દૂધ લઇ આવ્યા અને હઝરતને પાયું, અને પાછા ઊપડયા. કુરેશના લોકોએ જાહેર ખબર કરી હતી કે જે મહમ્મદ સલઅમ અથવા તો અબુ બક્રને પકડી લાવશે એને સો ઊંટનું ઇનામ આપવામાં આવશે.

સુરાકા બિન જાશમ નામના મક્કાના એક ખૂબસુરત સિપાઇએ આ જાહેરખબર વાંચી અને ઇનામની લાલચે એ હથિયાર સજી ઘોડા પર બેસીને નીકળી પડચો, અને હઝરત ત્યાંથી નીકળવાની તૈયારી કરતા હતા તે જ વખતે ત્યાં પહોંચી ગયો. એણે તેઓને જોયા અને વિચાર્યું કે ઘોડો દોડાવીને એમની પાસે પહોંચી જાઉં, પણ એટલામાં ઘોડાને ઠોકર વાગી ને એ પડી ગયો. એણે ભાથામાંથી તીર કાઢ્યું અને અરબના નિયમ પ્રમાણે ભવિષ્ય જોયું. ઉત્તરમાં "નહીં" આવ્યું, પણ તેણે માન્યું નહીં અને ફરી ઘોડા પર ચડચો. આ વખતે ઘોડાના ઘૂંટણ સુધીના પગ જમીનમાં ખૂંચી ગયા. આથી તે ગભરાયો. એને લાગ્યું કે આ તો કંઇ જુદો જ મામલો છે. તેથી તે હઝરત પાસે ગયો અને બધી વાત કબૂલ કરી કહ્યું કે "અય ખુદાના રસૂલ, મને જીવતદાન આપો." હઝરતે એને જવા દીધો.

અરબીમાં શહેરને 'મદીના' કહે છે. હઝરત સલઅમ યસરબ પધાર્યા ત્યારથી યસરબનું નામ "મદીનતુન્નબી" એટલે કે 'નબીનું શહેર' પડયું.



**મદીના**

અને ત્યારથી એકલા મદીના નામથી એ શહેર પ્રસિદ્ધ થયું છે.

મદીનાના લોકોને હઝરત સલઅમના આવવાની ખબર મળી ચૂકી હતી અને બધા કાગને ડોળે એમની રાહ જોતા હતા. નાનાં નાનાં છોકરાંઓ પણ ગલીગૂંચીઓમાં ફરતાં ફરતાં કહેતાં હતાં કે "અમારા પયગમ્બર આવવાના છે." નાની નાની છોકરીઓ અગાસી પર ચડીને એમના આગમનનાં ગીત ગાતી હતી. નવજુવાનો હથિયાર સજીને શહેરની બહાર નીકળી પડચા હતા અને એમના આગમનની વાટ જોતા હતા. એક દિવસ એ બધા વાટ જોઇ જોઇને પાછા ફરતા હતા એટલામાં એક યહુદીએ થોડાક માણસોનો કાફલો આવતો જોઇને કહ્યું કે "અય લોકો, તમે જેમની રાહ જુઓ છો તે આવી પહોંચ્યા છે." આ સાંભળતાં જ આખા શહેરમાં "અલ્લાહ એક છે"નો અવાજ ગૂંજી ઊઠચો અને બધા મુસલમાનો શહેરની બહાર નીકળી પડચા. આ રબી ઉલ અવલ્લની આઠમી તારીખ અને નબુવ્વતની ૧૩મી સાલ હતી.

**પહેલી મસ્જિદ**

મદીનાથી ત્રણ માઇલ દૂર થોડી ઊંચાઇ પર એક ગામ વસેલું હતું એનું નામ આલિયા અન્ કુબા હતું. ત્યાં મુસલમાનોનાં કેટલાંક આબરૂદાર કુટુમ્બો રહેતાં હતાં. કુલસૂમ બિન હદમ એમના સરદાર હતા. હઝરત સલઅમ એમના મહેમાન થયા અને ૧૪ દિવસ એમને ઘેર રહ્યા. હઝરત અલી મુરતઝા પણ ત્યાં આવ્યા અને ત્યાં જ ઊતર્યા. ત્યાં રહ્યા તે દિવસોમાં હઝરતે ખુદ પોતાને હાથે એક નાની સરખી મસ્જિદનો પાયો નાખ્યો અને એ મસ્જિદનું નામ "કુબાની મસ્જિદ" પડયું.

**પહેલા જુમા**

ચૌદ દિવસ પછી તેઓ મદીના જવા ઊપડયા. આ દિવસે જુમા–શુક્રવાર હતો. રસ્તામાં બની સાલિમના મહોલ્લામાં પહોંચ્યા ત્યારે નમાજનો વખત થયો. હઝરત સલઅમની આગેવાની નીચેની આ જુમાની પહેલી નમાજ હતી. નમાજની પહેલાં ખુતબો ( ધર્મોપદેશ ) વાંચ્યો. આ ખુતબો એવો હતો કે જેણે એ સાંભળ્યો તે બધાં એના વહેણમાં તણાઈ ગયાં.

નમાજ પછી હઝરત અલઅમ આગળ વધ્યા. તેમના મોસાળના સગા બનુ નજ્જાર હથિયાર સજીને તેઓની કદમબોસી કરવા પગ ચૂમવા માટે આવ્યા. અહીંથી તે શહેર મદીના સુધી દરેક કબીલાના

**મદીનામાં આગમન**

બધા આબરૂદાર લોકો રસ્તાની બન્ને બાજૂએ ગોઠવાઈને ઊભા હતા. તેઓ જે કબીલા પાસેથી પસાર થતા તેઓ અરજ કરતા કે "અય ખુદાના રસૂલ, આ ઘર, આ માલ અને આ જાન તમારી આગળ હાજર છે." તેઓ આભાર માનતા અને દુઆ દેતા. શહેર પાસે આવ્યું ત્યારે મુસલમાનો ખૂબ જોશમાં આવી ગયા. સ્ત્રીઓ છતો પર ચડી ગઈ અને ગાવા લાગી કે,

"વેધની ખીણમાંથી ચૌદશનો ચાંદ આપણી સામે ઊગ્યો છે. જ્યાંસુધી પ્રાર્થના કરવાવાળા પ્રાર્થના કરે ત્યાંસુધી ખુદાની દુઆ માંગવી, આભાર માનવો એ આપણી ફરજ છે."

બનુ નજ્જારની બેટીઓ કે જેમના નસીબમાં હઝરતના મોસાળના સગા હોવાનું માન હતું તેઓ પણ ડફ (નાનાં ઢોલ) બજાવતી બજાવતી ગાવા લાગી કે,

"અમે નજ્જાર ખાનદાનની બેટીઓ છીએ અને હવે મહમ્મદ રસૂલ અમારી સાથે જ રહેશે."

જ્યાં મસ્જિદ બનાવવામાં આવી હતી ત્યાં અબુ ઐયુબ અનસારીનું ઘર હતું. તેઓ નજ્જાર ખાનદાનના જ હતા. મહમ્મદ રસૂલુલ્લાહ સાંઢણી પર સવાર હતા. અને બધા જ લોકો એમ ઇચ્છતા હતા કે તેઓ પોતાને ઘેર ઊતરે અને તેથી દરેક પોતાનું ઘર આવે ત્યારે સાંઢણીને ત્યાં ઊભી રાખવાનો પ્રયાસ કરતા હતા. આથી તેઓએ કહ્યું કે "તમે બધા એને છોડી દો, ખુદાનો હુકમ હશે ત્યાં જઈને એ ઊભી રહેશે." હઝરત અબુ ઐયુબના ઘર આગળ જઈને સાંઢણી બેસી ગઈ. હઝરત અબુ ઐયુબની ખુશીનું તો કહેવું જ શું? તેઓ તો ન્યાલ થઈ ગયા. હઝરતને પોતાને ત્યાં મહેમાન બનાવ્યા અને એમને દરેક રીતનો આરામ અને સગવડ કરી આપ્યાં. હઝરત સાત મહિના સુધી એમને ઘેર રહ્યા.



અનસાર અરબી શબ્દ છે. નાસિરનું બહુવચન છે. એનો અર્થ મદદગાર એવો થાય છે. મદીનાના રહેવાસી મુસલમાનોએ ઇસ્લામની અને મક્કાના હેરાન પરેશાન મુસલમાનોની ખૂબ જ સારી રીતે સેવા અને ખાતર બરદાસ્ત કરી. આની કદર રૂપે મહાન અલ્લાહે મદીનાના લોકોનું નામ 'અનસાર' એટલે કે 'મદદગાર' રાખ્યું. અને એ શબ્દ માનાર્થે વપરાવા લાગ્યો અને ત્યારથી મદીનાના લોકો 'અનસાર' અને જેઓ પોતાનું ઘર છોડીને મક્કાથી મદીના આવતા રહ્યા તેઓ 'મોહાજીર'–એટલે કે 'ઘર છોડી દેનાર' કહેવાયા.

અનસારોએ આ મોહાજીરોને પોતાના ઘરમાં ઉતારો આપ્યો અને પોતાની મિલકતમાંથી ભાગ આપ્યો, અને પોતાના કારોબારમાં એમને શામિલ કર્યા. તેર વર્ષ પછીનો આ પહેલો પ્રસંગ હતો કે જ્યારે મુસલમાનોએ શાન્તિ અને વિશ્વાસનો દમ લીધો.

મદીનામાં મુસલમાનોને ખુદાનું ઘર એટલે કે મસ્જિદ બનાવવી હતી. મહમ્મદ રસૂલુલ્લાહ રહેતા હતા તેની પાસે જ નજ્જાર ખાનદાનના

**મસ્જિદે નબવી**

બે અનાથ છોકરાની પડતર જમીન હતી. તેઓએ એને મસ્જિદ માટે પસન્દ કરી. એ બન્ને અનાથ બાળકોએ એ જમીન કીમત લીધા વગર ભેટ આપવાનો વિચાર કર્યો, પણ તેઓએ ના પાડી. આથી એક અનસારીએ એની કીમત આપી દીધી. જમીન સરખી કરીને મસ્જિદ બનાવવી શરૂ કરી. આ મસ્જિદ ચણનાર કડિયા અને મજૂર કોણ હતા એ જાણો છો? ખુદ રસૂલ અને એની પાછળ જાન ન્યોછાવર કરે એવા એમના સાથીઓ. આ બધાએ મળીને માટીની એક કાચી દીવાલ ઊભી કરી અને ઉપર ખજૂરીનાં પાંદડાં નાખીને છત બનાવી. આ જ પહેલી નબવી–નબીના વખતની–મસ્જિદ હતી.

મસ્જિદની પાસે એવી જ જાતનાં થોડાં ઝૂંપડાં બનાવ્યાં અને એમાં પોતે અને પોતાના ઘરનાં લોકો રહેવાં લાગ્યાં. તેઓની બેટી હઝરત ફાતિમા

ઝહરા અને તેઓની પત્ની હઝરત આઇશા અને હઝરત સૌદા મક્કાથી આવીને ત્યાં જ રહેવા લાગ્યાં.

**સુફ્ફાવાળા**

અરબીમાં ચબૂતરાને સુફ્ફા કહે છે. નબવી મસ્જિદના આંગણામાં એક ચબૂતરો બનાવવામાં આવ્યો હતો. આ મુસલમાનોનું આશ્રયસ્થાન હતું. જેઓ ઘરબાર વગરના હોય તેઓ અહીં રહેતા. તેઓ દિવસે જંગલમાંથી લાકડાં ફાડી લાવી, તેને વેચી ગુજરાન ચલાવતા અને રાતે એક શિક્ષકની પાસે લખતાં વાંચતાં ને ધર્મ વિશે કંઇક શીખતા. તેઓ લગભગ હઝરતની પાસે જ રહેતા અને તેઓના હુકમ સાંભળતા તથા તેની પર ગૌર-મનન કરતા. જ્યારે કોઈ ઉપદેશકની અથવા તો ઇસ્લામપ્રચારકની અને શીખવનારની જરૂર પડતી ત્યારે આ લોકોમાંથી મોકલવામાં આવતા.

**કિબ્લા**

મક્કામાં શાન્તિ ન હતી અને ખુલ્લી રીતે નમાજ પઢવાની પરવાનગી પણ ન હતી. આથી બબ્બે રકાત જ ફરજિયાત હતી. મદીના આવીને જ્યારે મુસલમાનોએ શાન્તિનો દમ લીધો અને ધર્મમાં આઝાદી મળી ત્યારે તેઓ ઝોહર, અસર અને ઇશાની[1] ચારે ચાર રકાતો[2] પૂરી કરાવા લાગ્યા. મગરીબની ત્રણ અને ફજરની બે કરતા, કેમકે સવારે લાંબી રકાતોને બદલે કુરાન વધારે પઢવું એવો હુકમ હતો.

એક સાથે નમાજ પઢવા માટે બધા મુસલમાનોને એકઠા કરવા કોઈ નિશાની મુકરર કરવી એ જરૂરી હતું. હિન્દુઓમાં આને માટે શંખ, ઈસાઈઓમાં ઘંટ અને યહુદીઓમાં "**કરના**"નો રિવાજ છે. ઇસ્લામમાં આવા અવાજને બદલે માણસના અવાજને પસન્દ કર્યો અને એવું નક્કી કર્યું કે એક માણસ ઊભો થઈને "અલ્લાહો અકબર, અલ્લાહો અકબર, અલ્લાહ

---

૧. નમાજનાં નામો : ફજર, ઝોહર, અસર, મગરીબ અને ઇશા એમ દિવસની પાંચ નમાજ હોય છે.

૨. નમાજ પઢતી વખતે એક વખત બેસીને ઊભા થવું તે.



સૌથી મોટો છે. અને હું સાક્ષી પૂરું છું કે અલ્લાહના સિવાય બીજો કોઈ ખુદા નથી અને મહમ્મદ ખુદાના રસૂલ છે" આમ પુકારે અને બધા મુસલમાનો આ અવાજ સાંભળીને જલદી જલદી મસ્જિદમાં આવી પહોંચે.

પહેલાં જુમાની નમાજ પણ મક્કામાં નહોતી થઈ શકતી, પણ મદીના આવ્યા પછી આ ફરજ અદા કરવાનો મોકો મળ્યો, કેમકે સૌથી પહેલા હઝરત મુસઅબ બિન સુમૈરે જેને હઝરતે પહેલાં મદીના મોકલ્યા હતા તેઓએ મદીના આવીને જુમાની નમાજ અદા કરી. પછી જ્યારે હઝરત કુબામાં થોડા દિવસ રહીને મદીના જવા ઊપડયા ત્યારે વચમાં જુમા આવ્યો. આ વખતે રસૂલે બધાને ઉપદેશ આપ્યો અને જુમાની નમાજ પઢાવી.

નમાજ પઢતી વખતે બધાએ એક જ દિશા તરફ મોં કરીને ઊભા રહેવું જોઈએ. આ દિશાને યા તો બાજૂને કિબ્લા કહે છે. યહુદીઓ "બયતુલ મુકદ્દસ" (જેરૂસાલેમ)ની તરફ મોં કરીને ઊભા રહે છે. અરબના લોકોનું કિબ્લા–નમાજ પઢવાની દિશા–કાબા તરફ છે. કાબા એ હઝરત ઇબ્રાહિમની બનાવેલી મસ્જિદ છે. હઝૂર જ્યાંસુધી મક્કામાં હતા ત્યાંસુધી તો કાબાની સામે એવી રીતે ઊભા રહેતા કે બયતુલ મુકદ્દસ સામે પણ મોં થાય. પણ મદીના આવ્યા ત્યારે પરિસ્થિતિ બદલાઈ. મદીનાની એક તરફ કાબા અને બીજી તરફ બયતુલ મુકદ્દસ. આથી આ બેમાંથી એકને જ કિબ્લા કરો શકાય એમ હતું. યહુદોને ખાતર હઝરતે દાઉદ અને સુલેમાનની મસ્જિદ બયતુલ મુકદ્દસની તરફ મોં રાખીને નમાજ પઢવાનું શરૂ કર્યું. પણ છ મહિના પછી ખુદાનો હુકમ આવ્યો કે હઝરત ઇબ્રાહિમની મસ્જિદ એટલે કે કાબા તરફ મોં રાખીને નમાજ પઢો, કેમકે એ જ ખુદાનું સૌથી પહેલું ઘર છે. અને તે દિવસથી કાબા એ મુસલમાનનું કિબ્લા થયું.

**ભાઈચારો**

આમ તો મક્કાના લગભગ દરેક ઘરાણામાંથી એકેક બબ્બે જણ તો મુસલમાન થયા જ હતા. એ લોકોને પોતાનાં ઘરબાર, માલ દૌલત બધું છોડીને વિદેશ જવું પડયું. એ લોકો મદીના આવ્યા ત્યારે ખૂબ જ હેરાન પરેશાન થઈ ગયેલા હતા. હઝરતે દરેક ઘર વગરના મુસલમાનને એક એક

અનસારીના ભાઈ બનાવી દીધા. અને પછી તો એ એવા ભાઈ બની ગયા કે સગા ભાઈ કરતાં પણ ચડી ગયા. દરેકે પોતાના ભાઈને પોતાના ઘર અથવા તો જમીનમાં જગ્યા આપી, પોતાની માલમિલકતમાંથી ભાગ આપ્યો, પોતાનાં ખેતર વહેંચી આપ્યાં અને પોતાના વેપાર કારોબારમાં ભાગીદાર બનાવ્યા.

**યહુદીઓનો કોલ-કરાર**

હઝરત મદીના આવ્યા તે પહેલાં મદીનાના બન્ને કબીલાઓ ઔસ અને ખઝરજ લડીલડીને થાકી ગયા હતા અને તેઓ ઇચ્છતા હતા કે અબ્દુલા બિન ઉબૈય બિન સલૂલને પોતાનો બાદશાહ બનાવે. મદીનામાં એક બીજું યહુદીઓનું મંડળ પણ આબાદીમાં હતું. તેઓ હિજાઝના સોદાગર અને મહાજન હતા અને મદીનાથી લઈને તે સિરિયાની સરહદ સુધી એમનો વેપાર કારોબાર ચાલતો હતો. તેઓ પૈસાના જોરે મદીનાના હાકેમ બની બેઠા હતા. તેઓ અંદર અંદર મસલત કરીને કયારેક ઔસને સાથ આપતા તો કયારેક ખઝરજને.

હઝરત સલઅમ જ્યારે મદીના આવ્યા ત્યારે શરૂશરૂમાં તો યહુદીઓએ એમ જ માન્યું કે આમનો ધર્મ આપણા ધર્મના જેવો જ છે; અને તેથી તેનો વિરોધ ન કર્યો. હઝરતે શહેરમાં અશાન્તિનું અને અવિશ્વાસનું વાતાવરણ જોઈને એવો વિચાર કર્યો કે યહુદીઓ અને મુસલમાનો વચ્ચે એક એવું સમાધાન થઈ જવું જોઈએ કે જેથી બન્ને પક્ષો આ શહેરમાં સુલેહ શાન્તિથી રહી શકે, દરેકના ધાર્મિક હક્કો પણ સુરક્ષિત રહે અને શહેરનો દરેક રહેવાસી ભલે પછી તે યહુદી હો કે મુસલમાન પણ બહારથી હુમલા આવે ત્યારે એક થઈ જાય. અને આથી તેઓએ યહુદીઓ સાથે વાતચીત કરીને આવી જાતનું કરારનામું લખાવી લીધું અને યહુદીઓએ પણ એને બરાબર પાળવાનું વચન આપ્યું. પણ થોડા જ દિવસમાં યહુદીઓએ જોયું કે ઈસ્લામની તાકાત તો દિવસે દિવસે વધતી જ જાય છે અને પોતાનું પહેલાંનું જોર તૂટતું જાય છે, આથી તેઓ અંદર અંદર બળવા લાગ્યા.



અબ્દુલ્લા બિન ઉબૈય એવું માનતા હતા કે જો મહમ્મદ સલઅમ મદીના ન આવ્યા હોત તો મદીનાની બાદશાહી પોતાને જ મળત. આથી તે અને તેના સાથીઓ મોં પર તો મુસલમાનોની વિરુદ્ધ નહોતા બોલતા, પણ અંદરથી તેઓ મુસલમાનોની વિરુદ્ધ અને યહુદીઓ સાથે ભળેલા જ હતા. આવાઓને મુનાફીક એટલે કે ઢોંગી કહે છે.

**મક્કાવાળાઓનાં છળકપટ**

જે મુસલમાનો મક્કા છોડીને મદીના આવતા રહ્યા હતા તેમનાં ઘર અને માલમિલકત મક્કાવાળાઓએ લઈ લીધાં હતાં અને સૌથી મોટી વાત તો એ હતી કે મક્કાવાળાને કાબામાં હજ કરવા જવાની પણ બંધી કરી દીધી હતી. કોઈ જતું તો તે છુપાઈને અને હથેળીમાં માથું રાખીને જ. અને ગરીબ મુસલમાનો, નાનાં છોકરાં અથવા તો સ્ત્રીઓ જેઓ મદીના નહોતાં જઈ શક્યાં તેમની પર પહેરો મૂકવામાં આવ્યો હતો કે જેથી તેઓ હવે જઈ ન શકે. પણ આટલાથી એમને સંતોષ ન થયો, કેમકે એમણે જોયું કે પોતાના ગુનેગાર એટલે કે મુસલમાનો એમની નજરમાંથી છટકી જઈ મદીનામાં બળવાન બની રહ્યા છે; આથી એમણે યહુદીઓ અને મદીનાના ઢોંગીઓની સાથે સંદેશા મોકલવા શરૂ કર્યા અને એમને કહેવડાવ્યું કે "તમે અમારા નાસી આવેલા ગુનેગારોને તમારા ઘરમાં રક્ષણ આપ્યું છે; પણ સારું તો એ જ છે કે તમે એમને ત્યાંથી કાઢી મૂકો. નહીંતર અમે તમારે ત્યાં આવીને હુમલો કરીશું."

મક્કામાં તો મુસલમાનોનો એક જ દુશ્મન હતો એટલે કે મક્કાના કુરેશીઓ પણ મદીના આવીને તો એમના ત્રણ દુશ્મન થઈ ગયાઃ મક્કાના કુરેશીઓ મદીનાના મુનાફીકો–ઢોંગીઓ અને હિજાઝના યહુદીઓ. મક્કાના લોકો લડવૈયા હતા તેથી તેઓ તલવારથી ફેંસલો કરવા ઇચ્છતા હતા. મદીનાના મુનાફીકો પોતાની ચાલબાજીઓથી અને છળકપટથી કંઈનું કંઈ નુકસાન કર્યા કરતા હતા, અને હિજાઝના યહુદી જેઓ અરબમાં સૌથી વધારે પૈસાદાર હતા તેઓ આખા અરબમાં પોતાની દોલત અને માલના જોરે ધૂમ મચાવતા હતા. અરબની બધી દોલત એમના કબજામાં

હતી. અરબના મજૂરોની ખેતીની પેદાશ વગેરેના તેઓ માલિક હતા. દેશનો બધો વેપાર કારોબાર એમના હાથમાં હતો, અને ધીરધાર તથા બીજી શાહુકારીને લીધે તેઓ અરબના બેતાજ બાદશાહ બની બેઠા હતા. મુલકની દરેક ભલાઈની તેઓ વિરુદ્ધ હતા.

ઇસ્લામીઓને આ ત્રણે તાકાતોની સાથે મુકાબલો કરવો પડતો અને આ ત્રણમાંથી એકે એકને હટાવવા માટે જુદી જુદી યોજના કરવી પડતી.

**મુનાફીકો**

ઢોંગીઓ બહારથી તો મુસલમાન હોવાનો દાવો કરતા હતા. આથી હઝરતે ખુલ્લી રીતે એમનો વિરોધ પણ ન કર્યો અને એમને કોઈ સજા કરીને વધારે દુશ્મન પણ ન બનાવ્યા. તેઓ હંમેશાં એમની સાથે નેકીનો વ્યવહાર રાખતા, એમની ભૂલો પર દયા ખાતા હતા અને એ બાબત એમને કશું પૂછતા કરતા પણ નહીં. આમ કરવાનો હેતુ એ હતો મુસલમાનોના નેક વર્તાવની અને સારી વર્તણૂકની એમની પર અસર પડે અને તેઓ સાચ્ચા મુસલમાન બની જાય. એકાદ વખત તો કોઈ મુસલમાને આવીને હઝરતને કહ્યું પણ ખરું કે "યા રસૂલુલ્લાહ, મને જો રજા આપવામાં આવે તો કેટલા ય મુનાફીકોની ગરદન ઉડાવી દઉં." તેઓએ કહ્યું કે "તમે એ લોકોને એવો મોકો આપવા ચાહો છો કે તેઓ કહે કે મહમ્મદ પોતાના માણસોને પોતે જ મરાવે છે!" અને ઉપરાંત એ પણ કહ્યું કે જે એક વખત એમ બોલ્યો છે કે "અલ્લાહ એક છે અને મહમ્મદ રસૂલ એનો પયગમ્બર છે" તે મુસલમાન જ છે. પછીની વાત તો એ જાણે અને ખુદા જાણે."

મુનાફીકોના સરદાર અબ્દુલ્લા બિન ઉબૈય જ્યારે ગુજરી ગયા ત્યારે હઝરતે એના નેકદિલ મુસલમાન બેટાના કહેવાથી પોતાનું ખમીસ એમને પહેરાવ્યું, આટલું જ નહીં પણ કેટલાક મુસલમાનોની મરજી વિરુદ્ધ જનાઝાની નમાજ પણ પઢી.

એક દિવસ તેઓ બનુ હારસના મહોલ્લામાંથી ગધેડા પર સવાર થઈને ક્યાંક જતા હતા. રસ્તામાં કેટલાક મુસલમાન યહુદીઓ અને મુનાફીકો બેઠા હતા. આમાં મુનાફીકોના સરદાર અબ્દુલ્લા બિન ઉબૈય પણ હતા. ગધેડાના ચાલવાથી થોડી ધૂળ ઊડી. આથી અબ્દુલ્લાએ તિરસ્કાર અને બેઅદબીની કહ્યું કે "ધૂળ ન ઉડાડો." તેઓએ આ જરાય મનમાં લાવ્યા વગર એ બધાને સલામ કરી અને એમને અલ્લાહના હુકમો સંભળાવ્યા. આથી અબ્દુલ્લાએ ફરી કહ્યું કે "અય સાહેબ, મને આ પસન્દ નથી. કદાચ તમારી વાત સાચી પણ હોય તો ય અમારી મિજલસમાં આવીને અમને સતાવો નહીં. જે તમારી પાસે આવે એમને જ સંભળાવજો." મુસલમાનોને એ લોકોના આ વર્તાવથી ખૂબ ગુસ્સો ચડયો, પણ રસૂલે એમને સમજાવીને ઠંડા પાડયા અને પોતે આગળ વધ્યા.



પણ મુનાફીકો મુસલમાનોની કેટલીક છૂપી વાતો જાણતા હતા. આથી મુસલમાનોને એમનાથી ચોંકતા રહેવાની તાકીદ આપવામાં આવી અને એ લોકોથી બીજી છૂપી વાતો છૂપી રાખવાનું કહેવામાં આવ્યું, અને મુસલમાનોને એમની પર ભરોસો રાખવાની મના કરવામાં આવી, અને એમની દોસ્તી પણ છોડી દેવાનું કહ્યું. મુનાફીકોનું આ મંડળ ઈસ્લામની જીત પછી આપોઆપ જ ફના થઈ ગયું.

મક્કાના કુરેશીઓ લડાયક હતા, આથી એમનો સામનો કરવા માટે દોડધામની જરૂર હતી. મક્કાવાળાઓએ કમજોર મુસલમાનોને મદીના આવવા માટે રોકીને પોતાની કેદમાં લઈ લીધા હતા અને બહારથી મુસલમાનોને અંદર આવવા પણ નહોતા દેતા, તે એટલે સુધી કે કાબાની પ્રદક્ષિણા અને હજ જે આખા ય અરબને માટે ખુલ્લાં હતાં તે મક્કાના મુસલમાનો માટે બંધ થઈ ચૂક્યાં હતાં. રસૂલે મક્કાવાળાઓને એમનો આ વર્તાવ બદલવો જ પડે એ માટે એવું કર્યું કે એમના સિરિયા જતા વેપારીઓને, બબ્બે ચચ્ચાર અથવા તો કોઈ વખત દસબાર મુસલમાનોને મોકલી ડરાવવાનું શરૂ કર્યું, કેમકે પોતાના વેપારીઓની ખાતર પણ તેઓ મુસલમાનો સાથે સુલેહ કરે અને મુસલમાનો પરથી પોતાનો હક ઉઠાવી લે; પણ તેઓ તો પોતાની જીદ પર કાયમ જ રહ્યા અને મુસલમાનો પણ એમના વેપારીઓને રોકવામાં અડયા રહ્યા. મદીના સિરિયા

અને હિજાઝની વચ્ચે આવે છે, આથી મક્કાવાળા પોતાનો રસ્તો પણ બદલી શકે એવું ન હતું.

મદીનાની આસપાસ થોડાંક એવાં અરબ કુટુમ્બો હતાં કે જો એમને મક્કાવાળા પકડી લે અથવા તો એમને સાથ આપે તો મદીનાની શાન્તિ-સુલેહ ખાકમાં મળી જાય. આથી હઝરત રસૂલે એમની પાસે જઈ જઇને એમની સાથે સુલેહ વગેરેનું લખાણુ કરાવવા માંડ્યું. આમ પહેલાં જુહૈઈના અને પછી બનુ ઝમરાના કબીલા સાથે સુલેહ અને દોસ્તીનું કરારનામું લખાવી લીધું.

મક્કાના લોકો આ જોઈને વધારે બળવા લાગ્યા અને એમ માનવા લાગ્યા કે આથી તો મહમ્મદનું જોર વધારે વધી જશે. એને ગમે એમ કરીને તોડવું જ જોઇએ. આથી મક્કાના એક રહેવાસી કુર્જ બિન જાબિરે મદીનાનાં ઢોર ચારવાની જગ્યાએ છાપો માર્યો અને તેઓનાં ઊંટ ચોરી લઈ ગયો. મુસલમાનોએ પીછો પકડ્યો, પણ એ નાસી છૂટ્યો.

આ વાતના ત્રણ મહિના પછી હઝરત રસૂલ બસો હિજરતીઓને લઈને બની મુદ્લીજના કબીલામાં ગયા અને એ લોકો સાથે પણ દોસ્તીનો કરાર કર્યો.

થોડા દિવસો પછી હિજરી સને ૨ના રજબ મહિનામાં રસૂલે ૧૨ માણસોને નખલાની ખીણમાં મોકલ્યા અને એમને એક બંધ કાગળ આપ્યો અને કહ્યું કે આને બે દિવસ પછી ખોલજો. બે દિવસ પછી કાગળ ખોલ્યો તો એમાં લખ્યું હતું કે "નખલામાં થોભો અને કુરેશના ઈરાદાની ખબર કાઢો તથા સૂચનાઓ મોકલો." અકસ્માત્ એવું બન્યું કે મક્કાના કેટલાક લોકો સિરિયાથી વેપારનો સામાન લઈને આવતા હતા. મુસલમાનોએ રસૂલુલ્લાહ સલઅમની પરવાનગી વગર એમની પર હુમલો કર્યો અને એમાંનો એક માણસ અમર બિન હઝરમી માર્યો ગયો, બેને પકડી લીધા અને કાફલાનો માલ લૂંટી લીધો. રસૂલુલ્લાહને આની ખબર મળી ત્યારે તેઓ ખૂબ નારાજ થયા અને કહ્યું કે "મેં તો તમને આવું કરવાનું નહોતું કહ્યું. તમે તો લડાઈની આગ લગાડી દીધી."



અને સાથે સાથે અરબના કાનૂન વિરુદ્ધ જે માલ લૂંટ્યો હતો તે પણ મોકલી દીધો. મક્કાનો જે માણસ મરાયો હતો તે કુરેશના એક મોટા સરદારનો સાથી હતો અને જે માણસો પકડાયા હતા તે પણ કુરેશના એક બીજા સરદારના પૌત્રો હતા. આ બનાવે મક્કાવાળાઓમાં વેરનો એક નવો જુસ્સો પેદા કરી દીધો.

### બદ્રની લડાઈ

આનું વેર લેવા માટે એક મોટી લડાઈની જરૂર છે એવું મક્કા-વાળાઓને લાગ્યું. લડાઈ માટે ખૂબ સામાનની પણ જરૂર હતી. એ મેળવવા માટે એ લોકોએ પોતાની બધી માલમિલકત સાથે એક વેપારી કાફલો સિરિયા મોકલ્યો. એ અઢી મહિના પછી હિ. સ. ૨ના રમઝાન મહિનામાં આ કાફલો પાછો આવતો હતો. એ વખતે મક્કાવાળાઓને ખબર મળી કે મુસલમાનો આની પર છાપો મારવાના છે. આ ખબર સાંભળતાં જ કુરેશના મોટા મોટા સરદારો એક હજાર સિપાઇઓને લઇને નીકળી પડ્યા. આ બાજૂ હઝરત સલઅમને પણ આની ખબર મળી, એટલે તેઓ પણ થોડા માણસોને લઇને મદીનાથી નીકળી પડ્યા. કાફલો તો સહીસલામત મક્કા પહોંચી ગયો હતો, પણ મક્કાવાળાઓએ કહ્યું કે અમે તો બદ્ર જઇને આનંદ મઝા કરવાના છીએ અને નાચરંગ તથા શરાબકબાબનો જલસો કરવાના છીએ. બદ્ર એક ગામનું નામ છે અને ત્યાં દર સાલ આમ પણ મેળો તો ભરાય જ છે.

મદીનાથી એક માઇલ દૂર જઇને રસૂલે પડાવ નાખ્યો. છોકરાઓને પાછા મોકલી દીધા. મદીનામાં મુનાફીકો અને યહુદીઓનો ડર હતો તેથી અબુ લબાબા નામના પોતાના સાથીને હાકેમ બનાવીને મદીના પાછા મોકલ્યા. કુરેશની ખબર કાઢવા માટે બે માણસોને આગળ મોકલ્યા. તેઓ બદ્રની પાસે પહોંચ્યા ત્યારે બેપિયાએ ખબર આપ્યા કે કુરેશ ખીણના બીજા છેડા સુધી આવી પહોંચ્યા છે. આ સાંભળીને રસૂલ વગેરે ત્યાં જ રોકાઈ ગયા.

આખી રાત બંને લશ્કરો સામસામાં પડી રહ્યાં. મુસલમાનોએ તો નિરાંતે આરામ લીધો, પણ ખુદાના રસૂલે તો આખી રાત નમાજ પઢવામાં અને દુઆ માંગવામાં ગાળી. સવાર પડ્યું ત્યારે મુસલમાનોને નમાજ પઢવા માટે ઉઠાડયા. નમાજ પછી ધર્મયુદ્ધ પર એમણે એક પ્રવચન કર્યું.

મુસલમાનોનું આ પહેલું લશ્કર હતું અને કુરેશો સાથેની આ પહેલી લડાઈ હતી. એક નેકદિલ કુરેશની ઇચ્છા હતી કે લડાઈ ટળી જાય તો સારું અને ઇબ્ને હઝરમીના ખૂનની કીમત એના વારસને આપી દે તો સારું. કુરેશના સરદાર અને હઝરમીના સાથી અત્બા આ માટે તૈયાર હતા, પણ અબુ જહલે એ યોજનાને સફળ ન થવા દીધી.

સવાર થયું અને બંને ફોજો મેદાનમાં આવીને ખડી થઈ ગઈ. એક બાજૂ એક હજાર હથિયારબંધ સિપાહીઓનું મોટું લશ્કર અને બીજી બાજૂ ફક્ત ત્રણસો તેર મુસલમાન કે જેમની પાસે પૂરાં હથિયાર પણ ન હતાં. પરંતુ એમના બાવડામાં સચ્ચાઈની તાકાત હતી અને ધર્મનું જોશ એમની છાતીઓમાં ઊછળી રહ્યું હતું. અલ્લાહના રસૂલ લડાઈના મેદાનમાંથી થોડા દૂર જઈ એક છાપરાના છાયામાં ઊભા રહી ખુદાના દરબારમાં શિર ઝુકાવીને દુઆ માંગી રહ્યા હતા અને અરજ કરતા હતા કે "હે પરવરદિગાર, જો આજે તને પૂજનાર મૂઠીભર લોકો ખતમ થઈ જશે તો પછી જમીન પર તારી પૂજા થતી અટકી જશે."

લડાઈની શરૂઆત એવી રીતે થઈ કે પહેલાં ઇબ્ન હઝરમીનો ભાઇ આમિર જેને પોતાના ભાઈના ખૂનનો બદલો લેવો હતો તે આગળ આવ્યો. એક ગુલામ મુસલમાન એનો સામનો કરવા આગળ આવ્યો અને આમિર માર્યો ગયો. એની પછી કુરેશ લશ્કરનો સરદાર અત્બા ખૂબ શાનની સાથે આગળ આવ્યો. એની સાથે વલીદ અને શયબા પણ આગળ વધ્યા. આ બાજૂ મુસલમાનોની તરફથી મદીનાના ત્રણ અનસારીઓ નીકળ્યા. અત્બાએ એમનું નામઠામ પૂછ્યું અને એને જ્યારે ખબર પડી કે આ તો મદીનાવાળા છે ત્યારે પુકાર કર્યો કે "મહમ્મદ, આ લોકો અમારી જોડના નથી." હઝરતના ફરમાનથી આ અન્સારીઓ પાછા આવતા રહ્યા અને



પછી હઝરત હમઝા, હઝરત અલી મુરતજા અને હઝરત ઉબૈદા મેદાનમાં આવ્યા. અત્બા અને હઝરત હમઝા વચ્ચે અને વલીદ તથા હઝરત અલી વચ્ચે લડાઈ થઈ એમાં અત્બા અને વલીદ માર્યા ગયા, પણ શયબાએ હઝરત ઉબૈદાને જખમી કર્યા. આ જોઇને હઝરત અલી આગળ આવ્યા અને શયબાને પૂરો કર્યો. હઝરત ઝુબૈર સઈદ બિન આસની સાથે લડવા આવ્યા અને એને એટલા જોરથી બરછી મારી કે એ ત્યાં જ જમીન પર ધબ દઇને પડયો.

હવે જાહેર રીતે બધાની સાથેના હુમલા શરૂ થયા. અબુ જહલનો ત્રાસ અને મુસલમાનો સાથેની તેની દુશ્મની મદીનામાં જાહેર હતી. અનસારના બે નવજવાનો એની તાકમાં નીકળ્યા અને તપાસ કરીને બાજની જેમ એની પર એવી તરાપ મારી કે જોતજોતામાં તો એ લોહીથી ખરડાયેલો જમીન પર પડયો. એક બીજા મુસલમાને જઈને એનું ડોકું ઉડાવી દીધું.

અત્બા અને અબુ જહલના પડવાથી કુરેશોએ ઢાલ ફેંકી દીધી અને મુસલમાનોએ એઓને પકડવાનું શરૂ કર્યું. કુરેશના મોટા મોટા ૭૦ માણસો મરાયા અને એટલા જ ગિરફતાર થયા અને મુસલમાનોમાંથી ફક્ત ૧૪ માણસો જ શહીદ થયા.

ખુદાની કુદરત અજીબ છે કે ત્રણસો તેર માણસો કે જેઓ પાસે પૂરાં હથિયાર પણ ન હતાં એમણે એક હજાર માણસોની ફોજને હરાવી. આતો સત્ય અને જૂઠ તથા અંધારા અને અજવાળા વચ્ચેની લડાઈ હતી. સત્યનો વિજય અને અસત્યનો પરાજય થયો. અંધારું મટી ગયું અને અજવાળું થઈ ગયું.

**દુશ્મનો સાથેનું વર્તન**

બદ્રના કેદીઓની સાથે મુસલમાનોએ બહુ જ સારો વર્તાવ કર્યો. મુસલમાનો એમને અનાજ ખવડાવતા હતા અને પોતે ખજૂર ખાઈ લેતા હતા, અને જેમની પાસે કપડાં ન હતાં એમને કપડાં આપતા હતા. કેદીઓમાં એક સુહેલ બિન અમર નામનો માણસ હતો. એ બહુ જ સરસ વક્તા હતો. તે લોકોમાં મુસલમાનોની વિરુદ્ધ ભાષણો કરતો હતો

અને લોકોને ઉશ્કેરતો હતો. કેટલાક મુસલમાનોએ કહ્યું કે "યા રસૂલુલ્લાહ, એના દાંત ઉખેડાવી નાખો કે જેથી તે ફરીથી બોલી ન શકે." તેઓએ આ વાતને તદ્દન નાપસંદ કરી અને કહ્યું કે "જો હું એના શરીરના કોઈ પણ ભાગને બગાડું તો ખુદા પણ એના બદલામાં મારા શરીરના કોઈ ભાગને બગાડે." કેટલાક જોશીલા—સહાબીઓ—એટલે કે ખુદ રસૂલુલ્લાહને હાથે મુસલમાન થયેલા લોકો—ઇચ્છતા હતા કે આ કેદીઓની કતલ કરી નાખવામાં આવે તો સારું. પણ તેઓએ એમની વાત પણ માની નહીં અને એમ નક્કી કર્યું કે જે પૈસાદાર હોય તે પૈસા આપીને છૂટી જાય, જે ગરીબ હોય પણ લખતાં વાંચતાં જાણતા હોય તેઓ મુસલમાનના દસ દસ છોકરાઓને ભણાવીને છૂટી જાય અને જેઓને એ પણ ન આવડતું હોય એમને ખુદાની રાહ પર આઝાદ કરી દેવામાં આવે.

બદ્રની જીતે મુસલમાનોની કિસ્મતના પાસા ફેરવી નાખ્યા. હવે તેઓ ફક્ત એક ધર્મના અને એક ખુદાઈ બાદશાહતના ઉપદેશક જ નહોતા રહ્યા પણ એક ઊગતી રાજકીય શક્તિ બન્યા હતા. એમનું ધ્યેય ફક્ત અરબની નાની નાની સેંકડો અવ્યવસ્થિત રિયાસતોની જગ્યાએ એક મજબૂત અને વ્યવસ્થિત હકુમત ઊભી કરવાનું ન હતું, પણ કૈસર અને કીસરાની જુલ્મી હકુમતોને મિટાવી દઈ દુનિયામાં ઈન્સાફી અને સમાનતાની સલ્તનત ઊભી કરવાનું હતું.

કુરેશનું જોર તૂટી ગયું અને મક્કાના કેટલાક રહેવાસીઓ મરાયા. એની જગ્યાએ બધાયના વડા બનીને અબુ સુફિયાન ત્યાં રહ્યા. મુસલમાનોની આ ફતેહે મુનાફીકોનાં દિલને થડકાવી દીધાં. એમને પણ ખબર પડી ગઈ હતી કે ત્રાજવાનું કયું પલ્લું ભારે થઈ રહ્યું છે. આ બાજૂ યહુદીઓ પણ સાવધાન થઈ ગયા હતા, કેમકે એમને પણ ડર લાગવા માંડયો હતો કે હવે જો જલ્દી આ નવી તાકાતનું માથું કચડી નાખવામાં નહીં આવે તો પછી પોતાનું ક્યાંય ઠેકાણું નહીં રહે.

બદ્રની લડાઈ તો હઝરમીના ખૂનને કારણે ઊભી થઈ હતી. પણ હવે



કુરેશને પોતાના ૭૦ કતલ થયેલાઓનો બદલો લેવાનું ઝનૂન ચડયું. બદ્રની

**બદ્રનું વેર**

લડાઈમાં માર્યા ગયેલાઓની પાછળ શોક ફેલાઈ રહ્યો હતો, મરસિયા ગવાતા હતા અને સાથે સાથે મુસલમાનો પાસેથી કેવી રીતે બદલો લેવો એની જાળ પણ બિછાવા મંડાઈ હતી. ત્યાંના વડા અબુ સુફિયાને એવા કસમ લીધા હતા કે જ્યાંસુધી મુસલમાનો પાસેથી બદલો નહીં લઉં ત્યાંસુધી દુનિયાની મોજમજા નહીં ભોગવું. બદ્રની લડાઈના ત્રણ મહિના પછી એક દિવસ બસો ઊંટસવારોને લઈને એ મદીનાની પાસે જઈ પહોંચ્યો અને યહુદી સરદારો સાથે વાતચીત કરી. યહુદીઓએ એને મદીના પર હુમલો કરવાનો ભેદ બતાવ્યો. એણે સવારે પાછા ફરતી વખતે એક મુસલમાનની કતલ કરી અને મુસલમાનોનાં થોડાં મકાનોમાં અને ઘાસની ગંજીઓમાં આગ લગાડી. આવી રીતે એણે એની પ્રતિજ્ઞા પૂરી કરી. મુસલમાનોને આની ખબર પડી એટલે તેઓ દોડતા જઈ પહોંચ્યા પણ ત્યાંસુધીમાં તો એ નીકળી ચૂકયો હતો. આ બનાવને "ગઝવા સવીક" કહે છે, કેમકે અબુ સુફિયાનના સાથીઓનું ભાથું સવીક એટલે કે સત્તુનું હતું, અને ગભરાટના માર્યા તેઓ પોતાનું સત્તુનું ભાથું ત્યાં જ ફેંકી દઈને જતા રહ્યા હતા.

હઝરત સલઅમ આ બધી બાબતોથી નિશ્ચિંત થયા એટલે એમને

**હઝરત ફાતિમાનું લગ્ન હિ. સ. ૨**

એક પોતાની ખાનગી ફરજનો ખ્યાલ આવ્યો. તે એ કે પોતાની પુત્રી હઝરત ફાતિમા ઝહરાની શાદી કરવી. આ પ્રસંગ ચાલુ રિવાજોમાં સુધારો કરવાની એક મોટી તકરૂપ હતો.

હઝરત સલઅમનાં બાળકોમાં આ સૌથી પ્યારી અને છોકરીઓમાં સૌથી નાની હતી. તેઓને પોતાનાં બધાં બાળકો કરતાં ફાતિમા વધારે પ્યારી હતી અને તે પણ પોતાના બુઝર્ગ પિતા પર એટલી ફિદા હતી કે જાન દેવા પણ તૈયાર હતી. તેઓને જરા પણ તકલીફ થતી તો તે બેબાકળી બની જતી. નેકી અને પવિત્રતામાં તો તે અજોડ—બેનમૂન—હતી. હવે તે ૧૮

વર્ષની યુવતી થઈ ચૂકી હતી. લગ્નની માંગણીઓ પણ આવવા લાગી હતી. પણ હઝરતના મનમાં કોઈ બીજો જ વિચાર હતો. એમના મનમાં એને લાયક એક એના જેવો જ જુવાન હતો. એનું નામ હતું હઝરત અલી. તેઓ પણ રસૂલના હાથ નીચે જ મોટા થયા હતા. હઝરત અલીએ લગ્નની માંગણી કરી, જોકે માંગણી કર્યા પહેલાં જ રસૂલને મન તો એ મંજૂર હતી. હઝરત રસૂલે બીબી ફાતિમાને પૂછ્યું. એ ચૂપ રહી. જો કે એના મૌનમાં હા જ હતી. પછી તેઓએ હઝરત અલીને પૂછ્યું કે "તમારી પાસે મહર અદા કરવા માટે શું છે?" ( મહર એ મુસલમાનોમાં લગ્નને વખતે વર તરફથી અપાતી એક રકમ. એ રકમ આપ્યા સિવાય લગ્ન થયાં જ ન કહેવાય). એમણે કહ્યું: "કંઈ જ નહીં." ત્યારે હઝરતે કહ્યું કે "બદ્રની લડાઈમાં મળેલું બખ્તર ક્યાં ગયું?" અલીએ કહ્યું કે "એ તો મૌજૂદ છે." તેઓએ કહ્યું: "એટલું બસ છે."

વાંચનારના મનમાં એમ થશે કે એ બખ્તર બહુ કીમતી ચીજ હશે. પણ એમને સાંભળીને આશ્ચર્ય થશે કે એની કીમત ફક્ત સવા રૂપિયો હતી. આ બખ્તર સિવાય બદ્રની લડાઈના નાયકની પાસે જે મિલકત હતી તે આ હતીઃ એક બકરાનું ચામડું ને એક જૂની યમનની ચાદર. આ ચાદર વરે કન્યાને ભેટ આપી હતી. એક સહાબીએ પોતાનું એક ખાલી મકાન વરકન્યાને રહેવા માટે આપ્યું, જેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બુઝર્ગ પિતાએ પોતાની લાડકી બેટીને સાસરવાસામાં એક વણનો ખાટલો, ખજૂરીનાં પાંદડાં ભરેલું ચામડાનું એક ગાદલું, એક પાણી ભરવાની ચામડાની ડોલ, બે ઘંટીઓ અને બે માટીના ઘડા આપ્યા હતા. વર કન્યા જ્યારે પોતાને નવે ઘેર રહેવા ગયાં ત્યારે હઝરત એમનું ઘર જોવા ગયા. પહેલા દરવાજામાં ઊભા રહીને રજા માંગી અને પછી અંદર દાખલ થયા. એક વાસણમાં પાણી મંગાવ્યું અને પોતાના બન્ને હાથ એમાં બોળ્યા, અને પછી એ પાણી એ બન્ને પર છાંટ્યું અને પછી પુત્રીને કહ્યું કે "બેટી, મેં તારી શાદી ખાનદાનના સૌથી સારા માણસ સાથે કરી છે."

કેટલી સાદાઈ અને ખટપટ વગર આ પ્રસંગ ઉજવાયો! મુસલમાનો-



ના લગ્નના રિવાજને માટે આનાથી વધારે સારો નમૂનો બીજો કોઈ હોઈ શકે? હઝરતે આ મારફત મુસલમાનોની સામે પોતાની અને પોતાના પુત્રોની જિન્દગીનો દાખલો મૂક્યો.

નમાજ પછી આ વર્ષે રોજા કરવાની એક બીજી પવિત્ર ફરજ શરૂ થઈ. આને માટે રમઝાનનો મહિનો પસન્દ કરવામાં આવ્યો, કારણ કે આ

**રોજા**

એ જ પવિત્ર મહિનો હતો કે જેમાં એક રાત્રે ખુદાનો પયગામ એના ખાસ બન્દા મહમ્મદ સલઅમ પર હીરાની ગુફામાં ઊતર્યો હતો. એની યાદગારમાં આ મહિનો પવિત્ર અને ઇજ્જતવાળો ગણવાનું મુકરર થયું. અને તેથી જ એ મહિનામાં જેવી રીતે બુઝર્ગ નબી મહમ્મદ રસૂલે હીરાની ગુફામાં દિવસો પસાર કર્યા હતા તેવી રીતે દિવસો પસાર કરવાનું નક્કી કરવામાં આવ્યું. એટલે કે દિવસે ખાવાપીવાનું બંધ, અને રાત્રે ખુદાની બન્દગી.

દરેક ધર્મે પોતાને માટે તહેવારનો કોઈ દિવસ મોજમજાને માટે નક્કી કરેલો છે. ઇસ્લામે એને માટે રમઝાનના રોજાની પછી શવાલની પહેલી તારીખે ઈદનો દિવસ નક્કી કર્યો છે. એ દિવસે ઈદની બે રકાત નમાજ રાખવામાં આવી કે જેથી બધા ખુદાની સામે ઊભા રહીને કુરાન-રૂપી થાપણ અને ઇસ્લામની દોલત આપવા બદલ ખુદાનો આભાર માને. આ ખુશીને દિવસે કોઈ ભાઈ ભૂખ્યો ન રહે એવો ઇન્તિજામ કરવામાં આવ્યો. દરેક પૈસાદાર આ દિવસે દાનધર્મ કરે એવું નક્કી કરવામાં આવ્યું. આ પહેલો જ પ્રસંગ હતો કે જે દિવસે હઝરત સલઅમે બધા મુસલમાનો સાથે મેદાનમાં જઈ ઈદની નમાજ અદા કરી. નમાજ પછી પ્રવચન કર્યું અને એમાં દાન દેવાથી થતા ફાયદાનું બયાન કરવામાં આવ્યું.

આ ઈદની નમાજ એ મુસલમાનોની સામાજિક સમાનતા અને ધાર્મિક ખુશીની વાર્ષિક જાહેરાત છે.

## ઉહદની લડાઈ

### હિ. સ. ૩

**મક્કામાં** બદ્રના વેરની આગ અંદર અંદર જ સળગી રહી હતી. અબુ સુફિયાને આ જોશનો ફાયદો ઉઠાવ્યો. કુરેશનો વેપારી સામાન લડાઈના ખર્ચને માટે મંજૂર કરવામાં આવ્યો. અરબોમાં જોશ લાવવા માટે અને આગ સળગાવવા માટેનું સફળ હથિયાર કવિતા હતું. કુરેશના બે કવિઓએ આ કામ પોતાના હાથમાં લીધું. આમાંનો એક તો બદ્રની લડાઈ વખતે કેદી પણ થઈ ચૂકયો હતો, પણ આખી દુનિયા પર દયા કરનાર ખુદાની ઉદારતા અને દયાને લીધે બચી ગયો હતો. એ બન્નેએ કુરેશના કબીલાઓમાં જઈ જઈને પોતાની કવિતાની ગરમીથી આગ સળગાવી દીધી.

કુરેશની ગૃહસ્થ સ્ત્રીઓએ પણ સિપાઈઓનાં દિલ ઉશ્કેરવાનું કામ ઉપાડી લીધું. મોટાં મોટાં ઘરોની સ્ત્રીઓ અને એ બધાની સરદાર અબુ સુફિયાનની પત્ની હિન્દ પોતાનાં ગાયનોથી કુરેશ સિપાઈઓની રગોમાં બહાદુરી અને મરદાનગી લાવવા માટે ફરવા લાગી.

હિન્દનો બાપ અત્બા અને ઝુબૈર બિન મુતઅમના કાકા, એ બન્ને બદ્રની લડાઈમાં હઝરત હમઝાને હાથે મરાયા હતા. હિન્દે ઝુબૈરના હબશી ગુલામ હબ્શીની આઝાદીની કીમત તરીકે હઝરત હમઝાનું સિર મુકરર કર્યું હતું.

મક્કામાં આવી તૈયારીઓ ચાલી રહી હતી, પણ મદીનામાં તો હજી સુધી આની ખબર પણ પહોંચી ન હતી. હઝરત સલઅમના કાકા હઝરત અબ્બાસ કે જેઓ મુસલમાન થયા હતા તેમણે એક વેગી કાસિદને મોકલીને આ ખબર મદીનામાં પહોંચાડી; પણ એટલામાં તો ખબર મળ્યા કે કુરેશની ફોજ છાપો મારવા માટે મદીનાની પાસે આવી પહોંચી છે. હઝરત રસૂલે કેટલાક મુસલમાનોને પહેરેગીરનું અને દુશ્મનોની ખબર રાખવા-



નું કામ સોંપ્યું. સવાર પડયું ત્યારે સલાહ મસલત શરૂ થઈ. ઘણાઓનો મત એવો હતો કે સ્ત્રીઓને બહારના કિલ્લામાં મોકલી દેવામાં આવે અને પુરુષો શહેરમાં રહીને દીવાલની આડે ઊભા રહી દુશ્મનોનો સામનો કરે. મુનાફીકોના સરદાર અબ્દુલ્લા બિન ઉબૈય બિન સલૂલે પણ આને જ ટેકો આપ્યો; પણ કેટલાક જોશીલા નવજુવાનોએ આનો વિરોધ કર્યો અને કહ્યું કે "આપણે શહેરની બહાર નીકળી મેદાનમાં ઊભા રહી આનો સામનો કરવો જોઈએ." આ નિર્ણય થયા પછી હઝરત સલઅમ ઘેર જઈ બખ્તર વગેરે પહેરી આવ્યા અને બીજા મુસલમાનોએ પણ તૈયારીઓ શરૂ કરી દીધી.

કુરેશોએ મદીનાની પાસે પહોંચીને ઉહદ પહાડની પાસે પડાવ નાખ્યો અને બે દિવસ સુધી ત્યાં પડયા રહ્યા. ત્રીજો દિવસ જુમા—શુક્રવારનો હતો. હઝરત સલઅમ જુમાની નમાજ પઢીને એક હજાર મુસલમાનોને સાથે લઈ બહાર નીકળ્યા. આમાં અબ્દુલ્લા બિન ઉબૈય બિન સલૂલના પણ ત્રણસો માણસો હતા. પણ તે એમ કહીને પોતાના માણસોને લઈને પાછા ચાલ્યા ગયા કે મહમ્મદ રસૂલે મારી વાત માની નહીં. હવે ફક્ત ૭૦૦ માણસો બાકી રહ્યા અને આમાંથી પણ ફક્ત ૧૦૦ માણસોની પાસે જ બખ્તરો હતાં.

આ લડાઈમાં ભાગ લેવાની પરવાનગી મેળવવા માટે કેટલાક સગીર નવજુવાન મુસલમાનોએ અસામાન્ય જોશ બતાવ્યું. રાફેસ બિન ખુદૈજને એમ કહેવામાં આવ્યું કે તું ઉમરમાં નાનો છે ત્યારે તે પગના અંગૂઠા પર એકદમ ઊભો થઈ ગયો. સાચી વાત છે કે કોમના જીવનની આગ નવજવાનોના જોશના બળતણથી જ સળગે છે.

મુસલમાનોએ ઉહદના પહાડની આગળ પોતાનું લશ્કર ગોઠવી દીધું. પહાડમાં એક જગ્યાએ પોલાણ હતું અને ત્યાંથી પાછળથી આવીને દુશ્મનો હુમલો ન કરે તે માટે પચાસ તીરંદાજોની એક ટુકડીને ત્યાં ગોઠવી દીધી અને એમને કહેવામાં આવ્યું કે જો લડાઈમાં આપણી જીત થતી હોય તોપણ તમારે ત્યાંથી ખસવાનું નથી.

લડાઈની શરૂઆત એવી રીતે થઈ કે કુરેશની સ્ત્રીઓએ ડફની સાથે જોશીલી કવિતાઓ અને બદ્રમાં કતલ થયેલાના દરદથી ભરેલા મરસિયા ગાવા શરૂ કર્યા. પછી કુરેશના લશ્કરમાંથી ઝંડાધારી તલહાએ આગળ આવીને પુકાર કર્યો. અલી મુરતજાએ એનો જવાબ આપ્યો અને આગળ વધીને તલવાર ચલાવી. તલહાની લાશ જમીન પર પડી ગઈ. એની પછી એનો બેટો હિમ્મતથી આગળ વધ્યો અને આખરે હઝરત હમજાની તલવારે એને પણ ખતમ કરી નાખ્યો. હવે જાહેર લડાઈ શરૂ થઈ ગઈ. હઝરત હમજા, હઝરત અલી, અબુ દજાના અનસારી વગેરે ફોજના દળમાં ઘૂસી ગયા અને દુશ્મનોની કતારોની કતારોને વિખેરી નાખી.

હઝરત હમઝા બન્ને હાથોમાં તલવાર ઘુમાવતા લાશો ઉપર લાશો નીચે પાડતા હતા. ઝુબૈરનો હબ્સી ગુલામ કે જેને હિન્દે એવું વચન આપ્યું હતું કે જો તું હમઝાની કતલ કરીશ તો તને આઝાદ કરી દઈશ, તે હમઝાની શોધમાં જ ફર્યા કરતો હતો. હઝરત હમઝાને એણે જોવા જોયા કે તરત એણે હબ્સીઓની એક ખાસ રીતે એક નાનો ભાલો માર્યો કે જે મારવામાં તે ઘણો હોશિયાર હતો. તે સીધો એમની નાભિમાં વાગ્યો અને પાર નીકળી ગયો. હઝરત હમઝાએ એના પર હુમલો કરવાનો વિચાર કર્યો, પણ તેઓ જમીન પર ગબડી પડયા અને એમનો આત્મા આસમાનમાં ઊડી ગયો.

સાચ અને જૂઠની કેવી અજીબ આ લડાઈ હતી! એમાં બાપ બેટાની સામે અને બેટો બાપની સામે તલવાર ખેંચી રહ્યો હતો. હન્ઝલા એક મુસલમાન સહાબી હતા એમણે પોતાના બાપની સામે લડવાની રજા માંગી પણ રહેમતે આલમે રજા આપી નહીં.

મુસલમાન બહાદુરો ઈમાનના જોસમાં ચકચૂર હતા. તેઓ કુરેશીઓને બધી બાજૂએથી દબાવતા આગળ વધ્યે જતા હતા. આખરે મુસલમાનોના બેશુમાર અને અસહ્ય હુમલાની સામે દુશ્મનોના પગ ટકી શકયા નહીં. હવે મુસલમાનોએ દુશ્મનોને મારવાને બદલે એમનો સરસામાન લૂંટવાની શરૂઆત કરી. આ જોઇને જે તીરંદાજોને ગુફા ઉપર પહેરો



રાખવા બેસાડવામાં આવ્યા હતા તેઓએ પોતાની ચોકી છોડી દીધી. તીરંદાજોના સરદાર અબ્દુલ્લા બિન ઝુબૈરે પહેલાં તો થોડીવાર બધાને રોકયા પણ પછી તો લડાઈ ખતમ થઈ ગઈ છે એમ સમજીને તેઓ પણ લૂંટફાટમાં દાખલ થઈ ગયા. ખાલિદ કે જેઓ પછીથી ઇસ્લામના સૌથી મોટા સિપાહસાલાર થયા હતા તેઓ આ વખતે મક્કાની ફોજમાં હતા. એની લશ્કરી નજરમાંથી દુશ્મનોની આ કમજોરી છૂપી ન રહી શકી. તેઓ સવારોની એક ટુકડી લઇને ગુફામાં થઇને આગળ વધ્યા. અબ્દુલ્લા બિન ઝુબૈર અને એમના થોડા સાથીઓએ ભેગા થઇને એમનો સામનો કર્યો પણ તેઓ બધા જ શહીદ થઈ ગયા. ખાલિદે હવે આગળ વધીને પાછળથી મુસલમાનો પર હુમલો કર્યો. મુસલમાનો તો લૂંટવામાં મશગૂલ બની ગયા હતા. પાછળ ફરીને જોયું તો તલવારો ચમકી રહી હતી. ગભરાટને કારણે મુસલમાનો અંદર અંદર જ એક બીજા પર તૂટી પડયા. મુસલમાનોના ઝંડાધર મુસઅબ બિન ઉમૈર કે જેઓ દેખાવમાં હઝરત સલઅમના જેવા જ હતા તેઓ એક કુરેશીના હાથે શહીદ થયા. આ પરથી કુરેશીઓએ શોર મચાવી દીધો કે મહમ્મદ સલઅમ શહીદ થઇ ગયા. આ સાંભળીને મુસલમાનોનું રહ્યું સહ્યું જોર પણ ઊડી ગયું. એમની કતારો અવ્યવસ્થિત થઈ ગઈ. કુરેશીઓનું બધું જોર જે બાજૂ હઝરત સલઅમ હતા તે બાજૂ હતું. કતારોની અવ્યવસ્થિતતાને કારણે હઝરત સલઅમ સુધી પહોંચવાનો રસ્તો તદ્દન ઉઘાડો થઇ ગયો. ફકત અગિયાર જાન દેનારા પતંગિયાની માફક નબુવ્વતના દીપકને વીંટળાયેલા ઊભા હતા. આમાંથી અલી મુરતઝા, અબુ બકર સિદ્દીક, સઅદ બિન વક્કાસ ઝુબૈર અને તલહા આટલા હિજરતીઓ અને અનસારીઓમાંથી અબુદજાના લોકો એટલા જ રસૂલ વિશે જાણતા હતા; બાકીના સહાબીઓને રસૂલ વિશે કંઈ ખબર ન હતી. એટલામાં એકાએક એક સહાબીએ દૂરથી એમને ઓળખ્યા અને પુકારીને કહ્યું કે મુસલમાનો રસૂલુલ્લાહ સલઅમ તો ત્યાં છે. આ સાંભળીને બધા જાનનિસાર તૂટી પડયા અને હઝરતને વચમાં લઈ લીધા. કુરેશીઓએ બધી બાજૂ છોડીને આ તરફ જ જોર કર્યું. આખું ટોળું ને ટોળું

ધસારો કરીને આગળ વધતું હતું. પણ ઝુલ્ફિકાર [ હઝરત અલીની તલવારનું નામ ]ની વીજળીથી એ વાદળ ચિરાઈ જતું હતું. એક ખૂબ જોરથી ધસારો થયો ત્યારે રસૂલુલ્લાએ કહ્યું કે મારી પાછળ જાન દેવા કોણ તૈયાર છે? એકી સાથે સાત અનસારીઓ આગળ વધ્યા અને એક પછી એકે લડીને જાન આપી દીધી. અબુ દજાના અનસારી ઝૂકીને એમની સાથે ઢાલ બની ગયા. જે તીર આવતાં તે એમની પીઠ પર વાગતાં. તલહા તલવારોને પોતાના હાથથી રોકતા હતા અને હઝરત સઅદ રસૂલની તરફથી તીર મારતા હતા. અબુ તલહાએ ઢાલથી તેઓના ચહેરાની આડ કરી હતી. રસૂલ ગરદન ઊંચી કરીને લડાઈનો દેખાવ જોવા જતા તો તેઓ અરજ કરતા કે આપ ગરદન ઊંચી ન કરશો, નહીં તો તીર લાગી જશે. મારી છાતી એ ઝીલવા માટે હાજર છે. આ વખતે એક કુરેશી જે બહુ જ બહાદુર કહેવાતો હતો તે જાનનિસોરાના ચક્કરને તોડીને અંદર પેઠો અને રસૂલના ચહેરા ઉપર તલવાર મારી. એના ઘાથી મોં પરની જાળીની બે કડી એમના ચહેરામાં ઘૂસી ગઈ...ઉમ્મે અમ્મારા સહાબીએ તેને તલવાર મારી તે એના બખ્તરને જ વાગીને રહી ગઈ. કોઈ કુરેશીએ દૂરથી પથ્થર ફેંકયો અને એ હઝરત સલઅમના ચહેરા ઉપર વાગ્યો. આથી એમના આગળના બે દાંત પડી ગયા. આ હાલતમાં પણ એમના મુખમાંથી લાગણીથી ભરપૂર નીચેનું વાકય નીકળ્યું કે જે દુનિયા રહેશે ત્યાંસુધી યાદ રહેશેઃ "અય ખુદા, મારી કોમની ભૂલો માફ કર, કેમકે તેઓ નાદાન છે."

આ પછી જખમી નહિ થયેલા એવા થોડાક સહાબીઓની સાથે હઝરત પહાડની ટોચ પર ચડી ગયા. અબુ સુફિયાને એમને જોઈ લીધા તેથી તે પણ ફોજ લઈને પહાડ પર ચડવા લાગ્યો, પણ હઝરત ઉમર અને એમના બીજા સાથીઓએ પથ્થર મારવા માંડ્યા તેથી તે આગળ વધી શકયો નહીં. આથી તે સામેની બીજી ટેકરી પર ચડયો અને હુબલ દેવતાની જય પુકારી. હઝરત ઉમરે આના જવાબમાં અલ્હાહો અકબરનો પુકાર કર્યો.

રસૂલુલ્લાહના અવસાનની ખોટી ખબર છેક મદીના સુધી પહોંચી ગઈ. હઝરત ફાતિમા ઝહરા ખુદા જાણે કેવી રીતે બેબાકળી બનીને પિતાના



કદમો સુધી પહોંચી ગઈ. રસૂલના ચહેરા પરથી લોહી વહી જતું હતું. હઝરત અલી ઢાલમાં પાણી ભરી લાવ્યા. હઝરત ફાતિમા ઝખમોને ધોતી હતી પણ લોહી બંધ થતું ન હતું. આખરે ચટાઈનો એક ટુકડો સળગાવીને ઝખમ પર દબાવી દીધો. આથી લોહી વહેતું બંધ પડયું.

આ લડાઈમાં ૭૦ મુસલમાનો માર્યા ગયા. શહીદોમાં જેની સૌથી વધારે ખોટ પડે એવા હઝરત હમઝા હતા. હઝરતને આથી બહુ જ દુઃખ થતું હતું. પણ તેઓએ જરા ય ધીરજ ખોયા વગર એટલું જ કહ્યું કે "આહ! હમઝા પર કોઈ રોનાર પણ નથી!" અનસારીઓએ એ સાંભળ્યું એટલે એમણે પોતાની સ્ત્રીઓને જઈને કહ્યું કે, પહેલાં હમઝાનો શોક કરો. હઝરત સલઅમે આ સાંભળ્યું એટલે કહ્યું કે "તમારી હમદર્દીનો આભાર માનું છું, પરન્તુ મરેલા પાછળ રોવું એ યોગ્ય નથી."

કુરેશની સ્ત્રીઓએ અને ખાસ કરીને અબુ સુફિયાનની પત્નીએ મુસલમાનોની લાશ સાથે બેઅદબી કરીને પોતાના દિલની આગ શમાવી. એમનાં નાક કાન કાપી લીધાં અને એના હાર બનાવીને પોતાના ગળામાં પહેર્યા. હિન્દે હઝરત હમઝાની છાતી ચીરીને એમનું હૃદય બહાર કાઢ્યું અને એને ચાવ્યું, પણ એ ગળી ન શકી. પછી એક ટેકરી પર ચડીને ગાવા લાગી કે આજે બદ્રનો બદલો મળી ગયો.

આ લડાઈમાં યહુદીઓના ડરથી મુસલમાનોએ પોતાની સ્ત્રીઓ, છોકરાંઓ અને વૃદ્ધોને એક કિલ્લામાં મોકલી દીધાં હતાં, પણ જે બહાદુર સ્ત્રીઓ હતી તેઓ તો મેદાનમાં ઊભી હતી. ઉપર કહ્યું છે કે હઝરત ફાતિમા ઝહરા પિતાની સારવાર કરતી હતી. અને હઝરત આઈશા, હઝરત ઉમ્મે સલીત, હઝરત ઉમ્મે સુલય્મા પોતાના ખભા પર મશક ભરી ભરીને પાણી લાવતી હતી અને જખમીઓને પિવડાવતી હતી.

હઝરત સલઅમની ફોઈ અને હઝરત હમઝાની બહેન હઝરત સફીય્યા હારની ખબર સાંભળીને મદીનાથી નીકળી. હઝરત સલઅમે સફીય્યાના પુત્ર ઝુબૈરને બોલાવીને કહ્યું કે ગમે તેમ કરીને હઝરત હમઝાની બહેન હઝરત હમઝાની ટુકડે ટુકડા થઈ ગયેલી લાશ જોવા ન પામે એવું કરો.

હઝરત ઝુબૈરે એમની બહેનને વાત કરી એટલે એમણે કહ્યું કે, મેં મારા ભાઇના બધા ખબર સાંભળ્યા છે, પરન્તુ ખુદાની રાહમાં આ કોઈ મોટી કુરબાની ન કહેવાય આથી હઝરત સલ્લઅમે એમને લાશ પાસે જવાની પરવાનગી આપી. પોતાના પ્યારા ભાઈના ટુકડા વીખરાયેલા પડયા હતા છતાં "અમે ખુદા માટે જ છીએ અને ખુદા તરફ જઈશું" [ઇન્ના લિલ્લાહે વઇન્ના ઈલયહ રાજે ઊન] એના સિવાય એમના મોંમાંથી બીજો એક પણ શબ્દ નીકળ્યો નહીં.

એક અનસારી બીબીના બાપ ભાઈ અને ખાવિંદ ત્રણે આ લડાઇમાં મરાયા હતા. તે બેબાકળી બનીને ખબર પૂછવા માટે બહાર નીકળી. એક પછી એક એણે એ ત્રણેના દુઃખદ સમાચાર સાંભળ્યા પણ એ તો દરેક વખતે એ જ પૂછતી હતી કે આપણા રસૂલ કેમ છે? જવાબ મળ્યો કે કુશળ છે. પણ એટલાથી એને સંતોષ ન થયો અને એણે રસૂલની તદ્દન નજીક જઇ એમનો ચહેરો જોઈને પુકાર્યું કે "હઝરત રસૂલ કુશળ છે તો પછી બધી જ મુસીબતો એની સામે તુચ્છ છે."

શહીદોના કફનને માટે ગરીબ મુસલમાનો પાસે કંઈ જ ન હતું. મદીનાના પહેલા ઈમામ અને પ્રચારક મુસઅબ બિન ઉમેરનો જનાઝો તૈયાર હતો, પણ એમના કફનનું કપડું એટલું નાનું હતું કે માથું ઢાંકવા જતાં પગ ખુલ્લા થઈ જતા હતા અને પગ ઢાંકવા જતા માથું ખુલ્લું રહી જતું હતું. છેવટે માથું ઢાંકયું અને ખુલ્લા પગ પર ઘાસ નાખી દીધું. આ દેખાવને મુસલમાનો પછીથી પણ યાદ કરતાં રડી પડતા હતા. શહીદોને નવડાવ્યા વગર ખૂનથી ખરડાયેલા જ કબરમાં ઉતારવામાં આવ્યા. લાચાર તથા પીડિતોની લાશોને જમીનને સુપર્દ કરી દેવામાં આવી.

આ લડાઇમાં મુસલમાનોને જાનનું બહુ મોટું નુકસાન ઉઠાવવું પડયું હતું, પણ જંગી નજરે—લશ્કરી દૃષ્ટિએ—એમની પૂરી હાર થઈ ન હતી. અને સાથે સાથે એ ભય પણ હતો કે કદાચ અબુ સુફિયાનને આનો ખ્યાલ આવે અને એ કદાચ બીજી વાર ચડી આવે. આથી હઝ-



રત સલઅમે આ હાલતમાં જ એનો પીછો કરવો યોગ્ય માન્યું. એમાં એ ધારણા પણ હતી કે આસપાસના લોકો એમ ન માની બેસે કે મુસલમાનોનું જોર તૂટી ગયું છે અને હવે જે ચાહે તે એમની પર હુમલો કરી શકે એમ છે. આ વખતે ઘણા મુસલમાનો જખ્મી થયેલી હાલતમાં હતા, છતાં જ્યારે રસૂલે ખુદાનો હુકમ કહી સંભળાવ્યો ત્યારે ૭૦ મુસલમાનો તૈયાર થઇ ગયા. આમાં હઝરત અબુબકર અને ઝુબૈર પણ હતા.

થોડે દૂર ગયા પછી અબુ સુફિયાનને ખ્યાલ આવ્યો કે એનું કામ તો અધૂરું રહી ગયું છે. પણ ખઝાઆ કબીલાનો મઆબદ નામનો એક સરદાર કે જે અંદરથી તો મુસલમાન હતો અને હારની ખબર સાંભળી-ને મદીના આવ્યો હતો તેણે પાછા જઇને અબુ સુફિયાનને કહ્યું કે "હું હમણાં જ જોઈને આવું છું કે મહમ્મદ સલઅમ એટલા હથિયાર અને સામાનની સાથે તમારી પાછળ આવી રહ્યા છે કે એમનો સામનો કરવો નકામું છે." આ સાંભળીને અબુ સુફિયાન મક્કા ચાલી ગયો. હઝરત સલ-અમ પણ હમરા સુધી જઈને મદીના પાછા ચાલ્યા ગયા.

## યહુદી ખતરાનો જડમૂળથી નાશ

**મદીનામાં** ઈસ્લામીઓને માટે ત્રીજો ભય યહુદીઓનો હતો અને એ સૌથી મોટો પણ હતો, કેમકે યહુદીઓ પૈસામાં, વેપારમાં અને લડાઈના અનુભવમાં અરબો કરતાં ઘણા આગળ વધેલા હતા. એમનો વિસ્તાર હિજાઝથી લઈને તે સિરિયાની હદ સુધી ફેલાયેલો હતો. એમના વેપાર કારોબારને કારણે આખા ય અરબ પર એમની અસર હતી અને તેઓ અરબમાં ધાર્મિક બાબતો અને વિદ્વત્તાને કારણે પ્રખ્યાત હતા. મદીના, એની આસ પાસનાં શહેરો અને ગામડાંઓમાં પોતાના વેપાર, પૈસા અને દબદબાને કારણે તેઓના હાથમાં ઘણી સત્તા આવી ગઈ હતી અને બધા એમના મૂડીરીદ બંધારણના બોજાની નીચે દબાયેલા હતા. ઔસ અને ખઝરજના ખેડૂતો અને મજૂરો જે પેદા કરતા હતા તે બધું યહુદીઓના કિલ્લામાં અને કોઠીઓમાં જઈને પડતું હતું. અરબોની મિલકત યહુદીઓને ત્યાં ગીરો રહેતી હતી અને તેઓ પોતાની મહેનતનું ફળ ભોગવી નહોતા શકતા. યહુદીઓનું એક બની કૈનકાઅ નામનું કુટુમ્બ સોનાચાંદીનો વેપાર અને સોનીનો ધંધો કરતું હતું. તેઓ મદીનાની પાસે જ રહેતા હતા. એક બીજા બની નઝીર નામના કુટુંબે અને ત્રીજા બની કુરૈઝા નામના કુટુંબે ચારે તરફ ધીરધારનો કારોબાર ફેલાવી દીધો હતો. આથી બધી જનતા એઓના દેવા નીચે દબાયેલી હતી. તેઓ એકલા જ પૈસાના માલિક હતા તેથી ખૂબ નિર્દયતાથી ભારે વ્યાજ લેતા હતા, અને એટલે સુધી કરતા હતા કે દેવાના બદલામાં લોકોનાં બાળબચ્ચાં અને સ્ત્રીઓ સુધ્ધાંને ગીરો મુકાવતા હતા.

જ્યારે ઈસ્લામનું મુખ્ય મથક મક્કા મટીને મદીના બન્યું ત્યારે આગળ કહેવાઈ ગયું તેમ પહેલાં તો યહુદીઓ બહુ ખુશ થયા, કેમકે ઈસ્લામ જે કંઇ કહેતું હતું તે બધું તેમની ચોપડીઓમાં પણ હતું. તેઓ અરબોનાં ધાર્મિક પુસ્તકોને ટેકો આપતા હતા અને એમના પયગમ્બરોને માન્ય રાખતા હતા, અને એ લોકોને એ આશા હતી કે અરબોની આ નવી



ચળવળ એમની સત્તાને વધારશે. આથી તેઓ ઈસ્લામ સાથે એકતા અને કરારનામું કરવા માટે આવ્યા અને દુશ્મનોના હુમલાની સાથે મદીનાનો બચાવ કરવાના કોલકરાર કર્યા. તેઓ એમ સમજતા હતા કે અરબોની આ નવી તાકાત યહુદીઓમાં મળી જશે.

પરન્તુ એક વર્ષની અંદર જ યહુદીઓને લાગવા માંડયું કે આ નવી ચળવળ તો એક મજબૂત તાકાત છે અને એને જો શરૂઆતમાં જ દબાવી દેવામાં નહીં આવે તો એ એમની બધી સત્તા અને વેપારનો ઘાણ કાઢી નાખશે. હવે એવું થયું કે પહેલાં યહુદીઓ ઈસ્લામ અમારો જ અસલી ધર્મ છે એમ માનીને એમને સાથ આપતા હતા તે હવે બંધ કરી દીધું અને વિના કારણ એમની વિરુદ્ધ બોલવા લાગ્યા. એમને મોઢે કંઈ બોલતા અને પાછળ કંઈ બોલતા અને મુસલમાનો તરફની લોકોની શ્રદ્ધા ઘટી જાય તે માટે પૂરો પ્રયત્ન કરતા હતા. પણ આમાં એમને સફળતા મળી નહીં. પણ યહુદીઓમાં જ જે લોકો કંઈક સાચ અને ઈનસાફમાં માનવાવાળા હતા તેઓ જાહેર રીતે જ મુસલમાન થઈ ગયા અને કેટલાકે તો વળી મુસલમાન થઈને પોતાની દોલત પણ ઈસ્લામની રાહમાં આપી દીધી.

આવી હાલત હતી એવામાં કુરેશ અને મુસલમાનો વચ્ચે લડાઈ જાહેર થઈ. આથી યહુદીઓએ કુરેશ સાથે અને કુરેશોએ યહુદીઓ સાથે મળી અનેક કાવતરાં કરવા માંડયાં. એક વર્ષની અંદર જ બદ્રનો બનાવ બન્યો અને એમાં મુસલમાનોનો વિજય થયો. આ યહુદીઓને માટે તો ડરની નિશાની હતી. તેઓ ચોંકી ગયા અને લડાઈની નાની મોટી બધી તૈયારીઓ કરવા માંડી. મુસલમાનોએ આ જોયું અને એમને સમજાવ્યું, અને એમને એમણે પહેલાં કરેલા કૌલકરાર યાદ દેવડાવ્યા, અને એવી ધમકી પણ આપી કે જો નહીં માનો તો જેવી કુરેશોની હાલત થઈ તેવી તમારી પણ થશે. પણ યહુદીઓએ કહ્યું કે "અમને કુરેશ ન સમજશો. તેઓ તો કંઈ લડવૈયા ન હતા. અને અમારી પાસે તો જંગનો પૂરો સામાન અને હથિયાર છે, અને મોટા મોટા કિલ્લાઓ છે. એ કિલ્લાઓની સામે માથું ઊંચકવું એ કાંઈ મામૂલી વાત નથી!"

યહુદીઓને ખબર હતી કે હઝરત મહમ્મદ સલઅમની બધી તાકાતનો ભેદ મદીનાનાં બે કુટુમ્બો ઔસ અને ખઝરજ જે ઇસ્લામના ઝંડા નીચે એક થઈ ગયાં છે તેમાં છે. આથી યહુદીઓએ એમની મિજલસમાં જઈ જઈને મુસલમાન થયા પહેલાં તેઓ એક બીજા સાથે કેવા લડતા હતા તેની વાતો કરવી શરૂ કરી, કે જેથી બન્ને વચ્ચે બાપદાદાના વખતનું વેર ફરીથી જાગે અને એમની ઇસ્લામી એકતા તૂટી જાય. એક વખત એ લોકોની આ ખટપટથી એટલે સુધી થયું કે એ બન્ને કુટુમ્બો એક બીજાને મારવા માટે તૈયાર થયાં. રસૂલુલ્લાહ સલઅમને આની ખબર પડી અને એમણે આવીને આ બન્નેને સમજાવ્યા અને આ રીતે તોફાન શમી ગયું.

મદીનામાં મુનાફીકોનું જે મંડળ હતું તે યહુદીઓની સાથે મળેલું હતું. મુનાફીકોના સરદાર અબદુલ્લા બિન ઉબૈય યહુદીઓના કબીલા બની નઝીર અને બની કૈન કાઅના સાથીદાર હતા.

યહુદીઓમાં બની કૈન કાઅનો કબીલો સૌથી વધારે હિમ્મતવાળો અને બહાદુર હતો. ઉહદમાં થયેલી મુસલમાનોની હારે એનામાં એટલી હિમ્મત લાવી દીધી હતી કે ઇસ્લામની તાકાતની સામે માથું ઉઠાવવા એ તૈયાર થયો. યહુદીઓ અને મુસલમાનો વચ્ચે સુલેહના કોલકરાર થયા હતા પણ એને તોડવાની શરૂઆત એણે જ સૌથી પહેલાં કરી.૧

**બની કૈન કાઅની લડાઈ**

શવ્વાલ હિ. સ. ૨માં એક અકસ્માત બનાવે આ ચિનગારીમાંથી ભડકો પ્રકટાવ્યો. એક મુસલમાન બાનૂ કંઇક કારણસર બની કૈન કાઅના મહોલ્લામાં એની દુકાને ગઈ. ત્યાં એ લોકોએ એનો તિરસ્કાર કરીને એનું અપમાન કર્યું. આ જોઈને એક મુસલમાન પોતાનો ગુસ્સો કાબૂમાં રાખી શકયો નહીં. એણે એ યહુદીને મારીને પાડી નાખ્યો. આથી

૧. કૈન કાઅની લડાઇ હિ. સં. ૨માં થઈ હતી અને ઉહદની લડાઈ હિ. સં. ૩માં થઈ હતી. તેથી યહુદીઓએ મુસલમાનોના પરાજયનો ફાયદો ઉઠાવ્યો હતો, પરંતુ બદ્રની ફત્તેહે તેમને ચોંકાવી મૂકયા હતા, તેથી તેમનું જોર વધી જતું કચડી નાખવાને તેમણે માથું ઉઠાવ્યું.



બીજા યહુદીઓએ એ મુસલમાનને મારી નાખ્યો. આ બનાવે એક હુલ્લડનું રૂપ ધારણ કર્યું. મુસલમાનોએ પહેલાં તો એ લોકોને બહુ સમજાવ્યા પણ એ લોકોને પોતાનાં હથિયાર અને કિલ્લાઓનું એટલું બધું ગુમાન હતું કે તેઓ સુલેહ કરવા માટે તૈયાર થયા નહીં. આથી મુસલમાનોએ એને પૂરેપૂરું પાકી ગયેલું ગૂમડું સમજીને વહેલી તકે એનો નિકાલ લાવવો જરૂરી માન્યો.

લડાઈની જાહેરાત થઈ. બની કૈન કાએ પોતાનો કિલ્લો બંધ કરી દઈને એનો સામનો કર્યો. મુસલમાનોએ એ કિલ્લાને ઘેરો ઘાલી દીધો. પંદર દિવસ સુધી ઘેરો ચાલ્યો. મુસલમાનોની આ બહાદુરી જોઈને કિલ્લાવાળા ગભરાયા અને છેવટે એ વાત પર આવ્યા કે રસૂલુલ્લાહ સલઅમ જે ફેંસલો કરે તે અમારે કબૂલ છે. એ લોકોના સાથીદાર અબ્દુલ્લા બિન ઉબૈએ આવીને હઝરત સલઅમને અરજ કરી કે "એ લોકોને અહીંથી કાઢી મૂકવામાં આવે એટલી સજા જ એમને માટે બહુ છે." રસૂલુલ્લાહે આ માંગણી મંજૂર કરી અને બની કૈન કાએ પણ આ માની લીધું અને પોતાની બધી જમીન અને મિલકત છોડીને એ સિરિયાના મુલકમાં ચાલી ગયો.

**મુસલમાન પ્રચારકોની કતલ**

હઝરત સલઅમ ધર્મનો પયગામ લઈને આવ્યા હતા. એને માટે લડાઈટંટા તથા કતલની કંઈ જરૂર ન હતી. પણ અહીં સુધી જે હાલત વાંચતા આવ્યા તે પરથી સમજાયું હશે કે અજ્ઞાન અને નાદાન અરબો કોઈપણ રીતે મુસલમાનોને સુલેહ શાન્તિથી રહેવા દેતા નહોતા. પહેલાં તો એકલા કુરેશો સાથે જ લડાઈ હતી, પણ હવે તો આ આગ ધીરેધીરે બીજી જગ્યાઓમાં પણ ફેલાતી જતી હતી અને નજદ ( અરબસ્તાનનો એક પ્રાંત ) સુધી પહોંચી ગઈ હતી. ભયમાં ઘેરાયેલા હોવા છતાં જ્યાંસુધી બની શકે ત્યાંસુધી મુસલમાનો પોતાના ધર્મનો ફેલાવો અને ઇસ્લામની ફતેહ કરતા જતા હતા. હાલમાં એ ધર્મ યમનના કિનારે ( અરબનો પ્રાંત ) અને બહેરીન ટાપુ ( પર્શિયન અખાતમાં ) સુધી છાની છાની રીતે પહોંચી ગયો હતો.

સફર હિ. સં. ૪માં કિલાબ કબીલાના એક સરદારે આવીને કહ્યું કે "મારી સાથે થોડા મુસલમાન પ્રચારકોને અમારી કોમમાં ઇસ્લામ ફેલાવવા માટે અને લોકોને મુસલમાન બનાવવા માટે મોકલવામાં આવે તો સારું." હઝરત રસૂલે કહ્યું કે "મને નજ્દ તરફની બીક છે." એણે કહ્યું કે "હું એનો જામીન થાઉં છું." એના પર વિશ્વાસ રાખીને હઝરત રસૂલે ૭૦ અનસારી પ્રચારકો અને વિદ્વાનોને એની સાથે મોકલ્યા. બની સલીમના ઇલાકામાં મઊના નામની કૂઈની પાસે પહોંચીને આ નાનકડી ટુકડીએ પડાવ નાખ્યો. આ લોકોનું ધ્યેય શાન્તિ અને સલામતીનો પ્રચાર કરવા સિવાય બીજું કંઈ જ ન હતું. એની પાસે રહેતા એક અમિર બિન તુફૈલે આવીને આમાંના એકના સિવાય બીજા બધાને ઘેરી લીધા અને એમની કતલ કરી નાખી. જે બાકી રહી ગયો તેનું નામ ઉમર બિન ઉમૈયા હતું. તેણે મદીના આવીને પોતાના સાથીઓ પરના જુલમની વાત બધાને કહી સંભળાવી.

આ જ દિવસોમાં અઝલ અને કારહના કેટલાક લોકો હઝરત રસૂલની પાસે આવ્યા અને કહ્યું કે અમારા કબીલાએ ઇસ્લામ ધર્મ સ્વીકારી લીધો છે; આથી અમારે ત્યાં આવીને ઇસ્લામની વાતો સમજાવે એવા થોડા મુસલમાનો અમારી સાથે મોકલો.

રસૂલુલ્લાહે એની સાથે દસ માણસો મોકલ્યા. જ્યારે આ નાનો કાફલો રજીઈના મુકામે પહોંચ્યો ત્યારે આ જુલ્મીઓએ ફરી પાછો વચનભંગ કર્યો. બની લહયાનના બસો તીરંદાજોએ આ લોકોને ઘેરી લીધા. આ થોડા અમથા મુસલમાનો એક ટેકરી પર ચડી ગયા અને બે સિવાયના બધા ખુદાની રાહમાં માર્યા ગયા. જે બે બચી ગયા તેઓનાં નામ ખુબૈબ અને ઝૈદ હતાં. એ બેને પકડીને મક્કા લઈ જઈ કુરેશના હાથમાં વેચી દીધા. ખુબૈબે ઉહદની લડાઈમાં હારસ બિન આમિરને માર્યો હતો, આથી હારસના છોકરાએ એને ખરીદી લીધો અને પોતાના બાપનો બદલો વાળવા માટે એને શૂળીએ ચડાવીને મારી નાખ્યો. શૂળી પર ચડતાં પહેલાં એણે એના કાતીલ પાસે બે રકાત નમાજ પઢવાની રજા માંગી. એણે રજા આપી એટલે એણે બે રકાત નમાજ અદા કરી. અને ત્યારથી



આ મુસલમાન શહીદોનો રિવાજ જ થઈ ગયો. શૂળી પર ચડતી વખતે નીચેનું કાવ્ય એની જબાન પર હતું:

"જ્યારે હું ઇસ્લામની રાહમાં મરાઉં છું ત્યારે મને કશી જ પરવા નથી કે મને કઈ રીતે મારવામાં આવે છે."

ઝૈદને એક બીજા કુરેશે મક્કાના તમાશો જોનારાઓની સામે એની કતલનો રંગીન તમાશો બતાવવા માટે ખરીદી લીધો. જ્યારે કાતિલ તલવાર લઈને આગળ આવ્યો ત્યારે અબુ સુફિયાને એને પૂછ્યું કે "સાચું કહેજે આ વખતે તારે બદલે મહમ્મદ સલઅમને કતલ કરવામાં આવે તો તને વધારે ખુશી ન થાય?" તેઓએ કહ્યું કે "ખુદાની કસમ, રસૂલુલ્લાહના તળિયાને કાંટાથી બચાવવામાં પણ મારી જાન કામ આવે તો હું મને ખુશ-કિસ્મત સમજું." આ વાક્ય નીકળતાંની સાથે જ એક તલવાર પડી અને એનું માથું ધડથી જુદું પડી ગયું. અલ્લા હો અકબર! ખુદાના બન્દા પર સચ્ચાઈની ખુમારી કેવી છવાયેલી હતી.

યહુદીઓમાં ઇબ્ને અબીલ હુકૈક નામનું ખાનદાન સૌથી વધારે પૈસાદાર હતું. મોટા મોટા યહુદી વિદ્વાનો એમને ઘેરથી આશ્રય મેળવતા હતા.

**યહુદી ખાનદાન**

ઇસ્લામની દુશ્મનીમાં આ ખાનદાનના કેટલાક નામીચા લોકો સૌથી આગળ હતા. કઅબ બિન અશરફ આ ખાનદાનનો દૌહિત્ર હતો. એનો બાપ અરબ અને મા આ ખાનદાનની યહુદી હતી. આથી યહુદીઓ અને અરબો બન્નેમાં એની લાગવગ હતી. એમની વ્યાજુ ધીરધારમાં એવો રિવાજ હતો કે તેઓ અરબોનાં બાળબચ્ચાં અને સ્ત્રીઓને પણ કરજના બદલામાં ગીરો રાખતા હતા. બદ્રના બનાવ પછી એને બહુ દુઃખ થયું. તે કવિ પણ હતો. એણે આ બનાવ પર એક ખૂબ અસરકારક કવિતા લખી અને એ જાતે મક્કા જઈને કુરેશના સરદારોને મળ્યો અને એમને બદ્રનું વેર લેવા માટે ઉશ્કેર્યા. મદીના પાછા આવીને એણે આબરૂદાર અનસારી સ્ત્રીઓનાં નામ લઈ લઈને એમના ઇશ્કની વાતો કવિતાઓમાં ગાવી શરૂ કરી. આથી અનસારીઓને બહુ ગુસ્સો આવ્યો અને છેવટે

એક મહમ્મદ બિન સલ્મા નામના અનસારીએ એને મારી નાખ્યો. આ રબીઉલઅવ્વલના હિ. સ. ૩નો બનાવ છે. નઝીર કબીલાના અબુ રાફા સલ્લામ બિન ઇબ્નુલ હુકૈક, કનાના ઇબ્નુરરબી તથા હુયૈ બિન અખ્તબ નામના યહુદના બીજા જાણીતા લોકો પણ ઇસ્લામના દુશ્મન હતા.

બનુ નઝીર યહુદીઓનો એક બીજો તાકાતવાન કબીલો હતો. એણે કુરેશોની સાથે મળીને જાળ બિછાવવી શરૂ કરી અને એમને મદીનાના કમજોર ભાગોની ખબરો આપવા માંડી. નઝીર અને મુસલમાનો વચ્ચે એવું કરારનામું થયું હતું કે જો કોઈ મુસલમાન અથવા તો કોઈ બની નઝીરના માણસને હાથે કોઈનું ખૂન થાય તો તેઓ બન્ને મળીને એના ખૂનના બદલાના પૈસા આપવા બંધાયેલા હતા. લડાઈની કોઈ ભૂલને કારણે મુસલમાનને હાથે આમિર કુટુમ્બના બે માણસો એકાએક મરાયા. જે મરાયા તે લોકોને રસૂલુલ્લાહ સલઅમે અભયદાન–રક્ષણનામું આપ્યું હતું અને આથી મુસલમાનોની ફરજ હતી કે તેઓ એનો ખૂનબહા–ખૂનને બદલે પૈસા–આપે. બની નઝીર સાથે થયેલા કરારનામા મુજબ મુસલમાનોની ઇચ્છા હતી કે એ લોકો પણ આ ખૂનબહા આપવામાં એમને સાથ આપે. અને આથી રસૂલુલ્લાહ સલઅમ એકલા જ એમના મહોલ્લામાં ગયા. બહારથી તો એ લોકોએ રાજીખુશી બતાવી અને એમાં ભાગ લેવાની પણ હા પાડી; પણ એ લોકોનો અંદરથી એવો ઇરાદો હતો કે રસૂલુલ્લાહ સલઅમ જે ભીંતની નીચે ઊભા હતા તે પરથી એક મોટો પથ્થર ગબડાવી તેઓને મારી નાખવા. રસૂલુલ્લાહ સલઅમ આ સમજી ગયા તેથી ત્યાંથી સીધા મદીના આવતા રહ્યા.

બનુ નઝીરે હઝરત રસૂલને કહેવડાવ્યું કે તમે ત્રીસ માણસોને લઈને આવો અને અમે પણ અમારા વિદ્વાનોને લઈને આવીશું. જો તેઓ તમારી વાત માની લેશે તો પછી અમારે કંઈ વાંધો નથી. પણ હઝરત રસૂલે જવાબ આપ્યો કે "જ્યાંસુધી તમે એક વચનનામું નહિ લખી આપો ત્યાંસુધી અમને તમારા પર વિશ્વાસ નથી." પણ તેઓએ આ માન્યું નહીં. યહુદીઓના એક ત્રીજા બની કુરૈઝા નામના ખાનદાનને પણ હઝરત રસૂલે ફરીવાર નવું



વચનનામું લખી આપવાનું કહેણ મોકલ્યું અને એણે એ કબૂલ કર્યું. આથી બની નઝીરે પણ કહેવડાવ્યું કે અમને આ કબૂલ છે અને તમે તમારા ત્રણ માણસોને લઈને અમારે ત્યાં આવો. હઝરત રસૂલે તે કબૂલ કર્યું, પણ રસ્તામાં જ એમને ખબર મળ્યા કે યહુદીઓ, આ લોકો આવે કે તરત જ એમને ખતમ કરી નાખવા માટે તલવારો બાંધીને તૈયાર થઈ ઊભા છે. આથી તેઓ પાછા જતા રહ્યા.

બની નઝીર મોટા મોટા કિલ્લાઓના માલિક હતા અને એનું એમને ખૂબ અભિમાન હતું. મદીનાના મુનાફીકો પણ એમને ઉશ્કેરતા હતા અને કહેવડાવતા હતા કે "તમારે દબાઈ જવું નહિ. બની કુરૈઝા પણ તમને સાથ આપશે. અને અમે પણ બે હજાર માણસોના લશ્કર સાથે તૈયાર છીએ."

મુસલમાનોને આ હાલતની ખબર પડી એટલે તેઓ પહેલેથી જ આનો બંદોબસ્ત કરી નાખવા આગળ વધ્યા અને બની નઝીરના કિલ્લાને ઘેરી લીધો. ઘેરો પંદર દિવસ સુધી ચાલ્યો. આખરે એવી શરત કરવામાં આવી કે એ લોકો ઊંટ પર લઈ જઈ શકે એટલો સામાન લઈને મદીનાની બહાર ચાલ્યા જાય. આથી તેઓ બધા પોતાનાં ઘરોને છોડીને અને સામાનને લઈને બહાર ચાલ્યા ગયા. આમાંથી એમના આબરૂદાર સરદારો અબુ રાફા સલ્લામ બિન ઇબ્નુલ હુકૈક, કનાના ઇબ્નુર રબી અને હુયૈ બિન અખ્તબ ખૈબર ચાલ્યા ગયા.

# ખન્દકની લડાઈ

ઝીકાદ હિ.સ. ૫

બનુ નઝીર મદીનાથી નીકળ્યા તો ખરા પણ એમણે ખૈબર પહોંચીને આખા અરબમાં ખટપટની જાળ બિછાવી દીધી. એમના સરદારોએ મક્કા જઈને કુરેશના લોકોને તૈયાર કર્યા. ગતફાન કબીલાને ખૈબરની અડધી પેદાશ આપવાની લાલચ આપીને પોતાની સાથે મેળવી દીધા. બની અસદ પણ એમના સાથીદાર હતા. આમ બધી મળીને ૨૪ હજારની જંગી ફોજ મદીના તરફ રવાના થઈ.

હઝરત સલઅમને આ ખબર મળી ત્યારે એમણે મુસલમાનો સાથે સલાહ મસલત કરવા માંડી. મુસલમાનોને ઉહદની લડાઈનો અનુભવ થઈ ચૂક્યો હતો. હઝરત સલમાન ફારસી ઈરાનના હતા અને તેથી ઈરાનની લડવાની રીત જાણતા હતા. એમણે એવો અભિપ્રાય આપ્યો કે શહેરની ત્રણ બાજૂઓ તો મકાનો અને ખજૂરોનાં ઝૂંડોથી ઘેરાયેલી છે. ફક્ત એક જ બાજૂ ખુલ્લી છે. એ ખુલ્લી બાજૂ જો ખાડો ખોદી લેવામાં આવે તો પછી એ દિશામાંથી પણ દુશ્મનો શહેરમાં દાખલ થઈ શકે નહીં. આ સૂચના દરેકે કબૂલ રાખી. હઝરત સલઅમ ત્રણ હજાર મુસલમાનો સાથે બહાર નીકળ્યા અને ખાઈ ખોદવાની શરૂઆત કરી દીધી. ત્રણ હજાર જોરાવર હાથોએ વીસ દિવસમાં આ કામ પૂરું કરી નાખ્યું. આ કામમાં ખુદાના રસૂલે જાતે પણ એક મામૂલી મજૂરની જેમ કામ કર્યું. કોઈ કોઈ દિવસ અપવાસ પણ કરવો પડતો હતો છતાં ઇસ્લામને ચાહનારાઓનો જોશ ઠંડો પડતો નહતો. હાથોથી માટી ખોદતા હતા અને પીઠ પર લાદી લાદીને એને બહાર ફેંકતા હતા અને સૂરમાં સૂર મિલાવીને નીચેનું ગાયન ગાતા હતા:

"અમે એ માણસો છીએ કે જેણે મહમ્મદ સલઅમના હાથે ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો છે. જ્યાંસુધી જાનમાં જાન છે ત્યાંસુધી અમે



ખુદાની રાહમાં લડતા રહીશું."

દુશ્મનો હવે પાસે આવી પહોંચ્યા હતા. એમના પાસે આવવાના ખબર સાંભળીને બીકણ મુનાફીકોના હોશ ઊડી જતા હતા. તેઓ નાનાં નાનાં બહાનાં કાઢીને પોતાને ઘેર જતા રહેતા હતા. યહુદીઓનું એક ત્રીજું બનુ કુરૈઝાનું ખાનદાન હવે મદીનાની પાસે રહેતું હતું. એ લોકોની દાનત સાફ નહોતી, એટલે બસો માણસોની એક ટુકડીને ફક્ત એમની દેખભાલ રાખવા માટે જ અલગ મૂકી દેવામાં આવી હતી.

બનુ કુરૈઝા અત્યાર સુધી ખુલ્લી રીતે સામે નહોતા પડ્યા. બની નઝીરનો યહુદી સરદાર હુયૈ બિન અખ્તબ ખૈબરથી દુશ્મનોની ફોજની સાથે અહીં આવ્યો હતો. બનુ કુરૈઝાનો સરદાર મુસલમાનો સાથેનું કારારનામું એટલા માટે નહોતો તોડતો કે આ બહારથી આવેલા લોકો તો ચાલ્યા જાય અને પછી એને એકલાને મુસલમાનો સાથે લડવું પડે. પણ હુયૈ બિન અખ્તબે એને એવું કહીને પોતાની સાથે મેળવી લીધો કે "હું આ વખતે બધાય અરબોને મહમ્મદની વિરુદ્ધ કરીને લઈ આવ્યો છું. મુસલમાનોની તાકાતને હંમેશને માટે ખતમ કરી નાખવાનો આથી વધારે સારો મોકો ફરી મળવાનો નથી." આ દલીલથી લાચાર થઈને તે પણ દુશ્મનો સાથે ભળી ગયો. અને હુયૈએ એને ખાત્રી આપી કે જો કદાચ કુરેશ અને ગતફાન તમને એકલા છોડીને ચાલ્યા જશે તોપણ હું તમને સાથ આપીશ.

દુશ્મનો વીસ દિવસ સુધી મદીનાને ઘેરો ઘાલીને પડી રહ્યા, પણ શહેર પર હુમલો કરવાનો કોઈ રસ્તો એમને મળતો નહોતો. એક જગ્યાએ ખાઈની પહોળાઈ જરા ઓછી હતી. એક દિવસ એ લોકોએ ખૂબ તૈયારી કરીને એ રસ્તે હુમલો કરવાનો વિચાર કર્યો. ઉમર બિન વુદ જે કુરેશનો સૌથી બહાદુર લડવૈયો હતો તે ઘોડો કુદાવીને આ પાર આવતો રહ્યો. આ બાજૂથી ઝુલફિકારવાળો (અલીનો) હાથ ઊંચો થયો અને એક જ ઝટકામાં એ તલવાર ખભા સુધી ઊતરી આવી. હઝરત અલીએ અલ્લાહો અકબરનો પુકાર કર્યો અને ફતેહ જાહેર કરવામાં આવી.

હુમલાનો આ દિવસ બહુ સખત ગયો. દુશ્મનો બધી બાજૂએથી તીર અને પથ્થર વરસાવી રહ્યા હતા. મુસલમાન સ્ત્રીઓને જે કિલ્લામાં સુરક્ષિત રાખવામાં આવી હતી એ કિલ્લો બનુ કુરૈઝાની પાસે હતો. એણે જોયું કે મુસલમાનો તો તે તરફ ફસેલા છે તેથી આ બાજૂથી આ ખાલી કિલ્લાનો કબજો કરી લેવામાં આવે તો સારું. એક યહુદી કિલ્લાના દરવાજા સુધી પહોંચી ગયો. ત્યાં હઝરત ઝુબૈરની મા અને હઝરત સલઅમની ફોઈ સફિય્યાએ આગળ વધીને એને પૂરો કરી નાખ્યો, અને એનું માથું કાપી લઈને મેદાનમાં ફેંકી દીધું. આ જોઈને બની કુરૈઝા સમજ્યા કે કિલ્લામાં પણ થોડી ફોજ રાખેલી છે. તેથી એ બાજૂ હિમ્મત કરવી છોડી દીધી.

ઘેરો જેમ જેમ લંબાતો જતો હતો તેમ તેમ દુશ્મનના સંયુકત મોરચામાં ભંગાણ પડતું જતું હતું. ગતફાન કબીલો તો મદીનાનો પાક વર્ષે દહાડે અપાય એ શરતે પાછો ફરવા તૈયાર હતો. આમાંનો એક સરદાર છૂપી રીતે મુસલમાન થઈ ચૂકયો હતો પણ એ વાતની હજી બધાને ખબર ન હતી. એણે કુરેશ અને યહુદીઓને જુદી જુદી એવી વાતો કરી કે જેથી એ બન્ને વચ્ચે ફૂટ પડી ગઈ. ખુદાનું કરવું કે આ દિવસોમાં જ એક રાતે એવી સખત આંધી ચડી આવી કે દુશ્મનોના તંબૂઓ ઊખડી ગયા. ખાવાની હાંડી ચૂલાઓ પર જ ઊંધી વળી ગઈ. ઠંડીના દિવસોમાં હવાની આ તેજ આંધીએ દુશ્મનોનાં દિલને કંપાવી દીધાં.

આ બધી વાતોએ ભેગા થઈ એકઠી થયેલી ફોજોના પગ ઉખેડી નાખ્યા. બની કુરૈઝા આ લોકોનો સાથ છોડીને પોતાના કિલ્લામાં ભરાઇ ગયો. ગતફાન પણ રવાના થઈ ગયો. આ જોઇને કુરેશ પણ ઘેરો છોડીને ચાલ્યા ગયા. મદીનાનું ક્ષિતિજ ૨૦-૨૨ દિવસ સુધી ધૂળથી ઢંકાયેલું રહી સાફ બની ગયું.

બની કુરૈઝાએ આવા નાજુક વખતમાં મુસલમાનો સાથે જે વચનભંગ કર્યો તે માફ કરવાને લાયક ન હતો. હુયૈ બિન અખ્તબ અરબોના આ સંગઠિત ઝઘડાનું કારણ હતો. બની કુરૈઝાને



**કુરૈઝા ખાનદાનનો નાશ**

એણે સાથે રહેવાની ખાત્રી આપી હતી. આથી હઝરત સલઅમે એ સંગઠિત ફોજ વિખેરાઇ ગઈ કે તરત જ બનુ કુરૈઝાનો પીછો પકડયો. એ લોકોએ કિલ્લો બંધ કરી દીધો. મુસલમાનો એક મહિના સુધી એને ઘેરો ઘાલીને પડયા રહ્યા. આખરે એમણે એવી દરખાસ્ત મૂકી કે આ મામલો એમના સાથી કબીલા ઔસના મુસલમાન સરદાર સઅદ બિન મુઆઝને સુપર્દ કરવામાં આવે અને એ જે ફેંસલો કરશે તે અમે ખુશીથી મંજૂર રાખીશું. સઅદ બિન મુઆઝ ખન્દકની લડાઈમાં એક તીરથી જખમી થઈને પડયા હતા, છતાં પણ તેઓ આવ્યા. કબીલાના લોકો એમ ઇચ્છતા હતા કે એમની ભૂલ માફ કરવામાં આવે. પણ સઅદે ન માન્યું અને એવો ફેંસલો આપ્યો કે આમાં જે લડી શકે એવા હોય તેમની કતલ કરવામાં આવે, અને સ્ત્રીઓ તથા બાળકોને કેદ કરવામાં આવે, અને એમની માલમિલકત મુસલમાનોમાં વહેંચી દેવામાં આવે. આ ફેંસલાનો અમલ કરવામાં આવ્યો. અને યહુદીઓના આ ત્રીજા કબીલાનો પણ નાશ થઈ ગયો. અને આ માલદારોની જમીન અને મિલકત મહેનત મજૂરી કરવાવાળા ગરીબ મુસલમાનોમાં વહેંચી દેવામાં આવી.

# ઇસ્લામના કાનૂનો

**ઇસ્લામ** જે દિવસથી ધર્મ બનીને આવ્યો તે જ દિવસથી તે સલ્તનત પણ હતો. દીન અને દુનિયા અલગ અલગ છે એવું એની તાલીમમાં નથી. ખુદા અને એની ખલ્કની જે ફરજો આપણી પર છે તેનું ખૂબીની સાથે દુનિયાની જિન્દગીમાં પાલન કરવું તેનું નામ જ ધર્મ છે, તેથી હકૂમત અને સલ્તનત એ ધર્મથી કોઈ અલગ ચીજ નથી. મદીના જે ઇસ્લામનું કેન્દ્ર હતું તે હવે રાજકીય કૌવતનું પણ કેંદ્ર બનતું જતું હતું. ઇસ્લામ જ્યાંસુધી ફેલાયો હતો ત્યાંસુધી એની હકૂમત પણ ફેલાઇને શાન્તિ અને વિશ્વાસનો દોર કાયમ કરતી હતી. ચોરીઓ બંધ થઇ જતી હતી, લૂંટ બંધ થઈ જતી હતી, વ્યભિચાર બંધ થઈ જતો હતો અને અરબોની અવ્યવસ્થિત જિન્દગીની જગ્યાએ ઇસ્લામની વ્યવસ્થિત જિન્દગી શરૂ થઈ જતી હતી.

ઇમામ ( નમાજ પઢાવનાર ) મુઅઝીન ( અઝાં દેનાર—નમાજ પઢતાં પહેલાં બધાંને ભેગા કરવા માટે " અલ્લા હો અકબર " પુકારનાર ), મુહસ્સિલ ( મહેસૂલ યા તો બીજા કર ભેગા કરનાર ), કાઝી ( ન્યાયાધીશ ) એ બધા હોદ્દા નક્કી કરવાની શરૂઆત કરવામાં આવી અને બધાયની ઉપર એક સાથે ઇસ્લામની હકૂમત ફેલાવી શરૂ થઈ.

ઇસ્લામે શરૂશરૂમાં તો ફક્ત લોકો ધર્મમાં પૂરેપૂરી શ્રદ્ધા રાખતા થાય એવી જ ચળવળ ઉપાડી. એમનું આ ધ્યેય પૂરું થયું તે પછી એમણે ખુદાની બંદગી અને એના હુકમનું પાલન કરવાનો પાઠ શીખવવા માંડયો. આ બધી વાતો પણ લોકોમાં બરાબર પચી ગઇ ત્યાર પછી ઇસ્લામના કાનૂનોની શરૂઆત કરવામાં આવી.

આની પહેલાં તો એ સ્થિતિ હતી કે બાપ મુસ્લિમ તો બેટો ગેરમુસ્લિમ. મા મુસ્લિમ તો બેટી ગેરમુસ્લિમ. ખાવિંદ મુસ્લિમ થયેલો પણ ઓરત તો ગેરમુસ્લિમ જ. બદ્રની લડાઇ પછી મુસલમાનોમાં વિશ્વાસ અને સલામતી પેદા થવા લાગ્યાં. વળી લડાઇઓને કારણે મરનારની સંખ્યા



પણ વધી હશે. આથી હિ. સ. ૩ માં વારસાહકનો કાયદો થયો. અરબોમાં છોકરીઓ મિલકતનો ભાગ મેળવવા હકદાર ન હતી. ઇસ્લામે એમને પણ એમનો સાચો હક આપી દીધો. અત્યાર સુધી ગેરમુસલમાન સ્ત્રીઓ સાથે મુસલમાન લગ્ન કરતા હતા, પણ હવે એવું નક્કી કરવામાં આવ્યું કે પોતાની જિન્દગી સુખી બનાવવા માટે તેઓ મુસલમાન સ્ત્રીઓ સાથે જ લગ્ન કરી શકે.

વ્યભિચારને રોકવા માટે ગુનેગારને પથ્થરથી મારી નાખવાનો હુકમ તૌરાતમાં હતો તે હિ. સ. ૪ માં ફરીથી શરૂ કરવામાં આવ્યો. કેટલાક લોકો કહે છે કે શરાબ પીવો અને પિવડાવવો એની પણ આ જ સાલમાં મના કરવામાં આવી.

અરબોમાં દત્તક પુત્ર લેવાનો રિવાજ હતો. એને " મુતબન્ના " કહેવામાં આવે છે. એની સાથે ખરા પુત્રના જેવો જ વ્યવહાર રાખવામાં આવતો હતો અને એમની પત્નીઓને પણ સાચી પુત્રવધૂ ગણવામાં આવતી હતી.

હિ. સ. ૫ માં ઇસ્લામે આ જૂના રિવાજનો નાશ કરી નાખ્યો. અજ્ઞાનના વખતમાં સ્ત્રીઓ બનીઠનીને મેળા અને મરદોની મિજલસમાં કશા ય રોકાણ વગર આવ જા કરતી હતી, આથી સામાજિક જિન્દગીની બદનામી થતી હતી. ઇસ્લામે હિ. સ. ૫ માં આ બધી વાતોમાં સારી રીતે સુધારા કરી દીધા, કે ઓરત ઘરની બહાર નીકળે ત્યારે તેણે એક મોટી ચાદર ઓઢી લેવી અને છાતી ઉપર છેડો નાખવો, છમછમ બોલે એવા ઘૂઘરા અને ઘરેણાં પહેરીને ધમકારાબંધ ચાલવું નહીં; પુરુષોની સાથે નખરાં કરીને વાતો ન કરવી. કુંવારાઓ વ્યભિચાર કરે તો એને સો ફટકા મારવાની સજા નક્કી કરવામાં આવી અને છૂટાછેડામાં અમુક સુધારા કરવામાં આવ્યા.

થોડાંક વર્ષો પહેલાં ઇસ્લામના રસ્તામાં મુશ્કેલીઓના પહાડ પડેલા હતા. પણ હવે હઝરત સલઅમના ચમત્કાર, ચાલ ચલગત અને હિકમતથી અને મુસલમાનોની સચ્ચાઈ, કુરબાની,

**ઈસ્લામના માર્ગમાં બે રોકાણ**

અને પ્રયત્નોથી એક પછી એક બધી મુશ્કેલીઓ દૂર થઈ ગઈ. હવે ઈસ્લામની પ્રગતિમાં ફક્ત બે જ રુકાવટ બાકી રહી ગઈ: એક તો મક્કાના મુશરિકો ( એકથી વધારે ખુદાને માનનારા ) અને બીજા ખૈબરના યહુદીઓ. મક્કાના મુશરિકો પાસેથી તો હઝરત રસૂલ ફક્ત એટલું જ ઇચ્છતા હતા કે તેઓ ઈસ્લામની પ્રગતિને શાન્તિથી આગળ વધવા દે અને જે લોકો ખુશીથી આ ધર્મમાં આવવા ઇચ્છે છે એમને એની તક આપવામાં આવે; મક્કામાં જે ગરીબ અને કમજોર મુસલમાનો, બાળકો, સ્ત્રીઓ અને નિરાધાર મુસલમાનોને નજરબંધ કરવામાં આવ્યા છે તેમને મદીના આવવા દેવામાં આવે અને એમને કાબાની પ્રદક્ષિણા તથા હજ કરવાની છૂટ આપવામાં આવે.

ખૈબરના યહુદીઓ પાસેથી હઝરત રસૂલ એટલું ઇચ્છતા હતા કે તેઓ ઇસ્લામ ધર્મમાં ભળવા ન ઇચ્છતા હોય તો કંઈ નહીં, પણ તેઓ એની રાજકીય તાકાતની સામે પોતાનું માથું ઝુકાવી દે કે જેથી આખો દેશ એક સત્તા નીચે આવી જાય.

## હુદૈબિયાની સુલેહ

**મુસલમાનોની** એક મોટી ઇચ્છા એ હતી કે તેઓ મક્કા જઈ કાબાની પ્રદક્ષિણા કરે અને એનાં દર્શન કરીને પોતાની આંખો ઠારે, કેમકે એનાં દર્શનથી તેઓ ઘણાં વરસ થયા વંચિત હતા.

**ઝીકાદ હિ. સ. ૬.**

રસૂલુલ્લાહ ૧૪૦૦ મુસલમાનોને સાથે લઈને મક્કા તરફ રવાના થયા. એમનો લડાઈ કરવાનો જરાપણ ઇરાદો ન હતો. આથી ખાસ મનાઈ કરવામાં આવી હતી કે તલવાર સિવાય બીજું એકપણ હથિયાર સાથે રાખવું નહીં અને તલવારને પણ મ્યાનમાં જ રાખવી. સાથે કુરબાનીનાં ઊંટો હતાં. અને અરબનું એક એક છોકરું પણ જાણતું હતું કે આવા ધ્યેયથી કરવામાં આવતી સફરમાં લડવું તો શું પણ તલવાર ઉઠાવવી એ પણ હરામ છે.

જ્યારે બધા મક્કાની પાસે પહોંચ્યા ત્યારે એક કાસિદને મક્કાની હાલત જોવા માટે આગળ મોકલવામાં આવ્યો. એ ખબર લાવ્યો કે કુરેશો એક મોટા જથ્થા સાથે મુસલમાનોને રોકવા માટે આગળ વધી રહ્યા છે. આ લોકો રસ્તો બદલીને હુદૈબિયાના મુકામે પહોંચી ગયા અને ત્યાંથી એક એલચીને એવો પયગામ આપીને મોકલ્યો કે " અમે તો ફક્ત એક નાનકડી હજ (ઉમરા) કરવા માટે આવીએ છીએ; લડવાનો અમારો જરા ય ઇરાદો નથી. અને વધારે સારું તો એ છે કે કુરેશો થોડી મુદતને માટે અમારી સાથે સુલેહનામું કરી લે અને મને અરબોના હાથમાં છોડી દે."

એલચીએ જઈને કુરેશના સરદારને આ સંદેશો કહી સંભળાવ્યો. ઉરવહ બિન મસઊદ સકાફી એક નેકદિલ સરદાર હતો. એણે કુરેશને જઈને કહ્યું કે "તમને મારી ઉપર જરાય અવિશ્વાસ તો નથીને ?" કુરેશે કહ્યું "ના". ત્યારે એણે કહ્યું કે "મને રજા આપો તો હું હઝરત મહમ્મદની પાસે જઈને તેમને મળી આ કરારનામું નક્કી કરી આવું." કુરેશોએ રજા આપી અને તે હઝરતની ખિદમતમાં હાજર થયો અને કુરેશનો પયગામ કહી સંભળાવ્યો.

ઉરવહે ત્યાં પહોંચીને મુસલમાનોના આત્માનું પરિવર્તન જોયું અને રસૂલુલ્લાહ સલઅમ પરનો એમનો આશ્ચર્યજનક વિશ્વાસ જોઇને એના દિલ પર એની ખૂબ અસર થઈ. એણે જઈને કુરેશને કહ્યું કે "મેં કૈસર કિસરા—ઈરાનના બાદશાહ અને નજ્જાશી—એબિસિનિયાના બાદશાહ—ના દરબાર જોયા છે પણ વિશ્વાસ અને મહોબ્બતની આવી તસ્વીર મેં કયાંય ન જોઈ. મહમ્મદ વાત કરે છે ત્યારે ચારે બાજૂ શાન્તિ છવાઈ જાય છે. કોઈ અદબથી નજર ઊંચી કરીને પણ એમની સામે જોતું નથી. વઝુ [ નમાઝ પઢતાં પહેલાં હાથ પગ ધોવામાં આવે છે તે ] કરતી વખતે જે પાણીનાં ટીપાં નીચે પડે છે તેને અકીદતમન્દ—વિશ્વાસી લોકો ઝીલી લઈને હાથ અને ચહેરા પર લગાડે છે."

આટલું થયા છતાંય આ વાત પૂરી ન થઈ. રસૂલે ફરી એક એલચીને મોકલ્યો. કુરેશે એની પર હુમલો કર્યો પણ એ એમાંથી બચીને ભાગી ગયો. કુરેશે લડવા માટે એક ટુકડીને આગળ મોકલી. મુસલમાનોએ એને પકડી લીધી. પણ હઝરત સલઅમે એને છોડી દીધી અને એને માફી આપી અને ફરી હઝરત ઉસમાનને એલચી તરીકે મક્કા મોકલ્યા. તે પોતાના એક દોસ્તના રક્ષણ નીચે મક્કા ગયા અને હઝરત સલઅમને પયગામ કહી સંભળાવ્યો. કુરેશે એમને કેદ કરી લીધા. મુસલમાનોને એવી ખબર મળી કે હઝરત ઉસમાન શહીદ થઈ ગયા. આથી મુસલમાનોમાં ખૂબ જોશ પેદા થઈ ગયું. રસૂલુલ્લાહે ફરમાવ્યું કે ઉસમાનના ખૂનનો બદલો લેવો એ આપણી ફરજ છે. આટલું કહીને તેઓ એક ઝાડ નીચે બેસી ગયા અને સહાબીઓ પાસેથી વફાદારીનું વચન લીધું. આને "બૈયતે રિઝવાન" કહેવામાં આવે છે, એટલે કે "ખુદાની ખુશીનું વચન." કુરાનમાં પણ આનું વર્ણન આવે છે.

પછીથી ખબર મળ્યા કે હઝરત ઉસમાનના મૃત્યુની વાત સાચી નથી. પરન્તુ મુસલમાનોના આ જોશ અને સચ્ચાઈની એ અસર થઈ કે કુરેશો હિમ્મત હારી ગયા. એમણે પણ પોતાનો એક એલચી હઝરત સલઅમની પાસે મોકલ્યો અને પહેલી શરત એ મૂકી કે મુસલમાનો આ



વર્ષે તો એમ ને એમ ચાલ્યા જાય અને આવતે વર્ષે આવે અને તે વખતે પણ ત્રણ દિવસ રહીને પાછા ચાલ્યા જાય. થોડાક સુધારાવધારા પછી એ નક્કી થયું કે દસ વર્ષ સુધી લડાઈ મોકુફ રાખવી. નીચેની શરતો મંજૂર થઈ:

(૧) મુસલમાનો આ વર્ષે તો પાછા ચાલ્યા જાય અને આવતે વર્ષે ત્રણ દિવસને માટે આવે.

(૨) તેઓ આવે તે વખતે તલવાર સિવાય બીજું કોઈ હથિયાર સાથે ન લાવે અને તલવાર પણ મ્યાનમાં રાખેલી હોય.

(૩) પાછા જતી વખતે મક્કામાં જે મુસલમાનો રહી ગયા છે તેમને સાથે ન લઈ જાય.

(૪) કુરેશમાંથી કોઈ મુસલમાન બનીને મદીના આવતો રહે તો એને પાછો મોકલી દેવામાં આવે. પણ જો કોઈ મુસલમાન મદીના છોડીને મક્કા જતો રહે તો એને પાછો મોકલવામાં આવે નહીં.

(૫) અરબ કબીલામાંથી જેની ઇચ્છા હોય તે આ કરારનામામાં શામિલ થાય.

આ કરાર થયા પછી મુસલમાનો મદીના પાછા ચાલ્યા ગયા.

**ઇસ્લામની જીત**

સુલેહનામાની આ શરતો આમ તો બહુ કડક હતી અને તેથી કેટલાક પૂરજોશ મુસલમાનોને આ માનવામાં જરા થડકો લાગતો હતો, પણ જ્યારે ખુદાના રસૂલ પોતે આને માન્ય કરી ચૂકયા હતા ત્યારે પછી એનો ઇનકાર કરવાની હિમ્મત કોનામાં હોય? પણ થોડા જ દિવસોમાં ખબર પડી કે આ શરતો ઇસ્લામના હકમાં બેહદ ફાયદાકારક હતી.

અત્યાર સુધી મુસલમાનો જે સિદ્ધાંતને ખાતર કુરેશો સાથે લડાઈ કરતા હતા તે એ હતો કે ઇસ્લામને પોતાનો પ્રચાર કરવાની સ્વતંત્રતા મળે અને કુરેશ એના રસ્તાની વચમાં ન આવે. કુરેશો અત્યાર સુધી આ વાત માનતા ન હતા, પણ હુદૈબિયાની સુલેહે એમની પાસે આ મનાવી દીધું અને ઇસ્લામને પોતાના પ્રચારની આઝાદીનો હક મળી ગયો.

અને આજ એની જીત હતી. અને ખુદ ખુદાએ કુરાનમાં નીચેની આયત ઉતારી:

"અમે તને ખુલ્લેખુલ્લી ફતેહ ઈનાયત કરી." હિ. સ. ૬

ઇસ્લામને પોતાની જિન્દગીના ૧૯ મા વર્ષે દુનિયાને વિશ્વાસની સાથે પોતાનો પયગામ સંભળાવવાનો મોકો મળ્યો.

**દુનિયાના બાદશાહોને ઇસ્લામનું આમંત્રણ હિ. સ. ૬**

એ જમાનામાં લોકો પોતપોતાના સરદાર અને બાદશાહોને તાબે રહેતા હતા અને તેમને જ અનુસરતા. આથી એક દિવસ હઝરત રસૂલે બધા મુસલમાનોને મસ્જિદમાં ભેગા કરીને ફરમાવ્યું કે "લોકો, ખુદાએ મને આખી દુનિયાની દયા–રહેમત–બનાવીને મોકલ્યો છે. હવે વખત આવ્યો છે, એ રહેમતને આખી દુનિયામાં વહેંચો, ઊઠો અને સચ્ચાઇનો પયગામ આખી દુનિયાને સંભળાવો."

આ પછી હઝરત રસૂલે પોતાના સાથીઓમાંથી કેટલાક હોશિયાર મુસલમાનોને ચૂંટી કાઢયા અને એમને ઇસ્લામના નિમંત્રણના કાગળો આપીને આસપાસના સરદારો અને બાદશાહોની પાસે મોકલ્યા. અરબના સરદારોને બાદ કરતાં અરબની સાથે મળેલી હોય એવી ચાર બાદશાહતો હતી હબ્શ—એબિસિનિયા, ઈરાન, રોમ અને મિસર.

હબ્શ—એબિસિનિયાના બાદશાહે ઈસ્લામ ધર્મ સ્વીકારી લીધો. ઈરાનના શહેનશાહે ગુસ્સાથી એ કાગળના ટુકડેટુકડા કરી નાખ્યા. આથી રસૂલુલ્લાહ બોલ્યા કે "અલ્લા આમ જ એના મુલ્કના ટુકડેટુકડા કરી નાખશે." આ ભવિષ્યવાણી અક્ષરશઃ સાચી પડી. મિસરના બાદશાહે જો કે ઈસ્લામ ધર્મનો સ્વીકાર ન કર્યો, પણ વિનયથી હઝરતના કાગળનો જવાબ આપ્યો. રોમનો કૈસર આ વખતે આખા પૂર્વની ઈસાઈ દુનિયાનો રાજા હતો. એણે કાગળ જોઇને હુકમ કર્યો કે "હિજાઝનો કોઈ સોદાગર ક્યાંય મળી આવે તો એને બોલાવો." વિચિત્ર વાત છે કે આ કામને માટે અબુ સુફિયાન જ એમને હાથ આવ્યો કે જે એ વખતે ઈસ્લામનો સૌથી મોટો દુશ્મન હતો. તેને એના સાથીઓની સાથે કૈસરના દરબારમાં હાજર



કરવામાં આવ્યો. કૈસરે એને કહ્યું કે "હું તમને કંઈ પૂછવા ઇચ્છું છું. તમારામાંથી એક માણસ એનો જવાબ આપે અને બાકીના સાંભળે. તે જો કંઈ ખોટું કહે તો તમે એને રોકજો." આમ કહીને તેણે પૂછવા માંડ્યું અને અબુ સુફિયાને જવાબ આપવા માંડ્યા.

કૈસરઃ—આ જે પયગમ્બર હોવાનો દાવો કરે છે તેનું ખાનદાન કેવું છે?

અબુ૦ શરીફ. (ઉચ્ચ આબરૂદાર)

કૈ૦ એના ખાનદાનમાંથી બીજા કોઈએ પયગમ્બર હોવાનો દાવો કર્યો છે?

અબુ૦ ના.

કૈ૦ એના ખાનદાનમાં કોઈ બાદશાહ થયો છે?

અબુ૦ ના.

કૈ૦ જેણે એના ધર્મનો સ્વીકાર કર્યો છે તે સામાન્ય લોકો છે કે મોટા મોટા સરદારો?

અબુ૦ સામાન્ય.

કૈ૦ એને માનવાવાળા વધતા જાય છે કે ઘટતા જાય છે?

અબુ૦ વધતા જાય છે.

કૈ૦ તમને લોકોને એ જૂઠું બોલે છે એવો અનુભવ થયો છે?

અબુ૦ ના.

કૈ૦ તે ક્યારે ય કોલકરાર કરીને ફરી ગયો છે?

અબુ૦ હજી સુધી તો એવું નથી થયું. પણ હમણાં એની સાથે જે સુલેહનામું થયું છે તે એ પૂરું કરે છે કે નહીં એ જોવાનું છે.

કૈ૦ તમારે કોઈ દિવસ એની સાથે લડાઈ થઈ છે?

અબુ૦ હા.

કૈ૦ લડાઈનું પરિણામ શું આવ્યું?

અબુ૦ ક્યારેક અમે જીત્યા, તો ક્યારેક એ.

કૈ૦ એ શું કહે છે?

અબુ૦ તે કહે છે કે એક ખુદાને માનો અને એની જ બન્દગી કરો;

એની પાસેજ દુઆ માંગો; નમાજ પઢો; સાફ દિલના બનો; સાચું બોલો અને સંબંધીઓના હક અદા કરો.

કૈસર અબુ સુફિયાનના આ બધા જવાબ સાંભળીને બોલી ઊઠયો કે "જો મેં સાંભળ્યું એ બધું સાચેસાચું હશે તો એક દિવસ એવો આવશે જ્યારે તે મારા પગ નીચેની આ ભૂમિનો પણ કબજો લઈ લેશે. જો બની શકે એવું હોત તો હું જાત અને એના પગ ધોત."

એક દુશ્મનના મોંઢેથી શહાદતનું (સાક્ષીનું) આટલું સચોટ ઉદાહરણ બીજે કયાં મળી શકે?

અરબના કેટલાય સરદારોએ ઇસ્લામનો સ્વીકાર કર્યો હતો. બેહરીનમાં ઇસ્લામનો પયગામ આની પહેલાં પહોંચી ગયો હતો અને અબ્દુલ કૈસનું ખાનદાન મુસલમાન બની ચૂકયું હતું. હબ્શ જનાર મુસલમાનો દ્વારા એ દેશમાં પણ આ ધર્મ ફેલાઈ રહ્યો હતો, એટલું જ નહીં, પણ યમનના કિનારા સુધી એનો અવાજ પહોંચી ગયો હતો. ઓસનું ખાનદાન તો ઘણા વખતથી મુસલમાન થઈ ચૂકયું હતું. અશઅરનું ખાનદાન પણ હવે ઇસ્લામનું નામ લેવા લાગ્યું હતું. સુલૈમ ખાનદાનના ઉમર બિન અંબસા તો રસૂલ મક્કામાં હતા ત્યારના જ મુસલમાન થઇ ચૂકયા હતા, પણ જ્યારે એણે લોકોને મોંઢે મદીનામાં ઇસ્લામની પ્રગતિની વાત સાંભળી ત્યારે એણે મદીના જઈને પોતે મુસલમાન છે એવું જાહેર કર્યું. એમનો મુસલમાન બનવાનો કિસ્સો ઘણો જ દિલચસ્પ છે. એમને કયાંકથી ખબર મળ્યા કે મક્કામાં કોઈ પયગમ્બર પેદા થયા છે. તેઓ એમની પર શયદા—આશક થઈને મક્કા પહોંચ્યા. એ વખતમાં ત્યાં કુરેશવાળાનો સખ્ત પહેરો હતો. પણ તેઓ છાનામાના રસૂલની ખિદમતમાં પહોંચી ગયા અને પૂછ્યું કે "આપ કોણ છો?" તેઓએ કહ્યું: "હું પયગમ્બર છું." ઉમરે પૂછ્યું: "પયગમ્બર કોને કહેવામાં આવે છે?" રસૂલે કહ્યું કે "ખુદાએ મને પયગામ આપીને મોકલ્યો છે." એમણે પૂછ્યું: "શું પયગામ આપીને મોકલ્યા છે?" રસૂલે કહ્યું કે "એ પયગામ આપ્યો છે કે 'પાડોસીઓની સાથે સારી રીતે વર્તવું. બૂતપરસ્તી ન કરવી. ખુદા એક જ છે એમ



માનવું, અને કોઈને પણ ખુદાનો શરીક ન બનાવવો; એટલે કે બીજા કોઈને પણ ખુદા માનીને અથવા તો એનો અંશ માનીને તેની પૂજા ન કરવી.'" ઉમરે પૂછ્યું કે "અત્યાર સુધીમાં તમારા ધર્મને માનવાવાળા કેટલા જણ થયા છે?" રસૂલે કહ્યું: "એક આઝાદ (અબુ બક્ર) અને એક ગુલામ (બલ્લાલ)." ઉમરે કહ્યું કે "હું તમારા ધર્મમાં આવવા માગું છું." રસૂલે કહ્યું કે "હમણાં તો એ નહીં બની શકે. તમે જુઓ છો કે લોકોની હાલત કેવી છે. અત્યારે તો તમારે ઘેર પાછા જાઓ. જ્યારે મારી કામિયાબીના ખબર સાંભળો ત્યારે આવજો." આથી એમને જ્યારે એમની કામિયાબીના ખબર મળ્યા ત્યારે એ દોડતા ત્યાં જઈ પહોંચ્યા.

ગિફારનું અડધું ખાનદાન તો અબુઝર ગિફારીના કહેવાથી પહેલેથી જ મુસલમાન થઈ ચૂકયું હતુ અને અડધું આ વખતે મુસલમાન થયું. જ્યારે રસૂલ મદીના આવ્યા ત્યારે જુહૈયનાના આખા કબિલાએ એક સાથે એક હજારની સંખ્યામાં ઇસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો. અસલમ, મઝીના અને અશજાના કબીલાઓએ પણ ઇસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો.

હુદૈબિયાની સુલેહ એ ઇસ્લામની ફતેહનો નિશાનડંકો હતો. મતલબ તો એ હતી કે લડાઈ ઝઘડા બંધ થાય, દુશ્મની અને વેરનું જોર ઠંડું પડે, વિરોધનો રંગ ફીકો પડી જાય, અને લોકોને ઇસ્લામની રૂહાની તાકાત જોવાનો અને ઇસ્લામની તાલિમને સમજવાનો મોકો મળે. હુદૈબિયાની સુલેહે આ મોકો મેળવી આપ્યો. ગેરમુસ્લિમોને મુસલમાનો સાથે ભળવા હળવાનો, એમની વાતો સાંભળવાનો, અને એની પર વિચાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. એનું પરિણામ એ આવ્યું કે બે વરસની અંદર તો મુસલમાનોની સંખ્યા બમણી થઈ ગઈ. ખુદ મક્કાના દરેક ઘરમાં ઇસ્લામ પહોંચી ગયો.

ખાલિદ અને અમરૂ બિન આસ એ બન્ને કુરેશના મોટા સરદાર હતા. આપણે અગાઉ જોઈ ગયા કે ઉહદના મેદાનમાં ખાલિદની લડાયક હોશિયારીએ મુસલમાનોની જીતેલી લડાઈને હરાવી દીધી હતી. હુદૈબિયાની સુલેહ થયા પછી એ લોકો મક્કાથી મદીના આવી ગયા. રસ્તામાં અમરૂ

બિન આસ મળ્યા. એમણે પૂછ્યું કે "ક્યાં જાઓ છો?" ખાલિદે કહ્યું કે "મુસલમાન બનવા જાઉં છું." અમરે કહ્યું: "મારો પણ એ જ વિચાર છે." બન્ને એક સાથે મદીના પહોંચ્યા અને મુસલમાન બન્યા. આગળ જતાં ખાલિદે સિરિયાનો મુલક કૈસર પાસેથી જીતી લીધો અને અમરે મિસરની સલ્તનત રોમનો પાસેથી લઈને ઇસ્લામની કદમોમાં ધરી દીધી.

અમરૂ બિન આસના દિલ પર ઇસ્લામની અસર કેવી રીતે પડી એ વિશે એક એવી વાત છે કે, જે વખતે ઇસ્લામનો કાસિદ ઇસ્લામનો પયગામ લઈને હબ્શના બાદશાહ નજ્જાશીના દરબારમાં પહોંચ્યો ત્યારે અમર ત્યાં જ હતા. ત્યાં એણે જોયું કે હબ્શનો બાદશાહ પોતાની સલ્તનતની વિરુદ્ધ થઈ ઇસ્લામનો કલમો પઢે છે ત્યારે એમની પર એની ખૂબ અસર થઈ. છેવટે તેઓ એ અસરને છુપાવી ન શક્યા અને મક્કા પાછા જઈને મુસલમાન થઈ ગયા. કૈસરના દરબારમાં અબુ સુફિયાને ઇસ્લામની સચ્ચાઈનું જે દશ્ય જોયું તે પણ એની પર અસર કર્યા વગર ન રહ્યું. તો પણ હજી એને મુસલમાન થવાને વાર હતી.

## યહુદનો આખરી કિલ્લો ખૈબર

**હિ. સ. ૬ની** આખર યાતો હિ. સ. ૭ની શરૂઆતમાં યહુદોની વસ્તી હિજાઝના દરેક ખૂણામાંથી ખેંચાઈને હિજાઝના છેડાના કિનારા પરના સિરિયા દેશની પાસેના આવેલા ખૈબરમાં એકઠી થઈ હતી. ત્યાં એમની મોટી મોટી કોઠીઓ અને કિલ્લાઓ હતા. અહીં યહુદીઓ ઇસ્લામ સાથે લડવાનું આખરી જોર કરી રહ્યા હતા. એમનો એક સરદાર અબુ રાફે સલામ જે હિજાઝનો મોટો વેપારી હતો તે હિ. સ. ૬માં ગતફાન વગેરે કબીલાને લઈને મદીના પર છાપો મારવા જવાનો વિચાર કરતો હતો. પણ એટલામાં એક અનસારી મુસલમાનને હાથે એ કિલ્લામાં સૂતો હતો ત્યાં જ મરાયો.

હવે સલામની જગ્યા અસીર બિન રઝામે લીધી. એણે પણ એ જ કબીલાઓમાં ફરીને એક મોટી ફોજ તૈયાર કરી. મદીનામાં આ ખબર પહોંચી તો હઝરત રસૂલે ખાત્રી કરવા માટે એક માણસ મોકલ્યો. એણે આવીને કહ્યું કે "હા, એ વાત સાચી છે." આથી હઝરત રસૂલે સુલેહને માટે થોડાક માણસો મોકલ્યા અને અસીરને પાકી સુલેહ કરવા માટે મદીના બોલાવ્યો. એ ત્રીસ માણસોને લઈને નીકળ્યો. રસ્તામાં એના દિલમાં એવો ખ્યાલ આવ્યો કે, મુસલમાન સરદારના હાથમાંથી તલવાર છીનવી લેવી. આ વાત પર બન્ને તરફથી તલવારો ચાલી અને આમાં અસીર મરાયો.

ખૈબરવાળાઓએ ગતફાનવાળાઓને ખજૂરના જંગલની અડધી પેદાશ આપવાની લાલચ આપીને પોતાની સાથે મેળવી લીધા. ગતફાનના એક કબીલા બનુ ફઝારહે હિમ્મત કરીને મહોરમ હિ. સ. ૭માં મદીનાના ચરાગાહ (ગોચર) પર હુમલો કર્યો અને એક મુસલમાનની કતલ કરી.

હવે મુસલમાનોની ધીરજનો અંત આવી ગયો. ખૈબરના હુમલાની જાહેરાત થઈ અને ૧૬૦૦ સાથીઓની સાથે હઝરત રસૂલ મદીનાથી રવાના થયા. લશ્કરની સાથે થોડી મુસલમાન સ્ત્રીઓ પણ આવી હતી, કે જેઓ

તરસ્યાઓને પાણી પાય, જખમીઓને મલમપટ્ટી કરે ને લડાઈના મેદાન પરથી તીર ઉપાડી ઉપાડીને લડનારને આપે. આ પહેલો જ પ્રસંગ હતો કે જ્યારે ઇસ્લામની ફોજે ઝંડો ઉડાવ્યો હતો. એમણે ત્રણ ઝંડા તૈયાર કર્યા હતા. એમાંથી એક હબાબ બિન મુન્ઝરને, એક સઅદ બિન ઉબાદહને અને ત્રીજો જે હઝરત આઇશાની ઓઢણીમાંથી બનાવ્યો હતો તે શેરે ઇસ્લામ હઝરતઅલી મુરતુઝાને આપવામાં આવ્યો હતો. રસ્તામાં આ પાક ફોજ નીચેની મતલબનું ગીત લલકારતી હતી: "ખુદાવન્દ! જો તુ ન હોત તો અમને આ સાચા રાહ ન મળત. અમે જાન કુરબાન કરવા માટે નીકળ્યા છીએ. અમને માફ કર અને અમારી પર અમન ઉતાર. અમારા કદમને મજબૂત કર. જુલ્મીઓ અમારી સામે લડવા આવ્યા છે અને તેઓ ઝઘડો કરવા માંગે છે. અમે એનાથી દબાવાના નથી. તારી મહેરબાનીથી અમને બાદ રાખીશ નહીં."

વિશ્વાસનો આ જોશથી ભરેલો સમુદ્ર એવી રીતે ઊલટયો હતો કે રાતના અંધારામાં તે ખૈબરના કિલ્લા સાથે જઈને અથડાયો. એમણે ધાર્યું હોત તો તેઓ રાતના અંધારામાં એમની પર હુમલો કરી શકત, પણ રસૂલે એવું કર્યું નહીં અને હુકમ કર્યો કે સવાર થવાની રાહ જુઓ. સવાર પડયું અને યહુદીઓએ રોજના રિવાજ મુજબ કિલ્લાનો દરવાજો ખોલ્યો તો સામે ફોજ પડેલી જોઈ, એટલે પોકારી ઊઠયા કે "આ તો મહમ્મદની ફોજ." રસૂલ હજી પણ લડવા નહોતા માગતા તેથી ત્યારે પણ હુમલો કરવાનો હુકમ આપ્યો નહીં. પણ યહુદીઓએ સુલેહને બદલે લડાઇની જ તૈયારી કરવા માંડી. આ જોઇને રસૂલે પહેલાં તો મુસલમાનોને શિખામણો આપી અને પછી જેહાદનો–ધર્મયુદ્ધનો હુકમ આપ્યો.

મુસલમાનોએ પહેલા નાએમ નામના કિલ્લા પર છાપો માર્યો. મહમૂદ બિન મુસલેમા નામના એક બહાદુર મુસલમાન આ ટુકડીના સરદાર હતા. તેઓ ખૂબ સારી રીતે લડયા, પણ ગરમીના દિવસો હતા તેથી તેઓ જરા દમ લેવા કિલ્લાની દીવાલના છાંયા નીચે બેઠા. યહુદી સરદાર કનાના ચુપકીથી દીવાલ પર ચડયો અને ત્યાંથી એક ઘંટીનું પડ એમના માથા



પર ગબડાવ્યું, જેના ઘાથી એઓનું મૃત્યુ થયું. એ કિલ્લાના દરવાજા મુસલમાનોએ ખોલી નાખ્યા. કમૂસના કિલ્લા પર મરહબ નામના એક મશહૂર યહુદી સરદારને મૂકવામાં આવ્યો હતો. એની સામે લડવા માટે કેટલા ય દિવસો સુધી મોટા મોટા સહાબીઓ ફોજો લઈ લઈને ગયા, પણ ફતેહ મેળવ્યાનું માન કોઈ બીજાના જ નસીબમાં હતું. લડાઈ વધતી ગઇ. લડાઈ લંબાતી ગઇ એટલે એક દિવસ સાંઝે હઝરત રસૂલે ફરમાવ્યું કે "કાલ હું એ માણસને ઝંડો આપીશ કે જેને હાથે ખુદા ફતેહ અપાવશે, જે ખુદા અને ખુદાના રસૂલને ચહાતો હોય અને ખુદા તથા ખુદાના રસૂલ જેને ચહાતા હોય." આ રાત આશા અને આતુરતાની રાત હતી. મોટા મોટા સહાબીઓએ આખી રાત એ આતુરતામાં કાઢી કે જોઇએ તો ખરા કે આ માનનું પદ કોને મળે છે.

સવાર પડયું તો એકાએક અવાજ આવ્યો કે "અલી ક્યાં છે?" અલીની આંખો દૂખવા આવી હતી. એમને બોલાવીને રસૂલે એમની આંખોમાં પોતાના મોંનું થૂંક લગાડયું. પછી દુઆ આપી અને ખૈબરની ફતેહનો ઝંડો એમને સોંપ્યો. અલીએ પૂછયું કે "લડાઈ કરીને યહુદીઓને મુસલમાન બનાવું?" તેઓએ કહ્યુ: "નરમાઇની સાથે એમના સામે ઇસ્લામ રજૂ કરો અને જો એક માણસ પણ તમારા બોધથી મુસલમાન બનશે તો તે લાખ ઊંટોની દોલતથી પણ બહેતર છે."

મરહબ કિલ્લામાંથી નીચેનું ગીત ગાતોગાતો લડવા નીકળ્યો: "ખૈબર જાણે છે કે હું મરહબ છું, હથિયારથી સજ્જ છું અને કસાયેલો લડવૈયો છું."

મરહબના જવાબમાં શેરે ખુદા (અલી મુરતુઝા) એ નીચેનું યુદ્ધ-ગીત લલકાર્યું:

"હું એ છું કે, જેની માએ એનું નામ શેર રાખ્યું હતું. જંગલના શેરના જેવો ભયંકર અને બદસૂરત છું."

શેરે ખુદાએ એટલા જોરથી તલવાર મારી કે તે માથાને ચીરીને દાંત સુધી આવી ગઈ. મરહબ મરાયો અને કિલ્લાનો દરવાજો મુસલમાનોના હાથમાં આવી ગયો.

લડાઈમાં ૧૫ મુસલમાનો મરાયા. યહુદીઓએ સુલેહ કરી લીધી. સુલેહની શરતો એ નક્કી કરી કે "જમીન અમારે કબજે રહે. પેદાશનો અડધો હિસ્સો અમે મુસલમાનોને આપ્યાં કરીશું." યહુદીઓની આ દરખાસ્ત મંજૂર થઈ. ઊલટાનું યહુદીઓએ મુસલમાનોને જમીનદારીનો પાઠ શીખવ્યો. હઝરત સલઅમે એમની પર દયા ખાઈને એને કબૂલ કરી લીધી. ખૈબરની અડધી જમીનની મિલકત એમના સાથીઓમાં વહેંચી દેવામાં આવી અને અડધી બયતુલ્માલની [શાહી ખજાનાની] મિલકત થઈ. એમાંથી પાંચમો ભાગ હઝરત સલઅમને માટે મુકરર કરવામાં આવ્યો. એની આવક તેઓની ખાનગી અને ઇસ્લામની બીજી જરૂરિયાતોના કામમાં વાપરવામાં આવે.

સાલની આખરે જ્યારે પેદાવારનો ભાગ પાડવાનો વખત આવતો ત્યારે હઝરત સલઅમ અબ્દુલ્લા બિન રવાહાને ખૈબર મોકલતા. તેઓ ત્યાં જઈને પેદાશના ઢગલાના બરાબર બે ભાગ કરતા અને યહુદીઓને કહેતા કે "આ બેમાંથી જે ભાગ તમારે જોઈએ તે તમે લઈ લો." યહુદીઓને માટે ઈન્સાફનું આ દશ્ય તદ્દન નવું હતું. તેઓ બોલી ઊઠતા કે "જમીન અને આસમાન આ ઇન્સાફને લીધે જ ટકી રહ્યાં છે."

ફતેહ પછી રસૂલ થોડાક દિવસ ખૈબરમાં જ રહ્યા. તેઓ યહુદીઓની સાથે પૂરેપૂરી ભલમનસાઈ રાખતા હતા અને એમને વિશ્વાસ આપ્યો હતો છતાં યહુદીઓની બૂરી દાનતે–નિયતે–એમનો સાથ છોડયો નહીં. એક યહુદી સ્ત્રીએ હઝરત રસૂલને અને એમના થોડા સહાબીઓને જમવાનું નિમંત્રણ આપ્યું અને ખાવામાં ઝેર ભેળવી દીધું. હઝરત રસૂલે એક જ કોળિયો મોંમાં મૂકીને ખાવાનું બંધ કર્યું અને કહ્યું કે ખાવામાં ઝેર ભેળવેલું છે. છતાં એક સહાબીએ બરાબર રીતે ખાધું. હઝરત રસૂલે એ યહુદી સ્ત્રીને બોલાવીને પૂછ્યું. એણે ગુનાહનો એકરાર કર્યો. આથી રસૂલે એને છોડી દીધી. પણ ઝેરથી સહાબીનું મૃત્યુ થયું એટલે એનો બદલો લેવા માટે એ સ્ત્રીને મારી નાખવામાં આવી.

ખૈબરની પાસે જ એક ખીણ હતી. એને વાદી–ઉલ–કોરા કહેતા હતા.



આમાં તૈમા અને ફિદક વગેરે યહુદીઓનાં થોડાં ગામ હતાં. મુસલમાનો ત્યાં પણ ગયા. ત્યાંના લોકોએ ખૈબરની શરત મુજબ સુલેહ કરી લીધી.

આ બનાવ પછી યહુદની લડાઇનો અંત આવી ગયો.

## લાંબા વખતની ઇચ્છા

ઉમરહ એ એક જાતની નાની હજ છે. જેમાં અહરામ બાંધીને કાબાની પ્રદક્ષિણા કરવાની અને સફા તથા મરવાહની ટેકરીઓની વચમાં જોરથી ચાલતાં ચાલતાં થોડીક દુઆઓ પઢવાની હોય છે. યાદ હશે કે ગયે વર્ષે હુદૈબિયામાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે આવતે વર્ષે મુસલમાનો મક્કા આવીને ઉમરહ અદા કરે. આ શરત મુજબ

**ઉમરહ ઝીકાદ હિ.સ. ૭** હઝરત સલઅમે ઉમરહની જાહેરાત કરી અને મુસલમાનોની એક મોટી ટુકડી જોશની સાથે રવાના થઈ. શરત હતી કે મુસલમાનો હથિયાર ઉતારીને મક્કામાં પ્રવેશ કરે. આ શરત પાળવામાં સલામતી તો નહોતી જ. પણ મુસલમાનોને કાબાના દર્શનની અધીરાઈ હતી, એટલે કરારનામા પર વિશ્વાસ રાખીને એ શરત પાળી. મક્કાથી આઠ માઈલ દૂર બધાંય હથિયાર ઉતારીને મૂકી દીધાં અને ૨૦૦ સવારોની એક ટુકડી એના રક્ષણ માટે રાખવામાં આવી. અને બાકીના મુસલમાનોએ મક્કામાં દાખલ થઈને જોશ અને ખુશીની સાથે ઉમરહનું કામ પૂરું કર્યું.

ત્રણ દિવસ પછી શરત પ્રમાણે તેઓ મક્કામાંથી નીકળ્યા.

મક્કાથી નીકળતી વખતે એક આશ્ચર્યજનક અને લાગણી ભરેલો બનાવ બન્યો. હઝરત હમઝાની અનાથ દીકરી હઝરત સલઅમને કાકા કાકા કહેતી સામે આવી. હઝરત અલીની એ ભત્રીજી હતી તેથી એમણે એને ગોદમાં લઈ લીધી. હઝરત અલીના ભાઈ હઝરત જાફર, અને હઝરત ઝેઈદ બિન હારસાએ પોતપોતાનો દાવો રજૂ કર્યો. હઝરત જાફર કહેતા હતા કે આ મારા કાકાની છોકરી છે. ઝેઈદ કહેતા હતા કે હમઝા મારા ધર્મના ભાઈ હતા. ઇસ્લામમાં કેવું પરિવર્તન પેદા થઈ ગયું કે પહેલાં જેઓ છોકરીઓને જીવતી દાટી દેતા હતા તે આજે એને મહોબ્બતથી પાળવા તૈયાર થયા.

# એક નવો દુશ્મન

## મૌતાની લડાઈ

**અત્યાર** સુધી ઇસ્લામને અરબની અંદરના યહુદીઓ અને મુશરિકો [ખુદાની સાથે બીજાને શરીક કરનાર]ના કબિલાઓનો જ સામનો કરવાનો હતો. હવે આગળ વધતાં રોમન ઇસાઇઓની તાકાત અને સલ્તનતની દીવાલ આડી આવવા માંડી. એક રોમનના

**જમાદિ-અવલ હિ. સ. ૮**

તાબામાં રહી એક અરબ ઈસાઇ ખાનદાન બુસરા પર હકુમત કરતું હતું. ઇસ્લામનાં નિમંત્રણનો કાગળ લઈને જે મુસલમાન આ ખાનદાન પાસે ગયો હતો તેને ત્યાંના એક માણસે કતલ કરી નાખ્યો. હઝરત સલઅમે આ શહીદનો બદલો લેવા માટે ત્રણ હજારની ફોજને મદીનાથી રવાના કરી. આમાં હઝરત જાફર, અબ્દુલ્લા બિન રવાહા અને ઝેઈદ બિન હારસાને ખાસ મોકલવામાં આવ્યા હતા. ફોજની સરદારી ઝેઈદ બિન હારસાને આપવામાં આવી હતી. અને એ પણ કહેવામાં આવ્યું હતું કે એ જો શહીદ થાય તો જાફર અને એય શહીદ થાય નો ઝેઈદ બિન રવાહાએ ફોજના સરદાર બનવું.

હુરાનના બાદશાહને આ ખબર મળી. એણે લગભગ એક લાખની ફોજ તૈયાર કરી. ખુદ રોમના કૈસરે બેશુમાર સિપાઈઓની સાથે મુઆબમાં આવીને તંબૂ નાખ્યા. હઝરત રસૂલે સહાબીઓને પહેલેથી સૂચના આપી દીધી હતી કે લડાઈ કરતાં પહેલાં દુશ્મનોને સુલેહ કરવાની તક આપજો અને ઈસ્લામનો પયગામ પહોંચાડજો. ઇસ્લામની ફોજે ત્યાં પહોંચતાં જોયું કે ત્રણ હજાર મુસલમાનોએ લાખો માણસોના દળનો સામનો કરવાનો છે. પણ મુસલમાનો તો ખુદાની રાહમાં પોતાની જાન હથેળીઓમાં લઈને ફરતા હતા. તેઓ મરવાની બીકે ડર્યા નહીં. અબ્દુલ્લા બિન રવાહાએ કહ્યું કે, આપણે સંખ્યાની ગણત્રીથી અથવા તો દુન્યવી તાકાતના ભરોસા પર નથી લડતા પણ આપણે તો ધર્મની તાકાત પર



લડીએ છીએ. અને આથી ત્રણ હજારની નાનકડી ફોજે એક લાખની ફોજ પર હુમલો કર્યો.

હઝરત ઝેઈદ બરછીઓ ખાઈને શહીદ થયા. એમની જગ્યાએ હઝરત જાફરે આગળ વધીને ઇસ્લામનો ઝંડો હાથમાં લીધો અને એવી બહાદુરીથી લડ્યા કે એક હાથ કપાઈ ગયો તો બીજા હાથમાં ઝંડો પકડી લીધો. અને બીજો હાથ પણ કપાઈ ગયો ત્યારે ઝંડાને છાતી સાથે ચાંપી લીધો. આખરે તલવારો અને બરછીના ૯૦ ઘા ખાધા પછી પડી ગયા અને સહાદત પામ્યા. એમના પછી અબ્દુલ્લા બિન રવાહાએ ઝંડો હાથમાં પકડ્યો અને તેઓ પણ શહીદ થયા. હવે હઝરત ખાલિદ જાતે આગળ વધ્યા અને મુસલમાનોની કમાન પોતાના હાથમાં લીધી, અને એવી બહાદુરીથી લડ્યા કે દુશ્મનોને પરાજિત તો ન કરી શક્યા પણ મુસલમાનોને એમના પંજામાંથી બચાવી લીધા.

## કાબાની છત પર ઈસ્લામનો ઝંડો

### મક્કાની ફતેહ

દીને હનીફ-ઇસ્લામ ધર્મની પહેલી ફરજ એ હતી કે તે હ. ઈબ્રાહિમનું બનાવેલું દુનિયાનું સૌથી પહેલું પૂજાસ્થાન કાબા, જે ઇસ્લામનું કિબ્લા-નમાજ પઢવાની જગ્યા-અને ધર્મનું કેંદ્ર હતું

**રમઝાન હિ.સ ૮**

તેને મૂર્તિઓની ગંદકીમાંથી પવિત્ર બનાવે. અત્યાર સુધી જે કંઈ થયું તે જાહેરમાં તો આ ફરજથી અલગ હતું. પણ ખરું એ હતું કે જે કાંઈ થઈ રહ્યું હતું અને જેને ખાતર આ લોહીની નદીઓ વહેતી હતી તે બધું આની શરૂઆત રૂપે જ હતું, કેમકે મક્કા પર કબજો કર્યા વગર અને દુશ્મનોની ઉઘાડી તલવારોને તોડ્યા વગર મૂર્તિઓને તોડીને સહને હરમ-કાબાના આંગણાંમાંથી બહાર કાઢી શકાય એમ નહતું. એ ખોટી મૂર્તિઓના રક્ષણને માટે જે તલવારો ઊંચકાઈ રહી હતી તે ઝૂકી ગઈ હતી. તેથી હવે સમય આવી પહોંચ્યો હતો કે કાબાને એ ગંદકીમાંથી પવિત્ર કરવામાં વાર લગાડવામાં ન આવે.

હુદૈબિયાની સુલેહને કારણે મુસલમાનો ખુદ જાતે કાબા પર ચડાઈ કરી શકતા નહતા. પણ ખુદાની કુદરત જુઓ કે એવો પ્રસંગ ખુદ મક્કાવાળાઓએ જ ઊભો કરી દીધો. હુદૈબિયાની સુલેહની રૂએ કેટલાક કબિલાઓએ મક્કાવાળાને સાથ આપ્યો હતો, અને કેટલાકે મુસલમાનોને સાથ આપ્યો હતો. આમાંથી ખઝાઆના કબીલાએ મુસલમાનોને સાથ આપ્યો હતો અને એનો દુશ્મન બનુ બકર કુરેશોની સાથે મળેલો હતો. સુલેહનામાની રૂએ કુરેશના સાથીઓમાંથી કોઇએ પણ મુસલમાનોના કોઈ સાથી કબિલા પર હુમલો કરવો એ સુલેહનામાનો ભંગ કર્યા બરાબર હતું.

ખઝાઆ અને બનુ બકર વચ્ચે વર્ષોથી લડાઈ ચાલ્યાં કરતી હતી. જ્યાંસુધી ઇસ્લામ સાથે કરારનામું હતું ત્યાંસુધી તો બધા મળીને રહ્યા, પણ જ્યારે હુદૈબિયાની સુલેહથી નિરાંત વળી ત્યારે બનુ બકર સમજ્યા કે હવે દુશ્મન સામે બદલો લેવાનો વખત આવી પહોંચ્યો છે. એકાએક એમણે ખઝાઆ પર હુમલો કરી દીધો. કુરેશના ઘણા બહાદુરોએ રાતમાં વેશ બદલી બદલીને ખઝાઆ પર તલવાર ચલાવી. ખઝાઆ રક્ષણને માટે કાબામાં ભરાઇ ગયા પણ ત્યાં ય એમને રક્ષણ મળ્યું નહીં. શરત પ્રમાણે એમને મદદ કરવી એ મુસલમાનોની ફરજ હતી. ખઝાઆએ ૪૦ ઊંટ સવારોને ફરિયાદ કરવા માટે મદીના મોકલ્યા. હઝરત સલઅમે જ્યારે આ વાત સાંભળી ત્યારે એમને ખૂબ દુઃખ થયું. તેઓએ કુરેશની પાસે કાસિદ મોકલ્યો અને ત્રણ શરતો રજૂ કરી અને કહેવડાવ્યું કે આમાંથી કોઈપણ એક શરત મંજૂર કરી લોઃ

૧. ખઝાઆમાંથી કતલ થયેલાઓનો ખૂનબહા—બદલો આપો.

૨. બનુ બકરથી અલગ થઈ જાઓ.

૩. જાહેર કરો કે હુદૈબિયાનું સુલેહનામું તોડી નાખવામાં આવ્યું છે.

કુરેશના સરદારે કુરેશોની તરફથી ત્રીજી શરત મંજૂર કરી કે હુદૈબિયાનું સુલેહનામુ હવે ખતમ થઈ જાય છે. પણ કાસિદના ગયા પછી કુરેશો બહુ પસ્તાયા અને એમણે અબુ સુફિયાનને પોતાનો એલચી બનાવીને મદીના મોકલ્યો કે હુદૈબિયાની સુલેહને ફરીથી તાજી કરી લાવો. અબુ



સુફિયાને મદીના આવીને પહેલાં તો હઝરત મહમ્મદના દરબારમાં અરજ કરી પણ ત્યાંથી કંઈ જવાબ મળ્યો નહીં; એટલે હઝરત અબુ બકરને જઈને કહ્યું. એમણે ઈન્કાર કર્યો. આથી તે હઝરત ઉમરની પાસે ગયા. એમણે કહ્યું કે "આ મારાથી નહીં બની શકે." આથી તેઓ હઝરત અલીની પાસે ગયા. એમણે ફરમાવ્યું કે "રસૂલુલ્લાહ સલઅમ જે નક્કી કરી ચૂકયા છે એમાં કોઈ બીજો કશી સલાહ આપી શકે નહીં. તેથી વધારે સારું તો એ છે કે, તમે મસ્જિદમાં જઈને એલાન કરો કે હું હુદૈબિયાની સુલેહને ફરીથી તાજી કરું છું." એણે ત્યાં જઈને એવું કર્યું.

અબુ સુફિયાને મક્કા જઈને લોકોને આ બનાવ કહી સંભળાવ્યો. બધાએ કહ્યું કે "આ તો નથી સુલેહ કે આપણે ઠરીને બેસી શકીએ અને નથી લડાઈ કે યુદ્ધની તૈયારી કરી શકીએ."

હઝરત સલઅમે મક્કા જવાની તૈયારી શરૂ કરી દીધી અને બધાને કહ્યું કે મક્કાવાળાઓને આની ખબર ન પડવી જોઈએ. ૧૦મી રમઝાનને દિવસે દસ હજારની ફોજ મક્કા જવા ઊપડી. મક્કાથી થોડેક દૂર રાતે એ લોકોએ પડાવ નાખ્યો. કુરેશને ખબર ન હતી. અબુ સુફિયાન અને બે કુરેશ સરદાર તપાસ માટે નીકળ્યા. થોડે દૂર ગયા ત્યારે જોયું કે બહાર એક ફોજ પડી છે. હઝરત સલઅમના કાકા હઝરત અબ્બાસ જે પહેલાંથી જ આગળ વધીને હઝરત સલઅમની સાથે થઇ ગયા હતા, એમને મક્કાવાળાઓ પર દયા આવતી હતી. એમને વિચાર આવ્યો કે આ ફોજ મક્કામાં દાખલ થાય ત્યાર પહેલાં જ જો મક્કાવાળાઓ આવીને સુલેહની માંગણી કરી લે તો આ મુસીબત દૂર થઇ જાય. તેઓ હઝરત સલઅમના તંબૂમાંથી નીકળ્યા અને પોતાની સવારી પર ચડીને મક્કા જવા નીકળ્યા. થોડે જ દૂર ગયા હશે એટલામાં એમને અબુ સુફિયાન વગેરે મળ્યા. તેઓએ એમને જણાવ્યું કે ઇસ્લામનું લશ્કર મક્કાની પાસે આવી પહોંચ્યું છે. હવે કુરેશોની સલામતી નથી. અબુ સુફિયાને એમની સલાહ પૂછી. તેઓએ કહ્યુંઃ "તમે મારી સાથે ચાલ્યા આવો." તેઓ એમની સાથે ચાલ્યા. હઝરત અબ્બાસ એમને હઝરત સલઅમની ખિદમતમાં

લઈ ગયા. રસ્તામાં હઝરત ઉમરે એને જોઇને કહ્યું કે કુરેશીના સરદાર આપણા કબ્જામાં છે, એમ કહીને એમની પર તૂટી પડયા. પણ હઝરત અબ્બાસ એમને લઈને રસૂલના તંબૂમાં ઘૂસી ગયા, અને અરજ કરી કે "યા રસૂલુલ્લાહ ! મેં અબુ સુફિયાનને રક્ષણ આપ્યું છે." આ અબુ સુફિયાન કોણ હતો ? એ જ કે જેણે ઇસ્લામની વિરુદ્ધ બદ્રની લડાઇ પછીથી આજ સુધી બધી લડાઈઓ ઊભી કરી હતી, જે અરબના કબિલાઓને ઉશ્કેરી ઉશ્કેરીને વારેવારે મદીના પર ચડાઈ કરાવતા હતા, જેણે મહમ્મદ સલઅમની કતલની જાળ બિછાવી હતી. એ અત્યારે મુસલમાનોના પંજામાં હતો અને એના દરેક ગુનાહની સજા ભોગવવાને લાયક હતો, પણ ઇસ્લામની રહેમની મૂર્તિ (રસૂલ)–એ બધું ય દરગુજર કરીને એને ઇસ્લામની વધામણી આપી, આટલું જ નહીં પણ એમને એ અભિમાન લઈ શકે એવી ચીજ બક્ષવામાં આવી, અને બધાય લોકોમાં જાહેર કરવામાં આવ્યું કે "આજે અબુ સુફિયાન જેના ઘરમાં રક્ષણ લેશે તેને કંઈ ઈજા કરવામાં આવશે નહીં." અને બીજી દયા એ ફરમાવવામાં આવી કે "જે પોતાનું ઘર બંધ કરી દેશે તેને પણ કંઈ ઈજા કરવામાં આવશે નહીં."

પછી હઝરત અબ્બાસને હુકમ કર્યો કે અબુ સુફિયાનને જરા પહાડની ટોચ પર લઈ જઈને ઇસ્લામી લશ્કરનું પૂર બતાવો. થોડી વાર પછી ઇસ્લામી ફોજ પૂર જોશમાં આગળ વધી. સૌથી પહેલા કબિલા ગિફારનો ઝંડો નજરે પડયો. એની પાછળ જુહૈના હઝીમ અને સુલૈમના કબિલા હથિયારોથી પૂરા સજ્જ થઇ "અલ્લા એક છે"નો પુકાર કરતા આગળ વધતા હતા. અબુ સુફિયાન તો દરેક વખતે ઝૂકી જતો હતો. સૌની પાછળ અનસારનો કબિલો એવા સરસામાનથી આવ્યો કે પહાડીઓ ગૂંજી રહી. સઅદ બિન અબાદહના હાથમાં અનસારીઓનો ઝંડો હતો. અબુ સુફિયાને આશ્ચર્યથી પૂછ્યું: "આ કોનું લશ્કર છે ?" હઝરત અબ્બાસે નામ કહ્યું. છેવટે ખુદ રસૂલ દુનિયાને પ્રકાશિત કરનાર સૂર્ય નજરે પડયા. એમની ચારે બાજૂ જાનનિસારોનું તેજ પ્રકાશતું હતું. હઝરત ઝુબૈર એના ઝંડાધર હતા.



આ આખું લશ્કર જ્યારે મક્કાની પાસે પહોંચ્યું ત્યારે બધાએ શાન્તિ રાખવાની છે એવી જાહેરાત થઈ અને કાબા જે ૩૬૦ મૂર્તિઓનું ઘર હતું તેને એ ગંદકીમાંથી પવિત્ર કરવામાં આવ્યું, અને ઇબ્રાહિમના ખુદાનું ઘર ફરીથી ખુદાનું ઘર બન્યું. અને તૌહિદની અઝાં [ અલ્લા હો અકબર] મસ્જિદના મીનારા પરથી પુકારવામાં આવી. મક્કાના મોટા મોટા સરદારો જેઓ હઝરતના દુશ્મન, મુસલમાનોને કતલ કરનાર–અને ઇસ્લામની રાહમાં પથ્થરરૂપ હતા તે આજે કાબાના આંગણામાં હતા. હઝરતે આંખ ઊંચી કરીને જોયું અને પૂછ્યું કે "હે મક્કાના સરદારો, આજે હું તમારી સાથે કેવો વર્તાવ કરું ?" બધાએ કહ્યું: "તમે જુવાનોના શરીફ ભાઈ અને બુઢ્ઢાઓના શરીફ ભત્રીજા છો." રસૂલે કહ્યું: "જાઓ આજે તમને જરા ય ઠપકો દેતો નથી. તમે બધા આઝાદ છો." આ અવાજ એ લોકો માટે આશા બહારનો હતો. પણ આ અવાજ દિલના ઊંડાણમાંથી નીકળ્યો હતો અને દિલના ઊંડાણમાં ઉતરી ગયો. અબુ સુફિયાનની પત્ની હિન્દ કે જેણે ઉહદના મેદાનમાં હઝરત હમઝાની લાશના ટુકડા કર્યા હતા તે નિકાબ–બુરખો–ઓઢીને સામે આવી અને રસૂલે જે જાહેરમાં માફી આપી તેથી ખુશ થઈ બોલી ઊઠી કે "યા રસૂલુલ્લાહ, પહેલાં મને તમારા તંબૂ કરતાં બીજા કોઈ તંબૂ પર વધારે નફરત ન હતી, પણ આજથી તમારા તંબૂ કરતાં વધારે પ્યારો તંબૂ મને બીજો એકે દેખાતો નથી."

હવે મક્કાવાળાઓની બધી તાકાત તૂટી ગઈ, દુશ્મનોના બધા મનસૂબા ધૂળમાં મળી ગયા અને ઇસ્લામની ફતેહનો ઝંડો મક્કાની ચારે દીવાલો પર ઉડવા લાગ્યો. હઝરત સલઅમે આ પ્રસંગ પર લાગણીથી ભરપૂર એવું નીચેનું ભાષણ કર્યું:

"એકના સિવાય બીજો કોઈ ખુદા નથી. એની ખુદાઈમાં બીજો કોઈ શરીક નથી. એણે એનો વાયદો પૂરો કર્યો. એણે પોતાના બન્દાઓને મદદ કરી. અને આખરે એણે વિરોધીઓના મંડળને એકલે હાથે તોડી નાખ્યું.

"હા ! આજે કાફરીનું બધું અભિમાન, જૂનાં ખૂનોનું વેર, અજ્ઞાન-

તાનો બદલો અને બધા ય દાવા મારા પગ નીચે છે. ફક્ત બે કામ બાકી રહી ગયાં છે: એક તો કાબાની સંભાળ રાખવી અને બીજું હજ કરવા આવનારાઓને પાણી પાવું.

"અય કુરેશના લોકો, ખુદાએ હવે અજ્ઞાન અને બાપદાદાઓનું અભિમાન મિટાવી દીધું છે. હવે આદમની બધી પ્રજા એક સરખી થઈ ગઈ છે. તમે બધા એક આદમના પુત્રો છો અને આદમ માટીમાંથી પેદા થયા હતા. ખુદા ફરમાવે છે કે,

'મેં તમને એક પુરુષ અને એક સ્ત્રીમાંથી પેદા કર્યા છે. મેં તમારા કબીલા અને ખાનદાન એટલા માટે બનાવ્યાં કે તમે એક બીજાને ઓળખી શકો. તમારામાંથી ખુદાની સૌથી પાસે એ માણસ છે કે જે સૌથી વધારે સંયમી છે.'

"આજથી અલ્લાહે દારૂનું વેચાણ અને ખરીદી તથા વ્યાજના કારોબારને હરામ ઠરાવ્યાં છે."

આ વખતે કાબામાં હુબલ, લાત, મનાત વગેરે મોટી મોટી મૂર્તિઓ હતી. આજથી એમની જૂઠી ખુદાઇની મુદત પૂરી થઈ ગઈ. મુસલમાનોના હાથના જરા જેટલા ઈશારાથી એ પથ્થરનો ઢગલો બની ગઈ, અને બધે "ખુદા એક છે"નો અવાજ ગૂંજી રહ્યો.

## હવાઝિન અને સકીફનું યુદ્ધ

**મક્કા** જે હિજાઝનું પાટનગર અને અરબોનું પૂજાસ્થાન હતું, તેની પર જ્યારે ઇસ્લામનો ઝંડો ફરકયો ત્યારે બધા અરબો એને ઇસ્લામધર્મની સચ્ચાઈનું નિશાન માનવા લાગ્યા, અને ચારે

સવાલ હિ. સ. ૮

બાજૂએથી કુફ્રના ફંદામાંથી નીકળીને લોકો ઇસ્લામમાં આવવા લાગ્યા. પણ મક્કાની પાસે હવાઝિન અને સકીફ નામના બે એવા તાકાતવાળા કબીલાઓ હતા કે જેઓ બીજા કોઈ કબીલાના તાબામાં આવવા માંગતા ન હતા. હવાઝિન કબીલાના સરદારોએ બીજાઓને પણ ઉશ્કેર્યા અને હુનૈનના મેદાનમાં ઇસ્લામની વિરુદ્ધ એક ફોજ એકઠી કરી. મુસલમાનોની બાર હજારની ફોજ જેનો મોટો ભાગ કુરેશના નવા મુસલમાનોનો હતો તે બધા ખૂબ સાધનસરંજામ સાથે એનો સામનો કરવા ઊપડયા. હવાઝિન તીરંદાજીમાં અજોડ હતા. એમના પહેલા જ હુમલાથી મુસલમાનો પાછા હટી ગયા.

મુસલમાનો પર તીરોનો વરસાદ વરસી રહ્યો હતો અને એની બાર હજારની ફોજ તો હવા થઈ ગઈ હતી. પૈકરે અકદસ (જેનું બદન-શરીર પવિત્ર) છે એવા હઝરત મહમ્મદ પોતાની જગ્યા પર જ ઊભા હતા. તેઓએ જમણી બાજૂ નજર કરી ને કહ્યું: "અય અનસારની ટુકડી." એક સાથે અવાજ આવ્યો કે "અમે હાજર છીએ." પછી એમણે ડાબી બાજૂ જોઇને કહ્યું. ત્યાંથી પણ એ જ જવાબ આવ્યો. રસૂલ સવારી પરથી ઊતરી પડયા અને દબદબાથી કહ્યું કે "હું ખુદાનો બન્દો અને એનો પયગમ્બર છું. બેશક હું પયગમ્બર છું. અને અબ્દુલ મુતાલિબનું ફરજંદ છું."

હઝરત અબ્બાસે મુસલમાનોને કહ્યું કે "અય અનસારના લોકો, અય જાન નિસાર, અને જેમણે ઈસ્લામ પર જાન આપવાનું વચન આપ્યું છે તે લોકો આગળ વધો." આ અસરકારક વચનો કાનમાં પડતાંની સાથે જ

ઇસ્લામી શૂરવીરો પાછા ફર્યા. તેઓએ બખ્તરો ઉતારી નાખ્યાં અને ઘોડા પરથી કૂદી પડયા. હવે મેદાનનો રંગ બદલાઈ ગયો. કાફરોની ફોજની તાકાત પરપોટાની જેમ ફૂટી ગઈ અને એમાં નાસભાગ થઈ ગઈ.

કાફરોની ફોજમાંથી કેટલાક લોકો નાસીને તાઇફ જતા રહ્યા. તાઇફમાં સકીફના કબીલાના લોકો કુરેશોને પોતાના બરોબરિયા–હરીફ સમજતા હતા. એમનો કિલ્લો ખૂબ મજબૂત હતો. અને કિલ્લામાં લડાઇનો સામાન ભરેલો હતો. એમણે કિલ્લામાં ભરાઈ જઈને લડાઈ શરૂ કરી. મુસલમાનોએ એ કિલ્લા પર હુમલા કર્યા પણ કિલ્લો સર કરી શકયા નહીં. મુસલમાનોને આ કિલ્લો છોડીને હટવું એ તો પસંદ જ ન હતું. એમણે હઝરત રસૂલુલ્લાહ પાસે એક દિવસની મહેતલ માંગી. એમને રજા મળી. એટલે બીજે દિવસે એમણે જોરથી હુમલો કર્યો. પણ સફળતા હજી દૂર હતી. સહાબીઓએ રસૂલ પાસે જઈને કહ્યું કે "આ લોકોને માટે બદદુઆ કરો." પણ જ્યારે લબે મુબારક–પવિત્ર હોઠ ખૂલ્યા ત્યારે એમાંથી એ અલ્ફાઝ–શબ્દ નીકળ્યા કે "ખુદાવન્દ, સકીફને બોધ કરવાનું બળ આપ અને એમને ઇસ્લામને રસ્તે લાવ. અલ્લા હો અકબર." દુઆની અસર કેવી થઈ! એ વરસ પણ નહીં વીત્યાં હોય એટલામાં તો સકીફના લોકોએ જાતે મદીના આવીને ઇસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો.

તાઇફનો ઘેરો છોડીને તેઓએ જઈરહાનાના મુકામ પર પડાવ નાખ્યો. સાથે બેશુમાર લૂંટના માલનું જોખમ હતુંઃ ૬૦૦૦ કેદી, ૨૪૦૦૦ ઊંટ, ૪૦૦૦૦ બકરીઓ અને ૪૦૦૦ ચાંદીના સિક્કા. એમની મહેરબાની તો જુઓ. હઝરત રસૂલ કેદીઓને લઈને અહીં રાહ જોતા હતા કે એમનાં સગા વહાલાં આવશે ને એમને છોડાવી લઈ જશે. પણ કેટલાય દિવસ વીતી ગયા છતાં કોઈ આવ્યું નહીં, ત્યારે લૂંટના પાંચ ભાગ કરવામાં આવ્યા. ચાર ભાગ સિપાઈઓમાં વહેંચી દીધા અને પાંચમો ભાગ ગરીબો, ફકીરો અને ઇસ્લામનાં બીજાં જરૂરી કામોમાં વાપરવા માટે રસૂલુલ્લાહને સોંપવામાં આવ્યો.

હઝરત રસૂલે મક્કાના અને એની આસપાસના ઘણા નવા મુસ્લિમ



સરદારોને વિશ્વાસ બેસાડવા માટે લૂંટના માલમાંથી ઘણો સરસામાન ભેટ આપ્યો. અનસારોને આની કંઈ ખબર નહતી, એટલે ગેરસમજથી એમને એમ લાગ્યું કે "હઝરતે કુરેશોને ઇનામ આપ્યું અને અમને કાંઈ આપ્યું નહી. લડાઈનું ખરું કામ તો અમે સંભાળ્યું. અને અત્યાર સુધી અમારી તલવારોથી કુરેશોના લોહીનાં બિંદુઓ ટપકી રહ્યાં છે." કેટલાક નવજુવાન અનસારીઓ તો બોલી ઊઠયા કે "મુશ્કેલીને વખતે અમારી યાદ આવે છે અને ઇનામો તો બીજાઓને મળે છે."

હઝરત રસૂલુલ્લાહ સલઅમે આ વાત સાંભળી એટલે અનસારીઓને એક જુદા તંબૂમાં બોલાવીને પૂછયું કે "તમે આવું કહ્યું હતું?" તેઓએ જવાબ આપ્યો કે "યા રસૂલુલ્લાહ, અમારા મોટાઓમાંથી તો કોઈએ કહ્યું નથી, પણ અલબત્ત કેટલાક નવજુવાનોએ આવું કહ્યું હતું." તેઓ બોલી રહ્યા પછી રસૂલે નીચેનું ભાષણ કર્યું કે જેનું દરેક વાકય અસરથી ભરપૂર હતુંઃ

"શું એ સાચું નથી કે તમે પહેલાં રસ્તો ભૂલેલા હતા અને ખુદાએ મારી મારફત તમને રસ્તો બતાવ્યો? તમે વિખરાયેલા હતા તો ખુદાએ મારી મારફત તમારામાં સંપ અને એકતા કરી આપ્યાં? તમે ગરીબ હતા તો ખુદાએ મારી મારફત તમને દોલતમન્દ બનાવ્યા?" તેઓ આ બોલતા હતા ત્યારે દરેક વાકય પછી અનસારીઓ બોલતા જતા હતા કે "ખુદા અને એના રસૂલનો ઉપકાર સૌથી વધુ છે." રસૂલે કહ્યુંઃ "આમ નહીં. તમે એ જવાબ આપી શકો છો કે 'અય મહમ્મદ, તને જ્યારે લોકોએ તરછોડયો ત્યારે અમે તારી વાત માની. તને જ્યારે લોકોએ છોડી દીધો ત્યારે અમે તને સાથ આપ્યો. તું તો ભિખારી જેવો આવ્યો હતો ત્યારે અમે દરેક બાબતમાં તને મદદ કરી.'"

આટલું કહીને રસૂલે કહ્યું કે "તમે આ જવાબ આપતા જાઓ અને હું કહેતો જઈશ કે તમે સાચું કહો છો. પણ હે અનસારીઓ, તમને એ વધારે પસન્દ નથી કે બીજા લોકો ઊંટ અને બકરીઓને લઈને પોતાને ઘેર જાય અને તમે મહમ્મદને લઈને તમારે ઘેર જાઓ?"

આ સાંભળીને અનસારીઓ એકદમ બોલી ઊઠયા કે "અમારે ફક્ત મહમ્મદ જ જોઈએ છે." અને કેટલાક તો એટલા ખુશ થઈ ગયા કે હરખનાં આંસુથી એમની દાઢીઓ ભીંજાઈ ગઈ. આ પછી હઝરત રસૂલે અનસારીઓને સમજાવ્યું કે મક્કાના લોકો નવા નવા મુસલમાન થયા હતા. આથી એમને જે કંઈ મળ્યું તે એમનો હક્ક છે તેથી નહીં, પણ ઇસ્લામની ભેટથી એમને જાણીતા કરવા છે માટે.

એ જ વખતે કેદીઓને છોડાવવા માટે કેટલાક લોકો હઝરત રસૂલની ખિદમતમાં હાજર થયા. આમાં ઓસ કબીલાના પણ કેટલાક લોકો હતા. એમાં દાયા હલીમા પણ હતી. હઝરત રસૂલે બચપણમાં એમનું દૂધ પીધું હતું. હઝરત રસૂલે ફરમાવ્યું કે, અબ્દુલ મુતાલિબના ખાનદાનનો જે હિસ્સો છે તે તમારો છે. પણ કેદીઓને છોડવાનો સામાન્ય રિવાજ એ છે કે નમાજની પછી જ્યારે બધા ભેગા થયેલા હોય તે વખતે દરેકે પોતપોતે કેટલું આપવાના છે તે બોલવું. ઝોહરની (બપોરની એક નમાજનું નામ) નમાજ પછી આવેલા લોકોએ મુસલમાનોની સામે પોતાના કેદીઓને છોડવાની પોતાની દરખાસ્ત પેશ કરી. આ પછી હઝરત સલઅમે કહ્યું કે "મને મારા ખાનદાન પર સત્તા છે તોપણ હું જાહેરમાં મુસલમાનોને તમારા તરફથી ભલામણ કરું છું." આટલું કહેતાંની સાથે જ બધા મુસલમાનો બોલી ઊઠયા કે "અમારો ભાગ પણ હાજર છે." અને આવી રીતે ૬૦૦૦ કેદીઓ એક સાથે છૂટી ગયા.

આ સમયમાં સિરિયા અને મિસરનો દેશ ઇસાઇ રોમનોના હાથમાં હતો. એની રાજધાની કુસ્તુન્તુનિયામાં હતી. સિરિયાની હદ હિજાઝની સાથે મળેલી હતી. હિજાઝમાં ઇસ્લામની નવી તાકાતની વાતો સાંભળીને રૂમીઓમાં ખળભળાટ મચી ગયો હતો. હિજાઝ અને સિરિયાની સરહદ પર તબૂક નામની એક જગ્યા હતી. એની આસપાસ ઇસાઇ બની ગયેલા કેટલાક અરબ સરદારો રૂમીઓના તાબામાં રહીને હકુમત ચલાવતા હતા. આ અરબ સરદારોમાં ગસ્સાની ખાનદાનના અરબો સૌથી વધુ

**રૂમી ખતરા**



જોરાવર હતા. અને એ જ રૂમીઓ તરફથી હુમલાના કામને માટે મુકરર થયા. એકદમ મદીનામાં આ ખબર પહોંચી ગઈ કે ગસ્સાની મદીના પર ચડાઈ કરવાની તૈયારી કરી રહ્યા છે. સિરિયાના સોદાગરોએ આવીને એવું બયાન કર્યું કે, રૂમીઓએ સિરિયામાં મોટી ફોજ જમા કરી છે, અને તે હથિયાર વગેરેથી પૂરી સજ્જ છે.

હઝરત સલઅમે આ ખબર સાંભળીને મુસલમાન બહાદુરોને પણ તૈયારી કરવાનો હુકમ આપી દીધો. કમનસીબી એવી હતી કે એ દિવસો સખત ગરમીના હતા, મુલકમાં દુકાળની અસર હતી. મુનાફીકો કે જેઓ ખરા દિલથી મુસલમાન ન હતા એમને માટે આ ખરો કસોટીનો વખત હતો. તેઓ લડવાના કાયર હતા અને છૂપી રીતે બીજાઓને પણ લડાઈમાં જવા માટે રોકતા હતા.

પણ પૂરજોશ મુસલમાનોને માટે પોતાના ઇમાનની તાઝગીનો એક નવો મોકો હાથ આવ્યો. હવે અરબના થોડાક કબીલાઓનો સામનો કરવાનો નહોતો પણ એક મોટી સલ્તનતની સામે લડવાનું હતું. દોલતમન્દ સહાબીઓએ પણ મોટી મોટી રકમો આપી, કેમકે સફર લાંબી હતી અને સવારીની સગવડ થોડી હતી. તેથી કેટલાક ગરીબ–જેમની પાસે કંઈ ન હતું એવા–મુસલમાનો રોઈ રોઈને અરજ કરતા હતા કે "અમને પણ જો સફરનો સામાન આપવામાં આવે તો અમે પણ તમારી સાથે સફર કરવાને ભાગ્યશાળી થઈએ." આ સાંભળીને હઝરત ઉસ્માને ફોજને માટે ત્રણસો ઊંટ આપ્યાં અને હઝરત સલઅમે એમને આશીર્વાદ આપ્યા.

હઝરત સલઅમ જ્યારે મદીનાની બહાર જતા હતા ત્યારે કોઈ ને કોઈને શહેરના હાકેમ બનાવીને જતા હતા આ વખતે પવિત્ર પત્નીઓ સાથે જવાની નહતી એટલે તેમને કોઈ ખાસ માણસને ત્યાં મૂકી જવાની જરૂર હતી. તેથી આ વખતે આ સદ્ભાગ્ય હઝરત અલી બિન અબી તાલીબને પ્રાપ્ત થયું. એમણે અરજ કરી કે "યા રસૂલુલ્લાહ! આપ મને બચ્ચાંઓ અને સ્ત્રીઓની વચ્ચે મૂકી જાઓ છો?" રસૂલે કહ્યું કે "જે સંબંધ હારૂનને મુસા સાથે હતો તે સંબંધ તારે મારી સાથે હોય તે તને

પસન્દ નથી ?" હઝરત રસૂલનું આ કહેવું અલીને માટે એટલું અભિમાન લેવા જેવું હતું કે જે કદી ભૂલી શકાય તેમ નહતું.

હઝરત રસૂલુલ્લાહ ૩૦ હજારની ફોજ લઈને મદીનાથી નીકળ્યા. આમાં ૧૦૦૦૦ સવારો હતા. તબૂક પહોંચ્યા ત્યારે ખબર પડી કે રૂમીઓના હુમલાની વાત સાચી ન હતી. પણ એટલી વાત સાચી હતી કે ઇસ્લામની નવી તાકાતનો સામનો કરવા માટે ગસ્સાનીઓ દોડધામ કરી રહ્યા હતા. હઝરત સલઅમે તબૂકમાં વીસ દિવસ મુકામ કર્યો. આ મુકામની અસર એ થઈ કે ત્રીસ હજાર મુસલમાનોની આ પવિત્ર સેના જે જાહેરમાં સિપાઇ હતી પણ હકીકતમાં તો ખુદાની આશક હતી તે આસપાસના શહેરોમાં પોતાની અસર પાડ્યા વગર રહી નહીં.

ઇસ્લામમાં અગાઉ થયેલા પયગમ્બરોના અનુયાયીઓ સાથે એ સંબંધ રાખવામાં આવતો કે તેઓ જો થોડુંક મહેસૂલ–કર–આપીને મુસલમાનોની પ્રજા બની જાય તો મુસલમાનો એમનું દરેક જાતનું રક્ષણ કરવાની જવાબદારી ઉઠાવી લે. આ મહેસૂલને કુરાને પાકમાં "જઝિયા" કહેવામાં આવે છે. આ પહેલો જ પ્રસંગ હતો કે જ્યારે કોઈ ગૈરમુસલમાન કોમ મસલમાનોની હકુમત નીચે આવી હતી. અકબાના અખાત ઉપરના ઇલાની પાસે અરબોની એક નાનકડી રિયાસત હતી. એના સરદાર યુહન્નાએ હઝરત રસૂલની ખિદમતમાં આવીને જઝિયો આપી મસલમાનોના રક્ષણમાં રહેવાનું મંજૂર કર્યું. જરબા અને અઝરૂહના ઇસાઇ અરબોએ પણ જઝિયા આપીને મુસલમાનો સાથે સુલેહ કરી લીધી. દમાસ્કસથી પાંચેક મજલ દૂર દુમતુલ્જન્દલમાં ઉકૈદર નામનો એક અરબ સરદાર રહેતો હતો. એ રોમના કૈસરના હાથ નીચે હતો. મુસલમાનોએ ૪૦૦ સવારો લઈને એની પર હુમલો કર્યો, એને પકડીને હઝરતની ખિદમતમાં લઈ આવ્યા. એને એ શરત પર છોડવામાં આવ્યો કે એણે મદીના આવીને સુલેહ કરવી. આથી તે પોતાના ભાઇ સાથે મદીના આવી ઇસ્લામના રક્ષણ નીચે આવ્યો.

તબૂકની સફર એ અરબની બહારની બે સૌથી મોટી તાકાતોમાંથી એકની સાથે શિર ટકરાવવાની સૌથી પહેલી સફળ કોશીશ હતી, એ



બનાવ બહુ જ મહત્ત્વનો હતો. આથી જ્યારે હઝરત સલઅમ કુશળ અને હેમખેમ પાછા આવ્યા ત્યારે મુસલમાનોએ ખૂબ ખુશી મનાવી. મદીનાના લોકો ખૂબ ઉત્સાહમાં આવી જઇને રસૂલુલ્લાહને લેવા માટે શહેરની બહાર નીકળ્યા. સ્ત્રીઓ પણ ગામની બહાર નીકળી આવી અને છોકરીઓએ એમનું સ્વાગત કરવા ગાયન ગાયું જેની મતલબ નીચે મુજબ છે:

"વિદાયગીરીની ઘાટીઓથી અમારી પર ચાંદ ઊગ્યો છે. અને દુનિયામાં જ્યાંસુધી ખુદાને પુકારનાર એક પણ માણસ બાકી છે ત્યાંસુધી ખુદાની શુક્રિયા અદા કરવી એ અમારી ફરજ છે."

હવે ઇસ્લામ ધર્મની શરૂઆત થયાને ૨૨ વરસ થઈ ચૂક્યાં હતાં. બાવીસ વર્ષની લગાતાર મહેનત પછી અરબનો અણુએ અણુ ઇસ્લામના નૂરથી ચમકી રહ્યો હતો. "લા ઇલાહા ઈલ્લિલ્લા" ખુદા એક છે–ના અવાજો ચારે તરફ ગૂંજી રહ્યા હતા. યમનની સરહદથી લઈને તે સિરિયાની સરહદ સુધી ઇસ્લામની હકુમત ફેલાઇ ગઈ હતી. અને ખુદાનું ઘર [કાબા] હવે તૌહિદનું [ખુદા એક છે તું] કેન્દ્રસ્થાન બની ગયું હતું. હવે વખત આવ્યો હતો કે ઇસ્લામનો ધાર્મિક દરબાર જે "હજ"ના નામથી મશહૂર છે તે અલ્લાહના બનાવેલા અને હઝરત ઇબ્રાહિમના બનાવેલા નિયમ પ્રમાણે ભરવાનું શરૂ કરવામાં આવે.

**નિયમિત હજ**

તબૂકથી પાછા આવ્યા પછી હઝરત સલઅમે હિ. સ. ૯ માં ઝિકાદના અંતમાં અથવા તો ઝીલહજ્જાની શરૂઆતમાં ત્રણસો મુસલમાનોનો એક કાફલો મદીનાથી મક્કા રવાના કર્યો. હઝરત અબુ બકર આ કાફલાના આગેવાન, હઝરત અલી બિન અબિ તલિબ કારભારી અને હઝરત સઅદ બિન વકાસ, હઝરત જાબર અને હઝરત અબુ હુરેરાને પ્રચારક અને શિક્ષક બનાવવામાં આવ્યા. આ લોકોની સાથે કુરબાનોને માટે ૨૦ ઊંટ હતાં.

કુરાને આ હજનું નામ હજે અકબર--મોટી હજ રાખ્યું છે, કેમકે કાફરોની હકુમતના અંતની અને ઇસ્લામની પ્રતિજ્ઞાની શરૂઆતની આ સૌથી પહેલી જાહેરાત હતી. હઝરત અબુ બકરે લોકોને હજની અસલી

સાચી રીત બતાવી, અને શીખવી અને કુરબાનીને દિવસે ઊભા થઈને ઈસ્લામનો ખત્બા વાંચ્યો અને એની પછી હઝરત અલીએ બરાતની સુરહ (કુરાનના એક અધ્યાયનું નામ)માંથી ૪૦ આયતો (પદો) વાંચી સંભળાવી. એમાં કાફરો સાથે જરાય સંબંધ ન રાખવાની જાહેરાત હતી. અને જાહેર કરવામાં આવ્યું હતું કે હવેથી કોઈ પણ મુશરીકને (ખુદામાં બીજા કોઇને શરીક કરનારને) કાબામાં દાખલ કરવામાં આવશે નહીં. કોઈ એક પણ કપડું પહેર્યા વગરનો માણસ હજ કરી શકશે નહીં. અને મુશરીકો સાથે કરવામાં આવેલાં બધાં કરારનામાં આજથી ચાર મહિના પછી રદ થઈ જશે.

શી વિચિત્ર વાત છે કે જે કુરેશો વીસ વરસ સુધી તલવારની નોકથી [ધારથી] ઇસ્લામનો સામનો કરતા હતા તે મક્કાની ફતેહ પછી કોઈ પણ સખ્તી કે લાલચ વગર ફક્ત ઈસ્લામના ઘેરા રંગને અને મુસલમાનોને પાસેથી જોઈને પોતપોતાની મેળે મુસલમાન થઈ ગયા. અને જે અત્યાર સુધી નહોતા થયા તેમણે આ જાહેરાત પછી ઇસ્લામનો સ્વીકાર કર્યો.

### અરબના સુબાઓમાં ઈસ્લામની જાહેરાત

અરબનો એકે એક અણુ રસૂલરૂપી સૂર્યના પાલવમાં લપેટાયેલો હતો. તૌહિદ (અલ્લા એક છે)ની જાહેરાતના રસ્તા પરથી મુશ્કેલીનો એકે એક પથ્થર હટી ગયો હતો. અને આખા હિજાઝમાં ઈસ્લામની હકુમત કાયમ થઈ ચૂકી હતી. પણ હજીએ યમન, યમામા, બહરીન, વગેરે અરબના એવા સૂબાઓ-જિલ્લાઓ હતા કે જ્યાં એક બે એક બે લોકો મુસલમાન થયા હતા પણ ત્યાં ઈસ્લામની જાહેરાત થઈ ન હતી; પણ હવે જ્યારે કુરેશ અને એના સાથી બીજા કબીલાઓની વિરોધ કરવાની બધી મહેનત અફળ ગઈ ત્યારે હવે વખત આવી પહોંચ્યો હતો કે દૂર દૂરના ઈલાકાઓમાં પણ ઇસ્લામની જાહેરાત કરવામાં આવે અને રાય તથા રંક, અમીર તથા ફકીર દરેકને સચ્ચાઈનું નિમંત્રણ આપવામાં આવે.

અરબના બધા પ્રાંતોમાં યમન એ સૌથી મોટો હતો. તે લગભગ



૫૦-૬૦ વરસથી ઇરાનીઓના હાથમાં હતો. યમનના એક પ્રખ્યાત કબીલા દૌસના એક સરદાર તુફેલ બિન અમરે મક્કા જઈને ઘણાં વખત પહેલાં ઇસ્લામ ધર્મ સ્વીકારી લીધો હતો. અને એની અસરથી આ કબીલાના કેટલાક લોકો કયારેક કયારેક એક પછી એક મુસલમાન બનતા જતા હતા. હિ.સ. ૭માં જ્યારે રસૂલ ખૈબરમાં હતા ત્યારે દૌસના કેટલાય લોકો મુસલમાન થઈને મદીના ચાલ્યા આવ્યા હતા. મશહૂર સહાબી હઝરત અબુ હરેરો આમાંના જ હતા. અશઅર નામના યમનના એક બીજા કબીલાના લોકો પણ પોતાની મેળે જ મુસલમાન બનતા જતા હતા. મશહૂર સહાબી હઝરત અબુ મુસા અશઅરી, આ કબીલાના હતા. આ લોકો પણ મદીના આવીને રહેતા હતા.

યમનમાં હમ્દાન નામનો કબીલો બહુ પ્રખ્યાત હતો. આ કબીલાએ જ્યારે ઇસ્લામનું નામ સાંભળ્યું ત્યારે પોતાના સરદાર આમેર બિન શહરને આ નવા ધર્મની હકીકત જાણવા માટે મદીના મોકલ્યા. એણે ત્યાં જઇને જે બધું જોયું એની અસર એ થઈ કે ઇસ્લામની સચ્ચાઈએ એના દિલમાં ઘર કરી લીધું. એણે પાછા આવીને પોતાના કુટુંબમાં ઇસ્લામનું તેજ ફેલાવી દીધું.

યમનના કેટલાક કબીલાઓમાં ઇસ્લામનો પ્રચાર કરવા માટે પહેલાં હઝરત ખાલિદને મોકલવામાં આવ્યા. તેઓએ છ મહિના સુધી પોતાનું કામ કર્યું પણ સફળતા ન મળી. આ જોઇને રસૂલે એમને પાછા બોલાવી લીધા અને એમની જગ્યાએ હઝરત અલી બિન અબી તાલિબને મોકલ્યા.

હઝરત અલી મુરતુઝાએ ત્યાંના બધા સરદારોને બોલાવ્યા અને હઝરત રસૂલુલ્લાહનો મુબારક કાગળ વાંચી સંભળાવ્યો. એ કાગળ સાંભળીને આખો કબીલો મુસલમાન થઈ ગયો. આમ હમ્દાન, જુઝૈમા અને મઝહજના કબીલાઓમાં ઇસ્લામની રોશની હઝરત મુરતુઝા દ્વારા ફેલાઈ. યમનનાં બીજાં શહેરમાં ઇસ્લામ ફેલાવવા માટે બીજા પ્રખ્યાત સહાબીઓ નક્કી કરવામાં આવ્યા. યમનની રાજધાની સનઆમાં ખાલિદ બિન સઈદે ઇસ્લામ ધર્મ ફેલાવ્યો. તયનો કબીલો ઇસ્લામની પહેલા ઈસાઈ

હતો. આ વખતે હાતિમતાઇનો પુત્ર અદી આ કબીલાનો સરદાર હતો. એ પયગમ્બરની ખિદમતમાં હાજર થયો અને હઝરતની નમ્રતા અને પીડિતો સાથેની હમદર્દી જોઇને તે મુસલમાન બની ગયો. અને એના કહેવાથી એના કબીલાએ પણ ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો.

હઝરત અબુ મુસાઅ અશઅરીએ અદન અને ઝબીદમાં અને હઝરત મુઆઝ બિન જબલે જુન્દમાં જઈને ઇસ્લામનો પયગામ પહોંચાડયો. જહીર બિન અબ્દુલ્લા બુજલીએ હિમિયરનાં શહેરોમાં ઇસ્લામ ફેલાવ્યો. મુહાજર બિન અલી ઉમઈયા નામના એક સહાબી યમનના શાહજાદા હારિસ બિન અબ્દ કલાલને ઇસ્લામ ધર્મમાં લઈ આવ્યા. વબ્ર બિન યખનસ નામના સહાબીએ યમનમાં રહેતા ઈરાનીઓને ઈસ્લામની ખુશ ખબરી સંભળાવી.

યમનમાં નજરાનનો ઇલાકો ઈસાઈઓના હાથમાં હતો. ત્યાંના લોકોએ ઈસ્લામનો કાગળ વાંચીને પોતાના પાદરીઓને બધી ખબર પૂછવા માટે મદીના મોકલ્યા. જો કે તેઓ મુસલમાન તો ન થયા પણ જઝિયા આપીને ઇસ્લામની હકૂમત કબૂલ કરી. નજરાનમાં જે મુશરીક (ખુદામાં બીજાને શરીક કરનારા) અરબો હતા એમને સમજાવવા માટે હઝરત ખાલિદને ત્યાં મોકલ્યા. અને એમના સમજાવવાથી એ આખા કબીલાએ ઇસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો. હઝરત ખાલિદે ત્યાં થોડા દિવસ રહીને ત્યાંના લોકોને ઇસ્લામની વાતો શીખવી.

બહરેન પર આ વખતમાં ઈરાનીઓની હકૂમત ચાલતી હતી અને એની આસપાસ આરબ કબીલાઓ રહેતા હતા. એમાં અબ્દુલ કૈસ બકર બિન વાઈલ અને તમીમ એ બે ખાનદાન મશહૂર અને લાગવગવાળા હતા. એમાંથી અબ્દુલ કૈસના કબીલામાંથી મુન્કઝ બિન હય્યાન વેપારને માટે નીકળ્યા. રસ્તામાં મદીના આવ્યું. ત્યાં રોકાયા. હઝરત સલઅમને એના આવ્યાની ખબર પડી એટલે તેઓ એની પાસે ગયા અને એમને ઇસ્લામમાં આવવાનું નિમંત્રણ આપ્યું. એમણે તે કબૂલ કર્યું અને તેઓ મુસલમાન બની ગયા. ત્યાં રહીને એમણે સુરએ ફાતિહા અને ઈકરા (કુરાન-માં બે પ્રકરણ)નો અભ્યાસ કર્યો. રસૂલુલ્લાહે એમને એક ફરમાન લખીને આપ્યું. જ્યારે તેઓ ઘેર પાછા ફર્યા ત્યારે એમણે એમના આ નવા ધર્મને છુપાવ્યો. પણ એમની પત્ની એમને નમાજ પઢતા જોઈ ગઈ



અને પોતાના પિતા મુન્ઝરને એની ફરિયાદ કરી. એમણે મુન્કઝને પૂછયું અને એની સાથે ચર્ચા કર્યા પછી મુન્ઝર પણ મુસલમાન થઈ ગયા. પછી બન્નેએ મળી લોકોને ભેગા કરી હઝરત સલઅમનું ફરમાન સંભળાવ્યું અને ત્યાંના બધા લોકોએ ઇસ્લામ ધર્મ સ્વીકારી લીધો.

બહરેનમાં જુવાસી નામની જગ્યાએ અબ્દુલ કૈસનો કબીલો રહેતો હતો. અહીં બહુ પહેલાં ઇસ્લામ ધર્મ પહોંચી ગયો હતો. મદીનાની પછી જુમાની નમાજ સૌથી પહેલાં આ લોકોએ જ અદા કરી હતી. હિ.સ. ૮માં બહરેનના અરબ સરદાર મન્ઝર બિન સાવાએ અલા બિન હઝરમીના કહેવાથી ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો હતો અને એની સાથે ત્યાંના બધા અરબ અને ઈરાનીઓ પણ મુસલમાન થઈ ગયા હતા. બહરેનમાં હજરા નામની એક જગ્યાએ ત્યાંના ઈરાની હાકેમ સીબખ્તે હઝરત સલઅમનો કાગળ જોઇને ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો હતો.

અમ્માનમાં આઝાદ નામનો કબીલો રહેતો હતો. ઉબૈદ અને જાફર ત્યાંના સરદાર હતા. હિ સ. ૮માં હઝરત સલઅમે હઝરત અબુ ઝેદ અનસારીને કે જેઓ હફિઝે કુરાન (આખું કુરાન જેમને મોઢે હોય તેવા) હતા અને હઝરત અમર બિન આસને પોતાનો કાગળ આપીને એમની પાસે મોકલ્યા, એ બન્ને સરદારોએ ઈસ્લામ કબૂલ કર્યો. અને ત્યાંના બધા લોકો એમના કહેવાથી મુસલમાન બન્યા.

સિરિયાની હદમાં કેટલા ય સરદારો રહેતા હતા. એમાંના એકનું નામ ફરવદ હતું. એમની રિયાસત જાઆનમાં હતી. તેઓ રૂમીઓના તાબામાં હતા. તેઓ ઈસ્લામ ધર્મથી વાકેફ થઇને મુસલમાન થઈ ગયા. રૂમીઓને એમના મુસલમાન થયાની ખબર પડી એટલે એમને પકડીને શૂળી પર ચડાવી દીધા. તે વખતે એ બેગુનાહ શહીદની જબાન પર નીચેની અરબી કવિતા હતી. આ એનો તરજુમો છેઃ

"મુસલમાન સરદારોને મારો આ પયગામ પહોંચાડજો કે મારું તન, મન અને મારી આબરૂ એ બધું ય પરવરદિગારના નામ પર કુરબાન છે."

અન્તમાં આટલા પ્રયત્ન પછી અરબના એકે એક ખૂણામાં ઇસ્લામ ધર્મ ફેલાઈ ગયો અને એ સ્થિતિએ પહોંચ્યો કે અરબમાં એક પણ મુશરિક બાકી રહ્યો નહીં.

# ધર્મની મજબૂતી અને ઇસ્લામી સમાજવ્યવસ્થાનો પાયો

**હઝરત** સલઅમ ખુદાનો પયગામ લઇને દુનિયામાં આવ્યા હતા. શરૂઆતમાં દુનિયાએ એનો વિરોધ કર્યો, અને અરબના લોકોએ એને માનવાનો ઇન્કાર કર્યો; એટલું જ નહીં એનો નાશ કરી નાખવાનો દરેક જાતનો પ્રયત્ન પણ કર્યો. મુસલમાનોને બધી રીતે હેરાન કર્યા. એમને એમના ઘરમાંથી કાઢી મૂકયા. તેઓને કશો ય સરસામાન લીધા વગર પોતાનાં ઘરબાર છોડીને કયારેક હબ્શનાં તો કયારેક દૂરદૂરનાં બીજાં શહેરોમાં જવું પડતું. આવી રીતે ૧૩ વરસ સુધી હઝરત અને એમના મુસલમાન સાથીઓએ પૂરી ધીરજ અને અડગપણાથી આ બધી મુશ્કેલીઓનો સામનો કર્યો. આ પછી કાફરોએ ફોજ તથા લશ્કર અને તલવાર તથા ખંજરથી મુસલમાનોને ફના કરી દેવાની તૈયારી કરી. અને નવ વરસ સુધી લગાતાર એમનો પ્રયત્ન ચાલુ રહ્યો. મુસલમાનોએ એમની આ જુલ્મી તાકાતનો પણ સામનો કર્યો અને મહાન અલ્લાહની મદદથી તેઓ આ યુદ્ધમાં પણ સફળ થયા. અને ધીરેધીરે મુશ્કેલીનો દરેક પથ્થર એમના રસ્તામાંથી હટી ગયો. અરબનો એકે એક ખૂણો ઇસ્લામના ઝંડા નીચે જમા થયો અને "ખુદા એક જ છે અને મહમ્મદ ખુદાનો રસૂલ છે [ લા ઇલાહા ઇલ્લીલ્લાહ મુહમ્મદ રસૂલલ્લાહ ]ના અવાજથી અરબનો આખો ટાપુ ગૂંજી ઊઠયો. હવે વખત આવી પહોંચ્યો હતો કે ધર્મ પોતાના બધાય હકોની સાથે પૂર્ણતા પ્રાપ્ત કરે અને એની હકૂમત આખાય અરબમાં કાયમ કરવામાં આવે.

હઝરત આયશા કહે છે કે સૌથી પહેલાં કુરાને પાકની એ આયતો ઊતરી કે જે દિલમાં નરમી, આત્મામાં ગરમી અને વિચારોમાં પરિવર્તન પેદા કરે. આ થઈ ચૂકયું તે પછી હુકમોની આયતો આવી. જો આવું ન થયું હોત અને પહેલે જ દિવસે આ હુકમ આવ્યો હોત કે "લોકો, શરાબ છોડી દો." તો એનું કોણ માનત? ઇસ્લામનો આ ક્રમ બરાબર કુદરતી હતો. હઝરત સલઅમ જ્યાંસુધી મદીનામાં રહ્યા ત્યાંસુધી



તૌહિદની [ ખુદા એક છે એ વાત ] તાલીમ મહાન અલ્લાહની બેહદ કુદરત અને અજોડ રહેમત, મૂર્તિ પૂજાની બૂરાઈ, મૂર્તિઓની લાચારી, અલ્લાહના રસૂલોના કિસ્સા, રસૂલોને ન માનવાથી કોમો પર પડતી મુસીબતો, મરણ પછી બીજીવાર જીવતા થવું, ખુદાની સામે પોતે કરેલા કામોનો જવાબ આપવો, સારાને સ્વર્ગ અને બૂરાઓને નરકના દેખાવો બતાવવામાં આવે છે, એ બધી વાતો કહેતા. અને સાથે સાથે અલ્લાહની સાચી ભક્તિ કરવાની રીત, ગરીબોની સાથે મહેરબાની રાખવી, નિરાધારો પર પ્રેમ કરવો અને રીતભાતની બીજી સારી સારી વાતો એમને શીખવતા હતા. આનું પરિણામ એ આવ્યું કે અલ્લાહને માનવાવાળાનું એક એવું મોટું મંડળ થઈ ગયું કે જે એના દરેક હુકમ પર ગરદન ઝુકાવવા માટે તૈયાર થઈ ગયા. આ વખતે અલ્લાહે પોતાના રસૂલ દ્વારા પોતાના બધા હુકમોથી આ લોકોને વાકેફ કર્યા.

એમને કહેવામાં આવ્યું કે દિવસમાં પાંચ વખત હઝરત ઇબ્રાહીમની મસ્જિદ–કાબા–તરફ મોં કરીને ખુદાની સામે હાજર થઈ ઊભા રહેવું, પછી ઘૂંટણો પર બેસી નીચા નમી ઝૂકવું. પછી જમીન પર માથું રાખીને પોતાની આજીજી પ્રકટ કરવી. આને "નમાજ" કહેવામાં આવે છે. આ નમાજ બધા મુસલમાનો એક વખતે એક જગ્યાએ એકઠા થઈ એક ઇમામ (નમાજ પઢાવનાર) બોલે અને કરે તે પ્રમાણે એક સાથે અદા કરે. આનો અર્થ એ થયો કે જેવી રીતે નમાજ ખુદા અને બન્દા [સેવક]ની વચ્ચેની સૌથી મજબૂત કડી છે. એવી રીતે તે મુસલમાનોના કોમી બંધારણનું સાચું રૂપ પણ છે. એટલે કે બધા મુસલમાનો એક થઇ દરજ્જાના ભેદભાવને તોડી એક હારમાં ઊભા રહી એક એવું સંગઠિત મંડળ બની જાય કે એમના તમામ બહારના ફરક મટી જાય અને તેઓ બધા એક ઇમામની આજ્ઞા પ્રમાણે ચાલે. આથી રસૂલે એવું ફરમાવ્યું કે નમાજમાં બધાએ એક સીધી હારમાં ઊભા રહેવું કે જેથી એમનાં દિલ પણ એવી રીતે મળી જાય. અને એવું પણ ફરમાવ્યું કે જે માણસ ઇમામના ઊઠવા કે બેસવાની

પહેલાં ઊઠે કે બેસે એણે ડરવું જોઇએ કે તે ગધેડો ન બની જાય કે જે બેવકૂફી માટે મશહૂર છે.

ઇસ્લામના બધા હુકમોમાં નમાજનું સ્થાન સૌથી ઊંચું છે અને તેથી જ એને ધર્મનો સ્તંભ કહેવામાં આવ્યો છે. અરબનો અવિશ્વાસ દૂર થયો કે તરત જ રસૂલુલ્લાહે સૌથી પહેલાં નમાજ તરફ દૃષ્ટિ કરી. નમાજનો વિધિ અને સમય તો મક્કામાં જ નક્કી થઈ ચૂકયો હતો. પણ હવે જેમ જેમ વિશ્વાસ વધતો ગયો તેમ તેમ નમાજની આંતરિક ખૂબી તરફ પણ વધુ ધ્યાન આપવાનું શરૂ થયું. હવે એમાં કુરાન અને દુઆ સિવાય બીજું કંઈ પણ બોલવાચાલવાની, ઈશારા કરવાની કે સલામ કરવાની મનાઈ કરવામાં આવી. અને એક સાથે એક જગ્યાએ મળીને નમાજ પઢવાનું જેને-"જમાઅત" કહેવામાં આવે છે તે નક્કી કરવામાં આવ્યું. નમાજ પઢવાની દિશા જે તરફ કાબા છે તે નક્કી કરવામાં આવી જેથી આખી દુનિયાના મુસલમાનો એકતાના એક રંગમાં રોશન થાય.

અઠવાડિયાની નમાજ કે જેનું નામ જુમા છે તે પઢવાનું મક્કામાં તો ફરજિયાત થઈ ચૂકયું હતું. છતાં અશાંતિના વાતાવરણમાં જ્યાં ચાર મુસલમાનો પણ એકઠા થઈને નમાજ નહોતા પઢી શકતા તો પછી શહેરના બધા મુસલમાનો એકઠા થઈને કેવી રીતે નમાજ પઢી શકે? આથી જુમાની નમાજ મક્કામાં અદા થઈ શકતી ન હતી. પણ મુસલમાનોને મદીનામાં શાંતિ મળી તેની સાથે પહેલા જ અઠવાડિયામાં દિવસની રોશનીમાં બપોરને વખતે સૂર્ય ઢળતાં જ જુમાની નમાજ અદા કરી. અને ઈમામે જુમાનો ખુત્બો આપ્યો. બીજે અઠવાડિયે ખુદ હજરત સલઅમ ત્યાં આવ્યા અને તે દિવસથી તેઓ જ જુમાની નમાજના ઇમામ બન્યા. નમાજની પહેલાં ખુદાની પ્રશંસા અને કુરાનના વાચનની સાથે તેઓ મુસલમાનોની તાલીમ શિક્ષા અને ચેતવણીથી ભરેલું એક નાનકડું ભાષણ કરતા જેને 'ખુત્બા' કહેવામાં આવે છે.

મદીનાની બહાર બીજા જિલ્લાઓ (સૂબાઓ)નાં શહેરોમાં જ ઈમામો



મુકરર કરવામાં આવતા તે મુસલમાનોના શિક્ષક, ધર્મપ્રચારક, મુફતી અને ઉપરી-આગેવાન કહેવાતા. તેઓ એમને સારી સારી વાતો શીખવતા, ખરાબ વાતોથી રોકતા, અને છોકરાંઓને અલ્લાહ રસૂલનો કલમો શીખવતા, ધર્મની વાતો કહેતા અને કુરાનનું શિક્ષણ આપતા.

આથી દરેક શહેરમાં ખુદાની નમાજ પઢવા માટે અને બધા મુસલમાનોએ ભેગા થઇને બીજાં કામો કરવા માટે મસ્જિદો બનાવવામાં આવી આ મસ્જિદો એમની નમાજ પઢવાની જગ્યા, ભેગા થવાનું ઠેકાણું, એમને શિક્ષણ આપવાની શાળા, પ્રવચન આપવાનો મુકામ, કોમી અને ધાર્મિક કામોની સલાહગાહ (સલાહ આપવાનું ઠેકાણું) અને એમના કાજીઓ તથા હાકીમોની અદાલત બની ગઈ.

ગરીબ મુસલમાનોને મદદ કરવા માટે ઝકાત-દાન આપવાનું નક્કી કરવામાં આવ્યું. એટલે કે દરેક મુસલમાન પોતાની જરૂરિયાતના કરતાં વધારે હોય એવા સોનાચાંદીના માલનો ચાળીસમો ભાગ વર્ષ આખરે ખુદાની રાહમાં આપી દે. આવી જ રીતે કોઈ માણસ પાસે સોનાચાંદીને બદલે જનાવર કે ખેતર હોય તો તેની સંખ્યાના પ્રમાણમાં જુદા જુદા ભાગો ખુદાના કામને માટે નક્કી કરવામાં આવ્યા. આ બધી રકમો, જનાવરો અને પેદાવાર હઝરત સલઅમની જિંદગીમાં મસ્જિદે નબવીમાં હઝરતના મુઅઝન [અઝાં બોલનાર-મીનારા પર ચડીને જે બાંગ પોકારે છે તે] હઝરત બીલાલની પાસે અથવા તો કોઈ બીજા અમલદારની પાસે જમા થતી હતી. અને જરૂરિયાત પ્રમાણે જેને જરૂર હોય તેને આપવામાં આવતી હતી. હઝરત સલઅમની પછી આ કામને માટે એક અલગ દફ્તર બનાવવામાં આવ્યું જેનું નામ બયતુલ્માલ રાખવામાં આવ્યું. આ બયતુલ્માલ મુસલમાનોના ઈમામ (હાકેમ)ની દેખરેખ નીચે રહેતું અને જરૂરવાળાઓની જરૂરિયાત આમાંથી પૂરી પાડવામાં આવતી.

હિ. સ. ૯ માં જ્યારે આખા ય અરબમાં મુસલમાનોનું રાજ્ય થઈ ગયું ત્યારે અરબના દરેક ભાગમાં ઝકાત નક્કી કરવા માટે માણસો નક્કી કરવામાં આવ્યા. તેઓ દરેક જગ્યાએ જઇને મુસલમાનો પાસેથી ઝકાતનો

માલ વસૂલ કરતા હતા અને તેને હઝરત સલઅમની ખિદમતમાં યા તો બયતુલ્માલમાં જમા કરતા હતા અને પોતાનો હિસાબ એમની સામે રજૂ કરતા હતા.

મુસલમાનોને રમઝાન મહિનામાં અલ્લાહની તરફથી કુરાનના રૂપમાં જિંદગીનું જે હિદાયતનામું (સુજીવન પસાર કરવાનો બોધ) મળ્યું; એની યાદમાં દર વર્ષે આ જ મહિનામાં આનંદ ઉત્સવ કરવાનું નક્કી કરવામાં આવ્યું. કુરાને પાક પહેલી જ વાર હઝરત સલઅમને મળ્યું, જેથી મહાન અલ્લાહે આપેલી થાપણ બદલ એનો આભાર અદા કરી શકીએ, અને એ રીતે એ આખો મહિનો પસાર કરવામાં આવે કે જે રીતે એ આખો મહિનો ઇસ્લામના પયગમ્બર અને કુરાનના પહેલા વાચક મહમ્મદ રસૂલુલ્લાહ સલઅમે પસાર કર્યો હતો. એટલે કે સવારથી સાંજ સુધી આ આખો મહિનો ખાવા પીવાનું બંધ કરવું અને એશઆરામનાં કામોથી પરહેજ રહેવું. આને "રોજા" કહેવામાં આવે છે. બની શકે તો રાતે ઊભા રહીને બે રકાતોમાં નમાજ પઢવી અને કુરાન સાંભળવું. આને "તરાવીહ" કહેવામાં આવે છે. અને આ આખો મહિનો બન્દગીમાં ગુજારવો. આ મહિનો પૂરો થાય પછી શવ્વાલની પહેલી તારીખે ઈદનો તહેવાર ઊજવવો. સારાં સારાં કપડાં પહેરવાં, ખુશબુદાર અત્તર વગેરે લગાડવું અને બધાએ મળીને ઈદગાહમાં (ઇદને દિવસે જ્યાં નમાજ પઢવામાં આવે છે તે. એ જગ્યા ખુલ્લી હોય છે.) જઈ શુક્રિયા અદા કરવા માટે બે રકાત નમાજ પઢવી. અને તે દિવસે નમાજ પઢતાં પહેલાં ગરીબોને ખાવા માટે અનાજ આપવું (અનાજને બદલે એની કીમત આપે તો તે પણ ચાલે) કે જેથી તેઓ પણ એ દિવસ ખુશી આનંદમાં વિતાવી શકે.

રમઝાન મહિનો એ ખરી રીતે તો મુસલમાનોને 'ખૈર વ બરકત' કુશળતા અને બરકત આપનાર કુરાનના અવતરણના ઉત્સવનો મહિનો છે. અને એમાં રોજા એટલા માટે ફરજ થયા છે કે મુસલમાનો પાક જિંદગી



પસાર કરતાં શીખે. (જેને કુરાનમાં "તકવા" કહેવામાં આવ્યું છે.) અને આજ કુરાનનો અસલ હેતુ છે.

ઈસ્લામનું ચોથું કામ હજ છે. હઝરત ઈબ્રાહીમના દીને હનીફ–ઈસ્લામ ધર્મ–નું એ અસલી રૂપ છે જેવી રીતે રમઝાનના રોજા એ કુરાને શરીફ અવતરણની યાદગાર છે તેવી રીતે હજ એ હઝરત ઇબ્રાહીમના ધર્મની યાદગાર છે. કાબા એ તે પવિત્ર મસ્જિદ છે કે જે હઝરત ઇબ્રાહીમ અને ઇસ્માઇલે ખુદાના નામ પર સૌથી પહેલાં બનાવી હતી. આથી તે દુનિયામાં ખુદાના બંદાઓનું મથક બને અને ત્યાં દુનિયાના દરેક ભાગમાંથી એક ખુદાને માનવાવાળા વરસમાં એક વાર ભેગા થાય અને ઈબ્રાહીમની જેમ ખુદાની પૂજા કરે.

કાબા તે એ મસ્જિદ છે કે જે તરફ મોં કરીને દરેક મુસલમાન દિવસમાં પાંચ વખત નમાજ પઢે છે. આથી એ જરૂરી માનવામાં આવ્યું કે મુસલમાનોમાંથી જેની પાસે શક્તિ હોય અને જેની પાસે જવા–આવવાના પૈસા હોય તે જિન્દગીમાં એક વખત આ મસ્જિદમાં હાજર થાય અને હઝરત ઇબ્રાહીમની જેમ એ મસ્જિદની ચારે તરફ ફરે (જેને તવાફ કહેવામાં આવે છે) અને સફા તથા મરવાહ નામના બે પહાડોની વચ્ચે એવી રીતે દોડતા દોડતા અલ્લાહની પાસે દુઆ માંગે જેવી રીતે હઝરત હાજરહ દોડ્યાં હતાં. અને અરફાત તથા મનાના મેદાનમાં જઈ ખુદાના દરબારમાં આજીજી કરી પોતાના ગુનાહોની માફી માંગે. અને મનામાં આવીને હઝરત ઈસ્માઈલની જેમ કુરબાનીનો ઉત્સવ કરે. અને દુનિયાના બધા મુસલમાનો એક જગ્યાએ ભેગા થઈને ધર્મ અને દુનિયાની ભલાઈની વાતો કરે. અને પોતાની આલમગીર–મહાન–ઇસ્લામી બિરાદરીની કઈ કઈ ભલાઈ કરી શકાય એમ છે એનો વિચાર કરે.

કલ્મ. એ તૌહિદ (ખુદા એક છે એ શબ્દો)ની પછીનાં આ ચાર કામો છે: નમાજ, ઝકાત, રોજા ને હજ. એ ચારે કામો હવે પૂરાં થઈ ગયાં હતાં, એટલે મુસલમાનોને ધર્મના એ હુકમો શીખવવામાં આવ્યા

કે વર્તનમાં પવિત્રતા રાખવી અને દરેક બાબતમાં ન્યાયી બનવું. અરબ-માં મુસલમાનોનું એક એવું મંડળ પેદા થઈ ગયું હતું કે જે દીને ઈસ્લામનો નમૂનો અને ઈસ્લામના પયગામના કાસિદ બનીને દુનિયાના બીજા ભાગોમાં જઈ નેક વર્તનનો પયગામ અને એનો અમલ પહોંચાડી શકે. અને આવી રીતે આખી દુનિયા ઈસ્લામની તાલિમથી ઝળકી ઊઠે.

હઝરત સલઅમની તાલીમથી લોકો આઝાદીનો પાઠ શીખ્યા. કુરેશી અને ગૈરકુરેશી, અરબ અને ઈરાની, કાળા અને ગોરા, અમીર અને ગરીબ બધા ય એક ખુદાના બન્દા બનીને ઈસ્લામના દરેક હકમાં અને મૃત્યુ પછીના દરેક દરજ્જામાં બરાબર ગણાવા લાગ્યા.

ઈન્સાનોએ પેદા કરેલી બધી જુદી જુદી નાતો મટી ગઈ અને બધા એક આદમનાં સંતાન ગણાવા લાગ્યા. અને આદમ માટીમાંથી બનેલા હતા.

ખુદાના સિવાય બીજી કોઈ ચીજનો ભય, આસમાન અને જમીનની કોઈ પણ તાકાતનો ડર, કાલ્પનિક ચીજોનો ડર, દેવ, ફરિસ્તા, ભૂત, પ્રેત, ચન્દ્ર, સૂરજ, તારા, નદીઓ, જંગલ, પહાડ, ટૂંકમાં આખી સૃષ્ટિનો ખોટો ડર, જે કમજોર લોકો પર જાદૂની જેમ છવાયેલો હતો તેને હઝરત મહમ્મદ રસૂલુલ્લાહના સચ્ચાઈના અવાજે તોડી નાખ્યો.

અરબના બધા ખોટા રીત રિવાજો, ખોટા કાયદાઓ, બેશરમી અને ખરાબ વર્તનના પુરાણા દસ્તૂર હઝરત મહમ્મદ રસૂલુલ્લાહની તાલીમથી નીકળી ગયા. કુરાને આણેલું અને હઝરત મહમ્મદ રસૂલુલ્લાહે આપેલું શિક્ષણ મુસલમાનોની જિન્દગીનું ધ્યેય (ઉસૂલ) બની ગયું. અને એક નવી કોમ, એક નવી અનુયાયીઓની જમાત, નવી સંસ્કૃતિ, નવો કાનૂન અને નવી હકૂમત જમીન પર કાયમ થઈ.

# પયગમ્બરની આખરી હજ

હજજતુલ વિદા
(વિદાયની હજ)
હિ. સ. ૧૦

હઝરત મહમ્મદ રસૂલુલ્લાહને જે ધ્યેયની ખાતર મહાન અલ્લાહે જમીન પર મોકલ્યા હતા તે પૂરું થયું એટલે સૂચના આવી કે "તમારું કામ હવે પુરું થઈ ગયું છે. હવે તમે ખુદાના દરબારમાં પાછા આવવા માટે તૈયાર થઈ જાઓ."

ઝીલકાદ હિ. સ. ૧૦માં એવું જાહેર કરવામાં આવ્યું કે હઝરત સલઅમ આ વર્ષે હજ કરવા માટે મક્કા પધારવાના છે. આ ખબર ઝપાટાબંધ આખા અરબમાં ફેલાઈ ગઈ અને આખું અરબ એમની સાથે જવા માટે ઊલટયું. ઝીલકાદની ૨૬મીએ હઝરત રસૂલે સ્નાન કર્યું અને ચાદર ઓઢી તથા તહમદ (લુંગી) બાંધી અને ઝોહરની નમાજ પઢયા પછી મદીના-ની બહાર નીકળ્યા. મદીનાથી છ માઈલ દૂર ઝુલહુલૈફા મુકામ પર રાત રહ્યા અને બીજે દિવસે ફરી સ્નાન કરીને રકાત નમાજ અદા કરી. અને એહરામ બાંધીને ( વગર શીવેલી બે ચાદરોમાં શરીરને ઢાંકવું ) કસવા નામની સાંઢણી પર સવાર થઈ બુલન્દ અવાજથી નીચેના શબ્દો ઉચ્ચાર્યા જે આજ સુધી દરેક હાજી ( હજ કરનાર )નો મંત્ર બની રહ્યું છેઃ

" અય ખુદા, અમે તારે માટે હાજર છીએ. અય ખુદા, અમે તારે માટે હાજર છીએ. તારો કોઈ શરીક નથી. અમે તારી સામે હાજર છીએ. તારીફ અને અમાનત તારી જ છે. બાદશાહી તારી છે. તારો કોઈ શરીક નથી."

હઝરત જાબેર જે આ હદીસના ( હઝરત પયગમ્બરનું પુસ્તક જે કુરાન પછીની બીજી ધર્મની કિતાબ ) બોલનાર છે ' અને જે હઝરત ઈમામ બાકરના પૂછવાથી આ બધો હાલ કહી સંભળાવે છે ) તેઓ કહે છે કે " અમે નજર ઉઠાવીને જોયું તો આગળ પાછળ ડાબે જમણે

જ્યાંસુધી નજર કામ કરતી હતી ત્યાંસુધી બધે જ માણસોનું જંગલ નજરે પડતું હતું અને જ્યારે હઝરત સલઅમ "લબ્બૈયુ" (જી હાજર) કહેતા હતા ત્યારે એમની સાથે ઓછામાં ઓછા એક લાખ માણસોની જબાન પરથી આ જ શબ્દ નીકળતો હતો અને એકાએક પહાડોની ટોચો આ અવાજના પડઘાથી ગૂંજી ઊઠતી હતી." આમ મજલ દરમજલ તેઓ આગળ ચાલવા લાગ્યા અને રવિવારને દિવસે ઝીલહજની પાંચમી તારીખે તેઓ મક્કામાં દાખલ થયા.

કાબા નજરે પડયું ત્યારે હઝરતે ફરમાવ્યું કે "અય ખુદા, આ ઘરને વધારે આબરૂ અને ઇજ્જત આપ" એમણે કાબાની પ્રદક્ષિણા કરી. મુકામે ઇબ્રાહીમ–કાબા–માં ઊભા રહીને બે રકાત નમાજ અદા કરી અને સફાની ટેકરી પર ચડીને ફરમાવ્યું કેઃ—

"ખુદાના સિવાય કોઈ પૂજ્ય નથી. એનું કોઈ શરીક નથી. એની જ બાદશાહી અને એની જ તારીફ છે. એ જ તારે છે અને એ જ મારે છે. દરેક ચીજ પર તેની સત્તા ચાલે છે. એના સિવાય બીજો કોઈ ખુદા નથી. એણે (હ. રસૂલ મારફત) પોતાનો વાયદો પૂરો કર્યો છે. પોતાના બન્દા (મહમ્મદ)ને મદદ કરી છે. અને એણે એકલાએ બધાં જૂથો (ગેરમુસ્લિમ)નો પરાજય કર્યો છે."

ઉમરા (નાની હજ)થી ફારેગ થઇને હઝરત રસૂલે બીજા સહાબીઓને એહરામ કાઢી નાખવાની આજ્ઞા આપી. આ વખતે હઝરત અલી મુરતુઝા યમની હાજીઓને લઇને મક્કામાં આવી પહોંચ્યા. ગુરુવારને દિવસે આઠમી ઝિલહજે હઝરત રસૂલે બધા મુસલમાનોની સાથે મનામાં મુકામ કર્યો. બીજે દિવસે નવમી ઝિલહજે સવારની નમાજ પઢીને તેઓ મનામાંથી રવાના થયા. અને બધા મુસલમાનોની સાથે અરફાત આવીને રહ્યા. બપોર નમ્યા પછી કસવા પર સવાર થઈને મેદાનમાં આવ્યા અને ઊંટ પર બેઠા બેઠા જ હજનો ખુતબો આપ્યો.

આજે પહેલો દિવસ હતો કે જ્યારે ઇસ્લામ પોતાની જાહોજલાલીની



સાથે પ્રકાશમાં આવ્યો અને અજ્ઞાનના બધા બેહુદા રિવાજો કાઢી નાખવામાં આવ્યા. રસૂલે ફરમાવ્યું કેઃ

"અજ્ઞાનતાના બધા નિયમો અને રીતરિવાજો મારા બન્ને પગની નીચે છે."

અરબની જમીન હંમેશા વેર ખૂનથી રંગેલી રહેતી હતી. આજે અરબની હંમેશની લડાઇઓને બંધ કરવામાં આવે છે. અને એને માટે નબુવ્વતની જાહેરાત કરનાર (મહમ્મદ રસૂલ) સૌથી પહેલાં પોતાના ખાનદાનનો નમૂનો રજૂ કરે છે.

"અજ્ઞાનતાથી થયેલા બધાં ખૂનોનાં વેર બાતલ કરવામાં આવે છે. અને સૌથી પહેલા હું મારા ખાનદાનનું રબૈયા બિન હારિસના પુત્રના ખૂનનું વેર રદ કરું છું."

આખા અરબમાં વ્યાજના કારોબારની એક જાળ પથરાયેલી હતી. આને લીધે અરબના ગરીબ મજૂરો અને ખેડૂતો યહુદી મહાજનો અને અરબ મૂડીવાદીઓના હાથમાં ફસાયેલા હતા અને હંમેશને માટે એમના ગુલામ થઈ જતા હતા. આજે એ જાળનો એકએક તાર છૂટો કરી દેવામાં આવે છે અને એની શરૂઆત સૌથી પહેલાં પોતાનાં કુટુમ્બથી જ કરવામાં આવે છે. રસૂલ ફરમાવે છે કેઃ

"અજ્ઞાનનું બધું વ્યાજ મિટાવી દેવામાં આવે છે અને સૌથી પહેલું વ્યાજ જે હું માફ કરું છું તે મારા ખાનદાનનું એટલે કે અબ્બાસ બિન અબ્દુલ મુતલ્લિબનું છે."

આજ સુધી સ્ત્રી એ એક રીતે પતિની વેચી શકાય કે ગીરો મૂકી શકાય એવી મિલકત ગણાતી હતી. તે જુગારમાં હોડમાં મૂકી શકાતી હતી. આજે પહેલો દિવસ હતો કે જ્યારે આ પીડિત સ્ત્રીઓને ન્યાય મળ્યો હતો. રસૂલે ફરમાવ્યું:—

"સ્ત્રીઓના મામલામાં ખુદાથી ડરો. તમારો સ્ત્રીઓ પર હક છે અને સ્ત્રીઓનો તમારા પર હક છે."

સ્ત્રીઓની પછી મનુષ્યોમાં સૌથી વધારે પિડાયેલા એવા ગુલામોનો

વારો આવ્યો. આજ એમનો પણ દાદ સાંભળવાનો દિવસ હતો. ફરમાવવામાં આવ્યું કેઃ—

"તમારા ગુલામ! તમારા ગુલામ! એમના હકમાં ન્યાય રાખો. જે જાતે ખાઓ તે એમને ખવડાવો. જે જાતે પહેરો તે એમને પહેરાવો."

અરબમાં શાન્તિ અને સલામતી ન હતી, તેથી ત્યાં જાનમાલની કાંઇ કીમત ન હતી. આજે શાન્તિ અને સલામતીનો બાદશાહ આખી દુનિયાને સુલેહનો પયગામ આપે છેઃ

"તમારો જાન અને તમારો માલ એક બીજાને માટે કયામત સુધી એટલો જ પવિત્ર છે કે જેટલો પવિત્ર આજનો દિવસ આ પવિત્ર મહિનામાં અને આ પવિત્ર શહેરમાં છે."

શાન્તિ અને સલામતીની આ જાહેરાતમાં સૌથી પહેલી ચીજ મઝહબી બિરાદરીની છે. જેણે કબીલાઓ અને ખાનદાનોના સંબંધથી આગળ વધીને અરબના બધા કબીલા અથવા તો દુનિયાના બધા મનુષ્યોમાં ઈસ્લામી બિરાદરીનો સંબંધ કાયમ કર્યો છે. આ બાબત હઝરત રસૂલુલ્લાહે ફરમાવ્યું કેઃ—

"દરેક મુસલમાન બીજા મુસલમાનનો ભાઈ છે અને બધા મુસલમાન ભાઈ ભાઈ છે."

દુનિયાના અવિશ્વાસની સૌથી મોટી ચીજ કે જેણે હજારો વર્ષોથી એક કોમને બીજી કોમ સાથે લડાવી છે તે કોમી સ્પર્ધા અને ગર્વ છે. એ ગર્વ અને સ્પર્ધાનું શિર આજે કચડી નાખવામાં આવે છે. જાહેર કરવામાં આવ્યું કેઃ

"કોઈ અરબી કોઈ ઈરાની કરતાં અને કોઈ ઇરાની કોઈ અરબી કરતાં ઊંચો નથી. તમે બધા એક આદમનાં સંતાન છો અને આદમ માટીમાંથી બનેલા હતા."

આના પછી કેટલા સિદ્ધાંતના નિયમો જાહેર કરવામાં આવ્યાઃ

૧. ખુદાએ દરેક વારસદારને એનો હક મુકરર કરી આપ્યો છે.



હવે કોઈ વસિયતનામું સાચું ગણાશે નહીં [એટલે કે દરેકને કેટલો હક છે તે પહેલેથી નક્કી કરવામાં આવ્યું છે, તેથી કોઈ પોતાનું વસિયતનામું બનાવે એ સાચું ગણવામાં આવશે નહીં].

૨. જે બાળકને જેણે જન્મ આપ્યો હોય તેનું જ તે બાળક ગણાશે. વ્યભિચારીઓને પથ્થરથી મારવાની સજા કરવામાં આવે. અને એનો હિસાબ ખુદા લેશે.

૩. સ્ત્રીને પોતાના પતિની માલમિલકતમાંથી એની પરવાનગી વગર કોઇને કશું આપવાનો હક નથી.

૪. કરજદારોનું કરજ અદા કરવામાં આવે અને ઉધાર લીધેલો માલ પાછો આપવામાં આવે. મુશ્કેલીને વખતે લીધેલી મદદ પાછી આપવામાં આવે. અને જે જામીન બને તે એને ભરવાની રકમનો જવાબદાર બને.

આજે એના અનુયાયીઓના હાથમાં એમની શિખામણનો કાયમી દીવો બક્ષવામાં આવે છે. એની રોશનીમાં કોઈ જ્યાંસુધી ચાલશે ત્યાં-સુધી તે દરેક ગુમરાહીમાંથી બચેલો રહેશે. હઝરત રસૂલુલ્લાહે ફરમાવ્યુંઃ—

"હું તમારામાં એક વસ્તુ મૂકી જાઉં છું. જો તમે એને મજબૂત રીતે પકડી રાખશો તો કદી ગુમરાહ નહીં બનો. અને એ ખુદાની કિતાબ (કુરાન) છે."

આટલું કહી રહ્યા પછી તેઓએ બધાં લોકોને પૂછયું "તમને ખુદાને ત્યાં મારે વિશે પૂછવામાં આવશે તો તમે શું જવાબ આપશો?" એક લાખ જબાનોએ એક સાથે જવાબ આપ્યો કે "અમે કહીશું કે આપે ખુદાનો પયગામ પહોંચાડયો અને પોતાની ફરજ અદા કરી દીધી." આ સાંભળીને તેઓએ આસમાનની તરફ આંગળી ઊંચી કરી અને ત્રણ વાર કહ્યું કે "અય ખુદા, તું સાક્ષી રહેજે."

જ્યારે તેઓ નબુવ્વતની આ છેલ્લી ફરજ અદા કરી રહ્યા હતા બરાબર તે જ વખતે ખુદાના દરબારમાંથી આ ખુશખબરી આવીઃ

"આજે મેં તમારે માટે તમારા ધર્મને સંપૂર્ણ કરી દીધો અને મારી બક્ષિસ તમારી પર પૂરી કરી દીધી, અને તમારે માટે ઈસ્લામ ધર્મ પસંદ કર્યો."

ભાષણ પૂરું થયા પછી હઝરત બિલાલે બાંગ પુકારી અને હઝરત રસૂલુલ્લાએ ઝોહર અને અસરની નમાજ એક સાથે અદા કરી. કેવો ભવ્ય દેખાવ! આજથી ૨૨ વર્ષ પહેલાં રસૂલુલ્લાહે જ્યારે ખુદાએ વાહેદ–એક ખુદાની પૂજા કરવાનું આમંત્રણ લોકોને આપ્યું ત્યારે પોતે હઝરત અને એમના થોડા સાથીઓ સિવાય બીજા કોઈની ગરદન ખુદાની સામે ઝૂકી ન હતી. અને આજે ૨૨ વર્ષ પછી હઝરત મહમ્મદ રસૂલુલ્લાહની સાથે એક લાખ ગરદન ખુદાની સામે ઝૂકી રહી હતી અને અલ્લાહો અકબરનો અવાજ હવાના અણુઅણુમાં ગૂંજી રહ્યો હતો.

નમાજ પૂરી થયા પછી ઊંટ સવારોની સાથે તેઓ મૌકફ મુકામે ગયા અને ત્યાં ખૂબ વાર સુધી રોકાઈ કિબલાની [નમાજ પઢવાની દિશા–કાબા તરફ] તરફ મોં કરીને ખૂબ દર્દ ભર્યા હૃદયે દુઆ માંગી. સૂર્ય અસ્ત થવા આવ્યો ત્યારે ચાલવાની તૈયારી કરી. એકાએક એક લાખ માણસોના સમુદ્રમાં તોફાન મચી ગયું. રસૂલુલ્લાહ આગળ વધતા જતા હતા અને હાથથી ઈશારો કરીને અને મોઢેથી બોલીને લોકોને સમજાવતા હતા કે "લોકો, શાન્તિ અને ધીરજ રાખો. શાન્તિ અને ધીરજ રાખો." સૂર્ય ડૂબું ડૂબું થઈ રહ્યો હતો તે વખતે તેઓ મુઝદલિફાના મુકામે પહોંચ્યા. ત્યાં પહોંચીને પહેલાં મગરીબની અને પછી તરત જ ઈશાની નમાજ અદા કરી.

(એ વાત યાદ રાખવાની છે કે હજમાં નવમી ઝીલહજને દિવસે ઝોહર અને અસરની એક સાથે અને મગરીબ તથા ઈશાની નમાજ એક સાથે અદા કરવામાં આવે છે)

સવારમાં ફજરની નમાજ પડીને કાફલો આગળ ચાલ્યો. જાનનિસાર એમની જમણી અને ડાબી બાજૂએ હતા અને લોકો પોતપોતાની જરૂરિ-



યાતના પ્રશ્નો હઝરત રસૂલુલ્લાહને પૂછતા હતા અને તેઓ એનો જવાબ આપતા જતા હતા. જમરહ પહોંચીને કાંકરીઓ [હજ વખતે કરવાનો રિવાજ] ફેંકી અને લોકોને ઉદ્દેશીને કહ્યું કેઃ

"ધર્મમાં ખોટી અને વાત વધારીને કહેવાની ટેવથી બચો. તમારી પહેલાંની કોમો આ ટેવને લીધે જ બરબાદ થઈ ગઈ."

આની સાથે સાથે એક એ વાકય પણ કહ્યું કે જેમાં વિદાયની અને છેલ્લી સલામની ગન્ધ આવતી હતીઃ

"હજના રીતરિવાજ શીખી લો. મને નથી ખબર કે હવે હું ફરી હજ કરી શકીશ કે કેમ."

અહીંથી નીકળીને બધા મનામાં આવ્યા. જમણી બાજૂ ને ડાબી બાજૂ આગળ અને પાછળ મુસલમાનોનું ટોળું જામેલું હતું. મક્કાના કિલ્લાની જમણી બાજૂએ અનસાર, ડાબી બાજૂએ અને વચમાં બીજા મુસલમાનોની હાર હતી. હઝરત મહમ્મદ રસૂલુલ્લાહ ઊંટ પર સવાર હતા. એમણે આંખ ઉઠાવીને આ મોટી માનવ મેદની તરફ જોયું અને તે વખતે ૨૩ વર્ષના કામનો હેવાલ એમની આંખ સામે રજૂ થયો. જમીનથી આસમાન સુધી સ્વીકાર અને ઇકરારનું નૂર ફેલાયેલું હતું. હવે એક નવા કાનૂન, એક નવી વ્યવસ્થા [ઇન્તઝામ] અને એક નવા જમાનાની શરૂઆત થતી હતી. આ વખતે રસૂલુલ્લાહ સલઅમની મુબારક ઝબાનમાંથી નીચેનાં વાકયો બોલાયાં:

"હાં, અલ્લાહે જ્યારે આસમાન અને જમીન પેદા કર્યાં ત્યારે જેવી કુદરતી સ્થિતિ હતી તેવી અત્યારે થઈ ગઈ છે. તમારી જાન અને તમારી મિલકત આપસમાં એક બીજાને માટે એટલી જ પવિત્ર છે કે જેટલો પવિત્ર આજનો દિવસ, આજનો મહિનો અને આ શહેર છે. જો જો, મારા ગયા પછી ગુમરાહ ન બની જશો. એક બીજાનાં ખૂન ન કરશો. તમારે ખુદાની સામે હાજર થવાનું છે. અને એ તમને તમારાં કામો વિશે પૂછશે. જો કોઈ કાળા અને નકટા ગુલામને પણ તમારો સરદાર

બનાવવામાં આવે કે જે ખુદાની કિતાબ [ કુરાન ] પ્રમાણે તમને લઈ જાય તો એનું ફરમાન માનજો. આપણા પરવરદિગારની બંદગી કરજો. પાંચે વખત નમાજ પઢજો. રમઝાન મહિનાના રોજા રાખજો અને મારા હુકમોને માનજો. આટલું કરશો તો તમે તમારા પરવરદિગારના સ્વર્ગમાં દાખલ થઈ શકશો.

'હા, શયતાન નિરાશ થઈ ગયો કે તમારા આ શહેરમાં હવે એની પૂજા થશે નહીં. જો નાની નાની વાતોમાં એના કહેવા પ્રમાણે ચાલશો તો એ બહુ ખુશ થઈ જશે."

આટલું કહી રહ્યા પછી એમણે માનવમેદની તરફ દૃષ્ટિ કરી અને કહ્યું કે "મેં મારો પયગામ પૂરેપૂરો પહોંચાડી દીધો છે?" બધી તરફથી અવાજ આવ્યો કે "હા, બેશક." રસૂલુલ્લાહે ફરમાવ્યું કે "ખુદાવન્દ! સાક્ષી રહેજે." અને સાથે સાથે કહ્યું કે "જે લોકો અહીં હાજર છે તે લોકો, જે અહીં નથી આવ્યા તે બધા લોકોને, આ પયગામ પહોંચાડી દે." આ પયગામનો એ અર્થ છે કે દરેક મુસલમાનની ફરજ છે કે તેણે ઇસ્લામનો પ્રચાર કરવો.

આ બધું થઈ ગયા પછી એમણે દરેક મુસલમાનને છેલ્લી સલામ કરી આખરી વિદાય માંગી.

હજનાં બીજાં કામોથી પરવારીને ૧૪મી ઝીલહજની સવારની નમાજ કાબામાં પઢીને આખો કાફલો પોતપોતાના મુકામ પર રવાના થઈ ગયો અને હઝરત સલ્લઅમે મક્કા અને મદીનાવાળાઓ સાથે ટોળાંઓ વચ્ચે મદીનાનો રસ્તો લીધો.

# અવસાન

હઝરત રસૂલુલ્લાહ સલ્લઅમના આ પવિત્ર આત્માને દુનિયામાં ત્યાંસુધી જ રહેવાની જરૂર હતી જ્યાં સુધી નબુવ્વતની ફરજ અદા થાય અને તૌહિદના નૂરથી દુનિયાનો અંધકાર નાશ પામે.

રબીઅવ્વલ હિ. સ. ૧૧
ઈ. સ. ૬૨૨ મે

હવે જ્યારે આ ફરજ અદા થઈ ચૂકી ત્યારે ફરીથી ખુદાની તરફથી પાછા ફરવાનો હુકમ આવ્યો. વિદાયને વખતે બધા મુસલમાનોને પોતાનાં દર્શન આપીને ખુદાના આખરી હુકમોની સૂચના તેમણે આપી. આ સફરમાંથી પાછા આવ્યાને બે મહિના થયા પછી હઝરત રસૂલે જેઓ શહાદતનો પ્યાલો પીને હંમેશની જિંદગી પામ્યા હતા તે મુસલમાનોની પણ વિદાય લેવાનો વિચાર કર્યો, કેમકે તેમણે ઉહદ જઈને ઉહદના શહીદોને માટે દુઆ માંગી અને જેવી રીતે મરનાર માણસ પોતાના જીવતા મિત્રોની વિદાય લે તેવી જ રીતે એમણે એમની વિદાય લીધી, અને તે પછી એક નાનકડું ભાષણ કર્યું, જેમાં કહ્યું કે "હું તમારા કરતાં પહેલાં હોઝે કોસર [ સ્વર્ગના હોજનું નામ ] પર જાઉં છું. આ હોઝની પહોળાઇ એટલી છે જેટલી ઈસા ( સિરિયામાં )થી હજફા (હિજાઝમાં) સુધી. મને દુનિયાના બધા ખજાનાઓની ચાવીઓ આપવામાં આવી છે. મને ડર નથી કે મારી પછી તમે ખુદાની સાથે બીજાને શરીક કરશો. પણ મને ડર એનો છે કે તમે દુનિયામાં ફસાઇ જઈને એક બીજાનું ખૂન ન કરો અને તમે પણ જેમ બીજી કોમો બરબાદ થઈ ગઈ તેમ બરબાદ ન થઈ જાઓ."

ઉહદના શહીદોની પછી આમ મુસલમાનોના કબ્રસ્તાનનો વારો આવ્યો. હિ. સ. ૧૧માં સફરની કોઈ એક તારીખે મધરાતે તેઓ મુસલમાનોના જાહેર કબ્રસ્તાનમાં ગયા. એનું નામ જન્નતુલ બકી છે. અને એમને માટે દુઆ અને ખેરિયત માંગી. ત્યાંથી પાછા આવ્યા ત્યારે એમને

એમની તબિયત અસ્વસ્થ લાગી. તે દિવસે બુધવાર હતો. ઉમ્મૂલ મોમીનીન [ બધા મુસલમાનોની માતા ] હઝરત મયમૂનાનો તે દિવસે વારો હતો. હઝરત સલઅમ એક એક દિવસ પોતાની દરેક બીબીને ત્યાં રહેતા હતા. પાંચ દિવસ સુધી તો આવી બિમારીની દશામાં એક એક બીબીને ત્યાં જવાનું ચાલુ રાખ્યું, પણ સોમવારને દિવસે તબિયત વધારે બગડી, એટલે બીજી પવિત્ર પત્નીઓની પરવાનગી લઇને હઝરત આઈશાને ઘેર રહેવાનું શરૂ કર્યું. એટલી અશક્તિ આવી ગઈ હતી કે તેઓ ટેકા વગર ચાલી પણ નહોતા શકતા. હઝરત અબ્બાસ અને હઝરત અલી બન્ને બાજૂએથી પકડીને એમને હઝરત આઇશાને ઘેર લઈ આવ્યા.

જ્યાંસુધી જવા આવવાની શક્તિ હતી ત્યાંસુધી તો રોજ મસ્જિદમાં નમાજ પઢાવવા જતા હતા. એમણે સૌથી છેલ્લી મગરીબની નમાજ પઢાવી. ઇશાનો વખત થયો ત્યારે એમણે પૂછ્યું કે ‘નમાજ થઈ ગઈ?” લોકોએ કહ્યું કે “ફક્ત હઝૂરની રાહ જોઈએ છીએ.” એમણે ટેગડો ભરીને પાણી મંગાવી સ્નાન કર્યું પણ ઊઠવા ગયા ત્યારે બેભાન થઈ ગયા. ભાન આવ્યું ત્યારે ફરી પૂછ્યું કે “નમાજ થઇ ગઇ?” લોકોએ કહ્યું કે “હઝરતની રાહ જોઇએ છીએ.” રસૂલે ફરી સ્નાન કર્યું પણ ઊભા થવા ગયા ત્યારે બેભાન થઇ ગયા. ભાન આવ્યું ત્યારે ફરી એ જ પ્રશ્ન પૂછ્યો અને ત્રીજી વાર એમનાં શરીર પર પાણી નાખ્યું. પણ એ ઊભા થવા ગયા ત્યારે ફરી બેહોશ થઈ ગયા. ફરી જ્યારે ભાન આવ્યું ત્યારે કહ્યું કે “અબુ બક્ર નમાજ પઢાવે.” ત્યાર પછી કેટલા ય દિવસ સુધી અબુ બક્રે નમાજ પઢાવી.

અવસાનના ચાર દિવસ પહેલાં હઝરત રસૂલની તબિયત કંઇક સારી હતી. ઝોહરને વખતે સાત મશક પાણીથી સ્નાન કરી હઝરત અબ્બાસ અને હઝરત અલી મુરતુઝાનો ટેકો લઈ તેઓ મસ્જિદમાં પધાર્યા. બધા લોકો ઊભા હતા. હઝરત અબુ બક્ર નમાજ પઢાવતા હતા. પગલાંનો અવાજ સાંભળીને તેઓ પાછા ખસવા ગયા પણ હઝરતે એમને રોક્યા અને એમને પડખે જઇને બેઠા. નમાજ પછી એક નાનું ભાષણ કર્યું. એમાં કહ્યું કે “ખુદાએ પોતાના આ બન્દાને એવી સત્તા આપી હતી કે,



યા તો દુનિયાની સારી સારી ચીજોનો સ્વીકાર કરે યા તો ખુદાની પાસે જે કંઈ છે તેનો સ્વીકાર કરે. પરંતુ બન્દાએ ખુદાની પાસેની ચીજો પસન્દ કરી.” આ સાંભળીને હઝરત અબુ બક્ર રોઇ પડ્યા, કેમકે તેઓ સમજી ગયા કે આ બન્દા તે ખુદ મહમદ રસૂલુલ્લાહ જ છે. અનસારીઓની વફાદારીનો ખ્યાલ કરીને હઝરત રસૂલુલ્લાએ ફરમાવ્યું કે :—

“સામાન્ય મુસલમાનો વધતા જશે. પણ જેવી રીતે રસોઇમાં મીઠું જરાક જ હોય છે તેમ અનસારો ઓછા થતા જશે. મુસલમાનો પ્રત્યે તેઓ એમની ફરજ અદા કરી ચૂક્યા છે; હવે તમારે તમારી ફરજ અદા કરવાનો છે. તેઓ મારું જીગર છે. મારા પછી જે ઇસ્લામનાં કામોનો બન્દોબસ્ત કરનાર બનશે તે એ લોકોની સાથે ભલમનસાઇથી વર્તે એવી મારી ઇચ્છા છે.”

ખુદામાં બીજાને શરીક કરવાની સૌથી મોટી રીત એ હતી કે લોકો મીઠું મરચું ભભરાવીને પયગમ્બરોને હદથી વધારે મોટા બનાવી દેતા હતા. આ વાત આ વખત હઝરત રસૂલુલ્લાહના ધ્યાનમાં હતી તેથી એમણે ફરમાવ્યું કે:

“કોઈ પણ ચીજ ગ્રાહ્ય અથવા તો ત્યાજ્ય છે એવું મેં કહ્યું છે એમ માનવામાં ન આવે. પણ મેં એ જ ચીજને ગ્રાહ્ય કહી છે જેને ખુદાએ ગ્રાહ્ય કહી છે. એ જ ચીજને મેં ત્યાજ્ય યા તો હરામ કહી છે કે જેને ખુદાએ ત્યાજ્ય યા તો હરામ કહી છે.”

ઇસ્લામની તાલિમ મુજબ અમલ કરવા સિવાય ખુદાની આગળ બાપદાદાની યા તો પૈસાની મોટાઈ તે મોટાઇ નથી. અને આ ખુદ રસૂલની પણ સત્તાની વાત નથી. રસૂલે ફરમાવ્યું કે :—

“અય પયગમ્બરે ખુદાની બેટી ફાતિમા! (મારી પુત્રી) અને પયગમ્બરે ખુદાની ફોઇ સફીયા! ખુદાને ત્યાં જવા માટે કંઇ કામ કરો. હું તમને ખુદાથી નહીં બચાવી શકું.”

પ્રવચન પૂરું થયા પછી તેઓ હઝરત આઈશાને ત્યાં ગયા.

યહુદીઓ અને ઈસાઈઓએ પયગમ્બરો અને બુઝર્ગોની કબરોને અને એમની યાદગાર વસ્તુઓને એટલું બધું વધારો પડતું માન આપવા માંડયું હતું કે તે મૂર્તિપૂજાની હદ સુધી પહોંચી ગયું હતું. હઝરત મહમ્મદ રસૂલુલ્લાહને ભય હતો કે મુસલમાનો પણ મારી પછી મારી કબર અથવા તો કોઇ યાદગાર ચીજની સાથે ક્યાંક એવું વર્તન ન કરે. એટલામાં સંજોગવશાત્ કેટલીક પત્નીઓએ જેઓએ હબશાની સફરમાં ઈસાઇ દેવળો જોયાં હતાં તેમણે ત્યાંની મૂર્તિઓ વિશે વાત કરી. આથી હઝરત રસૂલે કહ્યું કે "એ લોકોમાં જ્યારે કોઈ નેક માણસ મરી જાય છે ત્યારે એમની કબરને પૂજાસ્થાન બનાવી દેવામાં આવે છે અને એમની મૂર્તિ બનાવીને ત્યાં સ્થાપવામાં આવે છે. આવું કરવાવાળા લોકોને કયામતને દિવસે સૌથી ખરાબ લોકો ગણવામાં આવશે."

આ વખતે હઝરત રસૂલને બેચેની લાગતી હતી એટલે તેઓ કયારેક મોં પર ચાદર ઓઢી લેતા હતા અને કયારેક ગરમીથી ગભરાઇ જઈને ચાદર કાઢી નાખતા હતા. છતાં તેઓ ધીમેથી બોલ્યાઃ

"યહુદીઓ અને ઈસાઈઓ પર ખુદાનો શાપ ઊતરો, કેમકે એમણે પોતાના પયગમ્બરોની કબરોને પૂજાસ્થાન બનાવી દીધું છે."

આવી હાલતમાં હઝરત રસૂલુલ્લાને યાદ આવ્યું કે એમણે હઝરત આઇશાને થોડી સોનામહોરો રાખવા આપી હતી. તેથી ફરમાવ્યું કે "આઇશા, પેલી સોના મહોરો ક્યાં છે? શું મહમ્મદ ખુદાને પરિગ્રહી થઇને મળશે? જાઓ, એનું ખુદાની રાહમાં દાન કરી દો."

રસૂલુલ્લાહની માંદગીમાં વધારો ઘટાડો થયાં કરતો હતો. જે દિવસે એમનું અવસાન થયું તે દિવસે એટલે કે સોમવારે એમની તબિયત રોજ કરતાં સારી લાગતી હતી. એમનો સૂવાનો ઓરડો મસ્જિદને લાગેલો જ હતો. એમણે સવારને વખતે પડદો ઊંચો કરીને જોયું તો લોકો ફજરની નમાજ પઢવામાં મશગૂલ હતા. એ જોઇને એમને આનંદ થયો કે ખુદાની જમીન પર આખરે એ મંડળ પેદા થયું કે જે રસૂલની તાલીમનો નમૂનો બનીને ખુદાની યાદમાં લાગેલું છે. લોકોએ પગલાંનો અવાજ સાંભળીને



માન્યું કે રસૂલુલ્લાહ બહાર આવવા ઇચ્છે છે. આનંદથી લોકો બેકાબૂ બનવા લાગ્યા હતા અને સંભવ હતો કે નમાજ પડતી મૂકે. ઈમામ હઝરત અબુ બક્રે પાછળ હટી જવાનો વિચાર કર્યો પણ રસૂલુલ્લાહે એમને ઇશારો કરીને રોકયા અને ઓરડાની અંદર જઈ પડદો છોડી દીધો. એટલી બધી અશક્તિ આવી ગઇ હતી કે તેઓ બરાબર રીતે પડદો છોડી પણ ન શકયા. આ સહાબીઓને માટે એમનું છેલ્લું દર્શન હતું.

જેમ જેમ દિવસ ચડતો જતો તેમ તેમ તેઓ વારેઘડીએ બેહોશ થઇ જતા હતા. હઝરત ફાતિમા ઝહરા આ જોઇને બોલ્યાં : "હાય, મારા પિતાજીની બેચેની!" આ સાંભળીને હઝરત બોલ્યા કે,

"તારા પિતા હવે પછી કદી બેચેન થશે નહીં."

ત્રીજો પ્રહર હતો. છાતીમાં શ્વાસ ઘૂંટાતો હતો. એટલામાં તેમનો પવિત્ર હોઠ હાલ્યો અને લોકોએ નીચેના શબ્દો સાંભળ્યાઃ

"નમાજ અને ગુલામો સાથે નેક વર્તન રાખો."

આટલું બોલીને હાથ ઊંચો કરી આંગળીથી ઇશારો કર્યો અને ત્રણ વખત ફરમાવ્યું કે,

"હવે મારે એક મહાન સાથી ખુદાના સિવાય બીજા કોઈની જરૂર નથી."

આટલું બોલતાં બોલતાંમાં હાથ લટકી પડયો, આંખો ફાટી ગઈ અને રૂહે પાક (પવિત્ર આત્મા) આલમે કુદસ (બીજી પવિત્ર દુનિયા)-માં પહોંચી ગયો. અલ્લાહની દુઆ અને શાન્તિ એમની પર હો, એમના આખા ખાનદાન પર હો અને એમના સહાબીઓ પર હો.

મદીનાની શેરીઓમાં રોકકળ થઈ રહી. મુસલમાનોને મન દુનિયા અંધારી થઈ ગઈ. મસ્જિદે નબવી [નબીની મસ્જિદ] માં થોડો ગડબડાટ મચી ગયો.

હઝરત ઉમરે તલવાર કાઢી અને કહ્યું કે "જે એમ કહેશે કે મહમ્મદ રસૂલુલ્લાહનું અવસાન થયું છે એનું માથું કાપી નાખીશ." હઝરત અબુ બક્ર આવ્યા એમણે ઉમરની આ બેબાકળી સ્થિતિ જોઇને વિચાર કર્યો કે, આજની આ ઉન્મત્ત અવસ્થા કાલે કેટલી મોટી ગુમરાહીનું કારણ બની જશે.

તેથી તેઓ સીધા મસ્જિદે નબવી આગળ ગયા અને નીચેનું ભાષણ કર્યું:

"લોકો, જો તમારામાંથી કોઈ મહમ્મદને પૂજતા હતા તો તેઓ તો આ દુનિયામાંથી ચાલ્યા ગયા છે પણ જો કોઇ મહમ્મદના ખુદા-ને પૂજતા હતા તો એ તો જીવન્ત છે. એને મૃત્યુ નથી." પછીથી તેઓ આ આયત બોલ્યા :

"મહમ્મદ ખુદાના રસૂલ છે. એમના પહેલાં ઘણા નબી થઈ ચૂકયા છે. તેઓ કદાચ મરી જાય અથવા તો ખુદાની રાહમાં માર્યા જાય તો શું તમે ઇસ્લામમાંથી પીછેહઠ કરશો? અને જો કોઈ ઇસ્લામમાંથી નીકળી જશે તો એમાં ખુદાનું કંઈજ નહીં બગડે. પણ જે લોકો ખુદાએ આપણી ઉપર જે ઉપકાર કર્યો છે એની કદર કરશે તો તેને ખુદા સારો બદલો આપશે."

આ આયત સાંભળવાથી બધા સહાબીઓની આંખો ખૂલી ગઈ અને એમને એવું લાગ્યું કે જાણે આ આયતે પાક હમણાં જ ઊતરી છે. દરેક સહાબીની ઝબાન પર આજ આયત હતી અને બધા આની જ ચર્ચા કરી રહ્યા હતા.

હઝરત રસૂલનું અવસાન હિજરતની ૧૧મી સાલમાં રબી અવ્વલના મહિનામાં સોમવારને દિવસે ત્રીજા પ્રહરમાં થયું. ઘણાં લોકોનું કહેવું એમ છે કે તે દિવસે રબી અવ્વલની ૧૨મી તારીખ હતી પણ ખાસ લોકોનું કહેવું એ છે કે રબી અવ્વલની પહેલી તારીખ હતી.

[ આની પૂરી હકીકત સીરતુન્નબી ભાગ બીજામાં મૌલાના શીબ્લીએ લખી છે. ]

હઝરત સલઅમની દફનક્રિયાનું કામ મંગળવારે શરૂ થયું. આ કામ એમના ખાસ પ્રિયજનોએ કર્યું. હઝરત ફઝલ બીન અબ્બાસ, હઝરત અલી મુરતુઝા અને હઝરતના આઝાદ કરેલા ગુલામ હઝરત ઝેઇદના પુત્ર હઝરત ઓસામાએ એમને સ્નાન કરાવ્યું.

આ વખતે હઝરત અબ્બાસ પણ મોજુદ હતા. હઝરત આઇશાના જે ઓરડામાં એમનું અવસાન થયું તે ઓરડામાં જ તેઓને દફન કરવામાં આવ્યા. અને તેથી એ ઓરડો અત્યાર સુધી 'રવઝએ નબવી'ના નામથી મશહૂર છે.



## બીબીઓ તથા સંતાન

હઝરત સલઅમની સૌથી પહેલી બીબી હઝરત ખદીજા હતી. એમના મૃત્યુ પછી હઝરત આઈશા અબુબક્રની પુત્રી અને હઝરત સૌદા ઝમઆની પુત્રી સાથે હઝરતે લગ્ન કર્યાં. ત્યાર પછી બીજી સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં, જેમનાં નામ નીચે પ્રમાણે છે: હ. ઝૈનબ ઉમ્મૂલ મસાકીન, (ગરીબોની માતા), હ. ઉમ્મે સલમા, હઝરત ઝૈનબ, હ. જવૈરિયા, હ. ઉમ્મે હબીબા, હ. હફસા, હ. મૈમૂના અને હ. સફીયા. આમાંથી હ. ઝૈનબ સિવાય એમના અવસાન વખતે બીજી બધી પત્નીઓ હયાત હતી. એમના અવસાન પછી તેઓ દુનિયાને ધાર્મિક જ્ઞાન અને વિદ્યા આપવા લાગી. એમની એક બીજી ગુલામ પત્ની હતી તે મિસરની હતી. તેનું નામ મારિયા કિબ્તિયા હતું. આ બધી એમના અનુયાયીઓની માતાઓ હતી તેથી એમને 'ઉમ્મહાતુલ મોમીનીન' કહેવામાં આવે છે.

**સંતાન**—એમનાં બધાં સંતાન એમની પહેલી પત્ની હ. ખદીજાથી થયાં હતાં. છેલ્લી પત્ની હઝરત મરિયાથી એક પુત્ર હ. ઇબ્રાહીમ થયા, પણ તેઓ નાનપણમાં જ મૃત્યુ પામ્યા. હ. ખદીજાને ત્રણ પુત્રો: હ. કાસમ, હ. તાહિર અને હ. તૈયબ થયા હતા. આ ત્રણ પણ નાનપણમાં જ મૃત્યુ પામ્યા. અને બીજી ચાર પુત્રીઓ થઈ હતી. એમણે ઇસ્લામનો જમાનો જોયો. સૌથી મોટી પુત્રી હ. ઝૈનબનું લગ્ન હ. અબુલ આસની સાથે થયું હતું. તેઓ સ. હિ. ૮ માં એક ઇમામા નામની પુત્રીને મૂકી મૃત્યુ પામ્યાં. બીજીનું નામ હઝરત રુકૈયા હતું. ઇસ્લામ ધર્મ ફેલાયા પછી એમણે હ. ઉસ્માનની સાથે લગ્ન કર્યાં. સ. હિ. ૨ માં મદીનામાં એમનું મૃત્યુ થયું. ત્રીજી પુત્રીનું નામ ઉમ્મે કુલ્સૂમ હતું. હઝરત રુકૈયાના મૃત્યુ પછી એમણે હ. ઉસ્માનની સાથે લગ્ન કર્યું. સ. હિ. ૯ માં તેઓ મૃત્યુ પામ્યાં. એમની સૌથી નાની અને પ્રિય પુત્રીનું નામ હ. ફાતિમા ઝહરા હતું. એમનું લગ્ન હ. અલી મુરતુઝા સાથે થયું હતું. એમને બે પુત્રો થયા: એકનું નામ ઇમામ હસન અને બીજાનું નામ ઇમામ હુસેન હતું.

## વર્તન અને આદત

કોઇએ ઉમ્મીલ મોમીનીન હ. આઇશાને પૂછયું કે "હ. સલઅમનું વર્તન કેવું હતું?" એમણે જવાબ આપ્યો: "તમે કુરાન નથી વાંચ્યું? જે કાંઇ કુરાનમાં છે તેવું હઝરતનું વર્તન હતું." ટૂંકમાં તેઓની આખી

જિંદગી કુરાને પાકનું પ્રતિબિમ્બ હતું. એમનું આ વર્તન પણ એક અજાયબી, ચમત્કાર છે. ખુદ કુરાને પણ આ વાતની સાક્ષી આપી છે. અને કહ્યું છે કે, "બેશક, અય મહમ્મદ, તમે વર્તનની ખુબસૂરતીના ઊંચા દરજ્જા પર છો."

હઝરત ખૂબ જ નમ્ર. મિલનસાર, મહેરબાન અને દયાળુ હતા. નાના મોટા બધાની સાથે પ્રેમ કરતા હતા. તેઓ ખૂબ જ ઉદાર હતા. પોતાના મહેમાનોની સેવા જાતે કરતા હતા. ઘરમાં રહેતા ત્યારે ઘરનું કામકાજ પોતાને હાથે જ કરતા. પોતાનાં ફાટેલાં કપડાં જાતે સીવી લેતા, ફાટેલા જોડાને તે ટાંકા મારી લેતા. બકરીઓનું દૂધ જાતે દોહતા. કોઈ સભામાં બેસતા તો બધાના જેવા થઈને બેસતા. મસ્જિદે નબવીની ઈમારત બાંધવામાં અને ખન્દક ખોદવામાં એમણે બધા મજૂરોની સાથે મળીને કામ કર્યું હતું.

તેઓ અનાથો પર પ્રેમ રાખતા હતા. ગરીબોને મદદ કરતા હતા, પીડીતોની ફરિયાદ સાંભળતા હતા, કરજદારોનું કરજ ફેડતા હતા, ગુલામો પર મહેરબાની રાખતા હતા, કમજોરો પર રહમ ખાતા હતા, માંદાઓને આશ્વાસન આપતા હતા, લાચારોનો સહારો બનતા હતા, ગુનેગારોને માફ કરતા હતા, દુશ્મનોને માટે દુઆ અને ખેરિયત માંગતા હતા, સાથીદારોની ખબર રાખતા હતા, એમને ત્યાં ભેટ મોકલતા હતા અને એમને ઘેર જઇને એમનું કામ કરી આવતા હતા.

વહ નબવીયોંમેં રહમત લકબ[1] પાને વાલા
સુરાદેં ગરીબોંકી બર લાને વાલા
મુસીબતમેં ગૈરોંકે કામ આને વાલા
વહ અપને પરાએકા ગમ ખાને વાલા
ફકીરોં કા મલજા[2] ઝઇફોં[3] કા માવા[4]
યતીમોં[5]કા વાલી ગુલામોંકા મૌલા[6]
ખતાકારસે[7] દરગુજર કરને વાલા
બાદ અંદેશકે[8] દિલમેં ઘર કરને વાલા

૧ દયાળુનો ખિતાબ. ૨. આશ્રયસ્થાન. ૩. વૃદ્ધ. ૪. આશ્રય. ૫. અનાથ. ૬ માલિક. ૭. ભૂલ કરનાર, અપરાધી. ૮. ખરાબ વિચાર કરનાર.



ફાસિદ[9]કા ઝેરોઝબર[10] કરને વાલા
કબાયિલ[11]કા શિરો શુકર[12] કરનેવાલા
ઉતર કર હિરાસે[13] સુએ[14] કૌમ આયા
ઔર એક નુસ્ખએકી મિયા[15] સાથ લાયા.
મિસેખામ[16] કો જીસને કુન્દન બનાયા
ખરા ઔર ખોટા અલગ કર દિખાયા
અરબ જીસ પૈ કરનોં[17]સે થા જેહલ[18] છાયા
પલટ દી બસ એક આનમેં ઇસકી કાયા
રહા ડર ન બેડે[19] કો મૌજે બાલાકા
ઇધર સે ઉધર ફિર ગયા રૂખ[20] હવાકા

હઝરત અનસ કહે છે કે મેં ૧૦ વર્ષ સુધી તેઓની સેવા કરી છે, તેમની પાસે રહ્યો છું—પણ તેઓએ એક દિવસ પણ મને નથી ધમકાવ્યો, નથી માર્યો કે નથી એવું પૂછ્યું કે આ કામ તેં કેમ ન કર્યું યા તો આ કામ તેં શું કામ કર્યું? તેઓએ આખી જિંદગીમાં કોઇને માર્યું નથી. અને આશ્ચર્યની વાત તો એ છે કે એક ફોજના સરદાર જેણે લગાતાર નવ વર્ષ લડાઇઓમાં જ વિતાવ્યાં છે અને જેણે કદી યુદ્ધ મેદાનમાંથી પીછેહઠ કરી નથી એણે પોતાના દુશ્મન પર પણ કોઇ દિવસ તલવાર ચલાવી નથી અથવા તો જાતે કદી કોઈ પર હુમલો કર્યો નથી. ઉહદના મેદાનમાં જ્યારે બધી તરફથી એમના પર પથ્થર, તીર અને તલવારોનો વરસાદ વરસી રહ્યો હતો ત્યારે પણ તેઓ તો પોતાની જગ્યાએ ઊભા રહ્યા હતા. અને જાનનિસારો જમણી અને ડાબી બાજૂ કપાઈ કપાઇને પડતા હતા.

આવી જ રીતે હુનૈનની લડાઇમાં જ્યારે ઘણા મુસલમાન બહાદુરો નાસભાગ કરતા હતા ત્યારે પણ હઝરત તો પહાડની જેમ પોતાની જગ્યા પર અડગ ઊભા જ હતા. સહાબીઓ કહે છે કે લગભગ દરેક રણક્ષેત્રમાં તેઓ એ જગ્યાએ રહેતા હતા કે જ્યાં રહેવામાં મોટા મોટા બહાદુરો પણ પોતાની જાનનું જોખમ સમજે. પણ આવી ભયંકર જગ્યાએ ઊભા

૯. ઝઘડો કરનાર. ૧૦ હરાવનાર. ૧૧ કબીલાઓ. ૧૨ મેળવી દેનાર. ૧૩ એ પહાડનું નામ જ્યાંથી રસૂલને પયગામ મળ્યો હતો. ૧૪ તરફ. ૧૫ અહીં એનો અર્થ કુરાન છે. ૧૬ કાચું ત્રાંબું. ૧૭ સદીઓથી. ૧૮ અજ્ઞાન. ૧૯ વહાણોનો કાફલો. ૨૦. દિશા.

રહીને પણ તેઓ પોતાના દુશ્મન પર હાથ નહોતા ઉઠાવતા. ઉહદની લડાઈમાં મુશરીકોના હુમલાથી જ્યારે તેઓનું શિરે મુબારક જખ્મી થયું અને દન્દાતે મુબારક શહીદ થયો (દાંત પડી ગયો) ત્યારે એમણે ફરમાવ્યું હતું કે "ખુદાવન્દા! એ લોકોને માફ કર, કારણ કે તેઓ સમજતા નથી."

લાંબી અસફળતા અને તકલીફો વેઠયા છતાં પણ એમણે નિરાશાને પોતાના દિલમાં સ્થાન આપ્યું નહીં. અને આખરે તો એ વખત આવ્યો કે આખા અરબ પર તેમની એકચક્ર સત્તા જામી. મક્કાની મુશ્કેલીઓથી ગભરાઇને એક સહાબીએ કહ્યું કે "યા રસૂલુલ્લાહ! તમે આપણાં લોકો માટે દુઆ કેમ નથી માંગતા?" આ સાંભળીને એમનો ચહેરો લાલ થઈ ગયો. તેમણે કહ્યું કે "તમારી પહેલાં જે લોકો થઇ ગયા એમને તો આરાથી ચીરી નાખવામાં આવતા હતા, એમનાં શરીર લોઢાની કાંસકી-ઓથી છોલી નાખવામાં આવતાં હતાં જેથી એમનાં માંસ અને ચામ-ડીના ટુકડા ટુકડા થઈ જતા હતા, પણ આ મુશ્કેલીઓ ય એમને સત્યને રસ્તેથી પાછા નહોતી ફેરવી શકી. ખુદાની કસમ, ઇસ્લામ ધર્મ એક દિવસ એના અંતિમ ધ્યેય પર પહોંચશે તે એટલે સુધી કે એક સવાર યમનથી હઝરમૌત સુધી એટલી નિર્ભયતાથી ચાલ્યો જશે કે એક ખુદાના સિવાય એને બીજા કોઇનો ડર રહેશે નહિ."

તમને એમના વિચારની દઢતા યાદ હશે કે જ્યારે તેઓએ પોતાના કાકાને આ જવાબ આપ્યો હતો કે "ચચાજાન, કદાચ કુરેશ મારા જમણા હાથમાં સૂર્ય અને ડાબા હાથમાં ચન્દ્ર મૂકે તોપણ હું સત્ય જાહેર કરવાનું બંધ નહીં કરું."

એક દિવસ બપોરને વખતે એક લડાઈમાં તેઓ એકલા કોઇ ઝાડની નીચે આરામ લેવા બેઠા હતા, એટલામાં એક અરબ આવ્યો અને તલવાર ખેંચીને બોલ્યો: "અય મહમ્મદ, બતાવ કે હવે તને મારાથી કોણ બચાવી શકે એમ છે?" યકીનથી અને નીડર અવાજે જવાબ આપ્યો કે "અલ્લાહ." આ જવાબ સાંભળીને તે કાંપી ઊઠયો અને તલવારને મ્યાનમાં મૂકી દીધી.

લડાઇઓનો લૂંટનો માલ અને ખૈબર વગેરેની જમીનની પેદાવારનો હાલ સાંભળીને તમને કદાચ એમ ખ્યાલ આવશે કે હવે ઇસ્લામની ગરીબાઇનો જમાનો ખતમ થઈ ગયો અને પયગમ્બર સાહેબ ખૂબ



આરામ અને ઠાઠથી જિંદગી ગુજારતા હશે, પણ પવિત્ર પત્નીઓ અને પયગમ્બરના ઘરના લોકોના ઘરમાં જે કાંઈ આવતું તે બધું બીજા રંકો અને ગરીબોને આપી દેવામાં આવતું હતું. ખુદ પયગમ્બરની અને એમના ઘરના લોકોની જિંદગી તો તંગી અને ગરીબાઇમાં જ વીતતી હતી. તેઓ કહેતા હતા કે "આદમના બેટાને શરીર ઢાંકવા પૂરતું એક કપડું અને પેટ ભરવા માટે લૂખી સૂખી રોટી અને પાણી પૂરતાં છે." અને તેઓ ખરેખર આવી જ રીતે જીવન ગુજારતા હતા. હ. આઈશા કહે છે કે "તેઓનાં કપડાંની કદી ગડી કરવી પડતી નહીં; એટલે કે એમની પાસે એક જ જોડ કપડાં હતાં, તેથી કદી ગડી કરવાનો વારો જ આવતો ન હતો.

હઝરતના ઘરમાં કોઈ કોઈ દિવસ તો ફાકા કરવા પડતા, અને કેટલાય દિવસ સાંજનું ખાવાનું મળતું જ નહીં. કોઈ કોઈ વાર લાગટ બબ્બે મહિના સુધી ઘરમાં ચૂલો જ સળગતો નહીં. થોડુંક ખજૂર ખાઇને દિવસો કાઢવા પડતા. ક્યારેક કોઈ પાડોસી બકરીનું દૂધ મોકલતા તો તે પીને ચલાવી લેતા. હ. આઇશા કહે છે કે તેઓએ મદીનાના જમાનામાં કોઈ દિવસ પેટ ભરીને બે વખત ખાધું નથી.

એક દિવસની વાત છે કે એક ભૂખ્યો આદમી રસૂલુલ્લાહની પાસે આવ્યો. તેઓએ પવિત્ર પત્નીઓમાંથી કોઇને ત્યાં કહેવડાવ્યું. જવાબ આવ્યો કે ઘરમાં પાણી સિવાય બીજું કશું જ નથી. તેઓએ બીજે ઘેર તપાસ કરાવી. ત્યાંથી પણ આજ જવાબ આવ્યો. ટૂંકમાં આઠ નવ ઘરોમાંથી ક્યાં ય પાણી સિવાય ખાવાની બીજી એકે ચીજ નીકળી નહીં.

એક દિવસ તેઓ ભૂખ્યા જ બરોબર બપોરને વખતે ઘરમાંથી નીકળ્યા. રસ્તામાં હઝરત બક્ર અને હઝરત ઉમર મળ્યા એ બન્ને પણ ભૂખ્યા જ હતા. તેઓ આ બન્નેને લઇને હઝરત અબુ ઐયુબ અનસારીને ત્યાં ગયા. એમને ખબર પડી એટલે તેઓ દોડતા આવ્યા અને બાગમાં જઈને ખજૂરની એક લૂમ તોડી લાવ્યા અને સામે મૂકી. આ પછી એક બકરી કાપી અને ખાવાનું તૈયાર કરાવ્યું અને સામે લાવીને મૂક્યું. હઝરત રસૂલે એક રોટી પર થોડુંક ગોશ્ત મૂક્યું અને કહ્યું કે આ ફાતિમાને ત્યાં મોકલો, કેમકે એણે કેટલા ય દિવસથી ખાધું નથી.

હઝરત સલઅમનું અવસાન થયું ત્યારે એમની પાસે કાંઈ મિલકત તો ન હતી પણ ઊલટાનું એમનું બખ્તર ત્રણ શેર જવમાં ગીરો મૂકેલું હતું.

અને એઓનું અવસાન થયું તે વખતે એમણે જે કપડાં પહેર્યાં હતાં એમાં ઉપર નીચે થીગડાં મારેલાં હતાં.

હઝરત ફાતિમા ઝેહરા પર તેઓને ખૂબ જ પ્રેમ હતો. એમનો એ પ્રેમ સોના ચાંદીના ઘરેણાં અને ઇંટ ચૂનાના મકાનમાં કદી જાહેર થયો નથી. બીબી ફાતિમા પોતાને હાથે કામ કરતી, મશ્ક ભરીને પાણી લાવતી, અને રસોઇ કરતી. પિતાને જો કોઈ દિવસ કોઈ ગુલામ કે દાસી લાવવાનું એ કહેતી, તો તેઓ કહેતા કે, બેટા, ખુદાનું નામ લે.

એક દિવસ એમને ઘેર ઘણા ગુલામો અને દાસીઓ આવ્યાં. ફાતિમાએ પિતાને જઇને અરજી કરી તો એમણે કહ્યું કે " જાને પીદર, ( પિતાના પ્રાણ ) બદ્રના અનાથો અને ચબૂતરા (સુફ્ફા)ના મુસાફરો તારા કરતાં એના વધારે હકદાર છે."

તંગીને કારણે પવિત્ર દેવી (ફાતિમા)ની એ હાલત હતી કે એના ઘરમાં ન તો કોઈ દાસી હતી કે ન કોઈ નોકર હતો. દળી દળીને એના બન્ને હાથની હથેળીઓ ઘસાઈ ગઈ હતી. પાણી ભરીને એનાં ખૂબસૂરત શરીરના ખભા પર લીલું ચમાઠું પડી ગયું હતું. ઝાડુ કાઢવાના કામથી એમનાં કપડાં પર અને બદન પર ધૂળ છાઈ જતી હતી. તે પયગમ્બરની પાસે ગઇ કે જેમની પાસે જવાની બધાને છૂટ હતી.

ત્યાં બેઠેલા બધા લોકો અપરિચિત હતા તેથી એમને શરમ આવી, એટલે એ કંઈ કહ્યા વગર પાછાં ચાલ્યાં આવ્યાં અને ફરી પાછાં ગયાં ત્યારે હઝરતે પૂછ્યું કે તમે કાલે કેમ આવ્યા હતાં? શું કંઈ ખાસ કામ હતું? આ વખતે પણ એમને એટલી શરમ આવી કે તે કંઈ બોલી શક્યાં નહીં, પણ જે કહેવાનું હતું તે હૈદરે ( હઝરત અલી મુરતુઝાએ ) કહ્યું. પયગમ્બરે કહ્યું કે "જેઓ ઘરબાર વગરના છે અને ચબૂતરા પર રહે છે એમનો જ બંદોબસ્ત કરવાની હું ચિન્તામાં છું, પણ હજી એ થઈ શક્યો નથી. એમની પર જે જે મુશ્કેલીઓ આવી પડે છે એનો હું જવાબદાર છું અને એ દૂર કરવાનું મારું કામ છે. તારા કરતાં વધારે હક તો એમનો છે કે જેમને ભૂખ અને તરસથી ઊંઘ પણ નથી આવતી." આ સાંભળીને ફાતિમા ચૂપ થઈ ગયાં, વધારે બોલી ન શક્યાં, કારણ કે તે જગ્યા ઉપર સભ્યતા જાળવવાની હતી. પયગમ્બરના ઘરનાં લોકોની આ દશા હતી. અને આ વર્ણન એ પયગમ્બરની પુત્રીનું છે કે જેઓ આખી દુનિયાની કુશળતા ઇચ્છતા હતા.

**ખતમ**

This book may be kept a fortnight.

SHML-BK
BK2937

BP
75
.N2
.P2

નદવી, સૈ. સુ.
રહમતે આલમ.
(હજરત મહમ્મદનું જીવન-
ચરિત્ર).

Signature Issue Date

BP
75
.N2
.P2
BK-2937

૭૬